નિશ્ચય-વ્યવહાર

— અને —

આત્માની ઉન્નતિ-અવગતિનો ઇતિહાસ

લેખક
સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પ્રભાવક પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી
ભાનુવિજયજી ગણિવર

પ્રકાશક —
"દિવ્યદર્શન" કાર્યાલય
કાળુશીની પોળ
અમદાવાદ

મૂલ્ય ૨ રૂપિયા
(પોસ્ટેજ અલગ)

પ્રથમાવૃત્તિ   પ્રતિ ૧૦૦૦

પ્રાપ્તિસ્થાનો

"દિવ્યદર્શન" કાર્યાલય
કાળુશીની પોળ
અમદાવાદ

દાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા
C/o ૩૧૧ લ નુભાઈ ધનશાળા
ગોપીપુરા સુરત

શ્રી બાબુલાલ જયંતિલાલ
૨૫૯ કાનમા ગી ગે
મુંબઈ ૨

-ઃ આર્થિક સમર્થક

સંઘવી વેાીલાલ ગાગ.	૩૦)
(જવાહર સ્ટોર દાદર)	
શ્રી ૧ સરાજ પીથાજી દાતરાઈવાળા	રૂ ૨૦૦)
શ્રી ચીમનલાલ ચકાભાઈ મુંબઈ	રૂ ૧૦૧)

- મુદ્રક -
ચંદ્રકાંત ર શાહ (બી કોમ)   વિ સં ૨ ૧૨
રાવા જા પ્રીન્ટીંગ પ્રેસ   ઈ સ ૧૯૫૬
માણેકચોક અમદાવાદ

/

મુખપૃષ્ઠ ચિત્રની સમજ

અર્હદ્રૂપ સમવસરણ પરથી અનંત ઉપકારકારી શ્રી તીર્થંકર પરમાત્માની અતિશયભરી વાણીરૂપી સૂર્યનાં કિરણો વિશ્વ પર પથરાઈને એને પ્રકાશિત કરી રહ્યાં છે એમાં મોક્ષમાર્ગની સાધનાનો પ્રકાશ મળે છે એ સાધનાનો રથ ગુરુવચન અને આત્મપુરુષાર્થ રૂપી બે અશ્વથી શીઘ્ર ચાલી શકે છે પરંતુ તે પણ પૈડાં વિના ન ચાલી શકે માટે સાધના અંગેની નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિ એ બે પૈડાં છે ધ્યાનમાં રાખવાનું છે કે એમાંથી એક પણ પૈડું ન હોય તો ન ચાલે. એકલી નિશ્ચયદૃષ્ટિથી મોક્ષમાર્ગની સાધના નહિ એકલી વ્યવહારદૃષ્ટિથી નહિ કિંતુ ઉભયના સુમેળથી જ સાધનાનો રથ પૂરા વેગમાં ચાલે છે, ને તો જ તો ઉચે ઉજ્જવળ સિદ્ધપદે પહોંચે છે ને જો વેગ ઓછો હોય તો સ્વર્ગના ધામે પહોંચે છે

– પ્રકાશકીય નિવેદન –

જગતમા સદ્ધર્મની સ્થાપના થયા પછી અનેક કુધર્મો નીકળી પડે છે એ કાતો સદ્ધર્મની નકલ રૂપ હોય છે, યા તો એના પ્રતિપક્ષી તરીકે હોય છે આ નકલી અને પ્રતિપક્ષી ધર્મો માનવ-મગજને ભ્રમિત કરી નાખે છે, જેના પરિણામે એ મનુષ્યો ધર્મના નામે શુદ્ધ પાપનુ સેવન કરીને આત્મકલ્યાણ સાધવાને બદલે આત્માનુ અહિત જ સાધે છે! (૧) તે નકલી ધર્મ કયા? કહો કે જૈનધર્મના નામ હેઠળ ચાલી પડતા કુમતો (૨) ત્યારે પ્રતિપક્ષીધર્મ એટલે? જૈનેતર દર્શનો

વર્તમાનમા સોનગઢ (સૌરાષ્ટ્ર)થી ચાલી નિકળેલો કાનજી-મત એ પહેલા પ્રકારમા ગણી શકાય આ મત પોતાની પ્રપચજાળમા ભોળાજીવોને ફસાવી, તેમને અસલી જૈનધર્મની શ્રદ્ધા અને સક્રિય સાધના રૂપી ભળતી જ શ્રદ્ધા-સાધનામા જોડી દે છે આ મતના સ્થાપક છે કાનજીસ્વામિજી એમણે તો હવે માઝા મૂકીને સ્વમતનો પ્રચાર શરૂ કર્યો છે અને કષ્ટભીરુ ભોળી પ્રજામા પોતાનો પગદડો જમાવીને સત્ય જૈન ધર્મના મહાનશાસ્ત્રકાર મહર્ષિઓને પણ

ધૃષ્ટતા કરી રહ્યા છે તેથી એમના મતનું નગ્ન સ્વરૂપ પ્રગટ કરવું જરૂરી લાગ્યું છે

એ માટે એ નવીન મતના મૂળમાં જ કેવી જૈનાભાસના છે, કેવો સ્વવચન-વિરોધ છે, કેવો સ્વ-પ્રવૃત્તિવિરોધ છે, વગેરેને આ પુસ્તકમાં પૂજ્ય મુનિરાજશ્રીએ ખુલ્લું કરેલું છે એટલું જ નહિ, પણ કે કાનજીસ્વામિએ સ્વયં ખાસ માનેલા શાસ્ત્રો સમયસાર, પ્રવચનસાર અને નિયમસાર-એમાં જ કાનજીમતના વિરુદ્ધ કેવા પ્રતિપાદનો છે, અથવા કહો કે એ શાસ્ત્રોના પ્રતિપાદનથી કાનજીમત કેવો વિરુદ્ધમાં જાય છે એ પણ વિસ્તારથી અને યુક્તિપુરસ્સર રીતે આ ગ્રંથમાં દર્શાવાયેલું છે

કાનજીમતનો ઉપરનો દેખાવ કેટલાકને ઝટ આકર્ષી લે છે કેમકે એ મતમાં વગર મહેનતનો ધર્મ છે! એમ છતાંય સુજ્ઞપુરુષ જરા એટલું જુએ કે "ખુદ કાનજીસ્વામિ ધર્મના જે સિદ્ધાન્તો અને જે રીત બતાવે છે, એ રીત અને સિદ્ધાન્ત શું પોતે પોતાના મતના આરાધનમાં અને પ્રચારમાં પાળે છે?" આટલું જોતા જરૂર એ મતની પોકળતાનો ઘટસ્ફોટ થઈ જાય છે એ પોકળતા આ પુસ્તકમાં

ખૂબજ મુન્દર અને મચોટ શાસ્ત્રાધાર અને યુકિત પૂર્વક ખુ ી કરાયી છે આ પ્રમ જને પામીને બીજી પણ કેટલીય તાત્ત્વિક બાબતો આમા ભરચક ભરી છે

પુસ્તકના છેલ્લા ભાગમા આત્મોન્નતિનુ અભૂતપૂર્વ સાયન્સ રજુ થયેનુ છે જેમા આજ સુધી આત્માની કેવી અવગતિ–અધોગતિ થઈ તેનો હૃદયભેદક ઇતિહાસ અને તે સ્થિતિમાથી હવે આત્મા ી ઉ તિ–ઉત્ક્રાન્તિ શી રીતે સધાય તેનુ માર્મિક દિગ્દર્શન પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ કરાવેલ છે એ જેને જૈનદર્શનનો સાચો ઉન્નતિમાર્ગ જાણવો–અપનાવવો હોય તેને ખૂબજ સહાયક અને પ્રેરક બને એમ છે

અન્તે—કાનજીમતના ફ્ટાટોપમા અ જાઈને ભૂલ ભુલામણીમા ન પડતા, ભવ્ય જીવો મોક્ષમાર્ગે લઈ જનાર સાચા નિશ્ચય અને વ્યવહારના ઉભયચક્રોથી ચાલતા સાધનારથમા બેસી અન ત કલ્યાણના કેતનમા પહોચે તે શુભાભિલાષા સાથે વિરમુ છુ

—બચુભાઈ ચી ઝવેરી



બે શબ્દો



જૈન વાઙ્મય એટલુ બધુ વિપુલ અને સમૃદ્ધ છે, કે આખા જીવનથી અને તેજસ્વી બુદ્ધિથી પણ એનો પાર પામવો કઠીન છે એવા શ્રુતસાગરના એક બિન્દુનોય હુ અનુભવી નથી ત્યારે નિશ્ચય-વ્યવહાર જેવા જટિલ વિષયના લેખના મુદ્રણપત્રોનુ સંશોધન કરવાનુ કાર્ય જે બુદ્ધિસાધ્ય હતુ, એ મારા માથે આવવાથી મને મુઝવણ હતી

છતા એ જવાબદારીભર્યું કાર્ય પણ લાંબે ગાળે પૂર્ણ થયુ એ બદલ આનંદ થાય છે

બિનઅનુભવી અને અજ્ઞાન એવા મારે આ પુસ્તકના મુદ્રણપત્રોનુ સંશોધન કરવામા મને અમદાવાદમા જ બિરાજતા પૂ પં શ્રી કાંતિવિજયજી મહારાજ સાહેબ, પૂ મુનિરાજ શ્રી રત્નાકરવિજયજી મહારાજ સાહેબ તથા પૂ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીએ સહાય કરવાની કૃપા કરી છે એટલે આ સ્થળે હુ તેઓશ્રીનો અંતઃકરણથી આભાર માનુ છુ

પુસ્તકના મુદ્રણકાર્યમા રાધાકૃષ્ણ પ્રેસવાળા શ્રી બાબુભાઈ વગેરેના સહકાર બદલ દિવ્યદર્શન કાર્યાલય તરફથી આભાર માનુ છુ

પ્રુફ જોવામા મારા અનુપયોગાદિથી આમા જે કાઈ પણ ગ્રથકાર પૂ મુનિરાજશ્રીના આશયથી વિરુદ્ધ વચન આવી જવા પામ્યુ હોય, તે બદલ હુ અ ત કરણપૂર્વકનો મિથ્યા દુષ્કૃત દઉ છુ વળી છપાવવામા દૃષ્ટિદોષ વગેરે કારણે જે કાઈ અશુદ્ધિ રહી જવા પામી હોય તો તે સુધારી લેવાની વિન તિ સાથે હુ વિરમુ છુ

દિવ્યદર્શન કાર્યાલય
C/o શા ચતુરદાસ ચીમનલાલ
કાળુપુર કાકુશીની પોળ
અમદાવાદ
વીરસ ૨૪૮૨ પ્ર ભાદ સુદ ૧૧ સોમ

લિ
શા શાન્તિલાલ રૈલચદ

શુદ્ધિ પત્રક

પાનુ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૧૯	૧૯	ત્યારે	ત્યારે જ
	૨૧	પર	પર જ
,	૨૩	તો	તો જ
૨૧	૮	કર્યાં	કર્યાં એ વ્યવહાર શુ નકામો ?
૨૩	૧૦	કુતર્કે	કુતર્ક
૪૮	૩	દિન	હીન
૫૪	૧૬	સિદ્ધાન્ત	સિદ્ધાન્ત કહે
૭૩	૧૬	નૈમિ તિમાદિ	નૈમિત્તિકાદિ
૧૧૨	૧૫	૩૦	૩
૧૩૩	૨૮	એને	એને ન
,	૨૪	અધિકારી	અધિકારી તો
૧૬૦	૨૨	ભય	ભ્રમ
૧૭૧	૨	મિથ્યાત્વાદી	મિથ્યાત્વાદિ
૧૭૩	૧૩	અશાતાની	અશાતાની અસર છે
૧૯૪	૨૩	એ પરિગ્રહ	એ અપરિગ્રહ
૨૧૭	૭	પકર	પકર અર્થાત્
૩૦૩	૨	આશ્યા	રુચિ
૩૦૫	૧૯	હોય છે કે	હોય છે કે એ જીવ પર
૩૩૪	૧	(જાગવા ન દેવા)	જાગવા ન દેવા
૩૩૬	૧૩	એત્યજે	એ (નિશ્ચય ભ્રમને ત્યજે)

— વિષય સૂચી :—

શુદ્ધિ પત્રક.

પાનુ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૧૯	૧૯	ત્યારે	ત્યારે જ
	૨૧	પર	પર જ
,	૨૩	તો	તો જ
૨૧	૨	કયાં	કયાં એ વ્યવહાર શુ નકામો ?
૨૩	૧૦	કુતર્કે	કુતર્ક
૪૮	૩	દિન	હીન
૫૪	૧૬	સિદ્ધાન્ત	સિદ્ધાન્ત કહે
૭૩	૧૬	નૈમિ ત્તિકાદિ	નૈમિત્તિકાદિ
૧૧૨	૧૫	૩૦	૩
૧૩૩	૨૮	એને	એને ન
,,	૨૪	અધિકારી	અધિકારી તો
૧૬૦	૨૨	ભય	ભ્રમ
૧૭૧	૨	મિથ્યાત્વાદી	મિથ્યાત્વાદિ
૧૭૩	૧૩	અશાતાની	અશાતાની અસર છે
૧૯૪	૨૩	એ પરિગ્રહ	એ અપરિગ્રહ
૨૧૭	૭	પકર	પકર અર્થાત્
૩૦૩	૨	આસ્થા	રુચિ
૩૦૫	૧૯	હોય છે કે	હોય છે કે એ જીવ પર
૩૩૪	૧	(જાગવા ન દેવા)	જાગવા ન દેવા
૩૩૬	૧૩	એત્યજે	એ (નિશ્ચય ભ્રમને ત્યજે)

—. વિષય સૂચી :—



સમયસારાદિ ગ્રંથોમાં વ્યવહારનું સમર્થન

સમયસારાદિમા નિમિત્તની અસરનુ સમર્થન

પ્રવચનસારમાં નિમિત્ત

નિમિત્તકારણતા, પુણ્યની ઉપયોગિતા, વ્યવહારની ઉપકારકતા, પરદ્રવ્ય પરતંત્રતાની યુકિત-દ્દષ્ટાન્તો

પાનાન વિષય

ઔપાધિક-કાપ-નય કેમ કદાચિત ?-રાગથી વિષય
પ્રવૃત્તિ-બુદ્ધિ મુજબ નિર્માણ-તત્ત્વ સમજાવવું કેમ ?
કાગ-સમ્ય૦ હલિદ-ગેરૈયો-અગ્નિ-કાષ્ઠના કોલસા

જૈન દર્શનનો નિશ્ચયનય

૨૩૦ } ૧ માયા અણદેખી જે ભમતો ૨ આત્મા સામાયિક
૪૨ } ૩ દ્રવ્યનિગે ભજના ૪ સાચો જૈન ૫ વચનનિરપેક્ષ
વ્ય૦ ૬ પરપરિણતિ ૭-૮ કિરિયા દાસી કાણી નાર
૯ જ્ઞાની જ્ઞાનમગન રહે-૧૦ પુદ્ગલ ખેલ-૧૨ જિમ
તે જુનો રે મૃગ-૧૩ જે જે અંશે રે નિરુપાધિકપણુ
૧૪ જે સમ્મતિ પાસહા-૧૫ પથીજન લૂટના વાટ૦
ભ્રાંતિ નવિ ખડીય-૧૬ કષ્ટ કરો સંજમ ધરો
જ્ઞાનદશાવિણુ જીવને

૨૪૭ } ૧૭ ચો શકે 'આશય' વિના તુચ્છ ક્રિયા ભવ-૧૮
૪૬ } દાનહરણે દીએ હરે નિજરૂપ-૧૯ અહિંસા ધર્મ કેવળ
લૌકિક નીતિ-૨૦ માસોપવાસી માયારગી ગર્જ
અનતા ભેટો-૨૧ સૂચે કેર.

જૈન મતે નિશ્ચય-વ્યવહાર બંનેય જરૂરી

૨૪૮ } ૧ ભાવ લવ વ્યવહાર ગુરુથી ભલે વીણતા ચૌધરા
૫૬ } જમનાં ઘર દર્દીઘરા-નીસરણી ચગ્યા વિના શુદ્ધ વ્ય૦
પર શુદ્ધ નય ભાવના-૨ જ્ઞાન યોગમાં જસ મન વરતે
તે કિરિયા સોભાગી-૩ જિમ જિમ હૈયે ભાવે આણ્યા,

અ મ હુ એક
વાઓને માર્ગે
મેને અ તોપ
પન્થની ખાસ
પૂરી પડે છે
શકાય તેરા
રક થઇ પડે
જ લખાણ
ને પરસ્પરને
જતા વાપરી
સુ વાચકોને
યનય અને
ાથી વિચા
તેના પણ

ાક્ષયનયની
ગુજ છે।
વિપરીત

(સમાપ્ત)



ઉપોદ્ઘાત

નિશ્ચય અને વ્યવહારને લગતો આ ગ્રંથ હું એક વખત સળંગ વાંચી ગયો છું ઉન્માર્ગે ચઢી ગયેલાઓને માર્ગે લાવવા માટે તથા ગુંચવાડા દૂર કરી જિજ્ઞાસુઓને સંતોષકારક સમાધાન આપવા માટે આવા એક ગ્રન્થની ખાસ અનિવાર્ય જરૂર હતી તે જરૂરીઆત આ રીતે પૂરી પડે છે

અત્યંત સરળ ભાષા અને સદૃષ્ટાન્તથી સમજી શકાય તેવા દાખલા-દલીલો યુક્ત આ ગ્રંથ બહુ જ ઉપકારક થઇ પડે તેમ છે ઉન્માર્ગ પોષકમતના સંચાલકના પોતાના જ વ્યાખ્યાનમાંથી તેની ઉક્તિઓ ટાંકીને તેમાં જ પ્રવર્તતો પરસ્પરનો વિરોધ બતાવવામાં પૂજ્ય મુનિરાજશ્રીએ એવી કુશળતા વાપરી છે, કે-સત્ય અને વિપરીતમાર્ગની સ્પષ્ટતા જીજ્ઞાસુ વાચકોને સચોટ રીતે ઠસી જાય તેમ છે સાથે સાથે નિશ્ચયનય અને વ્યવહારનયના વિષય-વિભાગને લગતાં દૃષ્ટિબિંદુઓથી વિચારાયેલી વિચારણા જૈનશાસનમાં જે મળી આવે છે તેનો પણ સુંદર પરિચય આ પુસ્તકમાં અપાયેલો છે

શ્વેતામ્બર શાસ્રો તો જાણે કે- સર્વજ્ઞકથિત નિશ્ચયનયની પણ યથાસ્થિત વિચારણાની એવી એક અદ્ભુત ખાણ જ છે! સોનગઢીમતની એકાંત-દૃષ્ટિની તથા ઉત્ક્રમ અને વિપરીત વિચારણાની પ્રવૃત્તિ ઉન્માર્ગ-પોષક હોવા છતાં, તે અસ્તિત્વમાં આવ્યા પછી " " જે ભ્રમ થયો છે કે—

[illegible]શ્ચયનયની દૃષ્ટિથી મે

વિચાર જ નથી અને ક્યાંક ક્યાંક છૂટો-છવાયો હશે, તો તે નજીવો અને સમયસાર વગેરે દિગમ્બરાચાર્યોના ગ્રંથોમાથી ઉધ્ધૃત અને તેની અસરરૂપ છે વ્યવહારનય તથા નિશ્ચયનયની તુલના માટે તો કાંઇ છે જ નહિ "–આ લખાણ આજે સત્તર ભાગી ગ૦ છે કેમકે, આ વિષય ઉપર શાસ્ત્રીય સશોધન અને પરિશીલન સારા પ્રમાણમાં થઈ ગયેલા છે શ્વેતામ્બર શાસન પર પરાને મા ય શ્રી આચારાગ શ્રી ભગવતી સૂત્રઆદિ આગમ પચાગી અને પૂર્વાચાર્યો પ્રણીત સ મતિ તર્ક, અનેકાત વ્યવસ્થા, ઉત્પાદાદિ સિદ્ધિ, નયોપદેશ, આદિ ગ્રન્થોમા પ્રમાણભૂત રીતે અને ખૂબ વ્યવસ્થિત રીતે નિશ્ચયનયનુ પ્રતિપાદન ભર્યું પડ્યુ છે નિશ્ચયનયની

દૃષ્ટિના મોક્ષમાર્ગનુ નિશ્ચયનયના આત્મધર્મનુ ઉપરાંત નિશ્ચય નય અને વ્યવહારનયની વ્યાખ્યાઓનુ પ્રતિપાદન વ્યવસ્થિત થયેલુ છે પ્રામાણિક ઉપપત્તિઓ વિશાળ શાસ્ત્ર પરની વિવિધ દૃષ્ટિ બિંદુઓથી કરાયેલી તુલના સમાલોચના અને નયોના તારતમ્યનુ પ્રતિપાદન પણ એટલા જ વિસ્તૃત પ્રમાણમાં મળી આવે છે સખ્યાબધ ગ્રન્થોના પાના ને પાનાઓ સુધી વિચારણાઓ અને ચર્ચાઓ ભરી પડી છે કે-જેનુ મૂળ ઠેઠ આગમ ગ્રન્થ સુધી સ્પષ્ટ અક્ષરોમાં છે! વળી આ આગમ ગ્રથો વર્તમાન કોઇ પણ દિગમ્બર સપ્રદાયના ગ્રથો કરતા વધારેમાં વધારે પ્રાચીન છે! શ્રી આચારાગ સૂત્ર જેવા મૂળ આગમમાં તેનુ સુદર પ્રતિપાદન છે અલબત્ તે વિસ્તૃત ને સુદર સમજાવનારુ છતાં સક્ષેપમાં છે તેથી એમ કહી ૧૫ કે-તે અપેક્ષાએ નિશ્ચયનય રૂપ એક જ વિષયનુ લખાણ

સુધી નિરૂપણ કરનાર ગ્રંથ તરીકે સમયસાર વધુ વિશ્રુત છે છતા તેમાં પણ કેટલુંક કવિતાની દષ્ટિએ અથવા સમજુતી માટે ઘણી પુનરુક્તિઓ કરવામાં આવેલી છે સમયસારનો મૂળ વિષય શ્રી આચારાગસૂત્રની છાયારૂપે છે પરંતુ સમયસાર ગ્રંથને એકાંતથી પકડીને, દિગમ્બર સંપ્રદાયના કેટલાક એકાંતવાદી થોડા વખતપૂર્વે થઈ ગયેલા વિદ્વાનોએ સમયસારની વ્યાખ્યાઓ ઉલટી સુલટી કરી મુકી છે, અને જૈનશાસ્ત્રોની વ્યવસ્થાને ઘણી ગુંચવણોમાં નાખી દીધી છે પરંતુ એ નિમિત્ત શ્વેતામ્બર શાસનમાં તેનું યોગ્ય નિરસન કરનાર અને વિવિધ વ્યાખ્યાઓનું સ્પષ્ટીકરણ કરનાર સાહિત્ય વિશાળ પાયા પર ઉપસ્થિત થઇ ગયું છે તેના એક સચોટ પ્રમાણ તરીકે આ પુસ્તક ઘણો જ સુંદર પ્રકાશ પાથરે છે

નિશ્ચય અને વ્યવહારને વિષે લખેલા કેટલાક નાના-મોટા નિબંધો અમારી પાસે પણ છે પરંતુ અહિં અમારે તેની ચર્ચા કરવી નથી કેમકે, આ પુસ્તકથી તેનું કામ કેટલુંક સરી જાય છે આ પુસ્તક એક એવી પ્રેરણા જાગૃત કરશે, કે આ વિષયમાં રસ વધતાં વખતો વખત જુદા જુદા અભ્યાસીઓ ભિન્નભિન્ન દષ્ટિબિંદુથી આ વિષયની છણાવટ કરતું સાહિત્ય બહાર પાડયે જ જશે આવા સાહિત્યથી કદાચ વિપરીત આગ્રહમા પડેલા લોકો સીધે માર્ગે ન આવે, તો પણ બીજા અજ્ઞાન છતાં સરળ અને માર્ગના ખપી જીવોના આત્મકલ્યાણની રક્ષા માટે આવા સાહિત્યની અત્યંત આવશ્યકતા

ત મનની ઉત્પત્તિનું મૂળ

જેથી કરીને આધ્યાત્મિક જીવન સંસ્કૃતિ અને મૂળભૂત માર્ગથી જૈનશાસનથી ઉન્માર્ગે વસ્તુત કેટલા દૂર છે, તેનો ખ્યાલ વાંચકોને આવશે

નિશ્ચયનયાભાસમતની ઉત્પત્તિનુ મૂળ અને પ્રચાર —

વિશ્વકલ્યાણની ભાવનાવાળી વિશ્વવત્સલ મહાઋષિ મય માનવ સંસ્કૃતિ યુગોથી જે ચાલી આવે છે તેના પર પશ્ચિમીય જડ જ વાદે જબરજસ્ત ઘા કર્યો છે ઇ સ ૧૪૯૨ થી યુરોપે અને ઇ સ ૧૬૦૦ થી ઇંગ્લેન્ડે આગેવાન થઇ દુનિયા પર સર્વસ્વ પોતાનું જ માની લઇને સામ્રાજ્ય સ્થાપના પગલા ભર્યા, ત્યારથી વાસ્તવમા મહા અર્વાતિનો–ઉત્તા શબ્દમાં નવયુગ–નવસર્જન–યુગપરિવર્તન–પ્રગતિયુગ–વગેરેના નામે આધ્યાત્મિક મહાસંસ્કૃતિના અધઃપાતનો યુગ શરૂ થયો છે દુનિયામાં એક બાજુ ધર્મગુરુઓને બદલે હવે પ્રજાના હિતચિંતકો તથા દોરનાર તરીકે રાજદ્વારી આગેવાનો આગળ આવ્યા છે અને બીજી બાજુ ખ્રીસ્તી ધર્મની પ્રચાર યોજનાઓ જોરશોરથી ચાલુ થઇ ગઇ છે। વિશ્વના આ આધુનિક નેતાઓને આધ્યાત્મિક ઉન્નતિને બદલે મુખ્યપણે જડની ઉન્નતિ ખપતી હતી, તેથી તેઓએ આજનુ અચેતન વિજ્ઞાન અને યન્ત્રવાદ–તથા તેના શિક્ષણ અને પ્રચારના મહાન આકર્ષણો ઉભા કર્યા એ ઉભા થયે આકર્ષણોએ લોકમાનસને આવર્જિત કર્યું યુ એન. ઓ જેવી વિશ્વ સંસ્થા પણ એ સર્વની વિશેષ પ્રેરક અને પ્રગતિકારક બનાવાઈ ચૂકી છે આ જડવાદે માણસના જન્મથી (?) મરણ સુધીના વૈયક્તિક તથા સામુદિક ખાસ નાના

ભોગ જીવન વ્યવહારો પણ ઉભા કર્યા છે ને ભારત જેવા દેશની પ્રજાના જીવન પર પણ વળી દેવાના પ્રયાસ થયા છે જેથી પવિત્ર અધ્યાત્મ પ્રધાન આર્ય સંસ્કૃતિના પાયા હચમચી ઊઠે તેવું બન્યું છે પૂર્વકાળમાં અનાત્મવાદી જડદૃષ્ટિ ધરાવતા નાસ્તિકો હતા. પરંતુ એમને પણ પોતાનું જીવન તો આત્મવાદી તત્ત્વજ્ઞાનના આધાર પર ચાલતા જીવનવ્યવહાર અને સાધનોને આધીન રહીને ચલાવવું પડતું હતું તેથી સંસ્કૃતિને કંઈ જ ખમ સરખી આવતી નહીં વર્તમાન પ્રગતિવાદના વ્યવ-હારો જેમ જેમ પૂર્વના આધ્યાત્મિક પાયા પર ચાલતા જીવન વ્યવહારોને કચડી પોતાનું સ્થાન જમાવતા જાય છે તેમ તેમ વૈદિક મહાસંસ્કૃતિના ધર્મ, અર્થ કામ અને મોક્ષને ચાર પુરુષાર્થ પર અવલંબેલી જીવન પદ્ધતિ તથા સંસ્કૃતિ અદૃશ્ય થતી જાય છે અથવા મુશ્કેલીમાં મૂકાતી જાય છે

ભારતમાં અંગ્રેજો વગેરે વિદેશીઓના આગમન પછી આ બધું પ્રચાર પામી રહ્યું છે શિક્ષણ સંસ્થાઓ વર્તમાન પરો-યાન્ત્રિક સાધનો ભારતના મૂળભૂત આર્થિક શોષણોથી ઉભા કરેલા નવા વ્યાપક આર્થિક સાધનોની શાલઓ વગેરે દ્વારા લોકોના જીવનના પ્રત્યેક અંગમાં તેની ઘેરી અસર પહોંચી રહી છે ભારતના મહાપુરુષોએ "આત્મા છે, આત્મા નિત્ય છે, તે કર્તા ને ભોક્તા છે, તેનો મોક્ષ થાય છે, અને મોક્ષના ઉપાય છે"–આ મૂળભૂત અને તાત્ત્વિક સત્ય આધાર પર ચાર પુરુષાર્થના સમગ્ર જીવન વ્યવહારોની તરતમતા રચી છે, અને જંગલી માનવો કરતાં સંસ્કારી માનવોને

આના ઉપર અનેક પ્રકારના વ્યવહારો જેવા કે ૧ વ્યક્તિગત વ્યવહારો, ૨ કાૈટુમ્બિક વ્ય૦ ૩ સામાજિક ૪ પ્રાન્તીય ૫ રાજ્યીય, ૬ આંતરદેશીય વ્યવહારો, પુરુષોના ૭-૮ સ્ત્રીના ૫૦, ૯ ધંધાદારીના વ્ય૦ ૧૦ ન્યાયખાતાના ૧૦, ૧૧ ધર્મિક વ્ય૦ ૧૨ માર્ગાનુસારી વ્ય૦ ૧૩ સમ્યક્ત્વના-૧૪ શ્રાવકના ૧૫ શ્રાવિકાના-૧૬ સાધુના-૧૭ સાધ્વીના-૧૮ અપ્રમત્તમુનિના ૧૯ શ્રેણિગત ધ્યાનારૂઢ, ૨૦ નિર્ગ્રન્થ વીતરાગ, ૨૧ ક્ષીણમોહ વીતરાગ, ૨૨ સયોગી કેવળજ્ઞાની, અને ૨૩ અયોગી કેવળજ્ઞાનીના વ્યવહારો રચાયેલા છે આમા સાત સુધીના કામપુરુષાર્થ વ્યવહારો ગણાય ૮ થી ૧૦ સુધીના અર્થ પુરુષાર્થના વ્યવહારો ૧૧ મા અને ૧૨ મા લૌકિક-ધાર્મિક વ્યવહારો, અને ૧૩ થી ૧૮ સુધીના લોકોત્તર ધાર્મિક વ્યવહારો ગણાય છે બાકી વીતરાગ અને સર્વજ્ઞને શુદ્ધ આત્મ-જાગૃતિનો પ્રકાશ મુખ્ય બનવાથી વ્યવહાર ગૌણ બની જાય છે છતાં શુક્લ-ધ્યાનના પાયારૂપ વ્યવહારો ઉચ્ચ દશામા છેક સુધીમાં હોય છે, સર્વજ્ઞોને પણ ઉપદેશદાન વિહાર આહારગ્રહણ વગેરે વ્યવહારો હોવા છતા તેની મુખ્યપણે ગણત્રી નથી

પહેલા ગુણ સ્થાનકે નીચી અવસ્થામા અલ્પાંશ શુદ્ધભાવ હોવા છતા માર્ગની અપેક્ષાએ તે નગણ્ય છે ત્યારે ઉચ્ચા વસ્થામા મુખ્યપણે પ્રાથમિક કોટિનો ગણનાપાત્ર શુદ્ધ વ્યવહાર હોય છે 'આત્મા છે' વગેરે ગુણસ્થાનકોના પાયા ઉપર રચાયેલા તરતમતાવાળા વ્યવહારો શુદ્ધ છે ત્યારે આત્મા નથી વગેરે માન્યતા ઉપરના વ્યવહારો અશુદ્ધ વ્યવહારો છે

શુદ્ધ વ્યવહારની અપેક્ષાએ કોઇ પણ વ્યવહારનું સતત

રનો હોય ત્યારે તે ધર્મ અંગે હોય કે રાજ્ય અંગે હોય, ઇત્યાદિ તો ધર્મ આત્મા છે વગેરે તત્ત્વજ્ઞાનના આધાર પરની જીવન સંસ્કૃતિનું અંગ હોવાથી અંગે શુદ્ધ વ્યવહારમાં ગણાશે એમાં પરિવર્તન પણ એજ ભૂમિકામાં કરી શકાય નહિતર લક્ષ બહાર જવાથી શુદ્ધ વ્યવહારનું પોષક ન રહે આમ જેટલે અંગે શુદ્ધ વ્યવહારનું પાલન તેટલે અંગે મિથ્યાત્વ-ઉન્માર્ગ વગેરે અનિષ્ટ દૂર રહેવાનાં યુરોપિયન વ્યવહારો આત્માની સ્વતંત્ર વિચારણાના ઉપર રચાયા નહિ હોવાથી અશુદ્ધ વ્યવહારો બની આનો સામનો કરી રહ્યા છે આમાં અહીં

(૧) જેમણે ઓછીવધતા તે યુરોપિયન વ્યવહારો અપનાવ્યા તે આગળ પડતા પ્રગતિશીલ ગણાયા

(૨) જેઓને તેમ કરવું ન હતું તેમની આગળ પૂર્વોક્ત શુદ્ધ વ્યવહારના આકારમાં નવા વ્યવહારો સૂચાયા, જેથી તેમને પોતાનું જ સાચવ્યાનો ભાસ થાય

(૩) તેથી પણ વધારે મક્કમ લોકો પણ ચાલુ જીવન ધોરણમાં તેને મળતા એવા પરિવર્તનમાં ફસાયા, કે જેથી પરંપરાએ પ્રગતિશીલમાં ભળી જાય

(૪) જ્યાં પરિવર્તન પણ સ્વીકાર્યું નથી, ત્યાં રક્ષા મજબૂતી કે સહાય કરવાને બહાને તેના ઉપર અંકુશ મુકવાની યો મુંબઈ જેવા મુખ્ય શહેરોમાં વ્યાપારી- કેમથકો ઉભાં થયાં, તેમાં આગળ આવેલા લોકોને પાર્ટી

કુનેહભર્યા, વર્તમાનપત્રો બીજું સાહિત્ય, ઈન્વાદિદ્વારા એવી પ્રચલિત શિખામણ મળવા માંડી કે 'તમારો ધર્મ ઉંચો છે તમારા પૂર્વજો તેને સમજીને આચરતા હતા, તેથી સંસ્કૃતિ ઉંચી હતી પરંતુ તમે વગર સમજે જ ધર્મ કરો છો તેમાં સંસ્કૃતિનું અધઃપતન થઇ રહ્યું છે માટે બધું સમજીને કરતા જાઓ વચલા ગાળામાં પેસી ગયેલી કુરૂઢીઓને ફગાવી દો તો તમારા ધર્મ તરફ સમરનવિધ આકર્ષાશે ' આ એક જ મંત્રની ચારે તરફ અસર ફેલાવા લાગી અને તેનો આદર કરનારા લોકોને આકર્ષક રીતે ઉત્તેજન મળ્યું પણ જેના આપણા કિંતુ પૂર્વજોએ જાળવેલા જીવનવ્યવહારની પાછળ દૃઢ વ્યવહારની યોગ્ય ભૂમિકા હતી તેથી જ લોક મિથ્યાત્વથી બચતું હતું સમજાઓ તથા ઉન્માર્ગગામી જીવનથી બચતું હતું પણ બધાને સમજણની ભૂમિકા નથી હોતી કેવળ નિશ્ચયનયની ઉંચામાં ઉંચી વાતો કરવા છતાં આત્મા નથી ' ઈત્યાદિ વિજ્ઞાનના પાયા પર રચાયેલા મારા દેખાતા વ્યવહારો અને જીવન ધોરણો એકાદિવાર ધર્મિક જીવનમાં સારી રીતે સ્પષ્ટ ગાર થવા છતાં પરિણામે શુદ્ધ વ્યવહારોને હાનિ મિથ્યાત્વને નીકટ લાવે છે તેમ જ ચાર પુરુષાર્થની આધ્યાત્મિક વિજ્ઞાનથી સમન્વિત રચના-વિધા શાસ્ત્રો-સાધનો વગેરેનો નાશ કરે છે અમે તેવા જ્ઞાનીને પણ જન-મતોની સાથે પડેલા તો દૃઢ વ્યવહાર જીવનની પગથિયાંમાંથી પસાર થવું પડે છે તેથી જ તે નિશ્ચય-મોક્ષમાર્ગ સુધી પહોંચી શકે "सततसात् घटद्वारी। मिथ्यात्वरूपता सधा पदाना परिकीर्तिता। ' પર પરાગત શુદ્ધ વ્યવહારના ઉચ્છેદ કરનારા હોવાથી આત્મા નથી"

વગેરે પદસ્થાન મિથ્યા છે નિસર્ગ (સહેજે) શિવાયની નિમિત્ત પામીને થયેલી ઉન્નતિ પામેલા જીવને વિકાસની શરૂઆત કોઈને કોઈ ભવમાં અવશ્ય શુદ્ધ વ્યવહારથી જ થયેલી હોય છે માનવજન્મ, આર્યક્ષેત્ર વગેરે દુર્લભ સંપત્તિ પણ શુદ્ધ વ્યવહારજન્ય પુણ્યથી મળે છે નહિ તો જીવ દુર્ગતિઓમાં ભટકતો હોય છે

એટલે સમજીને કરો' એ ભૂત સમજ પ્રાપ્ત થવા પૂર્વે આચરણાત્રીનું કરી નાખ્યું અને બીજી બાજુ સમ્યગ્ જ્ઞાનને કેકાણે પોતાની કેળવણીની સંસ્થાઓ ભારે જોરમાં આવી ગઈ શુષ્ક ક્રિયાથી શું? જ્ઞાની શ્વાસોશ્વાસમાં કઠીન કર્મ કરે છેદ" વગેરે દલીલો આગળ કરીને ભારતીય પ્રાચીન સંસ્કૃતિના શાસ્ત્રો ભણવાને બદલે પશ્ચિમીય જડવિજ્ઞાનના શિક્ષણનો પૂરજોસમાં વેગ વધાર્યો તેમાં નિષ્ણાત થનારને ઉંચી ડીગ્રીઓ, રાજ્યખાતા વગેરેમાં ઉંચા સ્થાન અને જન સમાજમાં ઉંચી પ્રતિષ્ઠા અપાતી રહી જડ વિજ્ઞાનના શ્રીમંત ડીગ્રીવાળીઓ અને જડ વિજ્ઞાનની ડીગ્રીઓવાળાને ભલે ધર્મ શ્રદ્ધા ધર્મપ્રવૃત્તિ અને પ્રાચીન શાસ્ત્રો તથા મહર્ષિઓ ઉપર અત્યંત બહુમાન ન હોય છતાં એમને ધર્મસંસ્થાઓ અને ધર્મ ખાતાઓમાં આગળ પડતા હોદ્દા અપાતા ગયા સભામાં એમને આગળ સ્થાન મળતા ગયા! સાથે સાથે ધર્મશ્રદ્ધાળુ વર્ગને અનાત્મવાદીના શિક્ષણમાં ખેંચવા માટે ધાર્મિક જ્ઞાન તત્ત્વજ્ઞાન વગેરેના ઓઠાં રખાયા તેથી એ વર્ગમાંથી પણ કેટલાક લોકો ખેંચાયા

પરંતુ, સુજ્ઞવર્ગને આ મહા ચિંતાનું કારણ બન્યું છે એ

વર્ગ યુદ્ધ વ્યવહારોનો હ્રાસ અને નવી પદ્ધતિના ઝગઝગાટમાં
મૂળ આધ્યાત્મિક સંસ્મરણ અને વિક્રમનનુ ઉધન જુએ છે
એ કહે છે કે–"પ્રગતિવાદીના ગાડામાં ઢગવાનુ પછી ભલે
પ્રાચીન સંસ્કૃતિના રક્ષા–વિમાસના બદલાના હદગ ટોપ, પરંતુ તે
દુશ્મનના લશ્કરમાં ભરતી થવા જેવુ છે અનાધ્યાત્મિક
વ્યવહારોના પ્રવાહોનો ધોધ જુના જુના વાદો અને વાચ્ચોની
ભૂમિ ઉપર દોડી રહીને વિશ્વમાં ગુપ્ત ભાવયુદ્ધ જગાવી રહેલ
છે વર્તમાન શિક્ષિતોની સંખ્યા વધવાથી એક બાજુ
તેમના ધંધાના સ્થાન ન હોવાથી બેકારી જન્મે છે બીજી
બાજુ નવા વિદેશી ધંધા ફેલાવાથી ઘણાના જૂના ધંધા તૂટે
છે તે લોકો નવા શિક્ષણ ન ફ વગી શિક્ષિત બનીને
નવા ધંધામાં પ્રવેશી પાછી બેકારી વધારે છે નવા શિક્ષણના
પ્રચારમાં એક નાક ધાર્મિકજ્ઞાનની લાગણ રાખવાથી
લોકોનુ વળી જોર આકર્ષણ વધે કે એ લોકો એવી શિક્ષણ–
સંસ્થા–છાત્રાલયાદિ માટે હજારો રૂપિયાના દાન કરે છે,
વિદ્યાર્થીઓ માટે ઘર કરનાય આ શાહી સગવડો કર છે
એમને પહેલાં જે અનાત્મવાદીના શિક્ષણનો ૪૦ ટકા પ્રચાર
થતો હતો તે વધીને ૫૦–૬૦–૭૦ ટકા જેવો વધી ગયો
છતાંય ધાર્મિકતાનુ સંરક્ષણ તો બાજુએ રહી ગયુ એ કેમકે–
નવા આકર્ષણો ખૂબ વધી ગયા જે આત્મવાદીના શુદ્ધ–
વ્યવહારોની મશ્કરી કરવા લાગ્યા છે વળી કેટલાકના ધાર્મિક–
જ્ઞાનમાં પણ પ્રગતિવાદી ધોરણે એવુ શિક્ષણ અપાવા માંડ્યુ
કે પ્રાચીન પવિત્ર વાણીઓ આચારો, ધર્માત્માઓ વગેરે
તરફ નવી પ્રજાની રુચિ ઉઠતી ચાલી ધાર્મિક–જ્ઞાન પ્રચાર

મૂવાના થોડા લાભના ટકા દેખાડી અનાધ્યાત્મિક વ્યવહારોના ઉંડા મૂળ નખાયા એથી હવે સાત્વિક શુદ્ધ વ્યવહારો ધર્મ ક્રિયાઓ ધર્માચારો, શાસ્ત્રો વગેરેને જૂનવાણી ગણી નામશેષ-નષ્ટ કરવાની સીધી અને આડકતરી યોજનાઓ ચાલી પડી છે અરે! હવે તો એ પશ્ચિમીય ઢબના શિક્ષણનો મોહ અને બોજ એટલા વધી ગયા કે હવે ધાર્મિક શિક્ષણને માટે સમય-અવકાશ નથી એમ મનાય છે ત્યારે ક્યાંક રહી સહેજ અવકાશ છે તો તેમાં તુલનાત્મકદ્રષ્ટિ, સમન્વયદ્રષ્ટિ, અને સર્વ ધર્મ સમભાવની દ્રષ્ટિથી ધાર્મિક જ્ઞાન આપવાની વાત છે એનો સીધો અર્થ એ કે માત્ર વાંચો જાણો બાકી ધર્મપ્રવૃત્તિ અને સદાચારના પ્રાચીન સુંદર આચારો મર્યાદાઓ પાળવા કરવાની કશી વાત નહિ

આ અવાની સામે પૂર્વના મહાજ્ઞાની ઋષિમહર્ષિઓના એકાંતે કલ્યાણકારી વચનોમાં શ્રદ્ધા ધરાવનારો વર્ગ એમ કહે છે, કે પૂર્વ પુરુષોએ ધર્મક્રિયાઓ અને આત્મવાદી શુદ્ધ વ્યવહારો રૂપી ઔષધની ગુટિકાઓ સમજીને જ તૈયાર કરી છે એમાં અગમ્ય શક્તિ ભરી છે કે- સમજીને કરો તો વિશેષ લાભ સમજ્યા વિના કરો તોય તે નાના બાળકને દૂધના વીટામીન્સ, પ્રોટીન્સની સમજ ન હોવા છતાં દુગ્ધપાન જેમ મહાન લાભ કરે છે, તેમ અદ્ભુત લાભ આપે છે કદાચ એ આચરવામાં કાળબળે જન-માનસ તેટલું દઢ અને સાત્વિક ન હોય તોય તેમાં અનાત્મવાદી અશુદ્ધ વ્યવહારોનું બનાવટી બળ ઉમેરવા જતાં મૂળ વસ્તુ જ નાશ પામશે કેમકે- વખત જતાં તે પોતાનું સ્થાન જમાવી

દેશે બીજમાથી નષ્ટ થયા વિના રહેશે નહીં"

પરમાત્મા ની તીર્થંકર દેવોએ ચતુર્વિધ સઘની સ્થાપના કરીને પોતે સ્થાપેલ તીર્થના શાસનના સચાલનની જવાબદારી આચાર્ય ભગવતોને સોપી છે તે પ્રમાણે આચાર્યદેવોની પરપરા એને ઉપાડતી આવી છે અલબત્ત એમા ગૃહસ્થોએ સારો સહકાર આપ્યો છે અને આપવો જોઇએ કિંતુ સચાલનની જવાબદારી એમણે લઇ લેવાની નહિ પરમાત્માએ ત્યાગના આદર્શ ઉપર સ્થાપેલા ધર્મશાસનના જોખમ ત્યાગ મૂર્તિઓ જ સારી રીતે સભાળી શકે વહન કરી શકે પણ દુ ખની વાત છે, કે-આ સબધમા આજે કેટલાક ગૃહસ્થોને સાધુ જેટલી અગર સાધુથી અધિક સત્તા ચલાવવાનુ ગમે છે તે પશ્ચિમની છાયા છ

આથી ત્યાગી આચાર્ય ભગવતાદિકોએ પ્રગતિના નામે ચાલી પડેલા આધુનિક અનાત્મવાદી પ્રત્યેક વ્યવહારોથી સાવધ રહેવુ ઘટે દા ત 'પરપરાગત શુદ્ધ વ્યવહારોની સસ્કૃતિને ટકાવવા માટે પ્રગતિવાદીના અશુદ્ધ વ્યવહારોનો આશ્રય લેવામાં વાંધો નહિ પણ ફાયદો છે' એમ માનનારા વર્ગની રોહમાં તણાઇ એના સમર્થક ન બનવુ જોઇએ કારણ એ છે કે-પ્રગતિવાદીઓની એ ચાલબાજી છે કે-પવિત્ર આર્ય દેશમાં એમનુ શિક્ષણ ઘુસાડવા માટે પહેલાં જે એમની પોતાની અલ્પ ટકાવારી શકિત હોય છે તે વધારી દેવા માટે આર્ય દેશના ધાર્મિક અને ઇતિહાસના વિકૃત શિક્ષણને પોતાનામાં સ્થાન આપ્યુ આપણા લોકો ધારે ધારે એમા ધાર્મિકના સરક્ષણની દૃષ્ટિએ

યા અને લાભ માની જોડાવા લાગ્યા પણ ખબર ન

રહી કે-આ તો દુશ્મનના લશ્કરમા ભરતી થવા જેવુ હતુ પરિણામ એ આવીને ઉભુ રહ્યુ કે-ધામિક શિક્ષણની તો હાંસી થતાં થતા એ લગભગ કાઢી જ નાખવામા આવ્યુ અને પાશ્ચાત્ય પ્રગતિવાદીના અશુધ્ધ વ્યવહારો સહિતના શિક્ષણમા પ્રજાનો ઝોક ખૂબ જ વધી ગયો ત્યારે પ્રાચીન ઇતિહાસમાં પ “કોણ પહેલુ થયુ ને કોણ પછી થયુ ” એવી તારિખો વગેરેની વાતો મુખ્ય કરાઇ અને ઐતિહાસિક પુરુષોના અનેકવિધ ઉત્તમ આર્ય આચારો જીવન બોધપાઠ અને આર્ય તત્ત્વજ્ઞાન લગભગ ભુલાયા ત્યારે આધુનિક ઇતિહાસ, રાજકારણ પ્રગતિવાદી નાગરિકતા અને સમાજ વ્યવસ્થાનુ શિક્ષણ ખૂબ વિસ્તારાયુ સસ્કૃતિના ઘડવૈયા અને સરક્ષક મહાપુરુષો કે જેઓ ઇતિહાસના પ્રાણરૂપ છે તેમને ગૌણ સ્થાન અપાયુ

બીજી બાજુ ઉપર કહ્યુ તેમ-ધાર્મિક આચારો અને પવિત્ર આર્ય વ્યવહારોની મશ્કરી વધવા માડી એમા વેદાત અને જૈન દર્શનના નિશ્ચય નયના વિચારો આગળ કરાયા સાથે એમ મનાવા લાગ્યુ કે “આપણે હવે સમજીને કરીએ છીએ” આ પાશ્ચાત્ય વિકૃતિનો પ્રભાવ છે એમા આધ્યાત્મિકતા પ્રિય રાજ્યચદ્રજી અને બીજા ફસાયા તેથી એમના ગ્રન્થોમાં વાનુ પરપરા સામે વ્યક્ત-અવ્યક્ત રૂપે એમનો અણગમો દેખાય છે પછી એ કાર્ય તો એટલી ભયકર હદે પહોંચ્યુ કે-સોનગઢના સપ્રદાયે તો ધાર્મિક વ્યવહાર માર્ગનો સદતર લોપ કરવા ઝડો ઉચક્યો તે એમ કહીને કે-“મોક્ષ પામવાનો સાચો માર્ગ, એક નિશ્ચયમાર્ગ જ છે શુધ્ધ કહેવાતા ધર્મ

વ્યવહારો અને આચારોનો માર્ગ તો અનતીએ વાર આદર્યો છતાં કંઈ વળ્યુ નથી માટે એનો મોહ ધરવો નકામો છે નિશ્ચયદષ્ટિનો ધર્મ સાધો તો કલ્યાણ થશે" આમ ધર્મ શાસનના પ્રાણભૂત પરંપરાગત પવિત્ર વ્યવહારો લોપવાનુ ચાલ્યુ ખૂબી તો એ છે કે— એમને જ ત્યાં પ્રગતિશીલ વ્યવહારોનો આશ્રય વિશેષ રીતે લેવાય છે

પવિત્ર આર્ય સસ્કૃતિના પાયા હચમચી ઉઠે એ રીતે વળી બીજી બાજુ જમાનાવાદ ચાલ્યો શાસ્ત્રોએ દેશકાળ જોઈ વતવાનુ કહ્યુ છે એવુ ખોટુ ધરવામાં આ યુ ખરી રીતે શાસ્ત્રો જે દ્ર૦-ક્ષેત્ર-કાળ ભાવ જોવાનુ કહે છે તે શુધ્ધ આત્મવાદી વ્યવહારોના બાધક દ્ર૦ ક્ષે૦ કા૦ ભા૦ ને ત્યજી તેને સાધક દ્ર૦ ક્ષે૦ કા૦ ભા૦ ને આદરવા પણ પરદેશી ઓના અજન એવા હતા કે— પ્રગતિવાદી સભાઓના તટસ્થ દેખાવોથી દેશકાળનો સહકાર લેવાયો ધમને તથા શુદ્ધ વ્યવહારોને વ્યવસ્થિત કરવાના નામે સરકારી કાયદા અને જાહેર જીવનનુ સ્વરૂપ અપાવા માડ્યુ આમ બાધક દેશકાળને ઉત્તેજન મળવાપૂર્વકની નવી રીત-રસમો પેઠી જે આત્મવાદી શુદ્ધ વ્યવહારોને જબર૦સ્ત ફટકો લગાવતી ચાલી તથા એમાં, સુધારો ' સમજીને કરવુ ' 'તત્ત્વજ્ઞાન વગેરેના ભ્રામક શબ્દોથી લોકોનુ આકર્ષણ વધારવા માડ્યુ

પ્ર૦—પરતુ તેમા ખોટુ શુ છે?

ઉ૦—ખોટુ ? આ તો હાથીના કલેવરની અદર પેઠેલા કાગડાની ભ્રમણા જેવુ છે એય માનતો હતો કે "અહીં તો

રાત્નો ઓટનો મેળ મળે છે અહીં ખોટું શું છે?" પણ અંતે કિનારો નંબર સાથે પૂરમાં તણાઇ સમુદ્રમાં ડૂબી મૂએ! એમ આ સમય અને આગમવાળી ચાનુશાસ્ત્રમાં આત્મવાદી શુદ્ધ વ્યવહારોનો ધીમે ધીમે હ્રાસ થઇને ધર્મનો નાશ થાય કે એ ખોટું છે દા ત આજે ગુરુવિનય ગુરુભક્તિ અને ગુરુ સત્સંગ કર્યા વિના મોટા મોટા શાસ્ત્રોના ભાષાન્તરો ને વિવેચનો વાંચી લઇને વિત્તા મેળવવાની નવી પદ્ધતિએ કદાચ જ્ઞાન વધાર્યું હશે! પણ શ્રદ્ધા, સાધુભક્તિ, સમર્પણ વિનમ્ર ભાવ અને સામાજિક વાતો પ્રત્યે વૈરાગ્યવૃત્તિ તથા એમાંથી ક્રમશ નિવૃત્તિ-આ મહાન સાધનાઓ પર ભયંકર પ્રહાર કરી જર્જરિત કરી દીધા છે

આર્ય દેશમાં તો ચાર પુરુષાર્થ-ધર્મ, અર્થ કામ મોક્ષ ઉપર જ બધી વ્યવસ્થા હતી વૈદક, સંગીત જ્યોતિષના શાસ્ત્રો, પાકશાસ્ત્ર કે યાવત્ કામશાસ્ત્રોને આ શ માટે પણ મોક્ષ પુરુષાર્થ જ મુખ્ય હતો આત્મા પરલોકાદિ મૂળતત્ત્વો માનીને જ એની રચના હતી પણ આધુનિક ઇન્દ્રજાળે એ બધા પર વહેમ અને કુરુઢિનો આક્ષેપ કરીને આત્મા, મોક્ષ પુનર્જન્મ અને ધર્મને બાજુ રાખી નવા શાસ્ત્રો સર્જવાનું કર્યું છે રાજચંદ્રજી જેવા જો કે તીર્થંકર ભગવંતોની વિશ્વવ્યાપી મહાસંસ્કૃતિના વિરોધક ન હોય, છતાં એમણે વ્યવહાર માર્ગને ગૌણ કરીને, નવી અનાત્મવાદી પ્રગતિને જાણે-અજાણ્યે મહારો આપ્યો પછી તો એમના અનુયાયીઓએ એમની વિચારધારાને વેગ આપ્યો શુદ્ધ વ્યવહાર માર્ગના ખાસ મુખ્ય ન ગણી, સત્સમન્શાળા, સ્વાધ્યાયશાળા

જેવી જોરદાર પ્રવૃત્તિઓ ચલાવી ત્યારે માણસને આચરવામાં એકનો સાંસારિક વિષય વ્યવહાર હોય તો ધર્મ વ્યવહાર વિનાનો કોરો સ્વાધ્યાય અને તે પણ વેગર ગુરુ નિશ્રા વિના આત્મ ઘડતર શું કરે? તેઓનો આત્મા તો સાંસારિક વ્યવહારોથી જ ભાવિત બનવાનો એમાં વળી નવા સાધનોના હાદિક ઉપયોગથી નવા વ્યવહારોમાં લેપાવાથી નવા અનર્થો શરૂ થયા

યુરોપીયનોએ ભારતમાં આવીને જે અનાત્મવાદી વ્યવહારો ફેલાવ્યા, તેનો વેગ વધતા જગતની જેમ અહીં પણ ચોરી, લૂટફાટ કોર્ટોમાં કેસો, અનારોગ્ય, આપઘાત લજ્જાનાશ, વિનય મર્યાદાનો નાશ અસહિષ્ણુતા કુટુંબના સહકારી જીવન–સાનાઇ–સ્વાશ્રયિતામાં ટકવાની અશક્તિ, કલેશો સદ્‌ગુણોનું અપાલન ઉપરાંત તે પ્રત્યે અરુચિ–આવા બધા દોષોથી આજે કેટલાય અનર્થો વધી રહ્યા છે।

પ્ર૦—સોનગઢના મતને ધાર્મિક સંપ્રદાય કહેવાય?

ઉ૦—એમ કહેવામાં ભૂલ થતી દેખાય છે કેમકે–ધાર્મિક સંપ્રદાય તો અમુક જ વિચારનો મતનો કે આચારનો ધરાવતા હોય છે બીજી રીતે તો ચાર પુરુષાર્થની સંસ્કૃતિના મોટે ભાગે પ્રચારક અને પક્ષકાર હોય છે ત્યારે સોનગઢનો મત નિશ્ચયનયની હિમાયત હેઠળ શુદ્ધ ધર્મ વ્યવહારના આચાર–વિચારોના લોપને એવી રીતે પોષે છે કે–જેથી ઉલટાના અશુદ્ધ વ્યવહારોના પ્રચારને તથા અશુદ્ધ સાંસારિક વ્યવહારોની અખંડિતતાને વેગ મળે છે, ને આમ કરી લોકોને આકર્ષવા મથે છે તેથી તે તરફ અનાત્મવાદી પાયા પર મંડાયેલા

આધુનિક શિક્ષણ લીધેલાઓ જલદી આકર્ષાય એમાં નવાઈ નથી છતા પ્રમાણ શ્વેતાબર શાસન સામે એક સપ્રદાય તરીકે ટકી શકવામાં પીઠ બળ જોઇએ તેથી દિગબર સમયસારાદિ ગ્રથ, દિગબર મદિરના નિર્માણ વગેરે દ્વારા દિગબર સપ્રદાયને। સહકાર તે લે છે કર્ના કોઇ દિગબર આચાર્યની આજ્ઞા નીચે રહેતા નથી અને વાસ્તવમાં-દિગબરમતને પણ વફાદાર નથી કેમકે એ વ્યવહાર માર્ગને જ લોપે છે દિગબર સપ્રદાય પણ નીચેની કક્ષાવાળા જીવોને ઉપરની કક્ષાના શુદ્ધ વ્યવહારે તરફ દૃષ્ટિ રાખવા સાથે પોતાની કક્ષાના વ્યવહારોને ખાસ પાળવાના અને પાછળની કક્ષાના શુદ્ધ વ્યવહારોને છોડવાનુ કહે છે એમ આગળ વધતાં શુદ્ધ વ્યવહારની પરાકાષ્ઠાએ અશુદ્ધ નિશ્ચયનયથી સિદ્ધ માર્ગને પકડવાને। અને તેથી આગળ ઉપર શુદ્ધ નિશ્ચયનયથી સિદ્ધ માર્ગને પકડવાને। હોવાનુ કહે છે ત્યારે આ મત તો પહેલેથી જ એ-તો શુદ્ધ નિશ્ચય ઉપદેશે છે છતા દિગબરો પણ આ મતમાં પોતાના કેટલાક સિદ્ધાન્તો અને દેવ-મદિરોના પ્રચાર માટે તથા શ્વેતાબર શાસન અને શાસ્ત્રોનુ ખડન થતુ જોઇ આર્થિકાદિ સહાય આપે છે પણ ખરે જોતા દિગબર-મત તો જિનોક્ત આત્મવાદ, ચાર પુરુષાર્થના આધાર ઉપરના શુદ્ધ વ્યવહારોના પક્ષકાર છે ત્યારે સોનગઢના નિશ્ચય મત એ બધુ તદનુકૂળ સાહિત્ય સ્વાધ્યાય-મદિર, દેવ-મદિરાદિ વ્યવહારોને તદ્દન નકામા અને આત્મોન્નતિમાં બાધક માને છે છતાં એનો આશ્રય લે છે એ ધાર્મિક સપ્રદાયમા ખપવાની ચાલબાજી સિવાય શુ છે? બીજી બાજુ સ્વમત પ્રચારાર્થે આધુનિક સાધનોના નિઃશકપણે

અહોનો ઉપયોગ આધુનિક સોશ્યાલી પીરષે વ્યવસ્થા આધુનિક ઢબની વહેંચણીકરણી—ભાવ-શોભા—આકષણોની વૃત્તિ—આ બધુ સૂચવે છે કે—આત્માના શુદ્ધ સ્વરૂપની વાતોની સરદારી નીચે કેવળ જ વાદની જીવન પ્રણાલિકાના વ્યવહારોના પ્રચારનું જ એ મહત્ત્વનું કેન્દ્ર બની ગયુ છે

જૈન સમાજમાં કોઇક ને જ નિશ્ચયનય સમજવામાં આ યે હોય છે મોટા ભાગના ખ્યાલમાં એ નથી કે—' નિશ્ચયનયના સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકના મુનિને કે તેવા ઉચ્ચ કક્ષાના આત્માને જ પ્રાપ્ય હોય છે તે પોતાને કયાંથી પ્રાપ્ય હોય ? છતાં નિશ્ચયની ભૂમિકા પોતાના જીવનમાં ઉતારવાની ભ્રમણામાં પડી ઉલટુ પરાપૂર્વથી ક્રમમા ચાલ્યા આવતા શુદ્ધ વ્યવહારોને તિલાંજલિ આપે છે તથા જીવનમા વ્યવહારો તો જોઇએ જ છે તેથી નવા અશુદ્ધ પ્રગતિશીલ વ્યવહારોને એ અપનાવે છે તેથી જાણ્યે અજાણ્યે ઘરમા અનાત્મવાદી વ્યવહારો અને વિચારો સ્થાન પામે છે આનુ પરિણામ એ આવે છે કે—સર્વ ધર્મ સમ ત્વ વિશ્વનો એક ધર્મ, વગેરેના નામ હેઠળ જ્યારે ઇ ત્યાદિ પ્રકારની આધુનિક વિજ્ઞાનના પાયા પરની કોઇ નવી યોજના બહાર પડશે ત્યારે આ જૈન સમાજ એમાં ભળી જશે અને નવા મોનગઢ મતને પણ લાત મારશે! મિથ્યાત્વજ્વરથી શુદ્ધ વ્યવહારોને લોપ કરાવીને બીજુ પરિણામ લાવી શકાય નહિ.

જોવાનુ તો એ છે કે હજી ઠગશાળાય અશુદ્ધ વ્યવહારોમાં જે જીવો પતોટાયેલા રહે છે એને ધર્મ માર્ગે આકર્ષા અ ત

મિથ્યાત્વ મૂકાવવા ભરપૂર શુદ્ધ વ્યવહારોનો ઉપદેશ

અને અમન આવશ્યક અને હિતકારી જે ઉપદેશક પણ શુદ્ધ વ્યવહારોનુ પાલન નહિ દેખાડે તો પોતાને ધર્મની શ્રદ્ધા નહિ કરાવી શકે શુદ્ધ નિશ્ચય નયનો માર્ગ અશુદ્ધ નિશ્ચય નયનો માર્ગ અને પરાકાષ્ઠાનો શુદ્ધ વ્યવહાર માર્ગ આ ત્રણને જાણવા-સમજવા એક વાત છે અને અમલમા ઉતારવા એ બીજી વાત છે પ્લાન બનાવવો ગણત્રી મૂકવી એ જુદી વસ્તુ છે અને ખરેખર ઇમારત રચી ઉભી કરવી એ જુદી ચીજ છે એની એની ભૂમિકાએ એ માર્ગ અમલમા ઉતારી શકાય છે

કુન્દકુન્દાચાર્યે પણ જે સમયસાર-પ્રવચનસાર ગ્રન્થ રચ્યા તે પણ વ્યવહાર માર્ગનો લોપ કરવા નહિ તે નિર્વિકલ્પદશા ન આવે ત્યાં સુધી વ્યવહાર માર્ગની આવશ્યકતા બતાવે જ છે એમણે તો એમની પૂર્વે શ્રી ગણધર ભગવાનથી રચાયેલા શ્રી આચારાંગ આદિ સૂત્રોમાં આત્મા સમ્યકત્વ મુનિપણુ, વગેરે અંગે કહેવાયેલ નિશ્ચયનયના પદાર્થનો સાર લઈને સમય સારાદિ બનાવ્યા છે દા ત શ્વેતામ્બર શાસ્ત્રો ૧ વ્યવહાર નયથી ક્રિયા, ઇન્દ્રિયો વગેરેને આશ્રવ કહે છે પણ તે દ્રવ્ય આશ્રવ ૨ અશુદ્ધ નિશ્ચયનયથી રાગદ્વેષના પરિણામને આશ્રવ કહે છે ૩ શુદ્ધ નિશ્ચય દૃષ્ટિથી આત્માને અનાશ્રવ કહે છે કેમકે શુદ્ધ નિશ્ચયનય માત્ર દ્રવ્યાર્થિક દૃષ્ટિવાળો છે, તેથી આશ્રવ-સવરાદિ પર્યાય તરફ જોતો જ નથી એવુ જ સવરમા ભાવના-પરિષહ ચારિત્ર વગેરે વ્યવહારથી સવર છે આત્માના જ્ઞાનાદિક ગુણો એ અશુદ્ધ નિશ્ચયનયથી સવર છે અને શુદ્ધ નિશ્ચયનયે તો આત્મા અસવર છે આમાં અશુદ્ધ નિશ્ચયનયવાળો વ્યવહારને વ્યવહારમૂઢ કહે તે બરાબર છે,

અને શુદ્ધ નિશ્ચયવાળો અશુદ્ધ નિશ્ચયનયવાળાને ભેદમાં મૂકી પોતે કહે તે બરાબર છે કેમકે એ શુદ્ધ નિશ્ચય તો સમ્યગ્જ્ઞાન હોય, કે સમ્યક્ ચારિત્ર કહો બધું શુદ્ધ ચેતનાજ છે એમ કહે છે

શ્વેતાંબર શાસ્ત્રોમાં બીજે પણ આ વિચાર આમ આમ કહેલો મળે છે. કહ્યું છે व्यवहारविमूढस्तु हेतूंस्तानेव मन्यते । बाह्यक्रियारतस्वान्तस्तत्त्वं गूढं न पश्यति ॥ વ્યવહાર મૂઢ જીવ બાહ્ય ક્રિયામાં રક્ત હોવાથી અંદરનું ગૂઢ રહસ્ય જાણતો નથી. માત્ર સંવરના કારણોને જ સંવર માની લે છે 'अशुद्धनयसंबद्धं संसारावस्थानं यथा । संसारिणां च सिद्धानां, न शुद्धनयतो भिदा ॥' સંવર આશ્રવની વાત પણ અશુદ્ધનયથી જ છે. શુદ્ધ નયથી તો સંસારી આત્મા અને મુક્ત આત્મામાં કાંઈ ભેદ નથી. જૈન શાસન વિવિધ નયની દૃષ્ટિથી તત્ત્વોને વિચારે છે તેથી તેના જુદા જુદા ગ્રંથ અને પ્રકરણો આજે પણ ઉપલબ્ધ છે, આ હિસાબે સમયસાર ગ્રંથ વ્યવહારની ઉપર તો અશુદ્ધ-શુદ્ધ નિશ્ચયવાળા કથાને પ્રરૂપે એમાં નવાઈ નથી. તેમ નિશ્ચય નયના વિવેચનમાં એનો વ્યવહાર સાથેનો વિરોધ સંપૂર્ણપણે પ્રરૂપાય એ પણ સહજ છે બાકી દિગંબર-શ્વેતાંબર શાસ્ત્રોમાં બીજી રીતે વિચારણા ભરી પડી છે . . . વ્યવહાર નયથી સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનકે અભ્યાન્તર રીતે દર્શન મોહના ક્ષયોપશમાદિથી હોય અને ૧લે ગુણઠાણે સમ્યક્ત્વના બાહ્ય આચાર વ્યવહારોથી હોય. અશુદ્ધ નિશ્ચયનયથી સમ્યક્ત્વ છઠ્ઠે ગુણઠાણે મુનિને હોય ત્યાં શુદ્ધનયથી તે આત્મા જ દર્શન

જ્ઞાન-ચારિત્ર છે એમ વ્યવહારનયથી સમ્યક્ચારિત્ર પમે ગુણસ્થાનેથી ૧૦મા સુધી હોય છે અશુદ્ધ નિશ્ચયનયથી ચારિત્ર ૧૧મેથી યથાખ્યાત ચારિત્ર નામનુ હોય છે શુદ્ધ નિશ્ચયથી ચારિત્ર આત્મા જ છે શ્વે૦ શાસ્ત્રોમા નિશ્ચય ક્યાં ઓછો કહ્યો છે?

ત્યારે, શ્વેતામ્બર શાસ્ત્રોની જેમ દિગમ્બરમતમા બીજા શાસ્ત્રો વ્યવહાર નયથી અને સમયસાર અશુદ્ધ શુદ્ધ નિશ્ચયનયથી મોક્ષમાર્ગનુ વર્ણન કરે છે પણ તેથી કાઇ સમયસારના કર્તાને વ્યવહારનય અને એના પ્રરૂપક શાસ્ત્રો અમાન્ય નથી માત્ર એટલુ છે કે સાતમા ગુણસ્થાનેથી આગળ મોક્ષમાર્ગ કેવા સ્વરૂપે હોય તેનુ વર્ણન સમયસારમા કરે ત્યા તે સાતમાવાળો તે નયની અપેક્ષાએ નીચેના વ્યવહારનય માર્ગના ગુણસ્થાનમાં પટકાઇ ન જાય તેથી વ્યવહારમૂઢતા વગેરે શબ્દથી તેની નિંદા કરે તે સ્વાભાવિક છે શિક્ષણ-સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આ રોજનો નિયમ જોવાય છે વળી નિશ્ચય-નયની અપેક્ષાએ વ્યવહારનય અભૂતાર્થ કહેવાય તે બરાબર છે પણ આમા એવુ ક્યાં આવ્યુ કે નીચેના ગુણસ્થાનવાળાનેય વ્યવહારનય-માર્ગ ઝેર સમાન છે? તેમ તેમને પણ નિશ્ચયનયનો જ માર્ગ જોઇએ, એવુ ક્યાં આવ્યુ?

શુક્લધ્યાનના બીજા પાયામા કેવળ સંગ્રહનયની અપેક્ષાએ શુદ્ધ દ્રવ્યાત્મકનયસાપેક્ષથી આત્મામાં જ્ઞાનાદિ ગુણોનો પણ અભેદ ભાસે છે આ સૂક્ષ્મ શબ્દનયના કોઇ ભેદની અપેક્ષાએ છે ત્યારે છેલ્લે એવંભૂતનયના હિસાબે શૈલેશી મોક્ષમાર્ગ છે આ નયના ઘરની વાત કરવા માટે સમયસાર ગ્રન્થ વ્યવહા-

એના સ્વરૂપને જરા જ મહત્ત્વ ન આપે કે આચારને નામે ગણે એમાં ચમકવા જેવું શું છે! શ્વેતાંબર અને દિગંબરો વચ્ચે અમુક મતભેદો હોવા છતાં બન્ને જ અનેકાન્તવાદ આમ માને છે, અને તેથી જ તે તે નયની ભૂમિકામાં તેની તેની વાતો ઉપદેશે છે પણ સોનગઢ મત કાઢનારા પૂર્વાવસ્થામાં સ્થાનકવાસી સંપ્રદાયમાં માત્ર મૂળ ૩૨ આગમ માનતા હોવાથી આ બન્નેના તેવા તેવા શાસ્ત્રોના પરિચય તેમજ ગુરુ-ગમ મળ્યા નહિ એટલે વિવિધ નયો એની ભૂમિકાઓ અને એને માન્ય માર્ગો તથા પદાર્થોનો યથાર્થ બોધ ક્યાંથી મળે! પણ સમયસાર ક્યાંકથી હાથ પર ચઢી ગયો, અને એકનો તે વાંચના તો 'અપચ થઈ પડ્યું' અપ્રાપ્ત ધન પ્રાપ્ત-નિર્ધનને ધન મળ્યું, ને જેમ નાચવા-કૂદવા મંડી પડે, એમ આ સમયસાર પર જ મુસ્તાક બની માત્ર એને જ જૈન તત્ત્વ સમજી બેઠા પછી જરા વ્યાખ્યાનશક્તિ હતી તેથી બકતો આરંભ્યો એ બકતો જૈનતત્ત્વોના દરીયાના સરાસર અજ્ઞાનને લીધે આગમને શ્રુતકેવળીના નિશ્ચયની વાણી કરવા નીકળી પડ્યા! તેમજ એમની પરિભાષા સાંભળી એના પર નાચવા મંડ્યા 'નિમિત્ત-ઉપાદાન' 'દ્રવ્ય ગુણપર્યાય' 'એક દ્રવ્ય બીજા દ્રવ્યને કશું કરતું નથી' વ્યવહાર ખોટો નિશ્ચય સાચો, 'અશુભ-શુભ-શુદ્ધ' શુભથી આત્માનું ભલું થાય નહિ વગેરે વગેરે એકાંત કથનો ચાલ્યા! આમાં અમને અપેક્ષાને અને આ ચિંતના જૈન તત્ત્વો અને નયોના મહાસાગરને ન જાણવાને લીધે બિચારા કૂપમંડૂકની જેમ જ એકાંતવાદના ખોકામાં સપડાઇ બેઠા!

ખરૂ જોતા જેમ, જૈન શાસ્ત્રોમાં એક પ્રતિપાદન એ આવે છે કે 'સમ્યક્ત્વ વિનાની કરણી બધી નકામી એટલે એથી સમ્યક્ત્વની ભૂમિકાવાળાને મિથ્યાત્વની ભૂમિકા અનુપાદેય બની ગઈ પણ મદ મિથ્યાત્વીને સમ્યક્ત્વ સ મુખ લઇ જનારી કરણી અનુપાદેર નહિ. તેવી રીતે સમયસાર ગ્રથ સાતમા ગુણઠાણાના સમ્યગ્ દર્શનની દૃષ્ટિમા નીચેના ગુણસ્થાનકના વ્યવહાર માર્ગને અનુપાદેય ગણે તે સ્વાભાવિક છે બસ આમાથી સોનગઢમતીને ભ્રમણા ઉભી થઇ અને છડેચોક એમણે નીચેના ગુણઠાણાવાળાને પણ વ્યવહાર માગનો નિષેધ કરવા માડયો, ને નિશ્ચયની જ ઉપાદેયતા બતાવવા માડી! સાથે સાથે જ શ્રુતકેવલીનુ સ્મરણ કરાવનાર ઉપાધ્યાયજી શ્રી યશો વિજયજી મહારાજ જેવા પર વ્યવહારમૂઢનો આક્ષેપ કરવા લાગ્યા! અજ્ઞાનતામાં કેફમાં આવુ બનવાની નવાઈ નથી નહિતર આજના એ કહેવાતા શ્રુતકેવલી મતપ્રવર્તકમાં જે મહાપુરુષના રચેલા સેકડો શાસ્રોને પોતે રચવાની શક્તિની વાત તો દૂ પણ એની થોડી પક્તિ લગાવવાની પણ શક્તિ નથી તે મહાપુરુષ ઉપર મૂ નો આક્ષેપ કરતાં એમની જીભ કેમ ન થથરે? પૂ ઉપાધ્યાયજી મહારાજના શાસ્ત્રો જોતા તો લાગે છે કે એમની નજર સામે શ્વેતામ્બર દિગબરના તમામ શાસ્ત્રોના પન્નાથી તરવરતા હતા. એટલુ જ નહિ પણ એ ભારતીય અન્ય દર્શનોના અઠગ શાસ્ત્રોના તલસ્પર્શી બોધ ધરાવતા હતા તેથી જ એ દર્શનોની સામે જૈન દર્શનની વિશિષ્ટતા એમણે ઠામઠામ પૂરવાર કરી આપી છે તેમજ નય, નિક્ષેપ પ્રમાણ પચજ્ઞાન કર્મપ્રકૃતિ, અધ્યાત્મ તર્ક,

સિદ્ધાન્ત-રહસ્યો વગેરે ૩૦૦ ઉપર અનેકાનેક ગ્રન્થો રચ્યા છે એ નિશ્ચય-વ્યવહાર બન્નેને યોગ્ય ન્યાય આપે છે અરે! એમ તો જ્યારે નીચે નાંકેલો અને ચિરૂપગુથી અલંકારાયેલો ધર્મસંગ્રહ' ગ્રંથ પણ નિશ્ચય- વ્યવહારનો કેવો બોધ જણાવે છે, નિશ્ચયનુ કેવુ યથાર્થ સ્વરૂપ કહ્યુ છે તે જુઓ

ધર્મસંગ્રહ ગ્રન્થમાં સમ્યકત્વના નિશ્ચય- વ્યવહાર ભેદ બતાવતા કહ્યુ નિશ્ચયથી સમ્યકત્વ જ્ઞાનાદિમય આત્મા છે વ્યવહારથી તે સમ્યકત્વના હેતુઓથી છે અહીં પ્રશ્ન થાય કે જ્ઞાનાદિમય એટલે તો ભાવચારિત્રરૂપ જ સમ્યકત્વ થયુ તેનુ કેમ? એનો ઉત્તર એ છે કે વાત બરાબર છે નિશ્ચયનય સદ્ આચરણવાળી શ્રદ્ધાને જ સમ્યકત્વ માને છે તેથી તે ૭ મે ગુણઠાણે આવવાનુ કહે છે ચારિત્ર એ કાર્ય અને સમ્યક્ શ્રદ્ધા એ કારણ-એવો ભેદ છતાં નિશ્ચયનય ક્રિયાસહિતને જ અને ક્રિયાકાલેજ કારણ માને છે તેથી કારણ કાર્યરૂપ બને છે તે હિસાબે સમ્યગ્દર્શન ભાવ ચારિત્ર સ્વરૂપ થાય છે શ્રેણિકાદિને ક્ષાયિક સમ્યકત્વ હોવા છતાં આવુ નિશ્ચયનયનુ સમ્યગ્દર્શન ન હોવામા સિધ્ધાન્ત દોષ નથી

ભગવાન શ્રી આચારાંગ સૂત્ર 'ज सम्म ति पासहा त मोण ति पासहा' વગેરે પણ એજ કહે છે કે "જે સમ્યગ્દર્શન છે તે જ મૌન=મુનિપણુ (ચારિત્ર) છે જે મુનિપણુ છે, તે જ સમ્યગ્દર્શન છે તે ઇન્દ્રિયાસક્ત કુટુબ મમત્વી વગેરે ગૃહસ્થથી શક્ય નથી " અહીં કારકસમ્યકત્વ નિશ્ચય સમ્યકત્વ બને (ક્રિયાકાર્ય) લક્ષી હોવાથી એક બને? એવા પ્રશ્નના ઉત્તરમાં ગ્રથકારે કહ્યુ કે 'ના

વિશેષણોથી અને જુઓ કે 'क्रियोपहितस्य-કાર્યસહિત પણું'! એ કારકનું વિશેષણ છે ને ज्ञानादिमयस्य-જ્ઞાન-ચારિત્રરૂપતા' એ નિશ્ચય સમકિતનું વિશેષણ છે " આ અશુદ્ધ નિશ્ચયનયની વાત થઈ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ શાસ્ત્રે કહ્યું કે आया सामाइए-આત્મા જ સામાયિક છે

સમર્થ શાસ્ત્રકાર આચાર્ય પુંગવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે 'વિંશતિવિંશિકા'માં કહ્યું કે અથવા સૂત્રમાં સુંદર રીતે વર્ણવાયેલ નિશ્ચય સમ્યક્ત્વમાં શમસંવેગાદિનો નિયોગ જાણવો અથવા જ્ઞાનાદિમય' લક્ષણ ભિન્ન ભિન્ન નથી આ પ્રમાણે જાણવું જ્ઞાન પ્રધાન નયના અભિપ્રાયે વિશિષ્ટ જ્ઞાન તથા એ નિશ્ચય સમ્યક્ત્વ ચારિત્ર પ્રધાન નયે ભાવચારિત્ર એ નિશ્ચય સમ્યક્ત્વ ઇત્યાદિ

અથવા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી કહે છે કે आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः!' આત્મા એજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે-એવું આત્માના પરિણામને જ તત્ત્વ માનનાર માને છે આવી આવી નયદૃષ્ટિની અનેક વાતો શ્વેતાંબર શાસ્ત્રોમાં ભરી પડી છે ત્યાં એમ કહેવું કે સોનગઢી સંતે શ્વેતાંબર શાસ્ત્રોમાં નથી એ નરે તરાપના પુ '-એ સરાસર અજ્ઞાન અને ભ્રાંત તથા છે

સોનગઢી મતના કેટલાક સ્થાપિત પ્રતિપાદનો અંગે જુઓ —

(૧) વ્યવહારનયે ઉપાદાન-નિમિત્ત બન્ને કારણ હોય છે, અને અપેક્ષાએ ગૌણ મુખ્ય હોય છે અશુદ્ધ નિશ્ચયનયે ઉપાદાન મુખ્ય કારણ છે શુદ્ધ નિશ્ચયનયે કાર્ય ભાવ જ ન [illegible] કાર્ય જ કારણ નથી આ વચન

'નિમિત્ત માત્ર હાજર હોય છે એટલું જ,—એમ કહી 'કારણ' શબ્દ છૂપાવવો એ અજ્ઞાન દશા છે કેમકે એકલી 'નિમિત્ત' જેવી કોઈ વસ્તુ જ નથી કાર્યમાં હેતુભૂત બને ત્યારે તો નિમિત્ત કહેવાય છે એને નિમિત્ત કારણ બોલવું જોઈએ પણ કારણ' કહેવામા એને ઉત્પાદક માનવું પડે છે, એ એમને પાલવતું નથી

(૨) નિશ્ચયનય ભૂતાર્થ છે'—એ કથન ભૂતાર્થ' એટલે 'પ્રમાણભૂત' એ અર્થમાં ઠીક છે અથવા નિશ્ચયનયની ભૂમિકામાં સદ્ભૂત ગીર્ એવા અર્થમાં બરાબર છે

(૩) એક દ્રવ્ય બીજા દ્રવ્યને કશું કરતું નથી એ કથન શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી બરાબર છે કેમકે એ નય પર્યાય સામે જોતો જ નથી તેમ વ્યવહાર નયે પણ દ્રવ્ય અન્ય દ્રવ્યના સ્વરૂપને બદલી શકતું નથી એ દૃષ્ટિએ પણ ઉક્ત કથન બરાબર છે છતાં દ્રવ્યો પર્યાય રૂપે જે ઉત્પન્ન થાય છે તેમાં બીજા દ્રવ્યો નિમિત્ત હોવાનું સ્પષ્ટ દેખાય છે તેમજ કાર્ય ઉત્પન્ન કરવા માટે એ નિમિત્તો શોધવાનો અને એનો ઉપયોગ કરવાનો વ્યવહાર પણ જગતપ્રસિદ્ધ છે અને એ સચોટપણે નિમિત્તકારણતાને સાબિત કરે છે વળી નિમિત્ત બનનાર દ્રવ્યમાં નિમિત્ત બનવાની યોગ્યતા અર્થાત્ સ્વભાવ હોય છે તો જ તે જ દ્રવ્ય નિમિત્ત બને છે બીજું દ્રવ્ય નહિ એમજ નિમિત્ત લેનાર દ્રવ્યમાં તેવા પ્રકારની યોગ્યતા હોય છે આટલું જ નહિ પણ કાર્ય ભિન્ન ભિન્ન દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સામગ્રીમા બને છે એથી એની નિમિત્તકારણતા સાબિત થાય છે તેમજ દરેક દરેક દ્રવ્યમા જુદી જુદી યોગ્યતા સિદ્ધ

થાય છે આ બધી શાસ્ત્રીય પરિભાષા ન સમજવાના હિસાબે 'ક્રમસર નક્કી થયેલા પર્યાય પ્રમાણે બને છે' આવા નિયતિ વાદના એકાંતમાં ફસાઈ પડે છે અને એ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેને નિમિત્તકારણ તરીકે નામંજૂર કરે છે અશુદ્ધ નિશ્ચય નય પણ ઉપાદાનને મુખ્ય કરી નિમિત્તકારણને તદ્દન ગૌણ કરે છે પરંતુ એ 'નિમિત્તની માત્ર હાજરી ખરી અને કારણતા નહિ' એવું નથી માનતો

(૪) અશુભ-શુભ-શુદ્ધના ઉપયોગને શાસ્ત્રો ગૌણ-મુખ્ય વિવક્ષાથી કહે છે તે ન સમજવાથી શુદ્ધ જ ઉપાદેય —એવો મોટાળો ઉભો થાય છે આમ તો ત્રીજા ગુણઠાણા સુધી અશુભ મુખ્ય ૪થા થી ૬ઠ્ઠા સુધી શુભ મુખ્ય ૭ મે થી શુદ્ધની પ્રધાન તાની શરૂઆત હોય છે પરંતુ તેની ગૌણ મુખ્ય વિવક્ષાએ ૧લે ગુણઠાણે પણ શુભ અને શુદ્ધ સંભવે છે

(૫) દ્રવ્ય-ગુણ-પર્યાયની ભિન્ન ભિન્નતા પણ સંમતિ વગેરેમાં સારી રીતે ચર્ચી છે તે સમજવા તર્ક શાસ્ત્રોનો અભ્યાસ જોઈએ તેના અભાવમાં સામાન્ય સમજથી ગમે તેમ ઘટાવવા લાગી જવું તે અયોગ્ય છે

(૬) વસ્તુત શાસ્ત્રની દરેક વાત કોઈને કોઈ નયને સાપેક્ષ હોય છે તે તે નયને આગળ કરીને સાપેક્ષ કથન કરવામાં આવે તો કોઈ ય વાંધો ન આવે, પણ બધી વાતમાં એક જ નિશ્ચય નયને મુખ્ય કરીને કે નિરપેક્ષપણે કહેવામાં આવે તો અસત્ય, વૈપરીત્ય અને ઉત્સૂત્ર ભાષણનો દોષ આવે

તેથી ખરેખર કોઈ પણ પ્રતિપાદન —

(૧) સમ્યક્ત્વના 'આત્મા છે નિત્ય છે ' વગેરે ૫૬' સ્થાનક ચાર પુરુષાર્થ અને શુદ્ધ વ્યવહારની મર્યાદામાં રહીને કરાવુ ૫૭

(૨) નિશ્ચયનયના સમ્યગ્દર્શન હિસાબે મિથ્યા એવી ૪-૫-૬ઠ્ઠે ગુણઠાણાની કરણી અને વ્યવહારને ૪થા ગુણ ઠાણાના સમ્યગ્દર્શનની દૃષ્ટિએ મિથ્યા ન માનતાં અપ્રમત્ત ભાવની પ્રાપ્તિમા સાધનરૂપ મનાય અને તેનુ આલબન લેવ નુ તે ભુમિકાવાળા જીવોને ઉપદેશાય

(૩) અપ્રમતભાવ પામેલાને પાછળનુ મિથ્યા સમજાવી નિશ્ચય દૃષ્ટિએ આગળ વધવા ઉપદેશાય

(૪) ચોથા ગુણઠાણાની નીચેનાને શુદ્ધ વ્યવહારોના ગ્રહણ-આસેવનનો ઉપદેશ અપાય, એ આગળ વધતા એને પાછળના વ્યવહારની ત્યાજ્યતા અને આગળનાની ઉપાદેયતા સમજાવાય એ યોગ્ય છે-વાસ્તવિક છે નહિ સાધક છે

(૫) નયવિવેક સુધી લઇ જનારી ક્રિયામાં અસદ્ આશય હોય એ દૂષણ છે તેથી ક્રિયા પર દોષનો આરોપ થાય એ ખોટુ છે વસ્તુત તીર્થંકરદેવે બતાવેલી ક્રિયા દૂષિત નથી મોક્ષસાધકને એ ક્રિયા જ તારે છે અવ્યવહાર રાશિમાંથી બહાર આવ્યા પછી અનતી વાર અસદ્આશયવાળી વિષ ગરલ ક્રિયાઓ અને સમૂર્છિમ ક્રિયાઓ કરી પછી જીવ સકૃદ્બધક અપુનર્બધક બની ક્રમશ તદ્દ્‌હેતુ-અમૃત અનુષ્ઠાન કરવા પામે છે એ સૂચવે છે કે પૂર્વની ક્રિયાઓ જીવને સસ્કાર આપે છે માત્ર ઉત્તમ ક્રિયાની દૃષ્ટિએ તે નિષ્ફળ છે એવુ કહેવાય

ત્યા તેમજ જીવને 'પ્રોત્સાહિત કરી મોક્ષમાર્ગની ઉચ્ચ ભૂમિકાએ ચઢાવવા વિષ-ગરલ ક્રિયાની નિ । કરવામા આવે ત્યાં તે ક્રિયાં છોડાવવા નહિ પણ વિષ-ગરલ જેવો અસદ્ આશય છોડાવવા આમા અનુવાદ-અપવાદના અક્ષ ન સમજે, અને સીધુ જ પુણ્યક્રિયાઓ નકામી વગેરે જૈન ધર્મના નામે ઉપદેશ દેવા માંડે એ હળદરના ગાંઠીએ ગાંધી બનવાની મૂર્ખતા છે

જૈનશાસનની અખડિતતા જાળવી રાખવાનો ખ્યાલ પહેલો રાખવો જોઇએ મતભેદે પડતા જુદા ચોકા જમાવવામાં જૈનશાસનની મહાન આશાતના થાય છે એ ભયકર પાપ છે બાળજીવોમાં બુદ્ધિભેદ થાય છે, અને એ પરપરા તોડે છે નિહ્નવો સાથે ઝગડવામા આ મુદ્દો હતો મતભેદ અને જુદા ચોકા ઉભા કરવામા આજની અનાધ્યાત્મિક વિચારણા, વાતાવરણ અને રીતરસમોની અસરનુ પરિણામ છે સ્વાતત્ર્ય અને સ્વતત્રમત આ બેએ સત્યાનાશ વાળ્યુ છે ખરી રીતે એને બાજુએ મૂકી જૈનશાસનમા બુદ્ધિભેદથી પડેલા પક્ષોને નયસાપેક્ષપણે ઘટાવી એક તત્રમાં સૌએ આવી જવા જેવુ છે એથી આગળ વધીને આધુનિક વિજ્ઞાન યુગના પાયા પર રચાયેલા અનાત્મવાદી વ્યવહારોની સામે આત્મા-મોક્ષ-સદ્ગતિના સાધક ધાર્મિક-સામાજિક-રાજકારણી અને ધધાદારી વ્યવહારોને સુરક્ષિત રાખવા તમામ આત્મવાદી 'ધર્મ'વાળાએ એકત્ર મળીને સખ્ત પ્રયત્ન અને સાવધાની રાખવી જરૂરી છે નહિતર વિકસતા અનાત્મવાદી વ્યવહારો શુદ્ધ પવિત્ર દૃઢ થતા આત્મલક્ષી ધર્મ

જશે એની કલ્પના પણ થથરાવે એવી છે.

× × ×

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મનો સળંગ ઇતિહાસ દિગંબર–મૂર્તિપૂજા વિરોધક સ્થાનકવાસી ધર્મ કેવી રીતે પ્રચલિત થયો તે બતાવે છે એ ઉત્થાનના પછી જ એને 'શ્વેતાંબર' અને 'મૂર્તિપૂજક' એવા વિશેષણો લાગ્યા. અસલમાં શ્રી ઋષભદેવ ભગવાને ધર્મ બનાવ્યો ત્યારે તો માત્ર 'ધર્મ' શાસન' શબ્દથી જ તે ઓળખાતો. એટલે જ 'તીર્થંકર' (પણ નહિ કે જૈન તીર્થંકર) શબ્દ ત્યારથી ચાલી આવે છે 'ધર્મ' શબ્દમાં બીજા અસર્વજ્ઞકથિત ધર્મ નીકળ્યા પછી 'જૈન ધર્મ' એમ જૈન શબ્દ ઉમેરાયો. બાકી મૂળ ઋષભદેવ પ્રભુએ ધર્મ જે અનાદિસિદ્ધ વસ્તુ છે એને પ્રગટ કર્યો. તેથી તે ધર્મના કહેનારા કહેવાય પણ કરનારા નથી કહેવાતા. હા ધર્મતીર્થના કરનારા કહેવાય છે. તીર્થ એટલે સંસ્થા શાસન એના કરનારા પછી આ ધર્મશાસનના અનુકરણે સામાજિક રાજકીય ધંધાદારી વગેરે સંસ્થાઓ થઈ પણ તેના મૂળમાં ધર્મશાસનથી નિર્દિષ્ટ આત્મા છે મોક્ષ છે વગેરે આધ્યાત્મિક વિજ્ઞાન અને શુદ્ધ વ્યવહારો તથા ચાર પુરુષાર્થનું વિજ્ઞાન છે તેથી જ તે સામાજિકાદિ સંસ્થાઓમાં પણ અહિંસા સત્ય, નીતિ, ત્યાગ પરોપકાર સંયમ આત્મભોગ વગેરે ગુણોની મુખ્યતા સ્થાય છે નહિંતર તો જીવવા માટે પશુની જેમ માણસને પણ આ સંયમાદિની શી જરૂર છે? પણ જીવન વિકાસમાં જરૂરી આ સંયમ, ત્યાગાદિ પાયો જ છે. એ અનાદિસિદ્ધ છે એટલું જ શા માટે? અપુનર્બંધક

ભાવથી માંડી શૈલેશીકરણ સુધીનો ક્રમિક આત્મવિકાસ માર્ગ–

મોક્ષમાર્ગ પણ અનાદિસિદ્ધ છે જીવોમાં ઉત્ક્રાન્તિ એ રીતે ચાલ્યા જ કરે છે કાઈ કાળે આ માર્ગને દર્શાવનાર તીર્થંકર પ્રભુએ સ્થાપેલ ધર્મશાસન છે ધર્મતીર્થ છે એ પક્ષીની નીપજતી સર્વ જૈનેતર ધર્મસંસ્થાઓ અને સામાજિકાદિ સંસ્થાઓનુ મૂળ છે તેથી જ સર્વમંગલમાંગલ્ય પ્રધાન સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનં" કહેવાય છે તીર્થનો અર્થ 'સંઘ' અને 'પ્રવચન' પણ થાય છે માટે જ પ્રવચનનો ઉચ્છેદ ન કરવાનુ ફરમાન છે તીર્થંકર પ્રભુએ સ્થાપેલી ધર્મ સંસ્થાનુ ચતુર્વિધ સંઘનુ, અને જૈનાગમનુ જરાય હલકાય એવુ ન કરવા સૂચવે છે કેમકે એથી સ્વ-પરને ભયંકર નુકશાન છે સંસ્થાના શુદ્ધ ટકાવ ઉપર જીવો શુદ્ધ ધર્મને પામી-આરાધી શકે છે સોનગઢી મત આના મૂળમાં અગ્નિ મૂકીને ભયંકર પાપ કરી રહ્યો છે

ધર્મશાસનના ટકાવનો આધાર મુખ્યપણે તેના ફરમાવેલા શુદ્ધ વ્યવહારોના પાલન ઉપર છે 'ववहारनयुच्छेए तित्थुच्छेओ' વ્યવહારનો ઉચ્છેદ થવાથી કોઈ પણ સંસ્થા ન ટકે તો ધર્મતીર્થ ક્યાંથી ટકે? વિશ્વની સંસ્કારી પ્રજાઓ તથા સામાજિકાદિ સંસ્થાઓ પણ આ શુદ્ધ વ્યવહારને વળગી રહીને ટકી છે સંયમ પરોપકાર વગેરે કોના ઘરના છે? તેથી જ એ શુદ્ધ વ્યવહારોને અને એના મૂળભૂત ધર્મશાસનને ટકાવવા માટે આચાર્યો વગેરે ધર્મગુરુઓના માથે મોટી જવાબદારી છે પ્રાણના ભોગે પણ તેનું રક્ષણ જોઈએ સંચાલન-સંવર્ધન જોઈએ એ રીતે ટકતુ ધર્મશાસન એ મોટી મેરો અને પ્રેરકો કરતા વિશિષ્ટ અને

કારી સંસ્થા છે

તીર્થંકર ભગવંતે જે આ ધર્મસંસ્થા સ્થાપી છે તેના વિવિધ નયો પર અ શા ય ધર્મ સંસ્થાઓ પ્રચલિત થઈ છે અપુનર્બંધક અવસ્થાની આત્મોન્નતિના માર્ગભૂત શમદમનિશિક્ષાનું એ સમર્થન કરે છે એના આગમ પગથીએ સમ્યકત્વ-વિરતિ યાવત્ યથાખ્યાત ચારિત્ર અને શૈલેશીનો મોક્ષ માર્ગ જૈનધર્મ બતાવે છે એમ જૈનોની સંખ્યા ઘણી નાની છતાં જૈન શાસન કેન્દ્રમાં છે તેમ આ જૈન શાસન એ તીર્થંકરની પ્રતિનિધિ સંસ્થા છે જૈન શાસનની પ્રતિનિધિ ગુરુકુળ સંસ્થા છે એના પ્રતિનિધિ મુખ્ય આચાર્ય છે એમના પ્રતિનિધિ મુનિઓ અને મહાજન છે પ્રતિનિધિ પર તે તે જવાબદારી છે આમાં વર્તમાનમાં મુખ્ય જૈન ગુરુકુળ સંસ્થા ત્યાગમય તપોમય જ્ઞાન-ધ્યાનમય નિરવદ્ય અને વિશ્વ વાત્સલ્યમયતાના હિસાબે સર્વ ગુરુ સંસ્થાઓનું કેન્દ્ર છે ધર્મના અનન્ય પાયાભૂત ગુરુકુળ સંસ્થા સામે આજે અનેકવિધ આક્રમણો ખડા છે એમાં સોનગઢમતી કહે છે કે 'ગુરુ તો પદ્રવ્ય કોઈ કાંઈ કરી શકતા નથી' તેમજ ચારિત્રના આચારોમાં ધર્મ માને તે મિથ્યાત્વી કહેવાય'-એવી એવી પ્રરૂપણાઓ કરી ગુરુસંસ્થાથી પ્રજાને ઉભગાવી પવિત્ર ગુરુ-સંસ્થા અને પવિત્ર આચાર અનુષ્ઠાનાદિ વ્યવહારોના એમના ઉપદેશથી દૂર કરે છે

આમાં મોટી અફસોસી તો એ છે કે આ સોનગઢી મતના સંસ્થાપક પ્રચારક કે અનુયાયી કોઈની સાથે સ્વમતની સત્યાસત્યતા સંબંધમાં વિચારણા કરવા તૈયાર નથી ! પાછા

કરે છે આજ સુધીમા નહિ સાંભળેલ નહિ જાણેલ મહાતત્ત્વ જાણ્યા મત્યુ છે પણ ખરી રીતે આ આખો મત જિનાજ્ઞા–સંમત નથી કેમકે જિનાજ્ઞા અનેકાંતવાદ ફરમાવે છે ત્યારે આ નિશ્ચયનયના એકાંતને પકડે છે યદ્યપિ એ નિશ્ચયનયનુ નિરૂપણ કરે છે તે ઘણે અંશે જૈન શાસ્ત્રના નિશ્ચય સાથે સંમત આવે છે પણ તે નિરૂપણ (૧) અન્ય પ્રબળ નય–વ્યવહારનયને કચડી એકાન્તરૂપે થાય છે, (૨) અપૂર્ણ રીતે થાય છે (૩) અપૂર્ણ અવસ્થાથી અને (૪) ઉન્મત્તપણાથી થાય છે, માટે દુર્નય છે દુનય એ અ–જૈન મત જૈનશાસ્ત્રો તો કહે છે, જો એક નય બીજા નયને હાનિ પહોંચાડે તો તે દુર્નય થાય છે માટે જ નિશ્ચયનય ભૂતાર્થ હોવા છતા એમનુ એનુ નિરૂપણ અભૂતાર્થ કરે છે એ તીર્થંકર ભગવંતોએ સ્થાપેલા શુદ્ધ વ્યવહારોને સમજવાને બદલે નિંદે છે તેથી અંતે પોતે અને પોતાના અનુયાયીઓ મિથ્યાત્વના ‘આત્મા નથી’ વગેરે ષટ્સ્થાનક માનનાર આજના અનાત્મવાદી વ્યવહારોમાં વધુને વધુ ફસાતા જાય છે એ સમયસારને પકડીને તેના મૂળસમા ભગવાન શ્રી આચારાંગાદિ સૂત્રોને તથા કુ૦ કુંદાચાર્યને આગળ કરીને શ્રી સુધર્માસ્વામી આદિ ગણધર દેવોને અને શ્રી સીમંધર પ્રભુ સાથે સીધો સબંધ કલ્પીને શ્રી ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકર પ્રભુને ઉડાવે છે આમ છતાં આ મતને જિનાજ્ઞા મુજબનો માની જે આમાં આક‍ર્ષાય તે ખરી રીતે જિનાજ્ઞા અને જિનોક્ત મહામાર્ગ । વિરાધક બને છે હજી અપેક્ષાએ ઇતર આત્મવાદી ધર્મની નજીક ગણાય પણ સોનગઢી મત નહિ

બર જૈન મતથી તો દૂરાતિદૂર છે જ, પણ દિગમ્બર મતથી પણ અત્યંત દૂર છે હા જો શુદ્ધ વ્યવહારોને તથા એની જુદી જુદી કક્ષાઓ અને અંગ પ્રત્યંગોને નિંદ્યા-નિષેધ્યા વગર સાથે સાથે નિશ્ચયદૃષ્ટિ રાખવા અને નિશ્ચય તરફ આગળ વધવા એમણે ઉપદેશ કર્યો હોત તો આવકાર પાત્ર ગણાત એમ કહી શકીએ

ખેદ એ થાય છે કે એમને એટલો વિચાર નથી આવતો કે શ્રી તીર્થંકર દેવો સ્વયં કૃતકૃત્ય અને વીતરાગ હોવા છતાં જુદી જુદી કક્ષા પ્રમાણે વ્યવહારો શા માટે બતાવે છે પ્રભુએ જોયું છે કે (૧) જગતનું કલ્યાણ વ્યવહાર માર્ગના લોપથી નથી જ થતું તેમ (૨) શાસનપ્રવાહ પણ વ્યવહારમાર્ગ વિના ટકી શકતો જ નથી પછી નિશ્ચયની વાતો ગમી જવાની લાગણીને પરવશ બની વ્યવહાર લોપક નવો પંથ કેમ જ કઢાય? પૂર્વે મહાચારિત્રવાનો અનેકવિધ વિદ્વત્તાને ધારણ કરનારા થઈ ગયા. એમાંના કોઈને કોઈ શાસ્ત્રીય વિષય વધુ ચિંતન રુચિને યોગ્ય બનતો હશે તો બીજાને બીજો છતાં કેમ એમણે જબ્બર સામર્થ્ય છતાં નવો પંથ નવો ચીલો ન સ્થાપ્યો? કારણ એ જ કે એમાં ફરી અનેકાનેક જીવો સ્યાદ્વાદમય જિનેન્દ્ર માર્ગથી ભ્રષ્ટ થાય છે

પુસ્તકની ભાષા —

હિત મનોહારિ ચ દુર્લભં વચઃ —હિતકારી હોવા ઉપરાંત મીઠું વચન અને મીઠું હોવા ઉપરાંત હિતકારી વચન મુશ્કેલ હોય છે એનો અર્થ એ કે હિતકારી વચનોમાં

જપે જ મીઠાંના જળવાની શક્ય નથી, તેમ બધા જ મીઠા વચનોમાં હિતકારિતા હોવી સંભવતી નથી બાપ છોકરાને સારો સંસ્કારી ઘડે છે તેમાં પુત્ર પર બહુ પ્રેમ હોવા છતાં અને હિતોપદેશમાં મીઠાશ જાળવવા છતાં ક્યારેક જરા તિખાશ પણ આવી જાય છે શિક્ષકથી વિદ્યાર્થી સારો પણ એમજ થાય છે ત્યાં કડવા વચન પાછળ દ્વેષ નથી, કિંતુ હિત બુદ્ધિ જ છે અનેક વાર મીઠા શબ્દો જે ચાનક લગાડી સુધારો નથી કરાવતા તે તીખા શબ્દ કરાવે છે તેથી જ કડવું ય અવસરે કહેવું પડે છે, પણ તે સામાના હિતાર્થે સગી મા રોગી સંતાનને અવસરે કડવી ય દવા પાય છે જ ને ?

જગતના હિતૈષીઓના આ ધોરણ પર આ પુસ્તિકામાં ક્યાંક સહેજ તીખી ભાષા વપરાયેલી કેટલાકોને દેખાશે તો એમણે સમજવાનું છે કે આની પાછળ ઉપર કહ્યું તેમ લેખકની અનુગ્રહ બુદ્ધિ જ કામ કરી રહી છે માનવહિતની મહાઘાતક વસ્તુસ્થિતિની ભય કરતાનો સચોટ ખ્યાલ આપવા તેવી ભાષા વપરાય એ હિતકારીપણાની દૃષ્ટિએ કશું અયોગ્ય જણાતું નથી સંસ્કૃત ભાષા પણ હિતબુદ્ધિથી આપવાનું હોય ત્યાં ચોથી વિભક્તિ અને બીજે છઠ્ઠી વિભક્તિ એમ જણાવતા કહે છે **शिष्याय चपेटां ददाति**–શિષ્યને તમાચ દે છે **रजकस्य वस्त्राणि ददाति**–ધોબીને વસ્ત્ર આપે છે

હિતવાણીમાં આ વસ્તુસ્થિતિ છતાં આજના પ્રગતિશીલ અનાત્મવાદી વ્યવહારોના પ્રચારકો ભાષાનો છળ કરી બહુ મીઠી ભાષાનો દેખાવ કરે છે ભારતની યુગજૂની આર્ય-સંસ્કૃતિના પાયા ઉખેડનારી એમની મીઠી ભાષા

લીંબોળીયા ઝેર જેવી છે વાણીની મીઠાશથી લોકને હિતૈષીઓએ મોતેથી ક્યાંક તીખી વાણીની ઉગ્રતા બતાવી એના તરફથી ઉભગાવવાનો અને પોતાના તરફ આકર્ષવાનો એમાં ઉદ્દેશ હોય છે બાકી તો અવસરે એ ય પોતાના પર જોરદાર વાધો દેખાતા એ જૂનવાણી રુઢિચુસ્ત વગેરે કઠોર શબ્દો તિરસ્કાર પૂર્વક કર્યા નથી ખોનના? ત્યારે એકલી મીઠી ભાષાનો ઉપયોગ, જીવનને ઘડતી કેળવણી લેવામાં એકલી અનુકૂળતા, કઠિનતાનો અભાવ કાનાવાલા, વગેરેનુ ખરાબ પરિણામ આજે પ્રત્યક્ષ દેખાય છે મુખ્ય નુકશાન તો એ કે એમાં તૈયાર થયેલાઓ મહાસસ્કૃતિના વિરોધમાં અથવા વર્તમાન જીવનના રૂપાંતર કરી લેવામાં લાગી જાય છે એથી ભારતીય સસ્કૃતિને અને ધર્મને ભયકર ફટકો લાગે છે માટે આવી મીઠી વાણીમાં ભોળવાઈ જવા જેવુ નથી કેટલાક વાંચકોને અલ્પ સમજના કારણે હિતભાષીની ક્યાંક વાણીની તિખાશ ધ્યાન પર ચઢે છે કિંતુ વિશ્વહિતકારી સન્માર્ગને હાનિ પહોંચાડનારાની ભયકરતા ખ્યાલમાં નથી આવતી!! એ પણ આ યુગની અસર છે

અમારે આ પ્રસ્તાવનામાં સોનગઢી મત કહીને ચલાવવુ પડ્યુ છે કેમકે એને ધાર્મિક સપ્રદાયનો આકાર આપવા-માનવામાં જોખમ છે આનુ કારણ એ છે કે (૧) એનુ બાહ્ય રૂપ આધ્યાત્મિક દેખાવા છતાં આંતરિક રૂપ શુદ્ધ ધર્મ વ્યવહાર લોપવા દ્વારા અનાધ્યાત્મિક તત્ત્વોનુ પ્રેરક છે, એ ભારતીય ધર્મ અને સસ્કૃતિનુ ઘાતક છે વળી (૨) એના મુખ્ય પ્રચારકે જૈનશાસનના કોઈ સાધુનુ લિંગ (વેશ) ધારણ નથી કર્યું

અને સ્વામી શબ્દથી ખ્યાતિ સાધુ તરીકેની રાખે છે એમાં પ્રામાણિકતા નથી, વગેરે વગેરે

પ્રતિ, અમારી આંતરિક શુભેચ્છા એ ખરી કે કદાચ અજ્ઞાનતા કે ઉતાવળથી સારૂ સમજીને બને તેમ થઇ ગયુ હોય પરંતુ તક મળ્યે તત્ત્વેનુ તારતમ્ય સમજવાની અને યોગ્ય માર્ગે આવવાની એમનામાં આત્માર્થિતા હોય તો પત્ર વ્યવહારથી યા રુબરુ શાંતિભરી વાતચીતથી સહકાર આપવા અમને વાંધો નથી એકાદ જીવનુ પણ જિનેશ્વર દેવનો માર્ગ પામી હિત થતુ હોય તો એમાં અનેકનુ હિત સમાયેલુ છે માર્ગમા સ્થિર કરનારને પણ સમ્યકત્વની નિર્મલતાનો લાભ છે

એક વસ્તુ છે દિગંબર સ્થાનકવાસી વગેરે પોતાના ધર્મમાં ચુસ્ત રહીને લડતા પણ હોય તે સારા છે પણ 'ધર્મ બધા સરખા' એમ સર્વ ધર્મ સમાનતા સ્વીકારી એ એના આત્મભાવ કેળવતા હોય તે ભયંકર છે આ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય છે ગૌતમ ઇંદ્રભૂતિ વગેરેથી લડવા આવ્યા હતા પણ વીર પ્રભુના સુસમાગમે સત્ય તત્ત્વ પામી ગયા! પૂર્વે કરેલુ અનેક શાસ્ત્રોનુ અવગાહન સમ્યગ્જ્ઞાનમાં પરિણમી ગયુ! ઉપરાંત પ્રભુની ત્રિપદી પર મહાજ્ઞાની બની ગયા! તેમ પ્રસ્તુતમાં પણ નિશ્ચયનયના નતિપા ન માટે કરેલ ખેડાણ દૃષ્ટિ ફરતાં બધુ સમ્યક્પણે પરિણમે એમાં નવાઈ નથી પછી તો મહામાર્ગની વફાદારી પૂર્વક અનેકાંત શૈલીથી નિશ્ચયનયના નિરૂપણથી શ્ર મહાઆદર પામે એ સહજ છે

પણ આ બધુ ... ી વર્તમાન અનાખ્યા

(૨) એ જૈનશાસન માન્ય અનેકાંતવાદની શૈલીથી તદ્દન વિરુદ્ધ જઇ એકાંતવાદમા ઠરી બેસે છે

(૩) એ મતવાળાના પોતાનાજ * શબ્દો પરસ્પરમા વિરોધ કરે છે

(૪) એ મતવાળાની પ્રવૃત્તિ પણ પોતા-નાજ મતના વિરોધમા ઉતરે છે

(૯) એમની પર્ષદામાંથી કોઇ જિજ્ઞાસુ પ્રશ્ન પૂછે તો એને કહેવામા આવે છે કે એમ એમ પ્રશ્નોત્તર માત્રથી નહિ સમજાય તત્ત્વ બહુ ગભીર છે અહીં રહીને શાતિથી રોજ સાભળ્યા કરો પછી સમજાશે નવા આવનારને એમજ તરતમાં પ્રશ્નો ઉઠે છે પણ શાતિથી રોજને રોજ સાભળે છે, એને તત્ત્વ સમજાઇ જાય છે તે પછી પ્રશ્ન ઉઠતા નથી માટે હમણા કેવળ શ્રવણ–મનન કરો જેથીજ તત્ત્વબોધ થશે ' હવે કહો જોઇએ કે આમા શું કહ્યુ ? એજ કે સમજવાનું એટલે કે તત્ત્વનિર્ણય કરવાનુ પુન પુન રોજને રોજ સાભળવાથી બની શકે સાભળવુ એ બહારની ક્રિયા છે સાભળવુ એ વ્યવહારમાર્ગ છે એના આશ્રયે તત્ત્વજ્ઞાનરૂપી મોક્ષમાર્ગ મા ચો !! એમા એમની વ્યવહાર–ત્યક્તતા ખરી કે નહિ ? સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રમા સમ્યગ્જ્ઞાન એટલે કે તત્ત્વ દર્શન એ પણ મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગ માટે સામાને સાભળવાના વ્યવહારનો આગ્રહ કરવાની પ્રવૃત્તિ સ્વસિદ્ધાન્તથી વિરુદ્ધ થઈ કે નહિ ? ત્યા જો કહે કે "એ જે આગ્રહ કરાય છે તે વ્યવહાર છે' તો શુ વ્યવહાર એટલે ઢોગ ?

(૧૦) ત્યારે એમના ભક્તો ગુરુઉપકારને ગાવાની સગીત ધૂન કરે છે તે વાગ્ક્રિયા અને વ્યવહાર–માર્ગ છે તેથી

બાહ્ય શરીરાદિની ક્રિયા નિયત થયેલી છે તે તે પ્રમાણે થયા કરે છે" આવુ જો એ કહે તો તેમા તો માત્ર ગોશાળાનો એકલો ભવિતવ્યતાવાદ થયો એ જો એમ કહે કે "અને એમ માનો તો પ્રત થશે, કે તો પછી આત્મદ્રવ્યમા સમ્ય ગ્દર્શન પણ એમજ નિયતિ મુજબ થઇ જશે એ માટે પ ર દ્રવની બાહ્યક્રિયા તો શુ, પણ આત્માની પુરુષાર્થરૂપ ક્રિયાની પણ જરૂર નહિ હે તેથી પુરુષાર્થ કરાવવા માટેજ "શુદ્ધ દ્ર વ્યદષ્ટિ કેળવો, આત્મ-પર્યાયની વૃદ્ધિ તરફ લ ક્ષ રાખો રાગદ્વેષ મૂકી શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા બનો વગેરેની તમારી જે વાત, તે પોકળ ઠરશે ન કામી ઠરશે

કહેવાનો સાર એ છે કે સમયસાર વગેરેના પ્રવચન કર વાના અને સાભળવાના વ્યવહારનુ ચોકસ પ્રયોજન છે તે પ્રયોજનનો ખ્યાલ ભ્રાન્ત નથી યોગ નથી સાચોજ છે આ વ્યવહાર સફળ થાઓ' એમ હૈયે ચોકસ વસ્યુ છે નહિતર અમે પૂછીએ છીએ કે મહા

તત્ત્વનો ઉપદેશ સાભળતા સમ્યગ્બોધ થવાથી શુદ્ધ અ ધ્યવસાય પ્રગટે કે નહિ? અને તે દ્વારા સમ્યગ્દર્શન થાય કે નહિ?

જો કહો કે "ના સમ્યગ્ દર્શન તો આત્માના આતર- પુરુષાર્થથી થાય બાહ્ય-વ્યવહાર કારણ નથી બાહ્ય-વ્યવહારની જરૂર નથી

તો તો તમને પ્રશ્ન છે કે તમારા પ્રવચનમા એક સ્થાને તમેજ કહ્યુ છે કે "સમ્યગ્દર્શનની પ્રાપ્તિપૂર્વે જીવને

પ્રકાશન, દૈનિક — માસિક પત્રના સચાલન ગામેગામ પ્રસાર અર્થે આ.બરી પર્યટન અને ભાવણ, નવી નવી યોજનાના આયોજન રચના, ગામેગામ સ્વાધ્યાયમંદિર અને દિગંબર દેરાસરોના નિર્માણ સોનગઢમા પ્રવચન સાંભળવા આવીને રહેનારને ચીરાપુરીના જમણ—આ બધો ભરપૂર બાહ્ય ક્રિયાનો કારો અને બહારનો પૌદ્‌ગલિક વ્યવહાર શા સારૂ? મોઢે બોલવામાં તો 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ માને તે વ્યવહાર મૂઢ' પણ કરણીમા વ્યવહારનાજ અનેકાનેક માર્ગોનુ સેવન!! કેવો આ ભાષાચાર! પરંતુ એ ન સેવો તો ચાલે શા? કેમકે મનમા એ ભય છે કે

"રખેને આવો બધો વ્યવહાર ન કરીએ, તો જીવો આ જાણવા સાભળવા આવે નહિ તો આપણુ નવુ તત્ત્વ (!) સમજે નહિ તો આપણુ માનેલુ સમ્યગ્દર્શન ન પામે નહિ તેથી આપણો વાડો જામે નહિ એમને એમ ખાલી જંગલમા ઝાડ નીચે બેસી પ્રવચન કરીએ તો કોઇ આવે નહિ એ તો આજનો નવો યુગ છે માટે ભવ્યમબંધ હૅાલ, તેય રેડ્યે સ્ટેશનની નકલમા જોઇએ એમ આવનારને જમવા કરવાનુ બધુ પોતાના માથે હોય તો ન એટલા બધા લોક આવે, કે આવેલા ન લાગુ રહે તેમ ખાલી ખીચડી—શાક કે રોટલો—શાક હોય તોય ન રહે માટે શીરાપુરીના આકર્ષણ—અથવા આપણુ સાભળવા હોય માનતા હોય એની ભક્તિ તો કરવીજ જોઇએને? તો એ બીજાને પણ ખેચી લાવે અને પોતાનેય માર્ગસ્થિરતા રહે આવેલા બીજાનેય આપણા માર્ગની પ્રાપ્તિ થાય, તો આપણા ટોળામા ભળે"

સાભળના, સમયસારાદિ વાચના, પૂજન ગાવની બીજાને આકર્ષવા, ઇત્યાદિમા રાચી નાચીને મિથ્યાત્વ બહુ પોષ્યુ હવે આ વ્યવહારો છોડો હવે સોનગઢ આવો નહિ, પ્રવચનો સાભળો નહિ, આત્મધર્મ, સમયસારાદિ વાચવાનો વ્યવહાર મોક્ષમાર્ગ માટે નકામો છે તો તે છોડો' શું શ્રોતાને એમ કહો છો ખરા ? ના પુણ્યક્રિયાઓ અર્થાત્ તારક ધર્મક્રિયાઓ છોડ વાનુ કહો છો. આ કેવો તમારો વ્યાપાર ? તમે સોનગઢના વ્યવહાર માટે તો ઉલટું બીજા લોકને એમ કહાવો છો કે "જો જો હા, બીજા કહેવાતા આગમો મોક્ષશાસ્ત્રો નથી. આ કુંદકુંદ ભગવાનના આગમ એ સાચા મોક્ષશાસ્ત્ર છે એનાથી ભવ્યજીવને બહુ ઉપકાર છે માટે એને ખૂબ ખૂબ સાંભળો વાંચો અને વિચારો " કહો જો આમ એનો આ ગ્રહ કેમ કરો છો ? ત્યારે જો એમ કહો કે એ વ્યવહારથી અર્થાત્ ઉપચારથી તો એનો અર્થ એ થયો કે એનું કોઇ પ્રયોજન નથી તો એના આગ્રહપૂર્વકના કથનનુ સાચુ પ્રયોજન ન રહેવાથી, એ કથન બકવાટ જેવુ થશે ! 'प्रयोजन मन्तरेण न मन्दोऽपि प्रवर्तते' એ ન્યાયે એ કહેવાની પ્રવૃત્તિ ઉન્મત્તપ્રલાપ જેવી ઠરશે ! એ પ્રવૃત્તિ માત્ર મ નહિ પણ મન્દતર અર્થાત્ અત્યંત મહામૂર્ખની પ્રવૃત્તિની કોટિમાં જશે

નિશ્ચયના વાડામા વ્યવહારની — ચોકબંધ લીલા —

(૧૩) સમયસાર વગેરે ગ્રન્થોના ભજ્યકાળમાં આકર્ષક

માટે શિક્ષણવર્ગ' એમ્લે જૂઠ્જને ? જે વસ્તુ જે રીતે નથી તેને તે રીતે કહેવી એ જૂઠ છે જે કહો કે

પ્ર૦ –જૂઠું નથી, વ્યવહારથી તે રીતે જ છે, તેજ રીતે કહીએ છીએ'

ઉ૦ –તો જૂઠ નહિ એટલે સત્ય વ્યવહારથી શિક્ષણવર્ગ કારણ છે જ, જરૂરી છે જ માટે ભાર મૂકીને આમ નીએ છીએ પાછી બધી સગવ રાખીએ છીએ' આમ કહો તો સ્વસિદ્ધાંત વિરોધ અથવા, વ્યવહારથી ધર્મક્રિયાઓ પણ તેમજ જરૂરી છે જેમ તમે સમજો છો કે શિક્ષણવર્ગમા અભ્યાસ કરાવવાથી તરત સમજ થતી જશે તેથી અતત્ત્વના ગ્રહ છૂટી જશે માટેજ તમે વર્ગ ચલાવો છો, તેવી રીતે એ અનુભવસિદ્ધ વસ્તુ છે કે ધર્મક્રિયાના બહોળા અભ્યાસથી આત્મા ગુણસ્થાનકમાં ચઢે છે અને સ્થિર થાય છે દા ત આહાર સજ્ઞા અને રસનાની અવિરતિને તોડવા માટે જે રસત્યાગ સહિત તપસ્યાનો સારો અભ્યાસ કરે છે એને એ ગુલામી અને આકર્ષણ માત્ર ઓલવવામા નહિ પણ વાસ્તવિક રીતે ઓછા થાય છે તેમ આરભસમારભ-પરિગ્રહની ઓછાશનો અભ્યાસ વ્રતથી કરે છે, તેને એના આકર્ષણ હૃદયથી ખસે છે આમ વાસ્તવિક પાચમુ, છઠ્ઠુ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે એમાય સ્વાધ્યાયાદિના અભ્યાસથી સાચો અપ્રમત્તભાવ અને ૭ મું ગુણસ્થાનક મળે છે તો પછી શિક્ષણવર્ગની જેમ એય ધર્મક્રિયાઓ કેમ લાભકારી નહિ ?

આવુ આવુ નાભિમાં એકુ છે માટે એ બધો વ્યવહાર માર્ગ પૂરજોશથી આદરો છો અરે! માર્ગને સમજાવનારી મુખ્ય ક્રિયા જે પ્રવચન કરવુ એય જો બાહ્ય ક્રિયા અને વ્યવહાર છે, તેથીજ એના આશ્રયે મોક્ષમાર્ગ નથી, એટને કે એ પ્રવચન પણ જો મોક્ષ માટે નથી તો એ પ્રવૃત્તિ શુ પોતાના સસાર માટે છે?

હજી સ્વસિદ્ધાંત વિરૂદ્ધ પ્રવૃત્તિનુ વળી એક દૃષ્ટાંત જુઓ

(૧૪) આજ અકમા એ લખે છે કે 'જૈનદર્શનના અભ્યાસ માટે શિક્ષણવર્ગ ખોલવામા આવશે (કાનજી-અકમા) વળી જમવાની તથા રહેવાની વ્યવસ્થા ટ્રસ્ટ તરફથી થશે" જૈન દર્શનનો અભ્યાસ એટલે! તત્ત્વનિર્ણય એના માટે શિક્ષણવર્ગ!! સ્વસિદ્ધાન્ત વિરૂદ્ધ કેવી આ પ્રવૃતિ!! તત્ત્વનિર્ણય કે જે જડનો નહિ પણ આત્મિકધર્મ છે, શુ તે બહારના શિક્ષણવર્ગના વ્યવહારથી નીપજે? જો નીપજતો હોય તો પછી પચાચારની મહાપવિત્ર વ્યવહાર ક્રિયાથી સમ્યગ્દર્શનાદિ આત્મગુણ કેમ ન સપજે? ત્યારે જો ન નિપજે, તો એના માટે શિક્ષણવર્ગ ' એ કહેવાનો શો અર્થ? કહેશો કે

પ્ર૦ -વ્યવહારથી કહીએ છીએ તો?

ઉ૦ -વ્યવહારથી એટલે શુ જૂઠ કહો છો? ખરી રીતે ર્ણય શિક્ષણવર્ગથી નથી છતા કહેવુ પડે છે 'તત્ત્વનિર્ણય

એકદમજ મોટી ડીગ્રી લેવા ઉચો અભ્યાસ કરી શકે એમ કરી બાળપોથીની કક્ષામા મેટ્રિકનો ચોપડી લઇ મહેનત કરવા લાગે તો જિંદગીભર મૂર્ખ રહે કે બીજુ કાઇ થાય ? એવુ જ વીતરાગતાની ડીગ્રી લેવા અગે સમજવાનુ છે બાળ વિદ્યાર્થીને, બાર દુ ચોવીસ શા માટે બાર દુ પચીસ' કેમ નહિ, એના હેતુ વગેરેનુ જ્ઞાન ન કરાવાય, એનુ અજ્ઞાન રખાય તોજ એનુ કોમળ નાજુક મગજ વગર કટાળ્યે પલે ા આદ એમને એમ ગોખી તૈયાર કરી શકે પછી એમજ ક્રમસર ગણિતશાસ્ત્રમા આગળ વધત વધતા હેતુ-યુક્તિ વગેરે સમજી અજ્ઞાન ટાળી શકે એ પ્રમાણે ધર્મખાતામા બાળજીવોને વીતરાગતાની ડીગ્રી લેવા પૂર્વે શુભ આલબનનો રાગ નાખવોજ પડે તોજ એ અશુભ રાગ ને તાડતો તોડતો આગળ વધી શકે પછીજ સપુર્ણ રાગનો નાશ કરી શકશે અનતકાળનો અભ્યસ્ત અશુભ રાગ એમ એકદમ જાય એવો નથી કેમકે અશુભ આલબ નોથી એ પોષાયો-પોષાયો છે અને અહીં અશુભ આલબનો મેળવાનુ ચાલ છે પછી શી રીતે રાગ હટે ? એને હટાવવા માટે અશુભ આલબનો છોડવા જોઇએ એ માટે શુભ આલબનો હ્રપરે મેળવા જોઇએ એ સેવવાનુ એના પર દૃઢ રાગ થયા વિના ન બને માટેજ શુભનો રાગ અતિ આવશ્યક છે મોનરાગમા આગળ રાગથીજ આવે છે નવાને લાવવા માટે રાગ જગાવવાના પ્રયત્ન થાય છે રાગ અતિ ત્યાજ્ય છતા નીચેની કક્ષામાં શુભરાગ ઉપાદેય છે

કળા-કારીગરીનુ દૃષ્ટાન્ત — ત્યારે શિલ્પી-ચિતારા

કહે છે કે 'ધર્મક્રિયાઓ એ આત્માનો મળ છે, એને હટાવો તો નિરોગી થશો' પણ એ અજ્ઞાનીને ખબર નથી લાગતી કે કદાચ એને મળ ગણો તોય કેટલાક મળ એવા હોય છે કે જે આરોગ્યમા કારણભૂત હોય છે એને કાચો મળ કહે છે અને એ કાચો મળ તોડી નાખવામા આવે તો સાથે પ્રાણ પણ તૂટી જાય, એમ કહે છે એટલે ટાઇફોઇડ તાવમા અંદર રહેલા મળથી કે તાવથી આંતરડાના ક્ષત રૂઝાવા લાગે છે એ રૂઝાતા, આરોગ્ય પ્રાપ્ત થાય છે પછી ધીમે ધીમે હળવા ખોરાક અને ઔષધ ઉપર ચઢવુ પડે છે, પણ નહિ કે એકદમ પૌષ્ટિક પકવાનો અને ઊંચી રસાયણ-ભસ્મો લઈ નાખવાની હોય એમ કરે તો તો નિરોગી થયેલો છતા ફરી મહારોગી કે મૃત્યુવશ બની જાય બરાબર એ પ્રમાણે **રાગદ્વેષના તાન કાઢવા માટે અને વીતરાગતાનુ આરોગ્ય મેળવવા માટે પહેલા પૌદ્ગલિક રાગ-દુન્યવી રાગ-દેહાદિના રાગના ક્ષત (ઘા) રૂઝવવા જોઇએ. એ માટે આત્મિક રાગ-પરમાત્મશાસન રાગ-મોક્ષ રુચિ વગેરે ધારનારી ધર્મક્રિયાઓ કક્ષાનુસારે ખૂબ આચરવી જોઇએ.** કક્ષાનુસારે નો વિચાર ગંભીર છે એને આગળ વિચારીશુ પણ એટલુ ચોક્કસ કે ધર્મક્રિયાઓ ખૂબ જરૂરી છે બાકી 'ધર્મક્રિયા પર પણ રાગ થાય તોય ખોટો છે માટે સર્વથા રાગ છોડો એમ કરવા જાય તેના ક્ષત અંદરખાને વધતા ભાવમૃત્યુ થાય

જ્ઞાનાભ્યાસનુ દૃષ્ટાન્ત —નિશાળમા વિદ્યાર્થી પણ ક્રમસર આગળ વધતા વધતાં મોટી ડીગ્રી મેળવે છે એને બ ને

છે ? અથવા એમના સિદ્ધાન્તથી પ્રગતિ કેટલી વિરુદ્ધ જઇ રહી છે ? પ્રાથમિક અવસ્થામાં તો બાળ જીવને હૃદયમાં ભરી રાખેલા પ્રિયાના આ રાગને દૂર કરી પરમાત્માના રાગને કેળવવો પડશે તો પછી ધીમે ધીમે એ પરમાત્મભાવ પી વીતરાગતા તરફ જઇ શકશે નહિતર તો રાગ મરામ 'રાગ ખરામ' એમ કરી પરમાત્માના રાગથી આઘો રહેશે અને પ્રિયાનો રાગ હૈયામાં રમ્યા કરવાનો કેમકે એના ગળે પડે તો એવું શિખવ્યું છે કે 'ધર્મક્રિયાનો રાગ પ્રભુનો રાગ' એ બધા ભયંકર છે તેથી, એનાથી અળગા રહેવાનું એ કરશે પણ ધનરાગ કુટુંબ રાગ, કામરાગ ભયંકર નહિ મનાવાથી એને મઢનાના નહિ તેથી હૈયાના ઉંડાણમાં એ રમ્યા કરશે પછી ત્યાં વીતરાગ ભાવ કદીય ક્યાંથી આવે ? એ તો પ્રાથમિક અવસ્થામાં પ્રભુનો રાગ પ્રભુના દર્શન-પૂજન-ઉત્સવ કરવાનો ઝળહળતો રાગ કેળવશે, તો પેલા ધનાદિના રાગ ઓછા થશે, તો કોક દિ' ઠેકાણું પડશે માટે દરેકને જે એ વીતરાગી-દશા નિરાલંબન-દશા, નિર્વિકલ્પ-દશા વગેરે ઉપદેશ્યા કરે છે તે સામાની ભાવકતન કરવાનું કાર્ય છે, શાસ્ત્રીય રીતિ-નીતિનું સાસર અજ્ઞાન છે એથી જીવમાં ક્ષા મુજબ કેવી કેવી રીતે કી શી પ્રગતિ થાય છે એનું ભાન નથી

કક્ષાઓ કઇ કઇ ? -અસલ જૈનમત મુજબ સાધક આત્માઓની જુદી જુદી કક્ષાઓ અર્થાત્ અવસ્થાઓ અને તેને તેને યોગ્ય આરાધનાઓ સ્વીકારેની છે દા ત અપુનર્બંધક અવસ્થા માર્ગાનુસારી અવસ્થા, સમ્યક્ત્વ અવસ્થા, દેશવિરતિ અવસ્થા સર્વવિરતિ અવસ્થા, વગેરે પાડી એકેક

પોતાના કુમતમા સ્થિરતા સાધવા કક્ષાને યોગ્ય-સાધના સ્વીકારે છે —બસ, આ રીતે સાધક આત્માની કક્ષાની મુજબ સાધનાની ગીતિભાતિ હોય છે એમણે પણ શું રાખ્યુ છે? એજ કે "નવો માણસ આવે" એની કક્ષા અયત નીચી છે માટે એણે એકવાર તો 'આભા વાક્ય પ્રમાણ' કરી સાંભળ્યેજ જવુ જોઈએ તોજ એ તત્વ-દષ્ટિની નજીક આવી શકે, એમ એ કહે છે પછીની કક્ષામાં એણે સમયસારાદિનુ ખૂબ વાચન કરવુ જોઈએ, તે પછી ઉપરની કક્ષામા એના પર મનન અને અવસરોચિત તર્કણપૂર્વક શ્રદ્ધાન કરવુ જોઈએ તે પછીની કક્ષામા બીજા, સાથે જરૂર પડે તો ચર્ચા કરે પણ તે પૂર્વની કક્ષામા કયાંય વિરુદ્ધમત વાળા સાથે ચર્ચા ન કરે કેમકે એ એને તત્વશ્રદ્ધાનમાથી ચલિત કરી નાખે એવો પૂરો સભવ છે, કેવી કેવી કક્ષાઓ ગોઠવી છે? ત્યા સૌથી પહેલી કક્ષામાં તર્ક઼, ચર્ચા વગેરે નથી મૂક્યુ ઉલટુ એને ઝેર સમાન ગણી એ અવસ્થામા તો ત્યાજ્ય માન્યુ છે યદ્યપિ મુખ્ય લક્ષ્ય તર્કયુક્તિ સહિત શ્રદ્ધા કરવાનુ છે છતા એને પ્રાથમિક અવસ્થાનુ લક્ષ્ય ન ગણ્યુ ત્યા તો તર્ક-યુક્તિનો વિચાર ન કરતાં માત્ર સાંભળી મગ જમાં ખડક એમજ ઉતારી દેવાનુ લક્ષ્ય માન્યું

કમાબાહ્ય સાધનાના ઉપદેશથી ભાન કતવ —છતા મોક્ષસાધનાની વાત આવી ત્યાં અતિમ કક્ષાએ મુખ્ય લક્ષ્ય જે વીતરાગ થવાનુ, ને નિશ્ચ માનને અવલબવાનુ, તે લક્ષ્યને પ્રાથમિક અવસ્થામાંજ લક્ષ્ય માન્યુ ! આ એમનો
અન્ત ઉપર કહેલી એમનીજ પ્રવૃત્તિથી કર્યો વિરુદ્ધ પડે

એની કક્ષા જોઇને શ્રી જિનેશ્વરદેવોએ પૃથક્ પૃથક્ નિયત કરેલ છે એમાં ઉત્સર્ગ-અપવાદ સ્થાપ્યા છે એમા નિત્ય કર્તવ્ય, નૈમિત્તિક કર્તવ્ય અને કામ્ય કર્તવ્યોના સ્પષ્ટ વિભાગ દર્શાવ્યા છે

નિત્યકર્તવ્યમા દા ત. ગૃહસ્થ શ્રાવકને શક્તિ અનુસાર શ્રી જિનેન્દ્રનો દર્શનાદ (ત્રિપૂજા) રોજ અવશ્ય કરવા ફરમાવ્યું છે ન કરે તો ગુનેગાર નૈમિત્તિક કર્તવ્યમા દા ત. જો વ્રતભંગાદિ થઇ જાય તો તે નિમિત્તે ગુરુ આગળ આલોચના-પ્રાયશ્ચિત્ત કરવા જોઇએ છે ન કરે તો પાપભાગી રહે છે કામ્યકર્તવ્યમા વિશેષ પ્રકારના દાન તીર્થયાત્રા વગેરે સુકૃત આવે છે તે પોતાની ભાવના અનુસાર કરાય છે અર્થાત્ કોઇ શ્રી દસનું દાન કરે કોઇ સોનુ ય કરે કોઇ મંદિર બધાવે તો કોઇ જ્ઞાનશાળા બધાવે એ સુકૃત પોતાની ભાવના મજબ અને જે કાર્યમાં ઉત્સાહ વધે તે થાય છે પરંતુ એમા શક્તિ ગોપવે તો અતરાયકર્મ ઉપાર્જે છે આ થઇ નિત્ય-નૈમિત્તિકાદિ કર્તવ્યોની વાત.

ઉત્સર્ગ અપવાદમા એવુ છે કે શક્યતાએ ઉત્સર્ગ-માર્ગે આરાધના કરવી પણ કારણવશાત્ તે ન બની શકે તો અપવાદની રીત પણ અવશ્ય કરવી દા ત ઉત્સર્ગથી જિન પૂજા મધ્યાહ્નકાળે અને પ્રતિક્રમણ સધ્યાકાળે કરવાની છે પરંતુ ધારો કે એ વખત મૂઠીમા કે કોઇ ગાઢ કારણમા ગયો તો પછી અપવાદથી પૂજા-પ્રતિક્રમણ આગળ-પાછળના સમયમા કરવા આમ પણ કરે તે આરાધક કહેવાય અને ઉત્સર્ગ

માંય અવાન્તર અવસ્થાઓ હોય છે દા ત દેશવિરતિ [શ્રાવક] અવસ્થામા પ્રભુપૂજન-અવસ્થા, સામાયિક-પૌષધ અવસ્થા ગૃહસ્થ શ્રાવક અવસ્થા, વગેરે આ દરેક અવસ્થાને યોગ્ય જુદી જુદી ફરજ અને આરાધનાઓ છે એનો શભુમેળો ન કરાય.

કક્ષાભેદે સાધનાભેદના દૃષ્ટાન્ત —દા ત પ્રભુપૂજનની અવસ્થા વખતે અર્થાત્ જિનમદિરમાં હોય ત્યારે મદિર અને પ્રભુપૂજા અગેની પ્રવૃત્તિ આદરણીય છે, પણ ઘર સબધી પ્રવૃત્તિ ત્યાજ્ય છે એને ત્યા કોઇ સાધર્મિક મેમાન આવી ચડે તો એના સન્માનનુ કાર્ય ભલે ધાર્મિક કાર્ય હોવા છતા એ ત્યા નથી કરવાનુ પરતુ જ્યારે દેરાસરની બહાર વગ બારી અવસ્થામા છે ત્યારે એ સાધર્મિકના સન્માનાદિનુ કાર્ય અવશ્ય આદરણીય છે એજ પ્રભુને પ્રક્ષાલ-પુષ્પપૂજા વગેરે પોતે પૂજાર્થે મદિરમા હોય ત્યારે ખાસ આદરવા યોગ્ય છે, પણ એજ પૂજા સામાયિક-પૌષધ અવસ્થામાં કર્તવ્ય નથી એટલુજ નહિ પણ સામાયિકમા એ કરવા જાય, કે પછી કરીશ એવો વિચાર સરખોય કરે તો દેષપાત્ર છે એક અવસ્થાનુ કર્તવ્ય બીજી અવસ્થામા હેય પણ હોય છાનુ પાણી સચિત્ત ફૂલ વગેરેથી પૂજા કરવામા હિંસા છે એમ માનીને મદિરમા પૂજા ન કરે તો ગુનેગાર છે ત્યારે 'શ્રાવકનુ તો એ કર્તવ્ય છે ને એમ માનીને સામાયિક અવસ્થામાં રહ્યો પૂજા કરે તો ગુનેગાર છે

કર્તવ્યોના ભેદ—આત્માને જુદી જુદી સાધક અવસ્થામાં શુ શુ કર્તવ્ય છે, અને શુ શુ ત્યાજ્ય છે, એ

આનુ તાત્પર્ય શુ ? એજ કે ઉપરની સાધુની કક્ષામા શિક્ષાવચો એજ માર્ગ છે, એજ આરાધ્ય છે અને સ્વય પ યન એ ત્યાજ્ય છે તેથી કાંઇ નીચેની કક્ષાવાળા ગૃહસ્થને એ ન ફરમાવાય એને આરભ ત્યજવાની શિક્ષા ન અપાવાય કક્ષા પ્રમાણેની સાવના હોય તો સાધક ઉચે ચઢી શકે નહિ તર ઉલટો નીચે પડે. બાળ જીવો બહારના અશુભ દુન્યવી નિમિત્ત કારણો અને આલબનોની અશુભ ભાવમા તણાઇજ જાય છે એનુ મન કાર્ય કરતુજ રહે છે તો એની કક્ષા એ ગણાય કે એથી એને બચાવવા શુભ ધાર્મિક વ્યવહાર અને આલબનોમા એને જોડો તો પેલી અસર ઓછી થશે પછી ભલે અહીં શુભભાવ જાગે પણ પછી એ શુભ ભાવને તત્ત્વ-સમજ ણના બળ ઉપર શુદ્ધભાવમા લઇ જશે છતા એટલું ચોકસ છે કે શુદ્ધભાવમા જવાતુ ત્યારેજ શક્ય છે કે જો અશુભ ભાવથી તદ્ન છુટકારો મળે, અને બાળજીવને અશુભ ભાવથી બચવા માટે શુભ નિમિત્તો શુભ આલબનો અને શુભ વ્યવહાર એજ વસ્તુ કરવા યોગ્ય છે, બીજો રસ્તોજ નથી એ જ્યારે ઉંચી કક્ષાએ ચઢે પછી મહાયોગી બની જીવિત-મરણે સમપણુ ભવે-મોક્ષે સમવૃત્તિ કેળવવાની કક્ષા અને સામર્થ્ય આવે ત્યારની સાવના જુદી બાકી નીચેની કક્ષાએ તો એને યોગ્યજ આરાધનારીતિ રહેવી જોઇએ કાનજીમતમાં પણ પોતાનુ દેરાસરના એવુજ કરાય છે પણ ત્યા એ ભાન ભૂલી જાય છે કે આ બધો વ્યવહાર શા માટે ?

(૭) સ્વસિદ્ધાત વિરુદ્ધ સ્વપ્રવૃત્તિનો માનમો દાખલો —બીજી વાત એવી છે કે એમનામા અજ્ઞાન પણ

તો ત્યાજ્ય છે,' એમ કરી પહેલે ગુણસ્થાનકે રહેલો જૈનેતર મધ્યસ્થ મિથ્યાદષ્ટિ પાછી સાચાની ખબર નથી માટે બધા દેવને માનવાનુ મુકી દે તો ધર્મરહિત બનવાથી સાચા દેવ-ગુરુનેય પામવાનો અવસર શી રીતે મેળવે ? સમકિતીના હાથમા તો સાચા દેવાદિ આવી ગયા છે, પણુ મિથ્યાદષ્ટિને એની પ્રાપ્તિ કે પિછાણુ નથી એટલે એને તો બધા સમાનનો સમૂહ છે ત્યાસુધી એને એ છોડાવે પાલવે નહિ એને માટે એ ઔષધરૂપ છે ત્યા એ બધાના ભેગા મિથ્યા દેવાદિને નમે માને એ એના માટે ધર્મરૂપ છે પણુ સમકિતી માટે પાપરૂપ છે તેથી સમકિતીને એ ઔષધ નહિ

એવી રીતે સમકિતીને સાધર્મીભક્તિ કરણીય છે, એને માટે એ રસોઇ વગેરેના મોટા સમારભ પણુ કરે તોય તે એને ધર્મકર્તવ્યમા જાય છે પણુ નહિ કે પાપના પરતુ શ્રાવકપણે સામાયિક-પૌષધ લઇ બેઠો હોય ત્યારે એ અકર ણીય છે ત્યાં જો એ સામાયિકમા નહીં સમારભ કરવા જાય તો તે પાપરૂપ થાય અર્થાત્ અ-સામાયિકમા જે વ્યવહાર ઔષધરૂપ છે, તેજ વ્યવહાર સામાયિકમા પાપવર્ધક-રોગવર્ધક બને છે એમ ગૃહસ્થને પૌષધમા સાધુની જેમ ઠામઠામ ગોચરી વહોરવા જવાની નથી હોતી કેમકે તેથી 'ગૃહસ્થ થઈ ભીખ માગે છે' એવી લોકનિંદા થાય એને તો કા ઘરેથી પૌષધશાળાએ મગાવીને અગર ઘરે જઇને ભોજન કરવાનુ હોય છે એમ કરે એ પોતાને માટે ઔષધરૂપ છે પરતુ સાધુ એમ ભોજન મગાવે કે કરવા જાય તો એ એના માટે પાપરૂપ છે ઔષધ નહિ પણુ ઝેર છે

શ્રી ગણધર ભગવાનના શબ્દો.

– આક્ષેપની પોકળતા –

હવે પ્રસ્તુત લેખનું ખાસ કારણ જે, શ્રુત કેવલી પરમગુરુ શ્રી સુધર્મા ગણધર ભગવાન અને પૂ. પ્રખર ન્યાયાચાર્ય ઉપા૦ શ્રીયશોવિજયજી મહારાજ તથા શ્વેતાંબર સંઘ પર એમણે આક્ષેપ કર્યો છે તેનો વિચાર કરીએ—

શ્રી ગણધર ભગવંતની રચેલી દ્વાદશાંગીમાં શ્રીજ્ઞાતાધ્યયન નામનું છઠ્ઠું અંગ છે એમાં શ્રી સુધર્માસ્વામી ભગવંત શ્રી જંબૂસ્વામીજીને ઉદ્દેશીને કહે છે કે "પ્રભુ શ્રી મહાવીર દેવ પાસેથી જે મેં સાંભળ્યું તે હું કહું છું" એમ કરી પ્રભુનાજ વચન તરીકે વક્તવ્ય રજુ કરે છે એમાં પહેલું અધ્યયન મેઘકુમાર મહામુનિનું છે. મેઘકુમાર મુનિને ચારિત્રમાં શિથિલ પરિણામ થયેથી એમને પ્રભુ શ્રી મહાવીરદેવ એમનો પૂર્વનો હાથીનો ભવ યાદ કરાવીને કહે છે કે 'एवं खलु मेहा ! ताए पाणाणुकंपाए संसारे परित्तीकए। —'હે મેઘકુમાર ! તિર્યંચ હાથીના ભવમાં સસલાની દયાથી તે સંસારને લગભગ સમાપ્ત મર્યાદિત કરી લીધો' (તો પછી આ મનુષ્યભવમાં ચારિત્રજીવનમાં સંયમી મુનિઓ પ્રત્યેના ભક્તિભાવથી શું સાર નહિ નીપજે? તો તું એને કેમ ચૂકે છે?)

ધ્યાન રાખજો, કે આ પ્રભુનાજ શબ્દ છે હવે આના પર જુઓ નવીનમતિનો વ્યવહારમુગ્ધતાનો આક્ષેપ નવી રચના

મોટુ પ્રવર્તે છે તેથી નિશ્ચય મુખ્યની વાત કરનારા એથી વિરુદ્ધ રીતે શુભ સકરૂ પોતાના વ્યવહારમા દોડે છે નહિતર એક બાજુ 'વિકલ્પના આશ્રયે સમ્યગ્દર્શન નથી' એમ બોલવુ, અને બીજી બાજુ ચૈતન્યના વિકલ્પ જાતે કરવા અને બીજાને કરાવવા શુ એ વિરુદ્ધ નથી? જુઓ ચૈતન્યનો વિકલ્પ કરવાનો આ રીતી એ લખે છે કે જીવ ચૈતન્યને પકડવા માટે એમનમાં વિચાર કરે છે કે અહો! ચૈતન્યવસ્તુનો મહિમા કોઈ અપૂર્વ છે' આ વિચાર એજ વિકલ્પ—એ વિકલ્પને ઉપે ચઢવામા પગથીયાભૂત માની આવ્યો તેથી વિકલ્પરૂપી પરભાર એમને પણ જરૂરી લાગ્યો છતા સિદ્ધાન્ત એ આવ્યો કે વિકલ્પના આશ્રયે સમ્યગ્દર્શન નથી વળી એમા ચૈતન્યને પકડવાનુ બીજા મમત્વ મૂકી ચૈતન્યનુ મમત્વ કરવાથીજ થશે ત્યારે અહો!' એ આશ્ચર્ય ચૈતન્યનો રાગ સૂચવે છે આમ જો મમત્વ અને રાગના આશ્રયે મોક્ષમાર્ગની ભૂમિકાજ નથી તો ચૈતન્ય ઉપર એ કરો છો ના માટે? એજ સિદ્ધાન્ત વિરોધી પોતાનીજ પ્રવૃત્તિ એવી તો કેઈ પ્રવૃત્તિઓ એ કરે છે

ટૂંકમા પોતે બોલે છે શુ, અને પાછુ આચરે છે શુ એની આ નવીન રચના નિશ્ચયવાળાને ખબરજ નથી! બિલ્લી આવે તો ઉડ જાના' એવુ ગોખના ફકીરના પોપટની જે સ્થિતિ હતી તેવી આમની સ્થિતિ છે પોપટને ખબર નથી કે 'બિલ્લી આવે નો અર્થ શુ ઉડ નો અર્થ શુ? તેમ આમની દશા છે

રાગથી ત્યારે આ કુમતી કહે છે કે 'દયાદાનના 'શુભ-રાગથી સંસાર પરીત થવાનું માન્યું' કેવું ખોટું કથન! આવું માન્યુંજ ક્યાં છે?

તો પછી જો એમ કહેવામાં આવે કે "દયાદાનના શુભ રાગથી'નો અર્થ 'દયાદાન સંબંધી શુભરાગથી' એવો નથી પરંતુ 'દયાદાન કરવાનો જે શુભ પરિણામ શુભભાવ આત્મામાં જાગે છે એ શુભભાવરૂપી શુભરાગથી' એવો અર્થ લેવાનો છે' -

તો તો પછી એમ કહેવું કે લખવું જોઈએ કે દયાદાન રૂપી શુભ રાગથી' છતાં ખેર! એ એમનું ભાષાશાસ્ત્રના નિયમ બહારનું સ્વતંત્ર લખાણ જો સમજી લઈએ તો પણ એનો ભાવ ખોટો છે કેમકે જેવી રીતે અહો! કેવો અનંતજ્ઞાના ન્દિસદ્ધિમાન મારો આત્મા એમ તત્ત્વરુચિ થવી એ મિથ્યાત્વના ક્ષયનો પરિણામ છે એવી રીતે હાથીને થયેલ દયાનો પરિણામ પણ મિથ્યાત્વની મંદતાનો પરિણામ છે એને શુભ-રાગ એટલે કે શુભઅધ્યાય મનાવવો એ કેવી અજ્ઞાનદશા છે!

છતાંય જો કહો કે મિથ્યાત્વની મંદતાની સાથે શુભરાગ ભળેલો છે માટે અમે શુભરાગને આગળ કર્યો છે,

"તો તો શું અહા! અનંત જ્ઞાનવાન મારો આત્મા એવું થવામાં શુભરાગ નથી ભળ્યો? આ પણ શુભરાગનો વિકલ્પ હોવા છતાં મોક્ષાર્થીને આ આ નહીંય માનો છો તો પછી દયાદાન પણ કેમ આ રહીય નહિ?"

સ્વકપોલકલ્પિત નિશ્ચયનયને પ્રરૂપનારા આક્ષેપ આ રીતે કરે છે —

"મેઘકુમારે હાથીના ભવમાં સસલાની દયા પાળી તેથી તેને સંસાર પરીત થઈ ગયો — એમ કહે છે, તેમજ શુભરાગથી પરીત સંસાર થવાનું મનાવે છે, પણ તે મોટી ભૂલ છે ચૈતન્ય સ્વભાવના અવલંબનેજ પરીત સંસાર થાય છે, તેને બદલે દયા-દાનના શુભરાગથી પરીત સંસાર થવાનું માનવું તે પણ વ્યવહારમૂઢતાજ છે દયા-દાનના શુભભાવ તો અનંતવાર કર્યા છે છતાં પરીત સંસાર કેમ ન થયો? દયા-દાનનો શુભભાવ તો ઔદયિકભાવ છે, તે પોતે સંસાર છે, તો તેનાથી સંસારનો નાશ કેમ થાય? નજ થાય એના વ્યવહારના આશ્રયથી જે મોક્ષ માર્ગ માને છે તે વ્યવહારમૂઢ છે"

ખોટા આક્ષેપનો રદીયો —સોનગઢપંથીએ ઉભો કરેલો આ આક્ષેપ જૂઠો છે અપ્રામાણિક છે સમજ અને વિવેક વિનાનો છે કેમકે પહેલાં તો 'દયાદાનના શુભરાગથી સંસાર પરીત થવાનું માન્યુ" એમ જે લખ્યું તેમાં 'પરીત' શબ્દજ ખોટો છે 'પરીત્ત' શબ્દ જોઈએ પરીત્ત એટલે 'બસ' સમાપ્તિને પ્રાપ્ત મર્યાદિત' એવો અર્થ અહીં લેવાનો છે સંસ્કૃતમાંના 'પર્યાપ્ત' શબ્દ ઉપરથી 'પરિત્ત' શબ્દ બને છે હવે અહીં ખરી વસ્તુ તો એ છે કે ગણધર ભગવાનના લેખમાં તો પ્રભુએ 'પાણાણુકંપાએ એમને કે જીવની દયાથી સંસાર પરિત્ત કરવાનું કહ્યું છે, માન્યું છે, પણ નહિ કે દયાના શુભ

વચમા સમ્યક્ચારિત્ર, અપ્રમત્તભાવ ક્ષપકશ્રેણિ અને ઠેઠ શૈલેશી કરણ સુધીનાની જરૂર તો છેજ ત્યારે જેમ પ્રારંભિક સમ્યક્ત્વ મિથ્યાત્વની સામે પ્રશસ્તપરિણામ હોવાથી જરૂરી છે, તેમ ત્યા પણ ક્રૂરતાની સામે પ્રશસ્ત ભાવ હોવાથી પ્રારભમા જરૂરી છેજ એનાથી આત્મામાની બીજી કેટલીય મિથ્યા રાગની જડ દૂર થાય છે અને તેથી વીતરાગી દર્શાની ભૂમિકા રચાય છે તો પછી સમ્યક્ત્વની જેમ એનાથી સસાર પરિત્ત થવાનુ કહેવુ શુ ખોટુ છે ? ઉલટુ પરિત્ત ન થવાનુ કહેવુ એ ખોટુ છે

અસ્તુ હવે એ જોઇએ કે ભાઇએ પોતે પોતાના કુમતને પ્રચારવા શુભરાગના આલબન લીધા છે કે નહિ અને શુભરાગથી મોક્ષસાધના માની છે કે નહિ જો કે આના અગે એમનાજ વચનોમા પરસ્પર વિરોધ અને એમના વચન–વર્તાવના વિરોધ પૂર્વે જે બતાવ્યા છે એમા એ સ્પષ્ટ છે કે શુભ રાગ એમણે પણ ઠામઠામ જરૂરી લેખ્યો છે છતા પ્રસ્તુત વિચારણાને અનુરૂપ થોડા વિચાર અહીં કરી લઇએ

—

એમણેજ કહ્યુ છે કે 'સમ્યગ્દર્શન પૂર્વે ગુરુનો ઉપદેશ મળવો જોઇએ,' અર્થાત્ ગુરુનો ઉપદેશ મળે એને સમ્યગ્દર્શન થાય પછી સસારનો અત થાય ગુરુપદેશ મળ્યેથી સમ્યગ્દર્શનદ્વારા ભવકટ્ટી થાય સસાર પરિત્ત થાય.'- એમ એ કહે છે ત્યારે અહીં કહે છે કે, '**શુભરાગથી સસાર પરિત્ત થવાનુ માનવુ તે વ્યવહારમૂઢતા છે**' પ્રશ્ન એ થાય છે કે એ જીવને ગુરુનો

દયાદાન એ આદરવા યોગ્ય આ રીતે છે –અનાદિ કાળથી જીવમા ક્રૂરતા નિર્દયતા, કઠોરતા ભરી છે એને જો પહેલા દયાની કોમળતાથી દૂર કરવામાં આવે, તોજ આગળ વધીને ઠેઠ વીતરાગદશા સુધી પહોચી શકાય અનાદિના કસાઇ જેવા ક્રૂર હૃદયવાળાને કાઇ પહેલે તડાકે વીતરાગદશા નહિ આવે માટે તો એ કઠોરતારૂપી જે અનાદિ ભાવમલ તેની અ પતા હ્રાસ થવાનુ લક્ષણ એવુ કર્યું કે,

दु खितेषु दयात्यन्तमद्वेषो गुणव सु च ।

દુ ખી જીવો પર અત્યત દયા અને ગુણવાન આ ત્માઓ ઉપર અ દ્વેષ દયા આવ્યા વિના ભાવમળ જાય નહિ ભા વમળ ગયા વિના સમ્યક્ત્વાદિ શુદ્ધ પરિણામો જાગે નહિ જૈન શાસનની આ પ્રક્રિયાના અજ્ઞાનને લીધે કેવા ઉખરડા વળાય છે ! સહજ એવા અનાદિના ભાવમળનો નાશ થાય, ત્યારે મોક્ષરુચિ-સમ્યક્ત્વ વગેરે ગુણસ્થાનકે ચઢાય છે દયા પૂર્વેના કે યાવાળા ભાવમળના નાશથી પરપરાએ મોક્ષ થાય છે તેમ યાથી મોક્ષ થાય કે એમ કહી શકાય

આ દયા દાનની કોમળતા એ આત્માના શુદ્ધ સ્વભાવે પહોચવાનો પાયો કે અને પાયો એ ઇમારતનુ અગત્ય ગણાય છે ઇમારતમા જરૂરી ગણાય કે તો પછી યા દાનથી મોક્ષ થવાનુ અર્થાત્ સસાર સમાપ્ત થવા આવવાનુ કહેવુ શુ ખોટુ છે? અલબત આ કથનમા વચલા પગથીઆ અધ્યાહારથી લેવાના છે અને એવુ તો સમ્યગ્દર્શનથી મોક્ષ થાય છે ’એવા કથનમાંય ક્યાં અધ્યાહાર નથી ? એમાંય

મનુ યભવ દયાદાનાદિથી મળે, એ વાત સાચી ? જો સાચી તો એનો અર્થ એ થયો કે દયાદાનાદિથી મનુષ્યભવ, અને મનુષ્યભવથી ચારિત્ર તેમજ ચારિત્રથી સસાર પરિત્ત એમને ? દયાદાનાદિ એ મનુષ્યભવ અપાવવાદ્વારા ચારિત્રની સગવડ કરી આપીને સસાર પરિત્ત કરે જ છે માટે સસાર પરિત્ત થવામા દયા દાનાદિ કારણભૂત બન્યાજ જો કહો કે

પ્ર૦ —એ તો પરંપરાએ ને ?

ઉ૦ —તો સમજો કે કારણનુ કારણ પણ 'કારણ' કહેવાય છે નહિતર સમ્યગ્દર્શનને પણ મોક્ષ પ્રત્યે કારણ શી રીતે કહી શકશો ? કેમકે એ પણ ચારિત્ર-અપ્રમત્તભાવ-શુક્લધ્યાન-ક્ષપકશ્રેણિ વગેરે દ્વારા પરંપરાએ મોક્ષ પ્રત્યે કારણ છે નહિ કે એ ચારિત્રાદિ વિના સીધુ મોક્ષ પ્રત્યે કારણ છે ત્યારે જો એમ કહો કે

પ્ર૦ —દયા દાનનો શુભભાવ તો અનતવાર કર્યાં છતા સસાર પરિત્ત કેમ ન થયો ? એમ મનુષ્યભવ ઘણાયેય મળે છે છતાં કયા એ બધાને સમ્યગ્દર્શન અને મોક્ષ થાય છે ? માટે દયાદાનના શુભરાગથી કે મનુષ્યભવથી મોક્ષ થાય છે એમ માનવુ એ વ્યવહારમૂઢતા છે

ઉ૦ —તમારા આ નજરની સામે પડતી વાત તો એ છે કે એમ તો સમ્યગ્દર્શનથી પણ મોક્ષ થાય છે એમ નહિ કહી શકાય. કેમકે તમે તો એવો નિયમ સમજ્યા લાગો છો કે 'જેનાથી અવશ્ય કાર્ય નીપજે જ એનેજ કારણ કહેવુ ' તેથીજ

ઉપદેશ મળે અને રુચે એ શું શુભરાગ નથી? વળી એ ઉપદેશને શ્રવણના રાગ વિના લેવા જશે? જો ઉપદેશ લેવાનો રાગ નહિ, તો એનેજ લેવા જાય શા માટે? આમ એમણે શુભરાગ જરૂરી મંજ્યોજ છે, જો કહો કે,

પ્ર૦—શ્રવણનો એને રાગ તો ખરો, પણ રાગથી સસાર પરિત્ત થવાનું માને નહિ

ઉ૦—તો અહીં હાથીએ દયા કરી એમાં એ એવુ ક્યાં માનવા બેઠો હતો કે શુભરાગથી સસાર પરિત્ત થાય? એણે તો માત્ર પોતાના આત્માની જેમ બીજા જીવનેય દુખ નથી ગમતુ એ હિસાબે સસલા ઉપર પગ મૂકવાની ક્રૂરતા ન કરી, પણ દયા રાખી આ કોમળતાથી એવુ માનવભવનુ પુણ્ય નુબધી પુણ્ય ઉપાર્જ્યું કે જેથી ચારિત્રરૂપી મોક્ષમાર્ગ મળ્યો અને સસાર લગભગ છેદાયો આ પરિણામની દૃષ્ટિએ **દયાથી સસાર પરિત્ત થયાનુ પ્રભુએ ફરમાવ્યુ**

હવે આ નવા મતવાળાને થોડુ પૂછીએ

સસાર પરિત્ત થવા માટે સમ્યગ્દર્શન સહિત ચારિત્ર જરૂરી ખરું? એ ચારિત્ર મનુષ્યભવમાજ મળે એ વાત ખરી? એને ચારિત્ર માટે મનુષ્યભવ જરૂરી અર્થાત્ કારણ બન્યો? ના નહિ કહી શકો કેમકે તમેજ કહો છો કે 'આ **શરીરની સ્થિતિ અલ્પકાળની છે, માટે તત્ત્વનિર્ણય કરીને સાધી લેવુ,'** અર્થાત્ **'મનુષ્યભવ છે તોજ તત્ત્વ** નિર્ણય થાય'-એમ માનો છો તેથી મનુષ્યભવ કારણ બ યોજ એ આગળ કહો

જેવા નિર્વિકાર અનુત્તરવાસી દેવ, કે જે વિષય વિકારથી પગા મુખ્યપણે સતત તત્ત્વચિંતનમા સમય વ્યતીત કરે છે એને ચારિત્ર તથા મોક્ષ કેમ નહિ ? મનુષ્યભવના અભાવેજ ને ? ચારિત્ર અને ક્ષપકશ્રેણિ મનુષ્યભવમાજ થાય છે અને બીજે નથી થતા એ સૂચવે છે કે મનુષ્યભવ એમા જરૂરી છે ભરણુ છે

એવુજ દયાદાનના શુભરાગથી પરંપરાએ મોક્ષ થાય છેજ કેમકે પૌદ્ગલિક સુખની આશા મા રાખ્યા વિના કેવળ જીવ પરના કરુણાભાવથી કોમળ હૃદય થયે અનુકંપા અને અભય દાન કરાય તો તે કોમળતામાથી સારી સામગ્રીવાળો મનુષ્ય ભવ નીપજે છે અને ત્યાં પૂર્વભવની કોમળતાના હિસાબે સર્વ જીવ પર દયા અને અભયદાનના શુભ પરિણામ જાગી ચારિત્રભાવ પ્રગટે છે એમા આગળ વધતા અપ્રમત્તભાવ વીત રાગ થા અને મોક્ષ નીપજે છે પછી મૂળ કારણભૂત દયાદાનને કારણુ કહેવામા શો વાંધો ?

પ્ર૦ — દયા દાનનો શુભરાગ જો કારણુ હોય તો તે તો અનંતવાર ક્યાં હતા, છતાં નકામા કેમ ગયા ?

ઉ૦ — દયાદાનના શુભરાગ અનંતવાર કર્યાં તે નકામા ગયા એનુ કારણુ એ છે કે, નકામા ગયા તે દયાદાન પોતે સ્વરૂપે નકામા હતા માટે નહિ કિંતુ દયાદાન સંસારના પૌદ્ગલિક સુખની આશાથી કર્યાં હતા માટે એથી મોહ વધ્યો અને દયાદાનના પ્રતાપે મળેલા ઉત્તમ મનુષ્યભવનો ઉપયોગ

મોક્ષ પ્રત્યે દયાદાન વગેરેને તમે કારણ કહેવા તૈયાર નથી હવે આ હિસાબે તો સમ્યગ્દર્શનને પણ મોક્ષ પ્રત્યે કારણ નહિ કહી શકો કેમકે સમ્યગ્દર્શન પણ કેટલાયને મળે છે છતા એ ભવમાં એ નથી તો ચારિત્ર પામતા, કે નથી તો મોક્ષ પામતા બલ્કે સમ્યગ્દર્શન હારી જવાનુ પણ એમને બને છે તો શું સમ્યગ્દર્શનથી મોક્ષ થાય એમ નહિ કહો'

કુમતીનો બચાવ—ત્યારે ત્યાં તો તમે બચાવ કરશો કે 'સમ્યગ્દર્શન પામવા છતા હજી એને રાગદ્વેષના તેવા જોરને લીધે નિરતભાવ–અનાસક્તભાવ નથી આવતો અને ચારિત્રથી મોક્ષ સુધી નીપજતુ નથી આમા કાંઇ મોક્ષ માટે સમ્યગ્દર્શન નકામુ નથી સમ્યગ્દર્શન તો મોક્ષ માટે કામનુજ છે, ઉપયોગી છે પરતુ બીજી સામગ્રીના અભાવે કાર્ય નથી થતુ"

કુમતીની ફસામણ—બસ બરાબર આ વસ્તુ દયાદાન કે મનુષ્યભવ અંગે કહી શકાય છે તેથીજ એ મનુષ્યવાદિ મોક્ષ માટે ઉપયોગી છે, એનાથી મોક્ષ થાય છે એમ કહેવુ યુક્તિયુક્ત છે અથવા જેમ સમ્યક્ત્વ પામવા છતાં રાગાદિની પ્રબળતાથી ત્યાંજ ચારિત્ર કે મોક્ષ નથી મળતો તેમ મનુષ્યભવમા આવવા છતાં તીવ્ર મિથ્યાત્વના ઉદયે અને આત્મ પુરુષાર્થની ખામીને લીધે સમ્યક્ત્વ સહિત ચારિત્રાદિ ન પામી શકે એવુ બની શકે છે એટલા માત્રથી મનુષ્યભવથી ચારિત્ર કે મોક્ષ નથી થતો એમ નહિજ કહી શકાય નહિતર અમે પૂછીએ છીએ કે મનુષ્યભવ વિના બીજા કોઈ ભવોમા ચારિત્ર કેમ નથી મળતું? મોક્ષ કેમ નથી થતો? અરે! વીતરાગ

જેવા નિર્વિકાર અનુત્તરવાસી દેવ કે જે વિષય વિકારથી પણ મુખપણે સતત તત્ત્વચિંતનમા સમય વ્યતીત કરે છે એને ચારિત્ર તથા મોક્ષ કેમ નહિ? મનુષ્યભવના અભાવેજ ને? ચારિત્ર અને ક્ષપકશ્રેણિ મનુષ્યભવમાજ થાય છે અને બીજે નથી થતા એ સૂચવે છે કે મનુષ્યભવ એમાં જરૂરી છે, કારણ છે

એવુજ દયાનાનના શુભરાગથી પરપરાએ મોક્ષ થાય છેજ કેમકે પૌદ્‌ગલિક સુખની આશસા રાખ્યા વિના બીજા જીવ પરના કરુણાભાવથી કોમળ હૃદય થયે અનુકપા અને અભય દાન થાય, તો તે કોમળતામાથી સારી સામગ્રીવાળો મનુષ્ય ભવ નીપજે છે અને ત્યાં પૂર્વભવની કોમળતાના હિસાબે સર્વ જીવ પર દયા અને અભયદાનના શુભ પરિણામ જાગી ચારિત્રભાવ પ્રગટે છે એમા આગળ વધતા અપ્રમત્તભાવ વીત રાગતા અને મોક્ષ નીપજે છે પછી મૂળ કારણભૂત દયાદાનને કારણ ગણવામા શો વાધો?

પ્ર૦ — દયા દાનનો શુભરાગ જો કારણ હોય તો તે તો અનતવાર કર્યા હતા છતા નકામા કેમ ગયા?

ઉ૦ — દયા દાનના શુભરાગ અનતવાર કર્યા તે નકામા ગયા એનુ કારણ એ છે કે નકામા ગયા તે દયાદાન પોતે સ્વરૂપે નકામા હતા માટે નહિ કિંતુ દયાદાન સસારના પૌદ્‌ ગલિક સુખની આશસાથી કર્યા હતા માટે એથી મોહ વધ્યો અને દયા દાનના પ્રતાપે મળેલા ઉત્તમ મનુષ્યભવનો ઉપયોગ

પાછો મોહની ચેષ્ટાઓમા ફસે એથી ભવનો અત નથી આવો પરતુ જો નિરાશસભાવે દયાદાન કરે તો એવો અકલક મનુષ્યભવ મળે કે જેમા ઉચ્ચ નિશ્ચયધર્મના સચોટ લક્ષ સાથે વ્યવહારધર્મનો સાધક બની ચારિત્ર–અપ્રમત્ત ભાવ–વીતરાગતા અને મોક્ષ પામે એટલે સસારવૃદ્ધિનુ કારણ પૌદ્ગલિક તૃષ્ણા છે, દયાદાન નથી જેમ સાથે કુપથ્ય ખાતા રોગ વધે તેથી દવા રોગમા નકામી નથી ગણાતી દવા તો રોગ મટાડનારી છે એમ દયાદાન પણ સસારરોગ કાપનાર છે માત્ર પૌદ્ગલિક સુખની આશાસાનુ કુપથ્ય નહિ સેવવુ જોઇએ

વળી જે એ કહે છે કે 'દયાદાન તો ઔદયિકભાવ હોવાથી સસાર છે, સસારથી સસારનો નાશ કેમ થાય ? પણ જગતમા ઘણાય દાખલા આવા મળે છે દા ત. વનમા દાવાનળ સામેના દાવાનળથી નાશ પામે છે કાટો કાટાથી નીકળે છે એક ઝેર બીજા ઝેરને મારે છે લોઢાની છીણી લોઢાને કાપે છે તો અહીં શો વાધો છે ? બીજી વાત એ છે કે સસારનો નાશ એટલે કર્મનો નાશ. એ માટે જેમ માનવભવ શરીર આયુષ્ય વગેરે જરૂરી છે તેમ દયાદાનાદિ પણ જરૂરી છે નહિતર તો જો દયાદાન જરૂરી નહિ તો તમારા મતે તો હિંસાથીય સસાર અને દયાથીય સસાર' ચોરીથીય સસાર અને દાનથીય સસાર ! ખરી રીતે દયા આત્માના અધ્યવસાય મલિન ન બનતા નિર્મળ થાય છે પછી એના પર અધિક વિશુદ્ધિ કરવાની તક મળે છે નહિ

તો જે અજ્ઞાનીને બાહ્ય દયાદાન પ્રભુની પૂજા–ભક્તિ–

સિવ, વ્રત-પચ્ચક્ખાણ વગેરે શુભવ્યવહારનું આલંબન નથી એને શાનું મોક્ષ, અયોગીપણું, કેવળજ્ઞાન કે વીતરાગતા તો છે નહિ એટલે એ રાગાદિ વશ અને મન-વચન-કાયાના યોગને વશ થઈને કાંઈ કરતો તો રહેવાનો તેર શું કરતો હવાનો? દયા-દાનને બદલે આરંભ-પરિગ્રહ, પ્રભુભક્તિને બદલે કુટુંબ સેવા, વ્રત-પચ્ચક્ખાણને બદલે ખાનપાન-વિષયભોગ-ઇન્દ્રિય ગુલામી વગેરે વગેરે કેવી ખૂબી થઇ! પવિત્ર પ્રવૃત્તિ મૂકીને મલીન ક્રિયાને વળગી લો એવું સેવન કરી કરીને અંતરના અશુભ રાગને એ સુદૃઢ કરવાનો અશુભ રાગોત્પાદક પ્રવૃત્તિ ઘણા કરે તેથી અશુભ રાગ વધે ને દૃઢ થાય એમાં નવાઈ નથી આમ શુભને ઉવેખીને કરેલી અશુભ રાગની દૃઢતા દીર્ઘ સંસાર નિપજાવે છે

વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોયજ નહિં એવો સિદ્ધાન્ત છતાં બે ભયંકર ખામી.

૧ અશુભ પાપવ્યવહારની ભરપૂરતા.

વ્યવહારને નિંદવામાં ખૂબી એ થઈ કે શુભ વ્યવહાર ગુમાવ્યો અને અશુભ પાપક્રિયા

ચાલુ રહી —વધારામાં એ પોપટપાઠ કર્યા કરશે કે 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોયજ નહિ વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોયજ નહિ' પણ એ ભાન નહિ રાખે કે 'આ પાઠ પણ વ્યવહાર છે અને એનો વિચાર [વિકલ્પ] એ પણ વ્યવહાર છે તો એવા વ્યવહારનો આશ્રય કરાયજ શા માટે?" વળી વ્યવહારના આશ્રયે-વ્યવહારના આશ્રયે ' એમ વ્યવહારની નિંદા કર્યે જવામાં અર્શિન રીતિએ

નજર સામે એ'લુજ તરવરે છે કે

વ્યવહાર એ'ને શુભ વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ તેથી શુભ પવિત્ર વ્યવહાર બધો નકામો અજ્ઞાનપણામા એને અનતવાર સેવ્યો હવે સજ્ઞાન બની એને છોડી દેવાનો સામા યિક પ્રતિક્રમણ, વ્યવહારચારિત્ર દેવગુરુભક્તિપૂજા બાહ્ય-ત્યાગ, તપસ્યા ઇંદ્રિયનિરાવ વગેરે ઘણુ ઘણુ કરી સસારમા આથડયા તોબા એનાથી હવે એમા ફસાવુ નહિ,—નજર સામે આટલુંજ તરવરે છે તેથી એનો ત્યાગ કરાય છે

પણ 'વ્યવહાર' શબ્દથી એ ધ્યાનમા નથી કે

અશુભ પાપક્રિયાઓ પણ બધી નકામી છે આરભ-સમારભ, ઘર-દુકાન કુટુબકબીલા, સગા-સ્નેહી ખાનપાન, વિષય-પ્રવૃત્તિ, પૈસાટકા વગેરે ઘણુ કર્યું અનત કાળ કર્યું તેથી સસારમા ભટકતા રહ્યા. તોબા એનાથી ભલે અજ્ઞાનપણે એને આચરી પણ હવે સજ્ઞાન બન્યેથી એ બધુ છોડી દેવાનુ એમાં ફસાયા રહેવાનુ નહિ —આવુ નજર સામે નથી તરવરતું શુ વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ'

એમાં આ નથી આવ, ? જે ત્યાગ, તપ, સામાયિકાદિના આશ્રયે મોક્ષમાર્ગ નહિ, તે શું આરંભ-સમારંભાદિનાય આશ્રયે મોક્ષમાર્ગ છે ? ના, તો પછી તમારે તો જેમ ત્યાગ-તપશ્ચર્યાદિ ધર્મક્રિયાઓ ત્યાજ્ય, તેમ આરંભ-પરિગ્રહમય દુકાન વગેરે પણ ત્યાજ્ય બને છે છતાં તમે ધર્મના ઘરની પવિત્ર ત્યાગ-તપ વગેરે આચરણા છોડી, પણ ઘર-દુકાન વગેરે કેમ અકબંધ ઉભા રાખ્યા ? ત્યારે તમારે કેવળ નિશ્ચયવાદીને શું ધર્મક્રિયાઓ તરફથી શુભ રાગ થવાનો ભય છે અને પાપક્રિયાઓ તરફથી અશુભ રાગ થવાનો ભય નથી ? જો ભય હોય તો એને કેમ છોડું નહિ ! કેમ વારેવારે નિંદા નહિ ? અથવા શું ધર્મક્રિયા ત્યાજ્ય રાખને પોષે છે પણ પાપક્રિયાઓ રાગને પોષતી નથી ? માને તે હો પરંતુ પાપ ક્રિયાઓ તમે અખંડ ઊભી રાખી છે, પણ છોડી નથી એ સૂચવે છે કે તમને (૧) એ ત્યાજ્ય નથી લાગી, (૨) એના આશ્રયે મોક્ષમાર્ગને વાંધો નથી લાગ્યો (૩) 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ' એ રટણી રાખવામાં માત્ર ત્યાગ-તપ વગેરેની ધર્મક્રિયાઓ પ્રત્યે દ્વેષ કરવાનું કર્યું છે પણ પાપક્રિયાઓ પ્રત્યે નહિ. નહિતર કેને કે જેવા સામાયિક-પ્રતિક્રમણાદિ ક્રિયાઓ પર દ્વેષ કેળવી રહ્યા છો એવા ખાનપાન આરંભ-પરિગ્રહની ક્રિયાઓ પર કેમ નથી ભભૂકતા ! જો કરતા હો તો એનેય છોડી નાખી હોય ! ઉલટું સામાયિક-પ્રતિક્રમણ-આગમસ્વાધ્યાય વગેરે ક્રિયાઓ છોડી એનોય બચેનો સમય ... વાડીમાં ખરચી છો

૨ પોતાના માનેલા શુભવ્યવહારની ભરપૂર સાધના

બીજી વાત એ છે કે 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોય નહિ' એમ કહી વ્યવહારને એટલે કે શુભરાગને સંસારવર્ધક મનાવે છે 'ને 'દયાદાનના શુભરાગથી મ સાર પરિત્ત થાય નહિ' એવો સિદ્ધાન્ત ધરાવે છે તેથીજ 'મોક્ષાર્થીએ દયાદાનાદિ શુભપ્રવૃત્તિ ન કરવી જોઇએ' એવું ઇચ્છે છે કેમકે એનાથી કાંઇજ આત્મિકલાભ નથી, એમ એ માને છે હવે બીજી બાજુ પોતાના વાડાની માનેની શુભપ્રવૃત્તિઓ અને શુભરાગની ચર્ચાઓ ઘણી ઘણી આચરાવે છે પરંતુ એ આમા સ્વમતનોજ ઘાત કરે છે આમ તો એ કહે છે કે પરમાત્મા મહાવીર દેવ ઉપરનો રાગ પણ નકામો છે પરંતુ બીજી બાજુ કુંદકુંદાચાર્ય ઉપર અનહદ રાગ કરે છે અને કરાવે છે એમ, શ્રીભગવતીજી સૂત્ર વગેરે મહાજ્ઞાની ગણધર ભગવાને રચેલા આગમો પર રાગ એ શુભ રાગ હોવાથી એમને સંસારવર્ધક લાગે છે, ત્યારે સમયસાર પ્રવચનસાર વગેરે અલ્પજ્ઞ પુરુષથી રચેલા શાસ્ત્ર ઉપર મહાન આકર્ષણ અને ઉત્કટ રાગ ધરે છે ને બીજાને ધરાવવા અથાગ મહેનત કરે છે પંચ મહાવ્રતધારી કંચન-કામિનીના ત્યાગી સદ્ગુરુઓના સદુપદેશ કે એના પરનો રાગ આત્મહિતકારી નથી એમ કહે છે જ્યારે કાનજીમતનો ઉપદેશ બહુ

લાભકારી તરીકે ફેલાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે ભોળો અજ્ઞાન વર્ગ એ ઉપદેશ પર રાગી બની એના ઉપર ઝૂકે છે, આ રાગ એમને હાનિકર નહિ લાગતો હોય, તેથીજ એ કદી કહેતા નથી કે 'જો જો હો અમારા પ્રવચન ઉપરનો રાગ આત્મહિતકારી નથી માટે એવા રાગના આકર્ષણ ખોટા છે તેથી આ પ્રવચન-શ્રવણની ક્રિયામજુરી કરતા નહિ' આ થઇ શુભરાગની વાત. હવે વ્યવહારની વાત. એક બાજુ દયાદાનાદિની ક્રિયા મોક્ષોપયોગી નથી એમ માને-મનાવે છે પણ બીજી બાજુ એમના હિસાબે માર્ગ ભૂલેલા જીવોની દયા એ ખૂબ ખાય છે તેથી તો પ્રવચનો ઉપર પ્રવચનો કર્યે જાય છે પોતાના એકાન્ત નિશ્ચયવાદી સોનગઢી મઢમા જીવોને આકર્ષવા શીરાપુરીના ભોજનદાન કરાવે છે પૂછોને કે શા સારૂં આવા દયા ન કરાવના હશે? ઉત્તર સીધો છે એ સમજે છે કે આમ કરવાથીજ જીવો સન્માર્ગે આવી મોક્ષમાર્ગ સાધશે. વળી સામાયિક-વ્રતપચ્ચક્ખાણાં રૂપી વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોય નહિ એમ કહેનાર એ પોતાના ઘોકબંધ વ્યવહાર પોતે આચરે છે અને આચરાવે છે સોનગઢ આશ્રમમા મુમુક્ષુઓ માટે આખા દિવસના નિયત વ્યવહારજ ગોઠવેલા હોય છે પોતેય પ્રવચનાદિ કરવાનો નિશ્ચિત નિયમિત વ્યવહાર આચરે છે સ્વમતપ્રચારાર્થે ગામે ગામ પ્રવાસનો વ્યવહાર ભણતરનો વ્યવહાર, શક્ય હોય તો દિગંબર મંદિર અને સ્વાધ્યાયમંદિર ઉભુ કરાવવાનો વ્યવહાર પાછી એની આડંબરભરી પ્રતિષ્ઠાવિધિ કે ઉદ્ઘાટનવિધિનો વ્યવહાર, 'આત્મધર્મ' નામનુ માસિક અને દૈનિક પત્રપ્રકાશનનો અને ફેલાવવાનો વ્યવહાર,

પુસ્તકો છપાવી પ્રચારવાનો વ્યવહાર,—આવા આવા તો કેઇ વ્યવહારમા રાતદિ' ગળાબુડ ડૂબ્યા રહે છે એમને કોણ પૂછે કે ભના માણસ ! જ્યારે વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગજ નથી તો પછી આટના બધા વ્યવહારને આચરવાનુ કામજ શુ છે ? પ્રયત્ન પુરુષાર્થ તો મોક્ષમાર્ગ સાધવા માટે હોય ને ? તમારે જો વ્યવહારમા મોક્ષમાર્ગજ નથી, તો વ્યવહારો આચર્યે જવામા મહામૂર્ખાઇ નથી ? તમારે તે વળી ખાવા-પીવાના વ્યવહારનીય શી જરૂર છે ? એ કાઇ એમજ જાણ બહાર નથી થતા, એ તો ઇચ્છાથી કરો છો. તો નિરર્થક એવા વ્યવહાર સેવવાની ઇચ્છા કરવાની હોય ?

પરંતુ, આપણે ગમે તે કહો એ તો વ્યવહાર અને શુભ રાગને નકામો નગમો' એમ લ્હોય જાય છે અને થોકબંધ અશુભ પાપપ્રવૃત્તિઓ તથા પોતાની માનેની શુભપ્રવૃત્તિઓ આચર્યે જાય છે તો પછી આમાં એમના હૈયા અગે શુ સમજવુ ? એમની પ્રરૂપણા એ ઢોગજ કે બીજુ કાંઇ ? એમને પ્રશ્ન તો એ છે કે 'જેના આશ્રયે મોક્ષમાર્ગ નથી તેને તમે સેવો છોજ શુ કામ ? જો વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ, એ વ્યવહાર તમારા મતે ઉપાદેય નહિ ને ? પછી એને આદરવાનુ શુ પ્રયોજન ? અને ઉપાદેય કહેતા હો તો ગણધરઆગમો આવકાચાર સાધ્વાચાર વગેરે વ્યવહાર પણ શા માટે ઉપાદેય નહિ ? બીજા આચાર્યોને છોડીને કુન્દકુન્દાચાર્યને બીજા ગુરુઓને છોડીને નવીન બનાવટી નિશ્ચયવાદી ગુરુને, બીજા ઉપદેશ છોડીને બનાવટી નિશ્ચયની દેશનાને, તથા શ્રીભગવતી જેવા મહાન પવિત્ર અને પ્રામાણિક આગમોને છોડી

'સમયસારાદિ ગ્રન્થોને જે વળગી રહેવાય છે, વળગી રહેવાનું ઉપદેશાય છે એ વળગવાનું શું નકામા તરીકે, કે શું વીતરાગભાવે કે આના પરના રાગથી આકર્ષાઇને ? શુભરાગને તમે કયાં નથી આદરતા ?

' બીજી એક વાત એ છે કે શું શુભરાગ અને અશુભરાગ બન્ને સમાન કોટિના છે ? તો હિંસાના પરિણામ અને દયાના પરિણામમાં આત્મદ્રષ્ટિએ કાંઇજ ફરક નથી ? તેમજ 'શુભરાગ જો સર્વથા હેય હોય તો ત્યાં દુન્યવી કોઇ આશંસા વિના શુભકાર્યનો રાગ થયો તો તેથી શું સંસાર ક્ષીણ થવાની ? આમાં 'હા'નો ઉત્તર તો અવિવેકી કરી શકે પૂર્ણિ અનતાશુભરાગ ભવબંધક થયા છે એમ મ્હેતું ભારવાનું નથી કેમકે એ વસ્તુગત્યા શુભરાગજ નહોતો એક માણસ કેવળ ખૂન કરવા બહારથી ચારિત્ર પાળે, દયા પાળે ઇત્યાદિ અને શુભરાગ કહેતાંજ ત્યાંથી તેમજ પૌદ્‌ગલિક કે કેવળ આશંસાથી ધર્મક્રિયા કરે એનામાં અમે શુભરાગ નથી ગણતા, પરંતુ દુન્યવી કોઇ પ્રકારના રાગ વિના આત્મકલ્યાણ સાધવાના પવિત્ર મનથી વ્રત પચ્ચક્ખાણ પ્રભુભક્તિ સામાયિક ચારિત્ર વગેરે જે આરાધે છે તેને અમે શુભ રાગ કહીએ છીએ એ અનાદિના રાગથી જુદો રાગ છે એ આરાધકને મનના એમ નથી આવ્યા કરતું કે આત્મદ્રષ્ટિ જરૂરી નથી, માત્ર વ્યવહારનોજ આશ્રય કરવો નિશ્ચયનું શું કામ છે ? આપણે તો ફકત આ શુભક્રિયાઓનો રાગજ રાખે વીતરાગ થવાનું કામ નથી" આવું તો કાંઇ થતું નથી, પણ ઉલટું એ તો ઇચ્છે છે કે દુનિયાની હિંસાદિ અશુભ પ્રવૃત્તિઓમા

પરિણામ બગડે છે, ભયંકર રાગદ્વેષ થાય છે આવી શુભક્રિયાઓમાં રહેવાથી પેલી આરંભપરિગ્રહની ક્રિયાઓ છૂટી જાય, અને પરિણામ શુદ્ધ બની શકે કષાયોને અને વિષયતૃષ્ણાને અહીં મારી શકાય એમ કરતા જો રાગદ્વેષ સર્વથા ટળે તો વીતરાગ સર્વજ્ઞ થઈ ભવનો અંત થાય" આવી આવી ઇચ્છા રહેતી હોય ત્યાં ત્યાં એણે ભૂલ કરી ? ઉલટું કહો કે અંતરાત્માના પરિણામની વિશુદ્ધિનો સાચો સક્રિય માર્ગ લીધો. વિશુદ્ધિ કાંઇ શુભરાગે મોક્ષમાર્ગ નથી' એવા પોપટપાઠથી નથી આવતી આત્મા પર જ મોજન્મની કુપ્રવૃત્તિથી થીજીને જામ થઇ ગયેલા કુસંસ્કારને ભૂસવા માટે એવી કુપ્રવૃત્તિઓને ઓછી કરવીજ પડે હવે એમાં સ્થાપવ્યા ન રહેવાય. હવે તો સારી એવી દયાની દાનની શીલની તપની ત્યાગની ઇત્યાદિ પ્રવૃત્તિઓને વળગવું પડે જેથી હિંસા-પરિગ્રહ-વિષય આદિના કુસંસ્કાર ભૂંસાય એમ ન પૂછશો કે,

પ્ર૦ —'એવી શુભપ્રવૃત્તિ તો પૂર્વે અનંતી કરી, અનંત વાર ગ્રૈવેયક સ્વર્ગ સાધ્યો તો કેમ તેથી કુસંસ્કાર ન ભૂંસાયા ?

ઉ૦ —આવું ન પૂછશો, કેમકે એ પ્રવૃત્તિ અસદ્ આશયથી મલિન આશયથી કરી હતી અસદ્ આશય એ મોહની પરિણતિ છે એટલે તેથી તો ઉલટું કુસંસ્કારનું વધુ પોષણ થયું હતું હવે જે શુભપ્રવૃત્તિ કરવાની છે તે અસદ્ આશય સર્વથા ટાળીને કરવાની છે, તેથી કુસંસ્કાર પોષવાના નથી, પણ ઉલટું કુસંસ્કારને નિમિત્ત ન મળવાના હિસાબે ગોપાઇ જવાના કે

સાચી નિશ્ચયદૃષ્ટિ—માટેજ જૈન શાસ્ત્રો અનુષ્ઠાનના પાંચ ભે૦ બતાવી શુદ્ધ આશય વિનાના વિષ ગરલ અને સમૂર્છિમ અનુષ્ઠાન ત્યજવાનું કહે છે કેમકે વિષ-ગરલમાં આ લોક પરલોકના પૌદ્ગલિક સુખની આશંસા (રાગ) હોવાથી એ વિષય-પરિગ્રહના કુસંસ્કારને આઘાત લગાડવાને બદલે મજબૂત કરે છે સમૂર્છિમ અનુષ્ઠાન ઉપયોગશૂન્ય હોવાથી કુસંસ્કારને આઘાત પહોંચાડી શકતા નથી બાકીના બે અનુષ્ઠાનમાં આશયશુદ્ધિ છે એ કુસંસ્કારને જોરદાર આઘાત પહોંચાડે છે જો કે આ અનુષ્ઠાન ભલે શુભરાગથી થાય છે છતાં ત્યાં શુભઆશય સહિત શુભપ્રવૃત્તિના પ્રભાવે કુસંસ્કારની વૃદ્ધિ નહિ પણ હ્રાસ થાય છે આ હ્રાસ થવામાં મુખ્ય કારણ સદ્આશય છે એ સદ્આશય આવાજ શુભ ધાર્મિક અનુષ્ઠાનથી પોષાય છે પણ નહિ કે અશુભ સામારિક પ્રવૃત્તિથી માટેજ શુભ અનુષ્ઠાન પણ કુસંસ્કારના હ્રાસમાં કારણ ગણાય છે

પ્ર૦—સાક્ષાત્ કારણ સદ્આશય છે અનુષ્ઠાન એની કે ક્રિયા તો એની દૂર પૂર્વે છે એ કારણ શાનું?

ઉ૦—દૂર પૂર્વનું નિમિત્ત અસાધારણ હોવા છતાંય એને દૂર પૂર્વનું હોવા માત્રથી જો કારણ તરીકે નહિ માનો તો તો તૃપ્તિનું કારણ પણ ભોજનના માત્ર છેલ્લાજ કોળીયાને માનવું પડશે! કેમકે તૃપ્તિ ત્યાંજ થાય છે પૂર્વે નહિ તેથી તો પૂર્વના બધા કોળીયા તૃપ્તિના કારણ તરીકે નહિ રહે અને તેથી તૃપ્તિ માટે નકામા ગણાશે! એવું જ મોક્ષમાં કારણભૂત ચૌદમા ગુણસ્થાનકનો શૈલેશી સહિતનો માત્ર છેલ્લા સમયનો આત્મપુરુષાર્થ ગણાશે, પણ પૂર્વના સાધનો જે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ચારિત્ર, અપ્રમત્તતા વીતરાગતા,

વગેરે છે તે કારણ્ તરીકે નહિ રહે! તેથી એને મોક્ષમાર્ગ નહિ કહી શકાય! અને જો પરપરાએ એ નિમિત્ત હોવાથી એ જ આશ્રયે મોક્ષમાર્ગ માનવો છે તો સદ્આશયવાળી જે બાહ્ય ક્રિયા, તે ક્રિયાના આશ્રયે પણ મોક્ષમાર્ગ માનવામા કયા હરકત નડે છે? તેમ નિશ્ચયની દૃષ્ટિવાળા વ્યવહારના, અથવા નિશ્ચયની સ મુખ થએના વ્યવહારનાય આશ્રયે મોક્ષ-માર્ગ માનવામા બુદ્ધિ કા અટકે છે? એટલુ સમજ્જો કે નિશ્ચયની સમજ જુદી ચીજ છે અને નિશ્ચયની આત્મપરિણતિ જુદી વસ્તુ છે એ પરિણતિને ખીલવનાર છે શુભવ્યવહારમાં આત્માની ઓતપ્રોતના નહિતર તો માત્ર સસારની પાપ-પ્રવૃત્તિની લીલા પાપપરિણતિને પોષ્યા કરશે

નિશ્ચયના માચા હિમાયતી શ્વેતાબરો—જૈન શ્વેતાબર શાસ્ત્રોએ અનુષ્ઠાનના પાચ ભેદ બતાવીને તો નિશ્ચયને ખરેખર મહત્વ આપ્યુ છે જો એકલા વ્યવહારનેજ મોક્ષ-માર્ગ કહેવો હોત તો માત્ર એમજ કહેત કે ધાર્મિક અનુષ્ઠાનને સાધો પણ એટલુજ ન કહેતા સાથે સાથે વિષાદિ આશયો છોડવાનુ અને તદ્હેતુ-અમૃત આશયો આદરવાનુ શા માટે કહેત? આના ઉપર તો પૂ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસાર ગ્રથમા ખૂબ ભાર મૂકયો છે અને વિષગર અનુષ્ઠાનોને અત્યત હેય ગણાવ્યા છે ધાર્મિક અનુષ્ઠાન ગમે તેવુ સારુ આચરતો હોય છતા આત્મા જો મોહમૂઢ છે તો એ મોક્ષમાર્ગનો આરાધક નથી આરાધક બનવા માટે આશયની વિશુદ્ધિ જરૂરી છે વિશુદ્ધ આશયમાં માત્ર આત્મકલ્યાણનીજ વાછા આવે ત્યા નિશ્ચયનુ આલબન

છે પણ એ ટકે-વધે છે શુભઅનુષ્ઠાનના પુન પુન સેવન ઉપરજ એમાંજ નિશ્ચયદષ્ટિ વસ્તુસ્થિતિએ આરાધાય છે બાકી ક્રિયા વિના તો નિશ્ચયધર્મની વાત માત્ર વાતજ રહે છે માટે અનુષ્ઠાનની આરાધના એ મોક્ષમાર્ગની આરાધના છે સંસારની આરાધના નથી એમ તો નવા નિશ્ચયપથી કયા રોજ ને રોજ વ્યાખ્યાનકરણ-શ્રવણ સ્વાધ્યાય ધૂન વગેરે નિયમિત અનુષ્ઠાનોમાં વ્યાપવ્યા નથી રહેતા ? સમવસારાદિ પુસ્તક પ્રકાશન આત્મધર્મ માસિક પ્રચાર વગેરે પ્રવૃત્તિ કયા ઓછી કરે છે ? પૂજા શુ સમજીને શા ઉદ્દેશથી એ કરે છે ? શુ એ કરવાનુ પરિણામ કાઇ નથી આ શુ ? આ શુજ ? એમ માનીને તો નવા નવા પુસ્તકોના પ્રકાશનને સફાઇદાર પ્રીન્ટીંગ દિકનર વગેરેથી આકર્ષક બનાવે છે કાર્યક્રમોના આમંત્રણની જાહેરાત કરે ? વેકેશનમાં છોકરાઓને અભ્યાસવર્ગમાં આમંત્રે છે જો એ બહારની કોઇ ક્રિયાના આશ્રયે મોક્ષ-માર્ગજ નથી તો એની બધી ક્રિયાઓ શા સારૂ કરે છે ? નિરર્થક એવી કાક દન્ત પરીક્ષા કે પશુપુચ્છના જલતાડનની પ્રવૃત્તિ જેવી એ પ્રવૃત્તિ ગણાશે

શ્વેતામ્બરોએ તો વ્યવહાર સાથે નિશ્ચયને પણ અતિ જરૂરી માન્યો છે માટે તો

(૧) ચારિત્ર પાળી દુ ખવી સુખનુ નિયાણુ કરવા જનારને રોકવા ઉપદેશ આપ્યો છે અને એ ઉપદેશ ન માનનારની દુ ખદ ભવવૃદ્ધિ થયાનુ વર્ણવ્યુ છે.

(૨) ક્રિયાઓની અંતર્ગત રહેવા ભાવોને ભાવ-

વાનુ ખાસ ઉપદેશ્યુ છે

(૩) અનિત્યાદિ ભાવનાઓનો સંવરમાર્ગ અને ધર્મધ્યાનાદિનો નિર્જરામાર્ગ અવશ્ય ઉપાદેય છે એમ ફરમાવ્યુ છે

(૪) નવ પ્રકારના પાપ નિયાણાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે

(૫) સમકિત વિનાની દાનાદિ ક્રિયાઓને નિષ્ફળ કહી છે

(૬) જીવે ચારિત્ર અનંતવાર લીધા, તેને માત્ર દ્રવ્યક્રિયામા ગણી, એ દ્રવ્યચારિત્રો આત્મોદ્ધારક નથી બન્યા, એમ કહ્યુ છે, અને ભાવચારિત્રથીજ મુક્તિ ઉપદેશી છે

(૭) દાનાદિ ચારમા ભાવધર્મની વિશેષતા બતાવી, એની સાધના માટે નવપદાદિનુ આલંબન કહ્યુ છે

(૮) આવશ્યક (પ્રતિક્રમણ)ની ક્રિયાને તચ્ચિત્ત-ત મન-તલ્લેશ્ય વગેરે બની સાધે તોજ તે ભાવ આવશ્યક બને એમ કહ્યુ છે

આ આઠ મુદ્દાનુ સ્પષ્ટીકરણ —અહીં (૧) પહેલામાં એ સમજાયુ કે ચારિત્રની ક્રિયા ગમે તેવી ઉચી પાળી, પરંતુ મનના ભાવ બગાડયા, અર્થાત્ દૃષ્ટિ શુદ્ધ આત્મહિતની ન રાખી તો ચારિત્ર જેવી મહાન ક્રિયાની પણ કોઇ કિંમત ન રહી એટલેજ શુદ્ધ દૃષ્ટિનુ નિશ્ચયની પરિણતિનુ ઉંચુ મહત્ત્વ છે'

(૨) બીજામા ક્રિયાના ભાવને ભાવવાનુ કહી કેવળ વ્યવહારમા ન પડી રહેતા નિશ્ચયના લક્ષ્યવાળા બનવાનુ અને એ રીતે નિશ્ચયધર્મ સાધવાનુ કરમા યુ

(૩) ત્રીજામા, અનિત્યાદિ ભાવના અને ધર્મધ્યાનાદિનુ આલબન મનથી કરવાનુ હોય છે એમા પણ નિશ્ચય સાધનાની પુષ્ટિજ છે વ્યવહારસાધનામા તો માત્ર બાહ્ય પરિસહ સહનાદિ અને તપ, કાયકષ્ટ વગેરે આવે ત્યારે ક્ષમાદિ યતિધર્મ અનિત્યાદિ અનુપ્રેક્ષા પ્રાયશ્ચિત્ત, ધ્યાન કાયોત્સર્ગ વગેરે જે અધિક મૂલ્યવાળા તરીકે ઉપદેશ્યા છે તે નિશ્ચય-સાધનાના પોષણ અર્થે જ કહ્યા જો શ્વેતાંબરોએ વ્યવહાર ઉપરાત અધિક કિંમતી નિશ્ચયમાર્ગને ક્યા અવગણ્યો છે? ક્યા વિસાર્યો છે? હજી આગળ જુઓ

(૪) ચોથામા વ્યવહારથી મહાશ્રાવક કે મહાસાધુ છતા જો પાપનિવાણ મ્હે અર્થાત્ શુદ્ધ એવા નિશ્ચય મોક્ષમાર્ગને ચૂકી અશુદ્ધ એવા નિશ્ચય સસારમાર્ગને સાધે તો ભવમા ભમે એમ ઉપદેશ્યુ છે નિશ્ચયમાર્ગની કેવીક અગત્ય!

(૫) પાચમામા સમકિતની હયાતિમાજ દાનાદિ ક્રિયાને સફલ કહેતા, સમકિતનુ એટલે કે નિશ્ચય મોક્ષમાર્ગનુ ઘણુ ગૌરવ કર્યું નિશ્ચય ક્યા ભૂલાયો છે?

(૬) છઠ્ઠામા તો વળી શ્વેતાંબરોએ નિશ્ચયપોષક ભાવની અગત્ય બનાવતાં અનતા દ્રવ્ય-ચારિત્રને નકામા કહ્યા, તેના આધારે તો આ બનાવટી નવીન નિશ્ચયપથી પોતાનો કુમત ચલાવી શકેલ છે છતા જાણે દેખાવ એવો કરે છે કે નિશ્ચ-

પને તો પોતેજ માને છે અને શ્વેતામ્બરો માનતા સમજતા નથી એર! તોય એણે એકાંત નિશ્ચય પકડી વ્યવહાર નોપનાં એટલું ન જોયુ કે અનતા નકામા ગયા તે ભાવના લક્ષ વિના સેવ્યા માટે, નિશ્ચયના લક્ષ્ય વિના આચર્યા માટે નકામા ગયા બાકી તો એજ ચારિત્ર જો નિશ્ચયનુ ધ્યેય રાખી સેવવામા આવે તો પૂર્ણ શુદ્ધ નિશ્ચય મા ને પ્રાપ્ત કરી આપવા સમર્થ છે શુદ્ધ નિશ્ચય મોક્ષમાર્ગ વ્યવહાર ચારિત્રના પાલનથીજ પમાય છે કેમકે શુદ્ધ નિશ્ચયે પહોચના પહેલા કેટલાય અશુદ્ધ નિશ્ચયમાર્ગના પગથીયા પસાર કરવા પડે છે 'સસાર ઉપાધિ છે રાગ શુભ કે અશુભ બધન છે, માટે ઉપાદેય નથી ત્યાજ્ય છ એમ કહેવા કે માનવા માત્રથી એકદમજ રાગ છૂટી ગયો અને વીતરાગ થઇ ગયા એવુ નથી બનતુ એ તો ભાવના લક્ષ સાથે કેટલીય શારીરિક-માનસિક-કષ્ટ-પ્રતિ કૂળતાઓભરી વ્યવહાર ચારિત્રની સાધનાઓ કર્યે જવાથી સવેગ-વૈરાગ્ય-ઔદાસીન્ય વગેરે ઘાના ઘડાતા બની આવે છે માટેજ જેમ એમ્બા દ્રવ્યચારિત્ર મોગસ-પોળ્ળ તેમ એકલી ભાવ અને નિશ્ચયની વાત પણ બનાવટી મૂજન શુદ્ધ શ્વેતામ્બરમતે અનત દ્રવ્યચારિત્ર નકામા કહી આઠ ભાવના નિનય લક્ષ્મીભાન ચારિત્રને મોક્ષસાધક ગણ્યા તે નિશ્ચયને કેટલી મહત્તા આપી! એવુ જ

(૭) સાતમામા દાન-શીલ-તપ-ભાવને વિષે ભાવને વિશિષ્ટ કરી નિશ્ચયની મહાન અગત્ય સૂચવી.

(૮) આઠમામા, ૭ આવશ્યક કરતાં તચ્ચિત્ત-તન્મન-

સમયની દયાજ કરો હવે પૂર્વોક્ત આવોમાં એનુ લક્ષ્ય નથી, એમ તમે કયાથી જાણ્યુ ? તમારી માફક શુ બગુવા કે ભ-વાથી કે નિશ્ચય-નિશ્ચયનો પોપટપાઠ કરવાથી એ લક્ષ્ય રાખ્યુ ગણાય ? જેને સર્વ કર્મથી મુક્ત થવાનુ લક્ષ્ય છે, જેને સસારમાત્રથી છૂટવુ છે એને માટેજ એ લક્ષ્ય પમાડનારી નીચેની વાસ્તવિક ભૂમિકાનો યત્ન કરે છે તેજ સાચો નિશ્ચયના આશ્રયે મોક્ષમાર્ગે છે બાકી એ યત્ન તો કરવો દૂર રહ્યો, પણ ઉલટુ એ વાસ્તવિક ભૂમિકાનો જે અપલાપ કરે છે, એનામા મોક્ષમાર્ગીપણુજ કયા છે ? ત્યારે તો એ ઢોંગ છે

પ્ર૦ — બહારની ક્રિયાથી અદરની નિશ્ચયદશા પ્રગટવાનુ માનવુ એજ ભ્રમણા છે ત્યા નિશ્ચય શાનો ?

ઉ૦ — તો સમજવાની જરૂર છે કે જગતના એવા અટળક નાખલા છે કે જેમા બહારની ક્રિયા અને બહારના સયોગોથી અતરાત્મામાં વિવિધ શુભાશુભભાવો જાગે છે, પેદાય છે અને વધે છે એ સમજીનેજ તમે લોકોને આકર્ષવા અનેક પ્રકારના બાહ્ય સયોગોને ઉભા કરો છો પોષો છો અને વિસ્તારો છો તથા અનિષ્ટ સયોગોને મચક પણ નથી આપતા અને ઉભા થયેથી કરેલા બાહ્ય સયોગોથી અતરાત્મા પર અસર થવાનુ દેખો છો અને સમજો છો અને પ્રરૂપણા જુદીજ કરો છો તેથી ખરી રીતે સાચો નિશ્ચય શુ છે એ શ્વેતામ્બર શાસ્ત્રો પાસે તમારે શીખવુ પડશે કેમકે જે અમની સ્યાદ્વાદ શ્વેતામ્બરો પામે છે, એના આધાર ઉપરજ નિશ્ચય-વ્યવહારના સુનયો યથાર્થ ટકે છે

અને એને અનુરૂપજ નિશ્ચયની સાધના કાલ્પનિક નહિ પણ વાસ્તવિક થાય છે અશકય નહિ પણ સુશકય બને છે આ, શ્રી સુધર્માગણધરદેવના મેઘકુમારે પૂર્વ ભવે કરેલી દયાથી સંસાર મર્યાદિત કર્યાનું જે કથન, તેના પરના આક્ષેપનો રદીયો થયો

હવે પૂ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજનું જે વચન લઇને સોનગઢવાળાએ આક્ષેપ કર્યો છે તેમાં પહેલા તો ચોરી જુઓ

પૂ. ઉપાધ્યાયજી મહારાજ ઉપરના — આક્ષેપનો રદીયો —

આત્મધર્મ માસિક અંક ૧૧૫ના પાના ૧૫૨ ઉપર પૂ ઉપાધ્યાયજી મહારાજના શબ્દ મૂકના

'નિશ્ચયનય પહેલે કહે પીછે લે વ્યવહાર
ભાષાક્રમ જાને નહિ, જૈન માર્ગકો સાર
તા તે સો મિથ્યામતિ, જૈન ક્રિયા પરિહાર
વ્યવહારી સો સમકિતી, કહે ભાષ્ય વ્યવહાર'

એમ લખ્યું પરંતુ આમાં આ બે ગાથાની વચ્ચેની પૂ. ઉ મહારાજની બીજી ગાથા ઉડાવી દીધી તે આ રહી

"નહિ નિશ્ચયમે શિષ્યગુરુ, ક્રિયા ક્રિયા ફળયોગ,
કર્તા નહિ ભોકતા નહિ, નિષ્ફળ સબે સયોગ"

અહીં જુઓ કે પૂ ઉપાધ્યાયજી મહારાજ દિગંબર મતનું

કરે છે એટલાજ માટે મોક્ષનુ મહાન અને અંતિમ કાર્ય જેને સાધવુ હોય એને બન્ને નયની સહાય જોઇએ બન્ને નયનુ આલંબન જોઇએ

નિશ્ચય-વ્યવહારમા કોની અગત્ય ?—પાછી એમા ખૂબી એ છે કે કેવા ક્રમથી અને કેવી રીતે એ બે નયના ઉપદેશનો ઉપયોગ કરવો જોઇએ તે પણ આવડવુ જોઇએ નહિતર સંસારરોગ કાઢનારા આ બે નયરૂપ ઔષધનેજ ઝેરરૂપ બનાવી દે દા ત પૂર્વે કહેલ ભીમ-કાંત ગુણનો ઉપયોગ ઉદારતા-વિવેકનો ઉપયોગ બુદ્ધિ-મહેનતનો ઉપયોગ પદ્ધતિસર જોઇએ તો કાર્ય સીઝે લાભ થાય નહિતર તો જ્યા પહેલા કડકાઇની જરૂર હોય ત્યાં પ્રેમ બતાવે તો કાર્ય ઉલટુ બની જાય અને નુકસાન ઉભુ થાય. જેમકે સમજુ થએલા બાળકને પ્રેમ એટલે કે એકલા લાડકોડ દેખાડાય તો એ ઉદ્ધત બની જશે એમ તદ્દન નાના બાળક પર કડકાઈ દેખાડાય તો એ બીકણુ કે કઠોર સ્વભાવ વાળુ બની જશે એને વધુ પડતા પ્રેમાળ અને છૂટ લેનારા આશ્રિત પર કડકાઇની વધારે અગત્ય રહે છે, તેમ વધુ પડતા ભયથી આજ્ઞાંકિત અને ડરપોક બનનાર ઉપર પ્રેમ દર્શાવવાની વધારે અગત્ય રહે છે એમા જો ઉલટાપણુ સેવાય તો લાભ ના બદલે નુકસાન ઉભુ થાય છે એવુજ નિશ્ચય વ્યવહાર નયોમાં સમજવાનુ છે એકલા નિશ્ચયનુ પૂછડુ પકડનારને વ્યવહારની વધુ અગત્ય બતાવવી રહે છે તેમ એકલા વ્યવહારીયા બની ગયેલાને નિશ્ચયની અગત્ય દેખાડવાની આવશ્યકતા રહે છે આના બદલે જો ઉંધુ કરાય તો ઉંટ વૈદુ થાય અને

એમાં સામાના પ્રાણ જાય. જેમકે એકલા વ્યવહારીયાને વ્યવ હારનીજ અગત્ય બતાવાય તો નિશ્ચયનું લક્ષજ નહિ કરે તેથી ધાચીનો બેન ત્યાંનો ત્યાંજ રહેવાનો એવી રીતે જે એકલા નિશ્ચય નિશ્ચયની રટણ કરતો હોય, એવી કે વ્યવહાર કોઇ ન આ રતો હોય એને જો વળી નિશ્ચયની અગત્ય બતાવાય એટલે તો એ પોતાની વસ્તુને વ્યાજબી માની શુભ ધર્મવ્યવ વહાર કદી નહિ આચરવાનો અને સાંસારિક પાપ-વ્યવહાર છોડવાનો નહિ તેથી મરીને બિચારો જેમ પાપ વ્યવહારથી આજ સુધી ભવભ્રમણ કરતો આવ્યો છે, તેમ હવે પણ પાપ વ્યવહારથી ભવભ્રમણ કરવાનો

પ્ર૦—પહેલા પાપવ્યવહાર તો હતો પણ નિશ્ચયની સાધના નહોતી હવે તો એ છે, તો પછી કેમ ભવભ્રમણ ?

ઉ૦—હવે પણ નિશ્ચયની સાધના કોણે સાબીત કરી ? "બસ, આપણે તો શુદ્ધ આત્મસ્વરૂપમા રમતા રહેવુ એજ ચિંતવવુ" ગતિ આદિ પરભાવને આત્માના ઘરના માન વાજ નહિ પર દ્રવ્યની અસર આત્મા પર માનવીજ નહિ આ શુ નિશ્ચયની સાધના છે ? શુ આવા ઢોંગ પૂર્વે નહિ કર્યા હોય ? તો આજે એ ઢોંગ નથી પણ સાચી સાધના છે, એનુ પ્રતીક શુ ? શુ પાપવ્યવહાર કરતા કરતાય આત્માને વીત રાગી ભાવમાં રાખી શકો છો ? અને એને નિશ્ચય સાધના કહો છો ? વીતરાગી ભાવવાળાની દશા સમજો છો ખરા ? એટલે વસ્તુસ્થિતિ એ બને છે કે નિશ્ચય સાધના તો હાથમા છે નહિ અને પાપવ્યવહાર પૂર્વવત્ ચાલુ હોવાથી પાપસ્થાનો ની પરિણતિ ચિત્તમાં રમ્યા કરતી હોય છે તેથી ભવભ્રમણ

સિવાય બીજું શું ફળ આપે?

કેમમાં વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી કેમ?– નિશ્ચય- વ્યવહારની સાધનામાં કયાં કોને અગત્ય આપવી એ જેમ જોવું જરૂરી છે, તેમ કઇ કક્ષામાં એ બે પૈકી કઇ સાધના પહેલી કારગત થશે એ પણ લક્ષમાં લેવું આવશ્યક છે જેમકે, નવા માણસને પહેલા તત્ત્વ સાભળવારૂપી વ્યવહારમા જોડવો પડે છે એ પણ એક, બે, ત્રણ દિવસ સાભળવા છતા એને તત્ત્વ સમજાય નહિ, તો વધારે દિવસો સાભળવાનુ કહેવું પડે છે આ શું છે? પહેલા વ્યવહારની સાધના અને પછી નિશ્ચયની પ્રાપ્તિ. હવે ધારો કે આ નવા આગન્તુકને પહેલેથીજ એમ કહેવામા આવે કે શું સાભળવા આવ્યો છે? એવા સાભળવાના વ્યવહાર તો પૂર્વે અનતીવાર સાધ્યા પણ કાઇ વળ્યુ નહિ માટે મૂકી દે સાભળવાનો વ્યવહાર નિશ્ચયને સાધ' તો શુ પરિણામ આવે? નિશ્ચયને જે સમજતોજ નથી નિશ્ચયનયથી પદાર્થોનુ સ્વરૂપ અને વ્યવસ્થા જે જાણતોજ નથી એ નિશ્ચયની શી સાધના કરશે? ત્યારે એ પૂછશે કે નિશ્ચય શું છે? અર્થાત્ નિશ્ચયને જાણવા માટે પણ એને સાંભળવાનો વ્યવહાર પહેલા કરવો પડશે આમ વ્યવહારની સાધના પહેલી અને નિશ્ચયની પછી એ ક્રમ બને છે

યવહાર દાખવ્યા—તેથીજ સમર્થ શાસ્ત્રકાર તાર્કિક શિરોમણિ પૂ ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે **નિશ્ચયનય પહેલે કહે, પીછે લે વ્યવહાર, ભાષાક્રમ જાને નહિ જૈનમાર્ગકો સાર**,—નિશ્ચયની સાધના જે પહેલી કહે અને વ્યવહારની પછીથી કહે એને ભાષાનો—

ઉપદેશનો ક્રમજ નથી આવડતો એને જૈનપરિભાષાની અને જિને કહેલા મોક્ષમાર્ગના રહસ્યનીજ ખબર નથી' આમાં એ એઓ શું ખોટું કહે છે? આને સમજ્યા વિનાજ એઓશ્રી પર વ્યવહારમૂઢ તરીકેનો આક્ષેપ કરવો એ કેવું દૂષ અને અજ્ઞાનતાભર્યું છે? પહેલા વ્યવહાર સાધના પછી નિશ્ચયની પ્રાપ્તિ—એના તો અનેક દાખના કે ચૂનો સળગાવવાના વ્યવહાર પછી રસોઇ શકય બને છે રસોઇના વ્યવહાર પછી ભોજન તૈયાર થાય છે ભોજન જમવાના વ્યવહાર પછી તૃપ્તિ થાય છે એમ ધાર્મિક ક્ષેત્રમા તત્ત્વ સાંભળવાના વ્યવહાર પછી તત્ત્વબોધ થાય છે જાણેલા તત્ત્વને ખૂબ જચાવવાના વ્યવહાર પછી તત્ત્વશ્રદ્ધા-સમકિત થાય છે એવા ક્ષાયો પશમિક સમકિતના બહુ અભ્યાસ પછી ક્ષાયિક સમકિત પ્રગટ થાય છે એવીજ રીતે સંસારત્યાગનો વ્યવહાર અને ચારિત્રાચારપાલનનો વ્યવહાર કર્યા પછી યથાખ્યાત ચારિત્ર અને વીતરાગતાનો નિશ્ચય પ્રાપ્ત થાય છે પણ કાંઇ પહેલેથી વીતરાગી યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થતુ નથી એથી પણ આગળ હો મોક્ષ સુધી જુઓ તો એજ દેખાશે કે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી શુક્લધ્યાનનો વ્યવહાર આદર્યો પછી ઘાતીકર્મના ક્ષયે કેવળજ્ઞાનીપણાનો નિશ્ચય પ્રાપ્ત થાય છે યોગો રૂંધવાના અને શૈલેશીકરણના વ્યવહાર પછી નિશ્ચયમતની અયોગી અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યાં પણ આત્મા પરના બાકીના કર્મના નાશનો વ્યવહાર સાધ્યા પછી નિશ્ચય મોક્ષસ્વરૂપ મળે છે વ્યવહારની સાધના વિના નિશ્ચયની પ્રાપ્તિ ક્યાં શકય છે? અહીં પૂછો કે

પ્ર૦ —જો વ્યવહાર સાધ્યાથી નિશ્ચય પ્રાપ્ત થતો હોય તો આ જીવે આજસુધી વ્યવહાર તો અનતીવાર સાધ્યા તો પછી નિશ્ચય કેમ ન મળ્યો ?

ઉ૦ —કારણ એ છે કે એ વ્યવહાર નિશ્ચયના લક્ષ્યવાળો વ્યવહાર નહોતો. વ્યવહાર પદ્ધેનો—મ્હોને અમે એમ નથી કહેતા કે ગમે તેવા વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય, પરંતુ એ કહીએ છીએ કે નિશ્ચયના લક્ષ્યવાળો વ્યવહાર નિશ્ચય તરફ લઇ જાય. છતાં આનો અર્થ એમ્હેજ કે નિશ્ચયનુ લક્ષ્ય (ધ્યેય) જોઇએ નહિ કે નિશ્ચયની પહેલેથીજ સાધના જોઇએ કાનજીમતમા આ ગોટાળો છે કે નિશ્ચયની સાધના અને નિશ્ચયનુ લક્ષ્ય-આ બેને એકમેક કરી દેવામા આવે છે, અને નિશ્ચયની સાધનાનેજ કતવ્ય માનવામા આવે છે તેથીજ એ એમ સમજે છે કે પૂર્વે નિશ્ચયની સાધના નહોતી પણ વ્યવહારસાધના હતી તેથી કયાંથી કલ્યાણ થાય ? ખરી રીતે પૂર્વે નિશ્ચયનુ લક્ષ્ય નહોતુ, તેથી કલ્યાણ ન થયુ બાકી કલ્યાણ તો તેવા લક્ષ્ય સાથે કરેલી વ્યવહારની સાધનાથી નિશ્ચયની સાધનામાં પહોચાય ત્યારે નિશ્ચયનયના ગુણ અને ઉન્નતિ પામીને થશે,'— આ વસ્તુસ્થિતિ સમજી રાખવી જોઇએ નિશ્ચયમાર્ગની ધૂનમાં વ્યવહારમાર્ગ એટલે ક્રિયામાર્ગને મોક્ષોપયોગી ન માને એણે જૈન તત્ત્વને કયાં પૂર્ણતયા માન્યુ ? એ નહિ તો સમકિત કયાંથી રહે ? તેથીજ વ્યવહાર સૂત્રના ભાષ્યમાં વ્યવહારલોપક અર્થાત્ ક્રિયામાર્ગના લોપકને મિથ્યાદષ્ટિ કહ્યો છે તે ઠીકજ છે અહીં એ બચાવ કરશે કે

પ્ર૦ —અમે શુદ્ધ વ્યવહારને તો ઉપયોગી માનીએ છીએ વ્યવહારાભાસને કારણભૂત નથી માનતા પછી અમે વ્યવહારને ક્યાં સોપ્યો ?

ઉ૦ —પણ આ બધાય ખોટો છે કેમકે

(૧) તો પછી નિશ્ચય સદ્ભૂત (પારમાર્થિક) અને વ્યવહાર અસદ્ભૂત (ઔપચારિક) એમ કેમ કહો છો ?

(૨) બીજુ એ તમારો શુદ્ધ વ્યવહાર નિશ્ચયની પહેલા સાધવાનો કે પછી ? 'પછી' ક્હો તો વ્યવહાર નમમો ઠરશે. કેમકે નિશ્ચયમાર્ગ પ્રાપ્ત થયા પછી વ્યવહારની શી જરૂર છે ? અને 'પહેલા' કહો તો તો 'વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી'-એજ પાછુ આવીને ઉભુ રહ્યુ !

(૩) ત્રીજી વાત એ તમારો શુદ્ધ વ્યવહાર એટલે કે અંતરાત્માની અંદર ચાલતો વ્યવહાર શુ બાહ્ય વ્યવહાર વિના શક્ય છે ? શુ નિશ્ચય ચારિત્ર પમાડનારી આંતરિક રાગ-દ્વેષાદિનાશક શુભ ભાવનાઓનો વ્યવહાર કેળવવા બાહ્ય નિર્ગ્રન્થ-વ્યવહારની જરૂર નથી પડતી ? એ બાહ્ય વ્યવહાર શુ આંતરિક શુભ વ્યવહારની પ્રેરક નથી બનતી ?

બાહ્ય વ્યવહારના અભ્યાસથી આંતરિક વ્યવહાર અને નિશ્ચય બનવાના દાખલા —જગતમા બધે દેખાય છે કે બાહ્ય વ્યવહારના ખૂબ અભ્યાસથી આંતરિક વ્યવહાર કેળવાય છે અને એ પછી નિશ્ચય વસ્તુ પ્રાપ્ત થાય છે છોકરા પાસે ક્રમને પણ નિશાળે વારવાર જવાનો બાહ્ય વ્યવહાર આચરાવાય છે તે પછી એને અંતરમાં ભણવા

આ એનો વ્યવહાર ક્રમે છે અને વિદ્યાની ધરની સામે છે તે પછી વિદ્યા ન જમા રમવા માંડે છે નવા કારીગરને મૂળથી કેટલાક વખત અભ્યાસ કર્યા પછી આન્તરિક વ્યવસ્થિત [illegible] છે મિત્રો પહેલા [illegible] સારી રીતે પર સ્પરને જાણવા શરૂ કરવાનું અને સુખદુઃખમાં ભાગ પાડવું શરૂ કરે છે ત્યારે આન્તરિક મિત્રતાનો વ્યવહાર બને છે પછી સાનો મિત્રતાનો સંબંધ હંમેશને માટે સ્થિર બને છે આજ. આ રીતે મલિન આશય વિના કરેલા બાહ્ય શુભ વ્યવહારોનો અભ્યાસ વધવાથી આંતરિક શુદ્ધ વ્યવહાર પ્રાપ્ત થાય છે એના અભ્યાસથી શુદ્ધ નિશ્ચય નયની વસ્તુ પ્રાપ્ત થાય છે માત્ર એમાં ધ્યેય શુદ્ધ હોવું જોઈએ [illegible] માટે [illegible] જિજ્ઞાસુને પણ નવાઈ જેવું હોય કે આ [illegible] શાસ્ત્રની વાત કરે છે [illegible] [illegible] છે અને [illegible] હોશિયારીથી એ [illegible] કોઈ [illegible] અને આ [illegible] વાત કરવાથી [illegible] [illegible] કરે છે તે [illegible] વ્યવહાર [illegible] [illegible] છે એવો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કેટલો પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વ્યવહાર [illegible] કરે એથી જાણવું જોઈએ કે જે જે વ્યવહાર એ સફળ

છે તેની તેની તો આતરિક અસર થાય છે અને જે તપ-ત્યાગ-સામાયિકાદિનો વ્યવહાર મૂકાવી દીધો એની અસર દિલમા નથી દેખાતી. અર્થાત્ બાહ્યથી ઉપવાસ વગેરે તપ નથી, તો અતરથી આહાર પ્રત્યે અશે પણ અનાસગ-ભાવ નથી બહારથી વિગઇઓ વગેરેનો ત્યાગ નથી, તો અદરખાને રસથી અળગાપણુ નથી

અનાદિના કુસસ્કાર સામે યુદ્ધ કરવા વ્યવહાર —

પ્ર૦ —તો શુ બધા બાહ્ય ત્યાગી તપસ્વી અતરથી અલિપ્ત અનાસક્ત બને છે ?

ઉ૦ —જે તેવી ધગશવાળા હોય તે જરૂર બને છે સર્વથા નહિ તોય અશે પણ અનાસક્ત અવશ્ય બને છે પણ તે ઠીક ઠીક અભ્યાસ પછી કેમકે એમા અતરમા મલિન વૃત્તિઓ અને કુવાસનાઓ સાથે લાબી લડાઇ કરવી પડે છે **પણ ધ્યાનમા રાખજો કે લડાઈ કરવાનો અવકાશ બાહ્યથી પણ ત્યાગ-તપ કરનારાને છે, પણ નહિ કે માત્ર ભેદજ્ઞાન અને ભાવ શુદ્ધિના ઢોગ આચરી એવા શુભ વ્યવહાર છોડીને રસકસ અને ઇચ્છાનુસાર ખાનાર-ભોગવનારને ત્યારે અનાદિની મલિન વૃત્તિઓ એમ કાઈ મરે એમ નથી દિવસો, મહિના, અને વરસો સુધી એવો કડક અભ્યાસ રહે, કે બહારથી સહેજ દૃષ્ટિ માત્ર પણ પર સ્ત્રી તરફ ન જાય, તો અતરના મલિન સસ્કારોનો પરાજય અને સુસસ્કારોનો જન્મ થાય છે** શુભ વ્યવહાર ન આચરે પણ એના બદલે અશુભ વ્યવહાર ચાલુ રાખે જ્યા ત્યાં સ્ત્રીઓ સામે

નજરો નાખ્યા કરે એકાંતમાં મળ્યા કરે, વાતો કર્યા કરે સિનેમાચિત્રો જોયા કરે તો અંતરમાં પવિત્રતાના શા સંસ્કાર પડે? અલબત એવુ બને છે કે આહાર રસ વિષયો, પરિગ્રહ કષાય, નોકષાયો વગેરેના કુસંસ્કારો પૂર્વ ભવેથી આટ બનીને આ યા હોય તો એને તોડવા માટે અહીં ઘણા ઘણા જોરદાર અને લાંબા બાહ્ય શુભ વ્યવહારના અભ્યાસ કરવા પડે છે, અને એ કુસંસ્કારો સામે બળવાન અને લાંબી લડાઇ કરવી પડે છે ત્યારે એ નબળા પડે છે વિવેક કેળવીને બા હ્યથી ક્ષમા-સહિષ્ણુતાનો વ્યવહાર ખહુ સેવાય તો અંતરમાં અંશે પણ સાચો ક્ષમાભાવ પ્રગટે છે પરંતુ એના બદલે બાહ્યથી ધમધમાટ અસહિષ્ણુતા અને તડુકવાનું ચાલુ રાખે તો કોઇ દિ અંતરમાં ક્ષમાનો ભાવ નહિ પ્રગટે. એમ બાહ્યથી રોફ ધમંડની પ્રવૃત્તિઓ ચાલુ રાખી તો સમજી રાખવાનું કે અંતરમાં નમ્રતાનો ભાવ મૃદુતાનો ભાવ જાગવાનો નથી એવુંજ બાહ્યથી બજારોમાં જવુ, વેપારો કરવા ધધા ધાપા કરવા એના સમાચારો રાત-દિ સાંભળ્યા કરવા, એની વાતોચીતો અહર્નિંશ કર્યા કરવી, વગેરે લોભની બાહ્ય પ્રવૃત્તિ જો ચાલુ રાખી તો અંતરમાંથી લોભ ખસવાનો નહિ બાહ્ય સારા-નરસા વ્યવહારની અંતરમાં સારી-નરસી અસર પડે છે માટેજ આજે ભલે અંતરમાં ખોટા વિચાર આવ્યા હોય પણ જે શુદ્ધ બુદ્ધિથી બાહ્ય સારા વ્યવહાર સારી ક્રિયામાં રચ્યો મચ્યો રહે છે એ તો સારી પ્રગતિના માર્ગેજ પ્રયાણ કરી રહ્યો છે એણે જરાય ડરવાનુ નથી, અધીરા થવાનુ નથી સદ્બુદ્ધિથી કરેલો શુભ વ્યવહાર નકામો જતો નથી અંતરમાં કોઇને કોઇ છૂપી સારી અસર કરેજ છે

સમયસાર-પ્રવચન સારાદિ ગ્રંથોમાં
—: વ્યવહારનું સમર્થન :—

હવે એ જુઓ કે જે સમયસાર પ્રવચનસાર અને નિયમસારના દિગમ્બરી ગ્રન્થો પર મુખ્ય મદાર રાખીને કાનજીમતે શર થઇને ચાલી રહ્યો છે એ ગ્રન્થો પણ બાહ્ય વ્યવહારનું કેવું સુંદર સમર્થન કરે છે અને કેવી ઉપયોગિતા બતાવે છે!

(૧) સમયસાર પુસ્તકના પ્રારંભમાં લખે છે કે 'સીમંધર મુખથી ફૂલડાં ખરે એની કુંદકુંદ ગુંથે માળ રે, જિનજીની વાણી ભલી' શ્રી સીમંધર ભગવાનના મુખમાંથી દ્રવ્યશ્રુતના વચનરૂપી ફૂલો નીકળે છે અને કુંદકુંદાચાર્ય એને સમયસાર નામના ગ્રન્થરૂપી માળામા ગુંથી લે છે અર્થાત્ પ્રભુની વાણી સાંભળી અને એના આધારે સમયસાર ગ્રન્થ બનાવ્યો. આ બધું શું છે? વ્યવહાર કે નિશ્ચય? ભગવાને બોલવું, કુંદકુંદાચાર્યે સાંભળવું, પછી ગ્રંથ રચવો અને નિશ્ચયવાદીએ ઉપરથી એના ગુણગીત એની પ્રશંસા કરવી,—એ ચોકખો વ્યવહાર છે

(૨) વળી શ્રી કાનજી આગળ લખે છે કે "દરેક ગાથા

મહામુનિના આત્મ-અનુભવમાથી નીકળેલી છે ” કેવુ ક પ્રતિપાદન! નિશ્ચયમાથી વ્યવહાર! કેમકે આત્માના અનુભવ એ નિશ્ચય છે, ને ગાથા એટલે કે શબ્દભણુન એ વ્યવહાર છે મહામુનિને નિશ્ચયે પહોચ્યા પછી પણ વ્યવહાર આદરવાની જરૂર પડી છતા એ વ્યવહારમૂઢ નહિ અને અહીં ગણધર ભગવાનને વ્યવહારમૂઢ કહી નિશ્ચય તરફ પહોચવા માટે વ્યવહારની મનાઈ કરવામા આવે છે!!! છે અજ્ઞાનદશાની હદ ? અરે ભાઈ! એટલુ તો સમજ કે મહામુનિએ જે આત્માનુભવમાથી ગાથા કાઢી એ શા માટે? બાળ જીવોને સમજાવવાજ માટે ને? સમજાવીને એવા આત્મઅનુભવમા પહોચાડવા માટે ને? તો જીવો પાસે એ સાભળવાનો વ્યવહાર આદરાવવા તો મુનિએ ગાથા ભણવા રૂપ વ્યવહાર આદર્યો અને તુ વ્યવહાર અનુપાદેય કહે છે નકામો કહે છે એ કેટલુ યુક્તિયુક્ત છે?

વળી લખે છે “આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી, પ્રમત્ત નથી—એ બે અવસ્થાનો નિષેધ કરતો હુ એક જાણનાર અખડ છુ એ મારી વર્તમાન દશાથી કહુ છુ—આ મહામુનિનુ કથન છે ' આમાં હુ એ'ને કોણ? જો આત્મા કહો તો આત્મા નિષેધ કરવા જાય તે વખતે એ પ્રમત્ત કે અપ્રમત્ત? તેમ 'નિષેધ કરવો ' કહેવુ'—એ વ્યવહાર નહિ તો બીજુ શુ?

વળી મગળાચરણમાં “દ્રવ્યશ્રુત વચનરૂપ છે વચનો દ્વારા આત્માને બતાવે છે અહીં પણ વચનરૂપ વ્યવહારની જરૂરી ... ત સ્વીકારી

(૩) સમયસારની પ્રસ્તાવનામાં લખે છે "આ અનુવાદ ભવ્ય જીવોને જિનદેવે પ્રરૂપેલો આત્મશાન્તિનો યથાર્થ માર્ગ બતાવો એ મારી અંતરની ભાવના છે" અનુવાદ લખવો એ વ્યવહાર માર્ગ છે એને આદરવાનું કરે છે અને એની ઉપયોગિતા સૂચવે છે જિનદેવે પ્રરૂપેલા માર્ગની પ્રરૂપણા એ વ્યવહાર છે જેને પ્રભુએ જીવોની આત્મશાન્તિના ઉદ્દેશથી આદર્યો એમ વ્યવહારની સાર્થકતા અનુવાદકની પોતાની અંતરભાવના આ છે કે 'આ અનુવાદ યથાર્થ માર્ગ બતાવો યથાર્થ માર્ગ નિશ્ચય માર્ગને કહે છે તેનું ભાન અનુવાદ વાચનના વ્યવહારથી થાઓ,–એવી અભિલાષા સેવે છે એ શું? એ વ્યવહારના આધારેજ જીવો નિશ્ચયે પહોંચશે એની મનમાં ખાતરી! બધા કાંઈ શ્રી સીમંધર ભગવાન પાસે જઈ નહિ શકે તેમ બધાને મૂળ સમયસારથી સમજ નહિ પડે માટે અનુવા અનુવાદ વાચવાથી આત્મશાન્તિનો માર્ગ જાણશે વ્યવહારની કેટલી આવશ્યકતા માની! છતા એ બધા વ્યવહારમૂઢ નહિ! અને શ્રી સુધર્મા જંબુસ્વામી વગેરેને વ્યવહારમૂઢતાનો આળ દે છે!!

(૪) સમયસારની ૧૨મી ગાથા આ પ્રમાણે છે—

'सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ठिदा भावे ॥

એમા આનો અર્થ આ પ્રમાણે આપ્યો છે—"જે શુદ્ધ નય સુધી પહોંચી શ્રદ્ધાવાન અને પૂર્ણ જ્ઞાન-ચારિત્ર વાન થઇ ગયા તેમને શુદ્ધનો ઉપદેશ

જાણવા યોગ્ય છે વળી જે જીવો અપરમભાવે અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાંજ સ્થિત છે તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવો યોગ્ય છે" અહીં જુઓ કે જીવોના બે ભાગ પાડ્યા એક પરમભાવે પહોંચેલા, અને બીજા અપરમભાવે રહેલા માટે (૧) પરમભાવે પહોંચેલા તે શુદ્ધનય-નિશ્ચયનયના ઉપદેશને યોગ્ય અને (૨) નહિ પહોંચેલા તે વ્યવહારનયના ઉપદેશને યોગ્ય એમ બે પ્રકાર. હવે પરમભાવ ગુણી પહોંચેલા તરીકે પૂર્ણ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વાળાને ગણવા હવે હાલ કાનજીમઠમાં બધા આ પરમ ભાવની સ્થિતિએ પહોંચ્યા વાળા છે? તેથીજ નિશ્ચય નયનું આલંબન ધરતા હશે ને? એક બાજુ એ માત્ર નિશ્ચયનયનો ઉપદેશ ગ્રહણ કરે છે અને બીજી બાજુ પૂર્ણ જ્ઞાન-ચારિત્રના ઠેકાણા નથી તો પછી એ ધતિંગ કે બીજું કાંઈ? સમયસારની આ ગાથામાં તો સ્પષ્ટ કહ્યું કે શ્રદ્ધાદિ પૂર્ણભાવને ન પહોંચે ત્યાંસુધી વ્યવહારનયનોજ ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ એજ ઉપદેશ મુજબ આચરણ અમલ કરવો જોઈએ વળી એ પણ કહ્યું કે હજી જે જીવો પૂર્ણભાવમાં નથી પહોંચી શક્યા તે સાધક અવસ્થામાંજ રહેલા છે, તે વ્યવહારથી ઉપદેશવા યોગ્ય છે અર્થાત્ સાધક આત્માને અમલ માટે વ્યવહારનોજ માર્ગ હિતકારી છે, ત્યારે પૂર્ણભાવ-પરમભાવ પામેલા સિદ્ધ જીવોને અમલ માટે નિશ્ચયમાર્ગ યોગ્ય છે

હવે આપણે જુઓ કે આ ગાથાની સંસ્કૃત ટીકામાં કેવી

સુંદર રીતે આનું સમર્થન કર્યું છે આની ટીકાના ભાષાન્તરમાં આમ લખ્યું છે,—"જે પુરુષો અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ મધ્યમભાવ, તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઉતરેના શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટભાવનો અનુભવ નથી હોતો, તેથી તેઓ જુદા જુદા અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવીજ વ્યવસ્થિતિ છે जइ जिणमय पवज्जह ता मा વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયોને ન છોડો "

ત્યાંજ આના ઉપર ભાવાર્થ આ મુજબ લખ્યો છે—' લોકમાં સોનાના સોળ વાન પ્રસિદ્ધ છે છેલ્લા તાપથી ઉતરે ત્યારે સોળવલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે જે જીવોને સોળવલા સોનાનું જ્ઞાન અને શ્રદ્ધાનની પ્રાપ્તિ થઈ, તેમને (હવે) પંદરવલા સુધીનું કાંઇ પ્રયોજનવાન નથી પણ જેમને તે પ્રાપ્તિ નથી થઇ તેમને ત્યાંસુધી પંદરવલા સુધીનું પણ પ્રયોજનવાન છે એવી રીતે જ્યાંસુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે ત્યાંસુધી જિનવચનોનું સાંભળવું, જિન-ગુરુની ભક્તિ, જિનબિંબ દર્શન, ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયા છે, પણ સાક્ષાત પ્રાપ્તિ નથી

આટલો સ્પષ્ટ વિવેક ન સમજી અશુદ્ધભાવમાં સબડતા શ્રી કાનજી અને એમના અનુયાયીઓ વ્યવહારનો લોપ કરવામાં ખાનિશતા કરી રહ્યા છે

(૫) સમયસાર ગાથા ૪૬ના વિવેચનમાં લખ્યું છે કે "અધ્યવસાનાદિ (વિચારણા વગેરે) ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે, તે વ્યવહારનયને દર્શાવ્યો છે ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે વ્યવહારનય દર્શાવવો ન્યાયસંગતજ છે પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો

(૧) પરમાર્થથી શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે, તેમ ત્રસ સ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે! તેથી બંધનોજ અભાવ ઠરશે! વળી

(૨) પરમાર્થથી રાગ-દ્વેષમોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, 'રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો'—એવા મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે, અને તેથી મોક્ષનોજ અભાવ થશે!

આમ જો વ્યવહારનય ન દર્શાવાય તો

બંધમોક્ષનો અભાવ [illegible] છે [illegible] ને મમાર મોક્ષ બંનેનો [illegible] છે, તેજ એકાંતે ઠરશે પરંતુ [illegible] વસ્તુનું સ્વરૂપ નથી, (તેમ એવું [illegible]) અવસ્તુનું શ્રદ્ધાન-જ્ઞાન-[illegible] અવસ્તુરૂપજ છે માટે વ્યવહાર નયને [illegible] ન્યાય પ્રાપ્ત છે ''

(૬) આ માત્ર [illegible] કે [illegible] તેનું [illegible] મમ ર્શન કર્યું ? નિશ્ચયનયે તે [illegible] કરે [illegible] એ તત્ત્ન નિરાળા છે તથા [illegible] શરીર રૂપીને ભેદ છે એને [illegible] હિંસા નહિ ગણાય કેમકે શરીર તો [illegible] વસ્તુ અને જડ છે જેમ ભસ્મ જડ હોવાથી એને [illegible] હિંસા નથી ગણાતી તેમ શરીરને [illegible] હિંસા નહિ ગણાય. વ્યવહાર-નયથી [illegible] નથી તેમ આ ત્માને શરીર [illegible] આવાત થવાનું વ્યવહારનય માને છે [illegible] તે વિવેક કરી શકશે કે શરીરને કચર-વામાં આત્મા ભેગો હોવાથી હિંસા છે પણ ભસ્મમાં તેવું નથી નિશ્ચયનો આવો વિવેક ક્યાંથી કરી શકશે ? તેથી એને તો હિંસાની નિંદા હિંસકને સજા હિંસાની ત્યાજ્યતા-વગેરે નામું [illegible] બનાવટી ઠરશે કહોને કે દાનાદિ કે ક્ષમાદિ એવા ધર્મોનું આચરણ નિશ્ચયમતે અનાવશ્યક છે માટેજ વ્યવહાર સાચો આદરણીય છે ધ નીય છે

(૭) બીજી પણ સરસ દલીલ વ્યવહાર સ્થાપન માટે આપી નિશ્ચયમતે શરીરની જેમ રાગ-દ્વેષાદિ દોષો પણ આત્માથી તદ્દન જુદા છે આત્મા એથી બંધાયેલ નથી આત્મા તો સ્વરૂપે વીતરાગ વીતદ્વેષ છે પછી આત્માને રાગ દ્વેષ-મોહના દોષોથી છોડાવવાની વસ્તુજ નથી ઉભી રહેતી, તો એ માટે મોક્ષમાર્ગની સાધનાનીય જરૂર ક્યાં રહી ? જો એ નહિ તો પછી આત્માને મોક્ષ પામવાનીય વાત ક્યાં રહેવાની ? અહીં વ્યવહારવાદી તો કહી શકે છે કે આત્મા સંસારાવસ્થામાં રાગી છે દ્વેષી છે અને એ રાગદ્વેષથી કથંચિત્ અભિન્ન પણ છે તેથી એ દોષ મિટાવવા મોક્ષના ઉપાયો સેવવા જરૂરી છે એ સેવ્યાથી રાગદ્વેષાદિ નષ્ટ થયે મોક્ષ પણ થશે

(૮) વ્યવહારને અસત્ય માનવામાં ત્રીજી વાત એ કહી કે કેવળ નિશ્ચયને સત્યાર્થ ગણતાં નિશ્ચયનયથી તો આત્મા સદા શુદ્ધ અને કર્તૃત્વહીન છે તેથી કર્મબંધ શું કે કર્મક્ષય શું ? સંસાર શું કે મોક્ષ શું ?—બધું જ કલ્પિત અને અવસ્તુ ઠરશે પછી એવી અવસ્તુની શ્રદ્ધા-જ્ઞાનાદિ પણ અવસ્તુ ઠરશે કિન્તુ વસ્તુતઃ આવું એકાન્ત સ્વરૂપ હોય નહિ તેથી વ્યવહારના અભિપ્રાય પ્રમાણ ગણવાજ પડે આદરણીય કરવાજ પડે

(૯) ચોથી યુક્તિ એ આવી છે કે વ્યવહારને કેવળ અભૂતાર્થ કહેવામાં વેદાન્તમતાનુયાયી બનવું પડશે

સમયસારમાં ગાથા ૧૪ની ટીકાના આ કથનથી સમજી લેવું કે "વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો છે તેથી 'તે સર્વથા અસત્યાર્થજ છે'

એમ માનવાથી, વેદાંતમતવાળા જેઓ (બ્રહ્મ સત્ય, જગત્ મિથ્યા-એમ કહી) સંસારને અવસ્તુ માને છે, તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદષ્ટિપણું લાવશે માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું અવલંબન કરવાથી સમ્યગ્દષ્ટિપણું છે

બાકી તો આધુનિક નિશ્ચયવાદી કાનજીપંથીઓ વેદાંતીના સગા ભાઈ બનવાની આપત્તિમાં છે જો કે ખૂબી પાછી એ છે કે અમલમાં પાકા વ્યવહારીઆ છે પોતાના માનેલા જરૂરી સાધનોનો વ્યવહાર રાચીમાચીને પૂરજોશમાં કરે છે માત્ર એમને ત્યાગ-તપસ્યા-વ્રત વગેરેના કષ્ટમય વ્યવહાર પ્રત્યેજ સૂગ છે ! છે કોઈ સિદ્ધાન્ત માન્યતાનો ઢંગ ? કે આચાર મર્યાદાનો રંગ ? હજુ નવી યુક્તિ જુઓ

(૧૦) સમયસારની ગાથા ૨૬મીમાં પ્રશ્ન કર્યો કે 'આત્મા શરીર નથી' તો તીર્થંકર અને આચાર્યની સ્તુતિ ખોટી નહિ ઠરે ? પછી ગાથા ૨૭મીમાં એનો ઉત્તર કરતાં કહ્યું કે વ્યવહારનય આત્મા-દેહ એક કહે છે, તે હિસાબે સ્તુતિ વ્યાજબી છે કુંદકુંદાચાર્ય જેવાએ પણ તીર્થંકરાદિની સ્તુતિ કરી છે તે તીર્થંકરદેવના કેવળ આત્માને નહિ પણ શરીર સહિત આત્માને મનમાં રાખીને કરાય છે એ વ્યવહાર

રને સમયસારની આ ગાથા પ્રામાણિક ઠરાવે છે આટલુંજ નહિ પણ એનુ સમર્થન કરના આગળ ગાથા ૨૮મીમા કહે છે કે,

[સમય૦ ગા૦ ૨૮] "સુવર્ણમા ચાદી ભળી જવાથી શ્વેત સુવર્ણ વ્યવહાર થાય છે તે વ્યવહારનયથી એવી રીતે તીર્થંકરના શરીરની સ્તુતિ તે તીર્થંકરની સ્તુતિ વ્યવહારથી આચાર્ય કહે છે અહી કોઈ પ્રશ્ન કરે કે

પ્ર૦—વ્યવહારને તો તમે અભૂતાર્થ કહો છો તો વ્યવહારના આશ્રયે [કરાતી] જડની સ્તુતિનુ શુ ફળ?

ઉ૦—એનો ઉત્તર એ છે કે વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, કિન્તુ નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ છે છદ્મસ્થને પરનો આત્મા દેખાતો નથી, શરીર દેખાય છે તેની શાતરૂપ મુદ્રા દેખી પોતાને પણ શાતભાવ થાય છે આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે તથા (પ્રભુની) શાતમુદ્રા દેખી અતરગમા વીતરાગભાવનો નિશ્ચય થાય છે, એ પણ ઉપકાર છે

કહો આ એમના મહાપ્રમાણ માનેલા સમયસારમાજ વ્યવહારનુ કેવુ સચોટ સમર્થન છે! કદાચ એ કહે કે

પ્ર૦,—પણ સમયસારમા આમણ ઉપર વ્યવહારનું ભારે ખડન કર્યું છે તેનુ કેમ ?

ઉ૦—એનો ઉત્તર સીધો છે પૂર્વે ગાથા બારમાજ ગ્રથકારે સૂચવી દીધુ છે કે જે આત્મા શુદ્ધનયની ભૂમિકા સુધી નથી પહોચ્યા તેના માટે વ્યવહારમાર્ગ શ્રેયસ્કર છે, અને જે ત્યા પહોચેલા છે તેને શુદ્ધનયનો ઉપદેશ લાભકારી છે એટલે ગ્રથના પાછળના ભાગમાં આપેલ વ્યવહારનુ ખડન માત્ર શુદ્ધનયની દૃષ્ટિએ છે પણ અશુદ્ધનયની દૃષ્ટિએ નહિ અર્થાત સાધક અવસ્થામા રહેલા જીવોને નિરુપયોગી હોવાની દૃષ્ટિએ નહિ એ જીવોને તો વ્યવહારમાર્ગ ખાસ ઉપયોગી છેજ

પ્રસ્તુતમા તીર્થંકરદેવની સ્તુતિ કરવાના વ્યવહારને વ્યાજબી ઠરાવ્યો વ્યવહારને અપેક્ષાએ સત્યાર્થ કહ્યો એને કે વ્યવહારના અસત્યાર્થની જેમ સત્યાર્થ પણ છે એમ કહ્યુ એક બાજુ વ્યવહારોપયોગિતા અને વ્યવહારસત્યતાનુ આવુ દીવા જેવુ પ્રતિપાદન અને બીજી બાજુ પૂ યશોવિજયજી મહારાજને વ્યવહારમૂઢ કહેવાની ધૃષ્ટતા એ કેવી પોતાના દિલમા અસૂયા અને દ્વેષપૂર્ણતા સૂચવી રહી છે ! શુ સાચા મહાપુરુષને વ્યવહારમૂઢ કહેનાર નવીનપથી શ્રી કાનજી પોતે ભારોભાર મૂઢ નથી ?

(૧૧) વળી એ જુઓ કે સ્તુતિના બે પ્રયોજનમા એક તો **વીતરાગની શાતમુદ્રા દેખી શાતભાવ થાય છે,** એમ કહી પ્રભુની શાતમુદ્રાના દર્શનનો વ્યવહાર દર્શનકર્તાને શાંતભાવ થવામા ઉપયોગી ગણ્યો કેટલી બધી સ્પષ્ટ વ્યવહારની આવશ્યકતા ! તેય પાછી કુદકુદાચાર્ય જેવા બે !

મનાય ? તો તો પછી મોક્ષમાર્ગની સાધનાજ ઉડી જાય આ કારણે એમજ કહ્યું કે કોઈ નિશ્ચયનો એકાન્ત પકડનારાઓ જીવને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ માની એકાંતે કર્મનો અકર્તા જીવને કહે છે પણ તે ખોટું કરે છે કેમકે એમ કહીને એ આત્માનોજ ઘાત કરનાર અર્થાત્ આત્માના ક્રમિક સ્વભાવ-વિભાવ પર્યાયને ઉડાવે છે આત્માનો સહજ સ્વભાવ જે ક્રમે ક્રમે પુરુષાર્થથી પ્રગટ થતો આવે છે, તેનો વિરોધ કરે છે કેમકે નિશ્ચયમતે તો જીવમાં પૂર્ણ સ્વભાવ પૂર્ણ ચૈતન્ય પૂર્ણ અનંતજ્ઞાન સદા છેજ, પછી એને ક્રમે પ્રગટ થવાનું ક્યાં રહ્યું ? ક્રમે પ્રગટ થવા માટે તો વ્યવહાર દૃષ્ટિની સહાય લેવી પડે આમ પ્રત્યક્ષસિદ્ધ અને વાસ્તવિક એવા ભિન્ન ભિન્ન આત્મ-પરિણામોનોજ અપલાપ કરવો એટલે તો આત્માનોજ અપલાપ કરે છે તેથી એ આત્માના ઘાતક કહેવાય વળી શ્રી જિનવચન તો અનેકાંતપ્રતિપાદક છે, તેથી આત્માને કર્તા-અકર્તા ઉભય સ્વરૂપ માને છે પછી કર્તા નથી એમ કેમ કહેવાય ? એમ કહેતા જતા તો શું જિનવચનના વિરોધ કરનારા બનવું પડે ! વ્યવહારની આટલી બધી પ્રમાણસિદ્ધતા અને ઉપયોગિતા હોવા છતા વ્યવહાર સામે બખાળા કાઢવા એ નરી અજ્ઞાન દશા છે જિનમત માનવો અને વ્યવહારને નિંદવો એ 'માતા મારી વંધ્યા છે' કે 'હું મૂગો છું' એમ બોલવા જેવું છે એને તો વદતો વ્યાઘાત કહેવાય જિનવચન સારી રીતે વ્યવહારને પોષે છે, કેમકે એ જુએ છે કે બાહ્ય વ્યવહારથી જીવોમાં વિચિત્ર પરિણામો જન્મે છે, પછી એના

ઈ કાર કેમ કરાય ? અલબત, નિશ્ચયની વસ્તુ ખોટી નથી, પણ તે પદાર્થના મૂળ સ્વરૂપ, મૂળ સ્વભાવ પૂરતી સાચી છે બાકી મૂળમાંથી જે વિકારભાવ થયો અને એના ઉપર લોકમા બધી વાસ્તવિક રીતભાત ચાલે છે, માત્ર કલ્પનાની રીતભાત નહિ તેનો ખુલાસો વ્યવહારનયથીજ મળી શકે તેથી વ્યવહારનયનો વિષય પણ સાચોજ છે કાલ્પનિક નથી માટેજ વ્યવહારનય પણ સાચોજ છે વ્યવહારને જે અસદ્ભૂતાર્થ કહ્યો છે તે નિશ્ચયની અપેક્ષાએ સમજવાનુ છે બાકી લોક વ્યવસ્થાની અપેક્ષાએ તો સદ્ભૂતાર્થજ છે

(૧૯) 'નિયમસાર'ની ગાથા ૫૩મા કહ્યુ કે 'સમ્યગ્દર્શનમા બાહ્ય નિમિત્ત જિનવાણી અને તજ્જ્ઞ પુરુષ છે ' આ પણ શાનુ કથન છે? નિશ્ચયનુ નહિ વ્યવહારનુ છે નિશ્ચયનયે તો આત્મામા સમ્યગ્દર્શન પડ્યુજ છે તો એને ઉત્પન્ન જ કયા કરવાનુ છે કે જેથી બાહ્ય કે આભ્યન્તર નિમિત્તની જરૂર પડે? છતા અહીં સમ્યગ્દર્શન ઉત્પન્ન કરવા માટે જિનવાણી અને જિનવાણીના જ્ઞાતા પુરુષની આવશ્યકતા બતાવી એ મળે તો સમ્યગ્દર્શન ઉત્પન્ન થઇ શકે એટલા માટે જિનવાણી શ્રવણ અને જ્ઞાતા પુરુષના સત્સંગનો વ્યવહાર આદરવાની જરૂર કહી તો શ્રી કાનજી શુ આ કહનારને વ્યવહારમૂઢ ગણે છે?

પ્ર૦ –પણ આ વ્યવહાર તો આટલોજ ને? ત્યારે શ્વેતાબરો જે વ્યવહારને વળગી બેઠા છે તે તો ક્ષાયોપશમિક નિરર્થક વ્યવહાર છે તેથી એ વ્યવહારમૂઢ કેમ નહિ?

ઉ૦ —(૨૦) ઉપર કહેલી નિયમસારની ગાથા

વ્યવહાર કાનજીપથને મા ય દિગબરોએ નથી કહ્યો વિશેષ પણ ઘણો કહ્યો છે ભગવતી આરાધના, શ્રાવકરત્ન કરકઆચાર, પ્રવચનસાર વગેરેમા સારી રીતે વ્યવહાર આચરવાનો વિસ્તાર બતા યો છે દા ત જુઓ પ્રવચનસાર ગાથા ૨૬૮

निच्छिदसुत्तत्थपदो समिदकसायो तवोधिगो चावि।
लोगिगजणस सग्गं ण जहदि जदि, स जदो ण हवदि॥

સૂત્રાર્થપદના નિર્ણયવાળો, શમિતકષાય, ને તપથી અધિક છતા જો લૌકિક જનનો સ સર્ગ ન છોડે તો તે સયત નથી

અ યા ભાઇ ! ચારિત્રને—સ યતપણાને નિશ્ચયથી શુ આત્મસ્વરૂપની રમણતા સાથે સબધ છે કે બાહ્યથી લૌકિક સ સર્ગના ત્યાગ સાથે ? શુ ભરત ચક્રવર્તી જેવાને લૌકિક સ સર્ગની વચમા કેવળજ્ઞાન નથી થયુ ? છતા એ કેવળજ્ઞાન મેળવવાના રાજમાર્ગ નથી રાજમાર્ગ તો લૌકિક સસગનો ત્યાગ કરી અઠ્ઠાવીસ મૂળગુણના પાલનનો વ્યવહાર માનો છો તો પછી સારી રીતે વ્યવહારનો વિસ્તાર આચરનાનુ 'પ્રવચન સાર' ગ્ર થ પણ કયા નથી કહેતા ? તો શુ એના કર્તાને વ્યવહારમૂઢ કહો છો

પ્ર૦ —એ તો પાઠ વ્યવહારનુ ખડન કરી સદ્ભૂત નિશ્ચયમાર્ગને સ્થાપે છે તેથી વ્યવહારમૂઢ શાના ?

ઉ૦ —તો એમ તો પૂ ઉ૦ શ્રી યશોવિજયજી મહારાજે નિશ્ચયનુ સ્થાપન ક્યાં ઓછુ કર્યું છે ? અનેકાનેક સ્થળે એમણે કેવળ વ્યવહાર પકડી બેસનારને ખાડયા છે અને નિશ્ચયમની અતિ ઉચી આવશ્યકતા બતાવી છે પછી કુદકુદા—

આર્ય વ્યવહારમૂઢ નહિ તો એમ વ્યવહારમૂઢ શાના? છતા કહેતા હો તો તમારું હૃદય એ મહાપુરુષ અને એમના સત્ય માર્ગ પ્રત્યે દ્વેષમય છે

(૨૧) દિગબરના 'ચારિત્રપાહુડ' ગ્રથની ગાથા ૩૪૧ **સુણ્ણાયાર નિવાસા** ' વાળી ગાથામાં ત્રીજા મહાવ્રતની ભાવનામાં લખ્યુ છે કે '**નિર્ગ્રથ શૂન્ય ઘરમા નિવાસ કરે, બીજાએ ત્યજેના ઘરમા રહે, બીજાના ઉપરોધ-અવરોધ વિનાના ઘરમા રહે** ' આ સ્પષ્ટ વિસ્તૃત વ્યવહાર આચરવાનો આદેશ નથી તો શુ છે?

(૨૨) વળી એમને ત્યા કહ્યુ છે કે 'શુદ્રના હાથનુ જળ ત્યજે પણ ઉદ્દિષ્ટ આહાર લે એ મુનિ નથી"—આ પણ વ્યવહાર છે કે મુનિએ શૂદ્રના હાથનુ પાણી ન લેવુ તેમજ ઉદ્દિષ્ટ એટલે કે સાધુના ઉદ્દેશથી બનાવેલો આહાર ન લેવો હવે એમને પૂછીએ કે તમારે ત્યા ભલા! પોતાના આતર પરિણામ શુદ્ધ હોય તો શૂદ્રનુ પાણી કે ઉદ્દિષ્ટ આહાર અજાણમા લેવાઈ ગયો તેથી શુ બગડવાનુ હતુ? અને એ ન લેવાનો બાહ્ય વ્યવહાર ? ત્ય સાવ યો પણ આતર પરિણામ શુદ્ધ નથી તો એ બહારના વ્યવહારથી શુ સુધરી જવાનુ? છતા વ્યવહાર વિના નિશ્ચયે નથી પહોચાતુ માટે તો વ્યવહાર પર ભાર મૂકે છે, ત્યાં વ્યવહારમૂઢતા નથી માનતા!

(૨૩) વળી કહે છે કે '**ઉત્તમદાન કયુ ? શાસ્ત્રદાન**' અરે! બધનો આધાર તો પરિણામ ઉપર છે, ક્રિયા ઉપર નહિ તો એમને વળી દાન શા? ને શીલ શા? પણ અહીં તો શાસ્ત્રદાનને ઉત્તમ ગણી આદરણીય મા યુ એમા તો

શાસ્ત્રનુ દાન કરનારનો ભણાવવા–સમજાવવા વગેરેનો વ્યવહાર અને એ દાન લેનારથી શાસ્ત્ર સાભળવા, પ્રશ્ન શકા પૂછવી વગેરે બાહ્ય ક્રિયાનો કરાતો વ્યવહાર—એવો રીતસર વ્યવહાર મા ય કર્યો

(૨૪) એવા તો એમણે અવશ્ય આચરવાના અનેક 'વ્યવહાર મા યા છે ı ત મુનિએ બાહ્ય ઉપસર્ગ–પરીસહને સહવાજ જોઈએ મુનિએ શહેરમા રહેવુ ન જોઈએ રજસ્વલા સ્ત્રી મ દિરમા ન જઈ શકે લોચાદિ કષ્ટ અને બાહ્ય તપો આચરવાજ જોઈએ

(૨૫) દિગ બરીય 'જ્ઞાનાર્ણવ' ગ્ર થમા લખ્યુ છે કે "અ તર્બાહ્યભુવો શુદ્ધયોગાદ્ યોગી વિશુદ્ધ્યતિ । न ह्येकपत्रमात्रस्य व्योम्नि पत्री विसर्पति ॥ —આતર અને બાહ્ય બેઉ ભૂમિકાના શુદ્ધ યોગથી યોગી શુદ્ધ બની શકે છે, (પણ બેમાથી માત્ર એકના શુદ્ધ યોગથી નહિ) જેમકે પક્ષી એક પાખથી ગગને ઉડી શકતુ નથી ' બાહ્ય ભૂમિકાનો શુદ્ધ યોગ એટલે બાહ્ય શુદ્ધ આચાર–મર્યાદાઓ વ્યવહાર એની પણ પુરી આવશ્યકતા માની એ ય શ્રી કાનજીના હિસાબે તો વ્યવહારમૂઢતાજ ઠરશે ને?

(૨૬) 'પચાધ્યાય'માં લખ્યુ છે કે "જેમ જેમ વિશુદ્ધિની અ ત પ્રકાશક વૃદ્ધિ થતી આવે છે, તેમ તેમ ઇન્દ્રિયોની વિષયો પ્રત્યે ઉપેક્ષા થાય છે ' અર્થાત આતર નિશ્ચયની બાહ્ય વ્યવહાર પર અસર પડે છે ઇન્દ્રિયો જે આજસુધી વિષયો ને દોડવાના વ્યવહારવાળી હતી તે હવે વિષયોથી પાછી વ્યવહારવાળી બને છે આવુ બને તોજ અ દરનો

નિશ્ચયધર્મ સાચો આમ અહીં આ વ્યવહારને આવશ્યક કહ્યો, ત્યારે કાનજીપંથીને નિશ્ચયની કોઈ અસર વ્યવહારમાં ઉતારવી નથી કેમકે તો તો પછી પાપવ્યવહારો છોડવા પડે ને? પછી એમના ભક્તોને ખાનપાનની લહેર ધધાધાપાની ધમાલ વ્રત પચ્ચક્ખાણ વિનાની નિરંકુશ મનગમતી સ્થિતિ વગેરે મૂકવુ પડે ને? અને એવુ જો મૂકાવવામા આવે તો એ લહેરી લાલા ભગતોમાંનો કોણ પછી ત્યાં ઉભો રહેવાય તૈયાર હોય?

(૨૭) 'ભાવપાહુડ' ગાથા ૭૩મા કહ્યુ છે કે 'મુનિ પહેલા મિથ્યાત્વાદિ દોષનો ત્યાગ કરીને ભાવથી નગ્ન થાય છે, પછી દ્રવ્યથી જિનાજ્ઞા મુજબ દ્રવ્ય લિંગ બની [બાહ્ય નગ્નતા સાથે મોરપીછ] પ્રગટ કરે છે ' અર્થાત્ આ રસ્તાને સમ્યગ્દષ્ટિ અને મહાવિરાગી બની સંસારથી અલિપ્ત થઈને બહારથી કપડાં મૂકી દઈ નગ્ન થાય છે અને મુનિ તરીકેના વ્યવહાર આચરતો પૃથ્વી પર વિચરે છે આમા વ્યવહારની કયા ઓછી મહત્તા છે? નહિતર તો બહારથી નગ્ન થવાનુ અને મુનિપણાના આચાર પાળવાનુ કામેય શુ હતુ? અંતરથી નિશ્ચયનયની નગ્નતા આવી ગઇ તો કામ થઇ જવાનુ! પણ ના જાણે છે કે બાહ્ય અશુભ વ્યવહાર ટાળી શુભ વ્યવહારમા રચ્યો-પચ્યો રહેશે તો એ ક્રમે કરીને અપ્રમત્તતા વગેરે ગુણસ્થાનકો ચઢી કર્મક્ષય કરી સિદ્ધ બની શકશે નહિ કે અંતરની નિશ્ચયની જપમાળા માત્રથી

(૨૮) દિગંબરીય "પંચાધ્યાયી" ગ્રન્થમા લખ્યુ છે કે "પદાર્થના બે ધર્મ છે—સામાન્ય અને વિશેષ

બંનેને માને તે જ્ઞાની છે પણ એક સામાન્ય અર્થાત્ નિશ્ચય નયનેજ માને તે અજ્ઞાની છે, એકાંત મિથ્યા દૃષ્ટિ છે નિશ્ચયાભાસી મોટી મોટી વાતો કરે છે પણ રાગદ્વેષ છોડવા તરફ એમનું લક્ષ નથી એ તો પુણ્યમાત્ર છોડવાનું કહે છે એમ કરી સારી પ્રવૃત્તિ છોડી અશુભાસ્ત્રવની નિરર્ગલ પ્રવૃત્તિ કરી નરક નિગોદમાં જઈ પડે છે " આમાં પણ નિશ્ચય અને વ્યવહાર બંને માનવાનો કેવો સરસ અનેકાન્તમાર્ગ બતાવ્યો તેમજ એકનો નિશ્ચય નિશ્ચય કુટનારા એ વસ્તુતઃ સાચા નિશ્ચયવાદી નથી પણ નિશ્ચયનો આભાસ એટલે કે નિશ્ચયની ભ્રમણાવાળા છે, માટેજ અજ્ઞાની છે અને પ્રવૃત્તિ પણ અજ્ઞાનતાની કરે છે કેમકે જે પુણ્યની પ્રવૃત્તિઓ અને પુણ્યના આચાર વ્યવહાર જે ખરી રીતે પુણ્યબંધ અને પાપક્ષયનો લાભ આપે છે, તેમજ આત્માને અધિકાધિક ગુણોની ઉન્નતિનો અભ્યાસ પાડે છે તથા સારી પ્રવૃત્તિમાં રાખીને ઇતરના ભોગી પ્રવૃત્તિના ક્લેશકારકનો હ્રાસ કરે છે તે પુણ્ય-પ્રવૃત્તિને નકામી ગણી અને આચરવામાંથી ઉડાવી દેવી તે અજ્ઞાનતા નહીં તો બીજું શું ? વળી નિશ્ચયની વાત કરવા છતાં અંતરના રાગદ્વેષ એમજ ઉભા રાખે છે કારણ કે રાગદ્વેષને પોષનારા જગતના સંયોગો એમજ સેવે જાય છે ત્યાં રાગદ્વેષ ક્યાંથી ઓછા થાય ? માટેજ વ્યવહારમાર્ગની ઘણી ઘણી આવશ્યકતા છેજ એનો ત્યાગ કરીને તેમજ ઉપરથી માર્ગસ્થને વ્યવહારમૂઢતાની ગાળ દઈને નરક નિગોદની સ્થિતિ ઉભી કરે એમાં શી નવાઈ ?

(૨૯) 'પ્રવચનસાર' ગાથા ૨૦૮ થી જુઓ કે આ ના બધા બાહ્ય વ્યવહારનો વિસ્તાર બતાવ્યો છે —

वदसमिदिंदिय-रोधो लोचावस्सयमचेलमण्हाणं ।
खिदिसयणमदंतवणं ठिदिभोयणमेगभत्तं च ॥
एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता ।
तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि ॥

અર્થ —પાંચવ્રત-પાંચસમિતિ-પાંચઇન્દ્રિયનિગ્રહ-લોચ-છ આવશ્યક-અવસ્ત્રતા-અસ્નાન ભૂમિશયન દાતણ ન કરવું-ઉભા ઉભા (હાથમાંજ) ભોજન-દિવસમાં એકજવાર ભોજન.

સાધુના આ (અઠ્ઠાવીસ) મૂળ ગુણ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા છે એમાં પ્રમાદ (ભૂલ) કરનારો સાધુ ચારિત્રપર્યાયનો છેદ કરાવાપૂર્વક ફરી વ્રતમાં ઉપસ્થાપનીય બને છે

આમાં ક્યાં વ્યવહારની આવશ્યકતાની કમી રાખી છે ? તો શું આ લખનારા પ્રવચનસારકર્તા વ્યવહારમૂઢ છે ? અથવા શું આ બધું લખવા છતાં આ ન આ રહ્યું છે ? અને શું આના વિનાજ માત્ર નિશ્ચય સાધનાથી મોક્ષ મળે છે એવું કહે છે ? ના, મોક્ષ-માર્ગની વાસ્તવિક આવશ્યક સાધના તરીકેજ આ બધી વ્યવહાર જરરાજરૂર આચરો, એમ કહે છે એ વિના મોક્ષ નહિ થાય એમ કહે છે એટલા ... રણથી કશા ... કહે છે તો પછી

આચાર્યો પણ એમજ વ્યવહાર માર્ગને વાસ્તવિક અને અવશ્ય આચરણીય કહે એમા શુ ખોટુ કહે છે કે જેથી એમને વ્યવહારમૂઢ' કહેવા શ્રી કાનજી પ્રેરાય છે? જુઓ કે

(૩૦) ઉપરનીજ ગાથાની **અમૃતચંદ્રીય ટીકામાં** લખ્યુ છે કે **"નિર્વિકલ્પ અવસ્થાના અર્થીએ પણ તે અવસ્થા ન આવે ત્યાસુધી સવિકલ્પ સામાયિકના આ ગુણો બરાબર પાળવા"** કેવુ સુંદર વ્યવહારનુ સમર્થન! આ ગુણો માત્ર અંદરથી પાળવાના અને બહારથી જુદુ એમ ? ના નથી કરવાનો મહારથી ચૂનો-દુકાન-ઘરકામ વગેરેના આરંભ-સમારંભ ભલે ચાલુ રહે પણ અંદરખાને આત્માના નિશ્ચય શુદ્ધ પરિણામને ઓળખી અહિંસક ભાવમા રહેવાનુ બહારથી ગમે તેમ ખાવુ-પીવુ-લેવુ-મૂકવુ પણ અંદરખાને ઇર્યાસમિતિ ભાષા સમિતિનો ઉપયોગ રાખવાનો ભલે બહાર ઇન્દ્રિયો વિષયોના સબંધ રહે પણ અંદરથી વિષયોથી અલિપ્ત, અનાસક્ત યોગી જેવા રહેવાનુ એથીજ કલ્યાણ થશે'—આવો ઉપદેશ ઉપરની પ્રવચનસારની ગાથા અને ટીકાનો નથી હોય તો નિશ્ચયપથીઓ જણાવે છતા એકાંત નિશ્ચયદષ્ટિઓને એવુ બહાર જુદુ અને અંદર જુદુ બનાવવુ છે અને પાછુ કર્તવ્ય મનાવવુ છે! બાકી ઉપર લખ્યુ તેમ અમૃતચંદ્રીય ટીકાનુ એ કહેવુ છે કે નિર્વિકલ્પ દશા જરૂર પામવા યોગ્ય છે પરંતુ એ એમ ન નહિ મળે કે એકાએક નહિ આવે અંતમન એની અભિલાષા જરૂર રાખવાની પણ સાથો સાથ ગાથામા બતાવે! અઠ્ઠાવીસ મૂળ ગુણો મૂળ આચારો જરૂર આચરવાના વળી

એ પણ કહ્યુ કે આ ગુણો સવિકલ્પ અવસ્થાના છે એટને ? એટને એ કે સવિકલ્પ અવસ્થા પણ આદરણીય છે એ અવસ્થાની કરણી પણ અવસ્ય કરવી જોઇએ તોજ એ કરતા કરતા નિર્વિકલ્પ અવસ્થાના ધ્યેય સાથે નિર્વિકલ્પ દશામાં પહોચી શકાય વાત પણ બરાબર છે કેમકે હજી જ્યાસુધી એ ઉંચી અવસ્થા આવી નથી ત્યાસુધી જો મૂળ આચારો પાળવાના વ્યવહારમા ન રહે તો શુ કરશે ? એજ કે જે અનાદિ કાળથી કરતો આ યો છે અર્થાત વ્રતથી અહિંસા—અપરિગ્રહાદિની પ્રવૃત્તિને બ ને અવિરતિથી હિંસા (આરંભ સમારંભ) પરિગ્રહાદિની પ્રવૃત્તિમા રચ્યોપચ્યો રહેવાનો. ભને ભાવ અંદરથી આત્મસ્વરૂપ વિચારવા અને વીતરાગી દશા કેળવવાનો આભાસ કરશે પણ તેથી શુ ? કેમકે આત્મસ્વરૂપનો વાસ્તવિક વિચાર તો જડની પ્રવૃત્તિથી ઘણો ઘણો સહેજે પાછો હઠાવી દે સાચી વીતરાગી દશાની કેળવણી તો રાગદ્વેષમ ધ્રુમ પ્રવૃત્તિઓ પર ઘરખમ કાપ મૂકાવી દે એવુ જ બહારથી પાવ સમિતિમા ન પ્રવર્તનારો ભમે તેમ ચાલવા–બોલવા ખાવામા પડશે એવી આચારના અભાવે બીજી ઇન્દ્રિય પરવશતા–સુખશીલતા–સ્નાન–કુવાળી શય્યા આદીના ચાળામાં અને કવારના ભોજન વગેરેની પ્રવૃત્તિ આત્માનુ શુ શુ અધઃપતન નહિ કરે ? **આત્માના અવિકારી અને જડથી મુક્ત શુદ્ધ સ્વરૂપનો જે વિચાર કરવો છે એની વાસ્તવિક અનુકૂળતા કયા એ સમજવા જેવુ છે** શુ એ અનુકૂળતા વિકારક પ્રવૃત્તિ–પદાર્થો અને પ્રસંગોમા, કે એનાથી રહિત દશામાં ? શુ એ બહુ

જડના ઘેરાવામા કે જડથી બહુ અલિપ્ત-દૂર રહેવામાં ?

(૩૧) પ્રવચનસાર ગા-૨૨૯ માં લખે છે કે

पक्कं खलु त भत्त, अपडिपुण्णादर जहालद्धं ।
चरणं भिक्खेण दिवा ण रसावेक्ख ण मधुमंस ॥

ગાથાનો અર્થ —"એકવાર ભોજન, તે પણ ઉનોદરી અને જેવુ મળ્યુ તેજ, વળી ભોજન માટે ભિક્ષાર્થે જવાનુ, તે પણ દિવસના, એમા રસની અપેક્ષા નહિ રાખવાની તેમ મધ-માસ નહિ વાપરવાના"

(૩૨) અમૃતચદ્રાચાર્ય ટીકામા લખે છે કે "દોષિત આહાર નહિ લેવાનો દ્રવ્ય હિંસા ભાવહિંસાનુ કારણ છે"

હવે આમા પણ જુઓ કે ઠેઠ નિગ્રંથ અવસ્થાએ પહો ચેલ મુનિને પણ કેવા કડક વ્યવહાર પાળવાનુ સુદર પ્રતિપાદન કર્યું ! હવે આપણે શ્રી કાનજીને પૂછીએ કે

મહાનુભાવ ! જેણે ઘર છોડયા કુટુબ છોડ્યુ સપત્તિ છોડી આખો સસાર ત્યજ્યો અને આત્મભાવમાં લીન રહે છે એને હવે એક ભોજન શા અને ઉનોદરી શી ? એને ભિક્ષા માટે જવુજ પડે એ શુ, અને દોષિત એટલે કે સાધુ-નિમિત્તે બનેલો આહાર નજ લેવાય એ શુ ? આ બધા બાહ્ય વ્યવહારની શી જરૂર ? હવે એ બે વાર-ત્રણ વાર ખાય તોય એને નિશ્ચય સાધનામા શો વાધો આવવાનો હતો ? નિર્ગ્રંથપણુ કયા ખોવાઇ જવાનુ હતુ ? ઉનોદરીને

ખતને પુરે પેટ ભરે તોય આભ્યન્તર સાધુતા-સર્વવિરતિને અને આત્માની આંતરિક જાગ્રતિને શુ નડવાનુ હતુ ? શુ પૂર્વે અનતીવાર આવા ઔનિક એક ભોજન અને ઉનોદરીના વ્યવ-હાર નથી પાળ્યા ? જેમ શ્રાવકપણાના પ્રભુભક્તિ-પૂજા સામાયિક, વ્રત પચ્ચક્ખાણ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ અનતી વાર કરી તેમ સાધુપણાની ક્રિયાઓ પણ અનતીવાર કરી છે તો પછી તમારા મતે તો એ બધી નકામી અને મોક્ષમાર્ગની બહાર છે તો પછી અહીં કેમ તમારાજ માનેલા મહાશાસ્ત્રમા એક ભોજનાદિ બાહ્ય ક્રિયા બાહ્ય વ્યવહાર ઉપર આટલો બધો ભાર મુક્યો ? શુ એ કહેનાર કુદકુદાચાર્યનેય તમે વ્યવહારમૂઢ કહેવા તૈયાર છો ? ના તો પછી સન્માર્ગસ્થ શ્રી સુધર્મા ગણધર મહારાજ તથા શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજને વ્યવહારમૂઢ કહેવાનુ ભય કર પાપ કેમ કરી રહ્યા છો ?

"ખરી રીતે તો એ જુઓ કે મહાવિદેહ ક્ષેત્રમાં જઈને ખુ તીર્થંકરદેવ શ્રી સીમ ધર ભગવાનના શ્રીમુખેથી મોક્ષમાર્ગના આદેશને લાવનાર તરીકે તમે માનેલા કુ કુદાચાર્યે ઉપર બતાવેલી પ્રવચનસારની ત્રણ ગાથામા ખરેખર વ્યવહાર પોષ્યો સ સારના પાપથી બહાર નીકળી જઇ નિર્ગ્રન્થ બની એક માત્ર આત્મસ્વરૂપના ચિંતનમાં સમસ્ત જીવનકાળ પસાર કરનાર માટે પણ એ અઠ્ઠાવીસ પ્રકારનો મૂળાચાર અને આવા ઉનો દરી, રાત્રે નહિ પણ માત્ર દિવસેજ ભોજન રસનિરપેક્ષતા, ઈત્યાદિ બાહ્ય આચાર વ્યવહારો પાળવા આવશ્યક બતાવવા, ન પાળે તો આત્મકલ્યાણ ન થાય એમ સૂચવ્યુ તો પછી જે ગૃહસ્થો સ સારના ભરચક પાપમા પડ્યા છે એને શું

નિમિત્તની પ્રબળ અસર આવી કે નહિ? કેમકે ભગવાનના શબ્દ એ જુદું દ્રવ્ય છે કુંદકુંદાચાર્યનો આત્મા એ જુદું દ્રવ્ય છે અને ગ્રંથ લેખનમાં મષીના પુદ્ગલ એ અલગ દ્રવ્ય છે છતાં એ કહે છે કે પ્રભુના શબ્દના આધારેજ આચાર્યે ગ્રંથ રચ્યો અર્થાત્ ગ્રંથ નિર્માણરૂપ કાર્યનું ઉપાદાન તો મષી પુદ્ગલ છે પરંતુ એ કાર્ય થવામાં પ્રભુના શબ્દ પુદ્ગલરૂપી પરદ્રવ્યે પ્રબળ અસર કરી એવી રીતે એમાં જે કુંદકુંદાચાર્યની નિરૂપણા થાય છે ત્યાં પણ આચાર્યના આત્મ સ્વરૂપી નિમિત્તે ગ્રન્થરચનાના કાર્યમાં પ્રબળ અસર કરી ભરતક્ષેત્રમાંથી બીજે કોઈ મહાવિદેહમાં જઈ આ રીતે ગ્રંથ ન રચી શક્યો તે કાર્ય કુંદકુંદાચાર્યે કર્યું'— એવી માન્યતા સૂચવે છે કે ગ્રન્થની રચનામાં આચાર્ય મહાન નિમિત્ત બન્યા એક બાજુ આના સ્પષ્ટ સૂચન કરવા, અને બીજી બાજુ પાછું એમ લેખવા વાગના કે એ તો સૌ સૌના સ્વતંત્ર પર્યાય જ્ઞાનીઓએ દીઠા હતા તેમ બની આવ્યા, એમાં નિમિત્ત દ્રવ્યોના તે તે પર્યાયોનો મેળ સાથે આવી ગયો, તેથી આપણે ભ્રમમાં પડીએ છીએ કે અમુક દ્રવ્યના પર્યાયને અન્ય દ્રવ્યે કે એના પર્યાયે કર્યો —આ માનવું કેટલું બધું બેહુદું છે? કેમકે તો જો ભ્રમમાં પડવાનુંજ થતું હોય તો શું 'કુંદકુંદાચાર્યે મહાવિદેહમાં સાંભળેલા સાક્ષાત્ પ્રભુવચનના આધારે સમયસાર રચ્યો એવા એવા કાનજીમતના કથન બધા ભ્રમરાજ ને? જાણી જોઈને ભય સેવવો એટલે પાગલતા કે બીજું કાંઈ? જેમ પેશાબને કોઈ સ્પષ્ટ પેશાબ તરીકે જોતા-જાણતા છતાં આ ચાહ છે કે દૂધ છે—એમ

કહે તો એ પાગલ નહિ તો કેવો કહેવાય?

(૨) શ્રી કાનજી સમયસાર પર કહે છે કે 'દરેક ગાથા મહામુનિના આત્માનુભવમાંથી નીકળેલી છે' અર્થાત્ ગાથા બોલાતી શબ્દરૂપ છે ને લખાતી ભાષારૂપ છે એને ઉત્પન્ન થવાના મુખ્ય પ્રબળ સાધન તરીકે પોતાનું ઉપાદાન ન ગણ્યું પણ મુનિનો આત્માનુભવ કહ્યો એટલે શું આવ્યું? આત્માનુભવરૂપી નિમિત્તની ગાથારૂપી કાર્ય પર જોરદાર અસર! ક્યાં આત્માનો અનુભવ! અને ક્યાં ગાથા પુદ્ગલ! ગાથારૂપ પુદ્ગલ ઉપર આત્મારૂપ પરદ્રવ્યની અસર!

(૩) સમયસારના અનુવાદકાર કહે છે કે '(૧) આ અનુવાદ કરવાનું મહાભાગ્ય મને પ્રાપ્ત થયું [૨] મારી શકિતનું મૂળ શ્રી સદ્ગુરુદેવજ હોવાથી [૩] આ અનુવાદમાં અનેક ભાઈઓની મદદ છે [૪] આ અનુવાદ ભવ્યજીવોને યથાર્થ માર્ગ બતાવો, એવી મારી અંતરની ભાવના છે

જો નિમિત્ત કાંઈજ કરી શકતું નથી, તો અનુવાદ કારના આ વાકયો જાણે કેના મદિરાપાનના કેફમાંથી બોલાયા-લખાયા ગણાય? કેમકે એ નિમિત્તની નીતરતી પ્રધાનતા કહી રહ્યા છે નિમિત્ત મહાકાર્ય કરે છે એમ કહી રહ્યા છે [૧] અનુવાદ કરવાનું ભાગ્ય મને મળ્યું' એ કહે-વાનો અર્થજ એ છે કે "અનુવાદરૂપી શબ્દરચના મે કરી શબ્દરચનાનું ઉપાદાન તો જુદી અવસ્થામાં હતું પણ મારૂં નિમિત્ત પામી એ વ્યવસ્થિત શબ્દદેહ પામ્યું' [૨] વળી પોતાની શકિતનું મૂળ સદ્ગુરુને ગણ્યા! ક્યાં આંહી

શક્તિનુ મૂળ સ્વકીય ઉપાદાન આત્મા કે ગુરુદેવ ? ગુરુદેવને સર્વ શક્તિનુ મૂળ એટલે કે અનન્ય સાધન કહેવામાં નિમિત્તની અને પરદ્રવ્યની કેટલી મહાન અસર ગણી !! [૩] સાથે અનુવાદ પી મર્મીમાર્ગમાં બીજા ભાઇઓની મદદ જણાવી એ પણ નિમિત્તનેજ આગળ કર્યું ને ? છેવટ [૪] અંતરની ભાવના વ્હી કે આ અનુવાદ ભવ્ય જીવોને યથાર્થ માર્ગ બતાવો નિમિત્તની અસર ન માનનારના મતે આ બની શકે ? યથાર્થ માર્ગ દર્શન એ તો પોત પોતાના આત્મા રૂપી ઉપાદાનનુ કાર્ય છે એમાં પ સમૂત અનુવાદ પ્ર થકી પુદ્ગલ શું કરી શકે ? છતા એમનો માગ દર્શનમા અનુવાદને પ્રમુખ નિમિત્ત બનાવવુ છે તે પણ પોતાની અંતરની ભાવના ! એટલે કે જાણે વસ્તુસ્થિતિ તેવા સ્વરૂપેજ બનો એવી હાર્દિક ઇચ્છા ! આમ તો દ્રવ્ય એમ સમજે છે કે ભવ્ય જીવને માર્ગદર્શન થવામા નિમિત્ત કે પરદ્રવ્ય કાઇજ ન કરી શકે, છતા ભાવના એવી ભાવે છે કે અનુવાદરૂપી નિમિત્ત, અનુવાદરૂપી પરદ્રવ્ય માર્ગ-દર્શનનુ કાર્ય કરો. આવી ભાવના ભાવવાનો શો અર્થ છે? 'ધૂળથી પેટ ન ભરાય' એમ જાણતા છતા ભાવવુ કે 'આ ધૂળથી પેટ ભરાઓ' એ બેવકૂફી કે બીજુ કાઈ ?

(૪) શ્રી કાનજી કુંદકુંદાચાર્યના કથન તર્ફકે કહે છે કે 'આત્મા પ્રમત્ત નથી અપ્રમત્ત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણકાર અખંડ છુ આ મહાન કથન છે', આમાં એમને એ પૂછો કે પ્રમત્ત નહિ અને

અપ્રમત્તેય નહિ એવો શુદ્ધ આત્મા નિષેધ કરી શકે? અર્થાત્ એકે અવસ્થા આત્માની નથી એવુ શુદ્ધ આત્મા કહી શકે? અને જો કહેવુ છે તો એમાંથી એક દશા તો આવવાનીજ. શુદ્ધ બનેના આત્મા તો સિદ્ધના આત્મા, એમને કયા બોલવાનુ જ છે? કયા નિષેધ કરવો છે? બોલનાર તો અસિદ્ધ છે એ તો પ્રમત્ત કે અપ્રમત્ત હોય છે એટલે ઉપરનુ કથન મારી મા વંધ્યા જેવુ છે છતાંય એવુ કથન કેમ કર્યુ છે? બીજા જીવોને એમ સમજાવવા કે આત્મા પ્રમત્ત નથી અપ્રમત્ત નથી' આ શબ્દોથી બીજા સમજે એવુ જ નામ નિમિત્તની અસર માની છે નહિતર તમે તમારા મનમા સમજી રાખો ને? બહાર કહેવાનુ શુ કામ છે?

(૫) સમયસાર ગાથા ૧૨મા કહ્યુ કે "શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા પામેલાને શુદ્ધનય જાણવા યોગ્ય છે જ્યારે પૂર્ણતા ન પામેલા, પણ જે હજી સાધક અવસ્થામા છે તે વ્યવહાર દ્વારા ઉપદેશના યોગ્ય છે" એમ કહીને એ સ્પષ્ટ થયુ કે એવા જીવને શુભ વ્યવહારનુ નિમિત્ત અને એનો ઉપદેશ પૂબજ અસર કરશે આમા નિમિત્તને કયા જરાય નમાલુ ગણ્યુ? વિવેચનમા લખે છે કે 'જેટલુ અશુદ્ધ નયનુ કથન છે એ યથાપદવી (સ્વસ્થાનના હિસાબે) પ્રયોજનવાળુ છે' એનો અર્થ એ છે કે વ્યવહારાદિ અશુદ્ધનયના કથનનુ કોઈને કોઈ પ્રયોજન જરૂર છે એટલે કે અમુક અમુક કૃત્ય છે જ કાર્ય છે જ તો પછી એ કાર્યમા નયનુ કથન નિમિત્ત બન્યુ જ વિવેચનમા વળી આના દાખલા માટે શુદ્ધનયમાં સોળે સોળ વાલ શુદ્ધ સોનુ

લીધું ત્યારે અશુભ ભાવમાં એથી મોટી પહાર વાળ સુધી શુદ્ધ મોહનું કારણ એની સાથે અભિપ્રાયનું નિમિત્ત મેળવી બતાવે છે અર્થાત્ જ્યાંસુધી મોહ સંપૂર્ણ શુદ્ધ નથી થતું ત્યાંસુધી અભિપ્રાયની જરૂર જ મારેગ વિરાગનમાં રહે છે. એથી

રીતે જે જીવોને સોળે સોળ વલા શુદ્ધ જ્ઞાન શ્રદ્ધાન પ્રાપ્ત નથી થયા એમને જિનવચનોનું સાંભળવું જિન ગુરુની ભક્તિ કરવી, જિનબિંબ દર્શન ઇત્યાદિ વ્યવહારમાર્ગે પ્રવૃત્ત થવું પ્રયોજનવાન (મહત્વ) છે'

હવે કહો આમાં નિમિત્તની અસર ક્યાં ન માની? નહિતર શુદ્ધિ તો આત્મગુણ છે આ ભાવપાપ છે એમાં બાહ્ય ક્રિયા વ્યવહારનું નિમિત્ત શું અસર કરી શકશે? પણ ત્યાંસુધી સમયસારના વિવેચનમાં લખ્યું છે 'જો કોઈ વ્યવહાર-નયને અસત્યાર્થ જાણી છોડી દે તો શુભ ઉપયોગરૂપ વ્યવહારને છોડે અને શુદ્ધ ઉપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઉલટો અશુભ ઉપયોગમાં આવી ભ્રષ્ટ થઈ ગમે તેમ સ્વેચ્છારૂપે પ્રવર્તે તેથી તો નરકનિગોદને પ્રાપ્ત થઈ સંસારમાજ ભ્રમણ કરે " ક્યાં કાનજીમતનું એક બાજુ આ પ્રતિપાદન? અને ક્યાં બીજી બાજુ દરેક દ્રવ્યના પર્યાયો સ્વતંત્ર અને નિયતરૂપે ગોઠવાયા હોવાનું અને તેથી પરદ્રવ્યના નિમિત્તથી એમાં કશો ફેરફાર ન થઈ શકવાનું પ્રતિપાદન? એટલે જ ક્યાં સ્વાનુયાયીને શુભ નિમિત્તો મૂકાવી દેવાનું કાર્ય? પછી ભલે સાક્ષાત્ ન મૂકાવ્યા પણ ઉપદેશ એવા રૂપનો કર્યો કે પરિણામ એ આવીને ઉભેલું આજે છે

(૬) સમયસાર ગાથા ૪૬ના વિવેચનમાં લખ્યું છે કે '**ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે વ્યવહારનય (નિમિત્તની પ્રબળતા) દર્શાવવાનું વાજબી જ છે** નહિતર તો (૧) પરમાર્થથી જીવ શરીરથી ભિન્ન થાવનામાં આવતો હોવાથી **જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે** તેમ ત્રસ સ્થાવર જીવોને નિઃશંકપણે મર્દન કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે, તેથી બંધનો જ અભાવ ઠરશે વળી (૨) પરમાર્થથી રાગદ્વેષમોહથી જીવ ભિન્ન થાવવામાં આવતો હોવાથી રાગી-દ્વેષી-મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે, તેથી મોક્ષનોજ અભાવ થશે" અર્થાત્ **બાહ્ય કાયાથી થતી જીવમર્દનાત્મક હિંસારૂપ નિમિત્તથી આતર આત્મદ્રવ્ય પર અસર એને કે બંધપર્યાય થાય છે, એમ રાગદ્વેષ મોહના નિમિત્તે પણ આત્મા ઉપર અસર છે** તો મ્હો આમાં પરદ્રવ્યની ક્રિયાની અને નિમિત્તની નબળતા ક્યાં ઓછી સ્વીકારી? **પછી પુણ્ય કાંઇ કરી શકતુ નથી, પુણ્ય ક્રિયાઓ નકામી છે, વગેરે કહેવુ એ કેટલી મૂઢતા કહેવાય!**

(૭) સમયસાર ગાથા ૭૦ મીમાં કહે છે કે '**જાહાઇસુ વટ્ટંતસ્સ તસ્સ કમ્મસ્સ સચઆ હોદી । જીવસ્સેવ બંધો ॥** અર્થાત્ ક્રોધાદિ અશુભ ભાવમાં વર્તતા જીવને કર્મનો બંધ થાય છે' અહીં પણ શું માન્યું? એજ, કે ક્રોધાદિ કષાયો જે કષાય મોહનીય નામના કર્મપુદ્ગલનો **પર્યાય** છે એનુ નિમિત્ત પામીને આત્મા પર કષાયભાવ

થઇને બધ નામનો પર્યાય થાય છે આવા એક દ્રવ્યે બીજા દ્રવ્ય પર અસર કરવાનુ આવ્યુ કે નહિ? ઉપમ્બેતુ ઉપાદાન તો આત્મા છે છતા એ સિવાય નિમિત્તની પણ જરૂર પડીને? તો શ્વેતામ્બર શાસ્ત્રે ફરમાવેલ શુભ નિમિત્તોનુ આલબન એવા ક્રોધાદિ અને કર્મબધથી બચાવી શકે એમા શુ ખોટુ છે?

(૮) સમયસાર ગાથા ૮૦ મા લખે છે કે જીવપરિણામહેદુ कम्मत्त पुग्गला परिणमंति । पुग्गलकम्मणिमित्त तहेव जीवा वि परिणमइ ॥–જીવના પરિણામ (પર્યાય)થી કાર્મણ વર્ગણાના પુદ્ગલો કર્મરૂપે પરિણામ પામે છે અને પુદ્ગલ કર્મના નિમિત્ત તેમજ જીવ પણ પરિણામ પામે છે આમા કેટલો બધો સ્પષ્ટ **નિમિત્તપ્રભાવ** સૂચવ્યો છે! કેમ સૂચવ્યુ કે જીવ અને કર્મ પરસ્પરને પોતાના તે તે પરિણામ તરફ દોરે છે ઉપાદાન એકલાથી કાઇ થતુ નથી નિમિત્તની સહાયથી થાય છે, તેથીજ શ્વેતામ્બર શાસ્ત્રો અશુભ નિમિત્તથી આઘા રહી શુભ નિમિત્તને ખૂબજ સેવવાનુ કહે છે આત્મા ભલે ઉપાદાનકારણ એટલે કે મુખ્ય કારણ હોય પરતુ એના પર નિમિત્તની અસર છે એના ઉપર **પરદ્રવ્યની, પરદ્રવ્યના પર્યાયની અસર થાય છે તેથીજ અશુભોપયોગના નિમિત્તભૂત સ્થાન છોડી શુભોપયોગના સ્થાન સેવવાની મોટી જરૂર છે** એટલેજ દાન શીલ તપસ્યા ત્યાગ વ્રત પચ્ચક્ખાણ સામાયિક પૌષધ પ્રભુભક્તિના વિવિધ અનુષ્ઠાનો આ બધાની પરમ આવશ્યકતા છે એને ઉડાવવામા એ હેતુ બતાવવો કે

બાહ્ય નિમિત્ત કે પરદ્રવ્ય આત્મા પર કશુ કરી શકતુ નથી, એ ઉપરની ગાથાના તાત્પર્યથી કેટલુ બધુ વિરુદ્ધ છે?

(૮) હા જેમ સમયસારની આગળ ગાથા ૮૧ મા કહે છે કે 'ण वि कुणइ कम्मगुणे जीवो कम्मं तहेव जीव गुणे। अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्ह पि ॥ અર્થાત્ જીવ કર્મના ગુણ નથી કરતો, કર્મ જીવના ગુ ૧ નથી કરતો છતા અ યોન્યના નિમિત્તના આધારે બને મા પરિણામ થાય છે તેમજ શ્વેતાંબર શાસ્ત્રો કહે છે એ ર્કાઈ એમ નથી કહેતા કે પુદ્ગલના ગુણ જીવમા પેસી જાય છે અગર જીવના ગુણ પુદ્ગલમા પેસી જાય છે એ તો કહે છે કે અનેકાતના ની રૂએ સદસત્ કાર્યવાદ અમે માનીએ છીએ તેથી ઉત્પન્ન થનાર કાર્યની સત્તા એના ઉપાદાન કાર ણમાં કથચિત્ પડેલી છે જ એ હિસાબે જીવના શ્રદ્ધાન–જ્ઞાનાદિ પરિણામ જીવમા સત્તાગત છે જ એ ગ્રંથો પુસ્તકાદિ નિમિત્તથી આવરણ ખસીને પ્રગટ થાય છે પણ એવુ નથી કે પુસ્તકમા જ્ઞાનગુણ હતો તે એણે આત્માને આપ્યો એવુજ કર્મથી અશુદ્ધ જીવમા થતા રાગાદિ પરિણામ પણ કાઈ કર્મમાથી સક્રમણ નથી પામતા પરતુ આત્મામા એ કર્મ ના આધારે અવશ્ય જન્મે છે એમ કાર્મણ વર્ગણામા અનતગુણ રસ વગેરે પરિણામ [પર્યાય] થઈને જે કર્મ બન્યા ત્યા એ રસાદિ કાઇ જીવમાથી સક્રાત નથી થયા પરતુ જીવના રાગાદિ પરિણામના નિમિત્તે જરૂર થયા છે એટલે પરિણામ થવામા એનુ ઉપાદાન કા... શકે નહિ તેમ એ નિમિત્તમાથી ઉપાદાનમા કંઇ ... શકે

નહિ કિંતુ ઉપાદાનમા પ્રગટતા એ પર્યાયોને નિમિત્તની અવશ્ય જરૂર પડે છે માટેજ ઉપરની ગાથામા **अण्णोण्ण निमित्तेण'** કહ્યુ ત્યા નિમિત્તથી એમ ત્રીજી વિભક્તિ મૂકી ત્રીજી વિભક્તિનો અર્થ કરણ સાધન, આવશ્યક કારણ એવો થાય છે દા ત અગ્નિથી ભાત રાધે છે,' એમા રસોઇ-કાર્ય માટે અગ્નિ એ આવશ્યક કારણ છે પરંતુ નહિ કે આવશ્યક કારણ તો એકલુ ઉપાદાન છે નિમિત્ત નહિ નિમિત્ત તો માત્ર હાજર હોય એમ નુ જ —આવુ નથી સમયસારે નિમિત્તને માત્ર હાજર કહેવુ હોત તો ત્રીજી વિભક્તિ ન લગાડત તો તો સાતમી વિભક્તિથી કહેત અર્થાત્ 'अण्णोण्णणिमित्ते' એમ ને કે અ યો ય નિમિત્તની હાજરીમા કાર્ય પરિણામ થાય છે એમ કહેત

પ્ર૦ —તો ત્રીજી વિભક્તિને સાતમીના અર્થમા માની લઇએ તો ?

ઉ૦ —તે પણ નહિ માની શકાય કેમકે તો પણ નિમિત્ત શબ્દ નકામો હતો માત્ર હાજરી જ કહેવી હોત તો તો **'अण्णोण्णम्मि' 'अण्णोण्णसनिधाने'** એવુ પાઠ કહેત પણ અહીં તો ખાસ નિમિત્ત શબ્દ મૂક્યો છે, તે ઉપાદાનથી અને બીજા અનિમિત્ત પદાર્થોથી, (અકારણભૂત પદાર્થોથી) આ નિમિત્તભૂત-કારણભૂત 'અન્યો ય' ને જુદા પાડવા માટે મૂક્યો છે આ **અન્યોન્યને ખાસ નિમિત્તકારણ તરીકે કહેવા માટે જ નિમિત્ત શબ્દ અને ત્રીજી વિભક્તિ** છે આટલુ પણ જેને વ્યાકરણનુ જ્ઞાન ન હોય એ છબરડા વાળે કે બીજુ કાંઈ કરે ?

(૧૭) સમયસાર ગાથા ૮૯મા પ્રશ્ન કર્યો કે શુદ્ધ ચૈતન્યને મિથ્યાત્વાદી શાથી? ' વાત સાચી છે, ચૈતન્ય શુદ્ધ એટલે તો માત્ર શુદ્ધ જ્ઞાનાદિ ગુણમય કહેવાય એમા મિથ્યાત્વાદી દોષ ક્યાંથી સભવે? પછી સમયસારના કર્તાએ જ ઉત્તર કર્યો કે 'મોહના સયોગથી આત્મામા ઉપયોગના ત્રણ પરિણામ થાય છે' અહી શુ સૂચવ્યુ? એજ કે મોહનીયકર્મ જે જીવથી ભિન્ન વસ્તુ છે, એના સયોગરૂપી નિમિત્તને લીધે જ આત્મામા દોષમય વિકાર ઉત્પન્ન થાય છે નિમિત્તની અસરનુ શુ આ સ્પષ્ટ સૂચન નથી?

પ્ર૦ — અન્ય મિથ્યાત્વાદી કર્મપુદ્ગલ જુદી વસ્તુ છે અને આત્મામા થતા મિથ્યાત્વ મોહ વગેરેના પરિણામ એ વસ્તુ છે આ પરિણામથી આત્મામા દોષમય વિકાર પણ નહિ કે બહારના કર્મપુદ્ગલ? પછી એમા નિમિત્તકારણ ક્યા ... પર્યાય ... પરિણામ ... નિમિત્તની

શાતભાન થાય તો એના ઉગાન શાતભાનને લાવનારી ત્યાગ તપસ્યા સામાયિક પ્રતિક્રમણાદિ સાધનાઓ કે જે સીધી આ ત્માને અડે છે એ આત્માને શાંત નહિ કરી શકે એમ માનવુ એનવુ એ કેવી વિદ્વાઇ કે મૂર્ખાઇ ગણાય ? નહિતર અતરગ શાનભાવ થવામા તો ઉપાદાન કારણ આત્મા છે અને જરૂરી અતરની શુભભાવના તેમજ કષાયોપશમનો પુરુષાર્થ છે પણ બાહ્ય અન્ય દ્રવ્યની શાતમુદ્રાનો શો ઉપકાર ? બાહ્ય ધર્મક્રિયાનો શો ઉપકાર ? ત્યાસુધી કહ્યુ કે પ્રભુમા વીતરાગતાનુ અનુમાન દેહની શાતમુદ્રાના આધારે થાય છે ક્યા એમનો શુદ્ધ આત્મા અને ક્યા શરીર પુદ્ગલની વાત મુદ્રા ! છતાં સૂચવ્યુ કે આત્માની વીતરાગતાથી જડશરીરમા શાતમુદ્રા આવી છે નિમિત્તની બળવત્તા આમાથી સ્પષ્ટ સૂચિત થાય છે તો જ અનુમાન થઇ શકે ને કે શરીર પર શાતમુદ્રા છે તો આત્મામા વીતરાગભાવ હોવો જોઇએ ધ્યાન રાખજો આત્માની સ્વતત્ર પર્યાય પરપરા અને પુદ્ગલની સ્વતત્ર પર્યાય પરપરા માનનારાના હાથે આ લખાય છે કે આત્માની વીતરાગદશાના લીધે દેહમા શાતમુદ્રા પેદા થઇ એના દર્શનથી વીતરાગતાનો નિશ્ચય થાય છે !

(૧૧) સમયસાર ગાથા ૮૮મા કહે છે કે **પુદ્ગલના વિકાર મિથ્યાત્વ, યોગ, અવિરતિ અજ્ઞાન છે જીવ ના પરિણામ ઉપયોગ, અવિરતિ, અજ્ઞાન છે'** અહીં પણ **જીવના** પરિણામ જે ગણાવ્યા તે બરાબર કર્મ-**પુદ્ગલના** તેવા તેવાજ વિકારના ઉદયે થાય છે એમ પર-દ્રવ્યના ઉદયના નિમિત્તે થતા હોવાથી **પરદ્રવ્યની** અસર આવીજ નિમિત્તની અસર થઇ જ

(૧૨) સમયસાર ગાથા ૮૯મા પ્રશ્ન કર્યો કે શુદ્ધ ચૈતન્યને મિથ્યાત્વાદી શાથી?' વાત સાચી છે જેન ય શુદ્ધ એટલે તો માત્ર શુદ્ધ જ્ઞાનાદિ ગુણમય કહેવાય. એમા મિથ્યાત્વાદી દોષ કયાથી સભવે? પછી સમયસારના કર્તાએ જ ઉત્તર કર્યો કે 'મોહના સયોગથી આત્મામા ઉપયોગના ત્રણ પરિણામ થાય છે' અહી શુ સૂચવ્યુ? એજ કે મોહનીયકર્મ જે જીવથી ભિન્ન વસ્તુ છે, એના સયોગરૂપી નિમિત્તને લીધે જ આત્મામા દોષમય વિકાર ઉત્પન્ન થાય છે નિમિત્તની અસરનુ આ સ્પષ્ટ સૂચન નથી?

પ્ર૦—ત્રણ મિથ્યાત્વાદી કર્મપુદ્‌ગલ જુદી વસ્તુ છે, અને અશુદ્ધ આત્મામા થતા મિથ્યાત્વ મોહ વગેરેના પરિણામ એ જુદી વસ્તુ છે આ પરિણામથી આત્મામા દોષમય વિકાર થાય છે પણ નહિ કે બહારના કર્મપુદ્‌ગલથી પછી એમા બહારનું નિમિત્તકારણ ક્યા આવ્યુ? પુદ્‌ગલના પર્યાય પુદ્‌ગલમા જ સ્વતન્ત્ર કાર્ય કરે છે આત્માના પરિણામ આત્મામા જ સ્વતત્ર કાર્ય કરે છે એમા પર નિમિત્તની અપેક્ષા ક્યા આવી?

ઉ૦— સ્વતત્રનો અર્થ તમારો ખોટો છે સ્વતત્રનો સાચો અર્થ એ છે કે પુદ્‌ગલમાથી પર્યાયો ઉછળીને આત્મામાં નથી આવતા પણ આત્મામા સ્વતત્રપણે જુદા પર્યાય જાગે છે, એ જ સ્વતત્રનો અર્થ છે બાકી આત્મામા એ સ્વતત્ર પર્યાય જાગવા માટે કર્મપુદ્‌ગલના પરિણામની અપેક્ષા તો રહે છે જ જરૂર રહે છે તેથી જ

દ્રવ્યના માનેલા અસત સ્વાતન્ત્ર્યનુ ખડન કરનારી દલીલો—(૧) કર્મ પુદ્ગલના બરાબર તેવા તેવા સમ્યકત્વરોધક જ્ઞાનરોધક વિરતિરોધક વગેરે જુદા જુદા સ્વભાવ કેવી રીતે કહવાય ? શુ પોતાનામાં કોઈ સમ્યકત્વ-જ્ઞાન-વિરતિ વગેરે ગુણો છે કે એના પોતે રોધક આવારક બને ? એ તો આત્માના તે તે ગુણ છે તેને એ રોકે છે માટે તો એનામાં તેવા તેવા જુદા જુદા સ્વભાવ કહેવાય છે નહિતર તો અજ્ઞાન દર્શનવાળાઓએ માન્યુ તેમ ભાગ્યના-કર્મના માત્ર બે ભેદ એક સારો અને બીજો ખરાબ એના બ ને કર્મના મૂળ આઠ ભેદ જ્ઞાનાવરણ ને દર્શનાવરણ ને વેદનીય ને મોહનીય વગેરે ૫ છી એના ઉત્તર ભેદ એકસો અઠ્ઠાવન એમા મતિજ્ઞાનાવરણનો સ્વભાવ જુદો ને શ્રુત જ્ઞાનાવરણનો સ્વભાવ જુદો, શાતા વેદનીયનો જુદો, ને મિથ્યાત્વ મોહનીયનો જુદો એ શુ ? વળી એ કર્મોમા પુદ્ગલ વિપાકી પ્રકૃતિઓ જુદી અને જીવવિપાકી જુદી એ શી રીતે ? પહેલાં તો એ સવાલ થાય છે કે પુદ્ગલ વિપાકી કર્મ એટલે શુ અને જીવવિપાકી એટલે શુ ? આત્માના જ્ઞાનાદિ પરિણામની સાથે સબધ માનશો તો જ એ જુદા જુદા સ્વભાવનુ સમર્થન-સ્પષ્ટીકરણ કરી શકશો નહિતર પછી એમ બોલવા નાખવા પડશે કે તે તે કર્મના તેવા તેવા સ્વભાવ છે પણ એ શાથી, એનો ઉત્તર નહિ કરી શકો ? એ કેના કેવા ? એ સ્વભાવ શુ શુ કરનારા ? એ નહિ કહી શકો ઉપાદાન અને નિમિત્ત ઉભયવાદી એના અમે તો કહી શકીએ કે આત્માના મતિજ્ઞાનગુણને રોકવાના સ્વભાવવાળા કર્મને

મતિજ્ઞાનાવરણ કહેવાય આ આમા જ્ઞાન ઉત્પન્ન કરનાર કર્મ તે શાતાવેદનીય આત્માને વિપરીત શ્રદ્ધા કરાવનાર કર્મ તે મિથ્યાત્વ મોહનીય કર્મ પણ 'તે તે કર્મના તે તે સ્વભાવ શાથી, જુદા જુદા એમ્સ નામ શાથી?' નિમિત્તની અસર ન માનનાર એવા તમારી પાસે એનો ખુલાસો નથી

(૨) બીજુ એ છે કે આત્મામાં ઘડીભર માની લઇએ કે અ યતી અપેક્ષા વિના સ્વતત્રપણેજ ઉત્પન્ન થનારા અજ્ઞાન મિથ્યાત્વ વગેરે દૂષણો છે અને એમા કારણભૂત પૂર્વ પૂર્વના દૂષિત સસ્કારોની અસર છે પરતુ આત્મામા ઘડીઘડીમા શાતા-અશાતા થાય છે એની પાછળ કોની અસર છે? (૧) જો કહો કે મોહ-અજ્ઞાનની તો કેવળજ્ઞાનીને માટે અજ્ઞાન નહિ હોવાથી શાતા-અશાતા પણ ન હોવી જોઇએ ત્યારે (૨) જો કહો કે પૂર્વની શાતા-અશાતાની તો તો એમને બન્ને હોવી જોઇએ, પણ તમે તો કેવળજ્ઞાનીને એકલી શાતા માનો છો તેનુ શુ? વળી એકલી પણ શાતા હવે શાશ્વત કાળ સાથે રહેવી જોઇએ કેમકે જેમ મોહનીયના કુસસ્કાર મા તો પ્રતિપક્ષ તરીકે વૈરાગ્ય અને નિર્મોહતાની ભાવના હતી તેથી એના બળ ઉપર મોહના કુસંસ્કારો દૂર કરી શકાયા પરતુ શાતાની સામે પ્રતિપક્ષ તરીકે એવુ શુ છે કે જે શાતાના સસ્કાર તોડી શકે? અમે તો શાતા કર્મપુદ્ગલની અસર માનીએ છીએ તેથી એ કર્મ તૂટવાથી એની અસર તૂટે તો પછી આત્માને શાતા-અશાતા ન રહે એવુ અમે કહી શકીશુ તમારી પાસે શો ખુલાસો છે? તમારે તો કર્મપુદ્ગલ સાથે આત્માને લેવાદેવા નથી

(૩) ત્રીજી વાત એ છે કે કેરી વગેરે ફળની જેમ સ્થિતિનો (સમય મર્યાદાનો) પરિપાક કર્મપુદ્ગલમાં ઘટી શકે છે પરંતુ આત્માના દોષમાં શી રીતે એ સંગત થાય ? એમાં દોષ અત્યારે અપક્વ છે અને પછી પક્વ બનશે એ શું ? વળી એમાં કાળ સ્થિતિનો હ્રાસ-વૃદ્ધિ એ શું ? ત્યારે કર્મમાં જેમ કેટલાક સત્તાગત શાતા પુદ્ગલોનું બંધાતી અશાતામાં સંક્રમણ, કે પૂર્વબદ્ધ અશાતા પુદ્ગલોનું બંધાતી શાતા પ્રકૃતિમાં સંક્રમણ થાય છે એવી રીતે આત્માના ભાવકર્મમાં શું ? આત્માના શાતા-અશાતા પરિણામમાં કેમ ઘટે ? પુદ્ગલકર્માં તો દાખલા છે જોયા છે તે શેરડીનો રસ લીંબડાના રસમાં કે લીંબડાનો રસ શેરડીના રસમાં પડી એકરૂપ થાય છે એમ પુદ્ગલકર્મમાં તો સંક્રમણ (મીલાવટ અને પરાવર્તન) થઈ શકે પરંતુ આત્માના અમૂર્ત પરિણામનો એક બીજાના વિપરીત પરિણામમાં શું મીલાવટ અને શું પરાવર્તન ? એમાં તો બહુ થાય તો એક બળવાન પરિણામ બીજા નિર્બળ પરિણામનો નાશ કરી શકે દા. ત. શાતાનો પરિણામ અશાતાના પરિણામનો નાશ કરી શકે કિંતુ શાતા તો શાતા રહે જ પરંતુ અશાતાનું શાતામાં પરાવર્તન અને વિદ્યમાન શાતામાં મિલાવટ શી રીતે થઈ શકે ?

(૪) ચોથો મુદ્દો એ છે કે આત્મામાં રાગદ્વેષ શાતા અશાતા વગેરેના પરિણામો તો પડેલા છે, તો એક સાથે એ બધા ઉદયમાં કેમ નહિ ? પ્રગટ કેમ નહિ ? શાતાના અનુભવ વખતે અશાતા કેમ નહિ અને ઘોર અશાતાના અનુભવ કાળે જ શાતાનો અનુભવ કેમ નહિ ? પૌદ્ગલિકકર્મની-

અસર માનનારા અમારે ત્યાં બહુ સમાધાન છે કેમકે એ પુદ્ગલ તો એવી ચીજ છે કે કોઈનો કાળપરિપાક થયો હોય કોઈનો નહિ કોઈનો વિપાકોદય થાને તો કોઈનો પ્રદેશોદય થાને કોઈનો ક્ષયોપશમ હોય તો કોઈનો ઉપશમ હોય તો કોઈનો ક્ષય હોય પુદ્ગલમાં આ પરિણામો સંભવે છે તદનુસાર જીવમાં પરિણામ જન્મે છે કેમકે જીવ ઉપર નિમિત્તભૂત એ કર્મપુદ્ગલની અસર થાય છે પણ એવા કર્મપુદ્ગલરૂપી નિમિત્તની અપેક્ષા વિના તો એકના જીવમાં એ જુદા જુદા પરિણામો ક્યાંથી થઈ શકે?

(૫) વળી જીવ તો પૂર્વ દોષ અને નવા દોષ માટે એનું એજ નન્ય છે તેથી એમાં હજી કહી શકો કે પૂર્વ પૂર્વ દોષના આધારે નવા નવા દોષ જન્મે છે, પરંતુ ઉદય પામતા કર્મપુદ્ગલ અને નવા કર્મ બનનારી મૂળભૂત કાર્મણ વર્ગણાના પુદ્ગલો તો જુદાં જુદાં દ્રવ્ય છે તેય અનંતા અણુદ્રવ્યો રૂપ છે એમાં શી રીતે કાર્યકારણભાવ હોઈ શકે? તમારે તો એક દ્રવ્ય બીજા જુદા દ્રવ્ય પર કાંઈ કરી શકતું નથી તો પછી અમુક અમુક ચોક્કસ સ્વરૂપને ધરનારા નવા કર્મ શી રીતે બની શકે? કાર્મણ વર્ગણામાં રસ અનંત ગુણો વધવાનું એમાંથી તે તે જ્ઞાનાવરણાદિ ભિન્ન ભિન્ન સ્વભાવના કર્મરૂપે બનવાનું અને તેવી તેવી અમુક જ સ્થિતિ રસ નક્કી થવાનું —આ બધું શાના આધારે બને? નિમિત્તની અસર માનનાર તો કહી શકશે કે "જીવના કષાયના પરિણામથી કાર્મણ પુદ્ગલોમાં અનંત ગુણ-રસ વધી જાય છે શું? પુદ્ગલનો રસ જીવથી વધી જાય છે

ખરેખર જીવ સાથે જ્યારે બંધાય છે ત્યારે જીવ મિથ્યાત્વાદિનો હેતુ થાય છે" આમાં પણ કાર્મણવર્ગણાના પુદ્‌ગલ દ્રવ્યોનો જીવ સાથે બંધ થવામાં કારણભૂત આત્માના મિથ્યાત્વાદિ ભાવ કહ્યા! વળી "જ્યારે એ બંધાય છે ત્યારે જીવ મિથ્યાત્વાદિનો હેતુ થાય છે," એમ કહીને એ બંધાયેલા કર્મદ્રવ્યને જીવ મિથ્યાત્વાદિ પરિણામ કરે એના પ્રયોજક કહ્યા. જ્યારે બંધાય ત્યારે જીવ હેતુ થાય એનો અર્થ જ એ કે મિથ્યાત્વાદિ ભાવોનો ઉપાદાન તરીકે હેતુ જીવજ છે પરંતુ એ હેતુ બનવાની શરત શી? એજ કે કર્મ બંધાય ત્યારે જીવ હેતુભૂત થાય એ કર્મબંધની શરતજ કર્મની અપેક્ષા સૂચવે છે.

(૧) જિનશાસને મોક્ષ સાધનામાં પહેલા ગુણસ્થાનોથી માંડી શુભ વિકલ્પો વડે ક્રમશઃ આગળ વધતાં દશમા ગુણસ્થાનક સુધીની સાધના અને અગીયાર બાર-તેર-ચૌદમે ગુણસ્થાનકોએ પૂર્ણ વીતરાગતાની નિર્વિકલ્પ આત્મસ્થિતિ બતાવી છે પરંતુ કાનજીમતીઓને તો ચોથા ગુણસ્થાનેજ નિર્વિકલ્પ દશા લાગતી છે માટે કાનજી મત બાળજીવોને નિર્વિકલ્પ દશાનો ઉપદેશ દે છે અને શુભ પણ વિકલ્પોને મોક્ષ સાધના માટે ઉપયોગી માનવામાં મિથ્યાત્વ મનાવે છે એટલુંજ નહિ બલ્કે વાચિક-કાયિક, પૌદ્ગલિક ક્રિયાને પણ નકામી ગણે છે ત્યારે ખરી રીતે શુભ વિકલ્પોની માનસિક પ્રવૃત્તિ તેમજ શુભ વાચિક અને કાયિક પ્રવૃત્તિ, કે જે પુદ્ગલની ક્રિયા ગણાય, એના દ્વારા જીવને ચોથે પાંચમે છટ્ઠે એમ આગળ વધવાનું જૈન મતે જણાવ્યું છે કાનજીમત એને મોક્ષસાધનામાં તદ્દન નિરૂપયોગી ગણે છે તેથી એ જૈનેતર મત છે

(૨) પોતાને જૈનમત તરીકે ઓળખાવનારા શ્વેતામ્બર મૂર્તિપૂજક સ્થાનકવાસી અને દિગમ્બર મતોએ જ્ઞાનાચારાદિ પંચાચારના બાહ્ય આચારો પણ અવશ્ય આચરણીય માન્યા છે ત્યારે નવો નીકળેલો કાનજીમત તો તેને મોક્ષસાધનામાં ઉપયોગી માનવામાં મિથ્યાત્વ ગણાવે છે અને તેથી જ એ

પવિત્ર આચારોને મોક્ષ-સાધક પાસે એ આચરાવતો નથી પંચાચારના દાન-શીલ-તપ-ભાવના અનુષ્ઠાનો વ્રત-પચ્ચક્ખાણ સામાયિક-પૌષધ પ્રભુભકિત વગેરેના ચોક્કસ અનુષ્ઠાનો ગુણસ્થાનકમાં આગળ વધારે છે એવો જૈન મત છે જ્યારે કાનજીમતી કુપથીઓને એ નકામા કહેવા છે માટે જ કાનજીમત એ જૈનમત નથી

(૩) વરદચ્યો એવા પણ દેવની ગુરુની, શાસ્ત્રની-ઇત્યાદિ અનેક પ્રકારે શુભ આલબનોની ઉપયોગિતા અને ઉપકારકતા જિનશાસને પ્રરૂપી છે ત્યારે આ નવીન કાનજીમત એને ઉદારી દ્રવ્યની સ્વતંત્રતા જુદી જાતની પ્રરૂપે છે, અને પર-દ્રવ્યને અકિંચિત્કર મ્હે છે તેથી એ જૈનમત નથી

(૪) શુભાશુભ બાહ્યનિમિત્તની અસર અને કારણતા કાનજીશાસન નામંજુર કરે છે ત્યારે જૈનશાસન એને સારી રીતે માને છે તેથી જ કર્મપુદ્ગલના સંયોગથીજ જીવને સંસાર કહે છે જૈનમત ઉપાદાન શુદ્ધિ ઉપરાંત શુભ નિમિત્તોની અસરના અનેક દૃષ્ટાંત કહીને ખાસ કરીને શુભનિમિત્તો સેવવાનુ કહે છે એવુ વેશ્યાદિ કુસંસર્ગનો ત્યાગ ખરાબ ભાષાનો ત્યાગ, કાયિક બાહ્ય કુચેષ્ટાઓનો ત્યાગ વગેરે વગેરે અશુભ નિમિત્તોને ત્યજવાનુ ઉપદેશે છે (જે ત્યાગને આચરવાનુ કાનજીમતીને પણ કબૂલ કવુ જ પડે નહિતર માન કાયાથી પરસ્ત્રીના આલિંગનમા કાનજીમતે શો વાંધો ?) પણ કાનજીમતે એ નિમિત્તોની અસર નથી માટે મત જૈનમત નથી.

આનંદઘન કેરાનુ કહે છે જેમ શબ્દનય એ જૈનેતર મત છે, તેમ સમભિરૂઢ નય એ જૈનેતર છે જે બૌદ્ધ મત ? અનેકાંત દૈષ્ટિથી પર્યાય દૃષ્ટિ ઋજુસૂત્ર નયનુ કહે છે તેઓ અનેકાંત દૈષ્ટિથી આત્મા નિત્ય માને છે ત્યારે પણ છે એમાં પણ ક્ષણિક આત્મા અનેકાંત દૃષ્ટિ અને નયોના પર્યાય વગેરે ! એટલે કે અપેક્ષાનુસાર અનેકાંત દૃષ્ટિ અને પાપાદિક એ એવો ભૂલ છે ના ઉપરો એ જૈના રહેલું બૌદ્ધે કે આ વૈરાગ્ય ભાવ નયથી કહે છે અને એમના પક્ષે ના કે ઋજુસૂત્ર એ નયે તત્ત્વાર્થ કરેલું માત્ર ક્ષણિક નથી કહે તે વ્યવહાર મુકી નિશ્ચય આગળ ચૂ અનેકાંત મત, તે એમનેજ પક્ષ મા અને આત્મા ક્ષણિક માની ક્ષણિકને ઉત્પત્તિ ઠરતી કેમ ક્ષણિક વાદિક આત્મિક અનુભવ અર્થ નથી કહું કે આત્માને પર્યાય નો ઋજુસૂત્ર નયથી મુખ્ય કરતા શુદ્ધ પર્યાયાર્થિક બનાવ, પણ માત્ર એમાં ક્ષેત્રથી પ્રકૃતિ થાય તે પણ જૈના રહેવાનું છે એમાં શુદ્ધ ગુણને અનુસરીને પર્યાયદૃષ્ટિ આત્મ ગ્રહવાની વાત આવે અને એથી જ આવશ્યક શુદ્ધિ કે જૈનના અનેકાંતને શબ્દનયે ઉપયોગમાત્ર ક્ષણિક અને ક્ષણિકને તદ્ ઉપરાંત આદિના શુદ્ધ પર્યાયાર્થિક માનવાની જ જૈના પણ અશુદ્ધ પર્યાય દૂર કરી શુદ્ધ પર્યાય ગ્રહવાની દૃષ્ટિ આવે એટલે કે પર્યાયદૃષ્ટિ આવી ત્યાં ક્ષણિકમત ઓછો દ્રવ્ય દૃષ્ટિ ગૌણતામાં કહે એથી એ જૈનેતર મત છે જ

જૈનમતે આત્માની અવગતિ-

ઉન્નતિનો ઈતિહાસ

નિશ્ચય-વ્યવહારની મર્યાદાએ મોક્ષમાર્ગની સાધનાનુ સ્વરૂપ

પૂ. પ્રખર યાયાચાર્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ ની ઉપર શ્રી કાનજીએ કરેલા વ્યવહારમૂઢતાના આરોપની પોકળતા બતાવવાના પ્રસંગને પામીને અહીં સુધીમાં સમય-સાર-પ્રવચનસારાદિ ગ્રન્થ સોનગઢી આશ્રમની પ્રવૃત્તિઓ શ્રી કાનજીના ભાષણો અને એમના ભક્તોના ગુણગાન વગેરેના આધારે નવા નિશ્ચયપંથનુ ઠીક ઠીક આલોચન કર્યું સાથે સાથે પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી સર્વજ્ઞકથિત નિશ્ચય માર્ગનેય કેટલો બધો આવશ્યક માને છે તેમજ વ્યવહાર-શૂન્ય એવા નિશ્ચયમાર્ગને પકડનારની કેવી અજ્ઞાનદશા સૂચવે છે એ એઓશ્રીના વચનોથી જોયુ છેવટે શ્રી કાનજીમત એ કેમ જૈનમત નથી? એની લેશ વિચારણા કરી હવે પ્રાતે વાસ્તવિક જૈનમતે આત્માની અવગતિ-ઉન્નતિનો ઈતિહાસ કેવો છે, એમા નિશ્ચયવ્યવહારની મર્યાદા જાળવીને મોક્ષમાર્ગની સાધના કેવા સ્વરૂપે કરવાની કહી છે, એનો સંક્ષિપ્ત વિચાર કરવામા આવે છે.

આત્મામા કર્મ નહોતા તેમ મિથ્યાત્વાદિ નહોતા પણ પછી શરૂ થયા-એવુ માનવુ યુક્તિ યુક્તજ નથી,

અનાદિ ઘગ્માળના અત કેમ હોય —

૭ પ્ર૦-આ ઘગ્માળ જો અનાદિની છે, તો એનો અત ન થવાથી મોક્ષ પણ ન થાય ને ?

ઉ૦-ના અત થઈ શકે છે, ને મોક્ષ પણ બની શકે છે અત્યન પૂર્વના કર્મના લીધે મિથ્યાત્વાદિ જાગે છે ખરા, પરતુ એ મિથ્યાત્વાદિને કચરનારા સમ્યક્ત્વાદિ ગુણો છે. ત્યા જો આત્મા અવળા પુરુષાર્થને બદલે જાગ્રતિ સાથે સવળો પુરુષાર્થ કરે તો એ મિથ્યાત્વાદિની તેવી પ્રબળ અસર નથી રહેતી તેથી એના પરિણામે તેવા ગાઢ કર્મ બધાતા નથી પણ દુબળા કર્મ બધાય છે પાછા એ દુર્બળ કર્મ ઉદયમા આવે છે ત્યા પણ આત્માનો સમ્યક્ત્વાદિ માટેનો સવળો પુરુષાર્થ અને જાગ્રતિ એની અને મિથ્યાત્વાદિની અસર અત્યત નબળી પાડી દે છે એમ કરતાં કરતા મિથ્યાત્વાદિ નાશ પામે છે આત્માની જાગ્રતિ અને સત્ પુરુષાર્થમા એ તાકાત છે કે કેઈ કર્મોને અસર રહિત બનાવી દે છે, તેમ મિથ્યાત્વાદિ ભાવોનેય સાવ મદ કરી દે છે ક્રમે કરીને સત્ પુરુષાર્થ વધી જતા સર્વ મોહનો અને સર્વ કર્મનો અત આવી શકે છે તેથી મોક્ષ થઇ શકે છે મોક્ષ અસભવિત નથી પુરુષાર્થમા મિથ્યાત્વાદિ દોષોની વિરોધી શુભ ભાવનાઓ અને શુભ સ્થાનના સેવન સાથે સમ્યક્ત્વાદિ ગુણો માટેની

સ્વતન્ત્ર દ્રવ્ય સ્વતન્ત્ર દ્રવ્ય એને પર-ની કોઈજ અસર નહિ અસર નહિ ' આવુ આવુ ગોખાવી ગોખાવીને જુદાવામાં પાડી દે છે। કેમ જાણે પૂર્વોક્ત ચારે ગતિના ભ્રમણ વિવિધ દેહો અને એના ઉપરના બાપ દાદુ ઓ એ તો જડ પુદ્ગલ ઉપર, જીવને કોઇ લાગે-વળગે નહિ। તેથી એ સપનુ યાદ કવાની જરૂર જ નહિ।

જ્ઞાનજ્ઞમતની બીજી ભૂલ સંસારના કારણ — એટલુ જ નહિ પણ આગમ વર્ણિત જ્ઞાનજ્ઞમત કયા આપી બીત જને છે, એ જુઓ ખરી રીતે પૂરે કર્યુ તેમ જીવને સંસારની ચારેય ગતિમાં કેમ ભટકવુ પડ્યુ? કારણકે આહાર, ઇન્દ્રિયના વિષયો-રૂપ રસ ગંધ સ્પર્શ અને શબ્દના ચોક, ધનમાલ પર સ્થાન કુટુંબ કાયા જાતિ વગેરેના મમત્વ-પરિગ્રહ, નિ। આરામી -આ ચારની સંજ્ઞાઓમાં, એની જ લેશ્યા અને ભાવસાઓમાં જીવ ખુબ મહાલ્યો. એની પાછળ વળી ક્રોધાદિ ચાર કષાયની સંજ્ઞામાં રમ્યો. જ્ઞાનીના નહિ પણ લોકના ધોરણે ચાલવા રૂપ લોકસંજ્ઞામાં ધસ્યો દશમી ઓઘસંજ્ઞામાં તણાઇ એકેન્દ્રિય જેવી સ્થિતિમાંય ભલે વ્યક્ત હિંસા જૂઠ ચોરી વગેરે પાપ આચરવાનાં નહોતાં છતાં ન એ પાપોનો કોઇ તિરસ્કાર કે ન એની કોઇ વિરતિ (ત્યાગની પ્રતિજ્ઞા)। ચારે ગતિમાં એનુ। મન વિનાની સમ્મૂર્છિમ અવસ્થામાં બેભાન સ્થિતિમાં કે ભલા મને પણ શૂન્ય મનજ કે અન્ય લક્ષની સ્થિતિમાંય

ગાની અસર હોવી કેવળ જ. તરફ પ્રવર્ત્યો એનુ જ

ચાલુ રાખ્યુ એ દરેક સંજ્ઞા પાછળ મારામારી

કલહ, હિંસા જૂઠ-ફાંકાં અનીતિ અન્યાય ચોરી જુગાર અબ્રહ્મ-મૈથુનની કામચેષ્ટાઓ ધંધાધાપા વેપાર રોજગાર, આરંભ-સમારંભ વગેરે અનેકાનેક **પાપની પ્રવૃત્તિઓ** હિસાબ વિનાની આચરી અરે! પરિગ્રહ-વિષય-આહારાદિની સંજ્ઞાને વશ પડી દાન તપસ્યા વગેરે ધર્મક્રિયાઓ પણ કરી! યાવત્ ચારિત્ર પણ લાધું સાધુ બન્યો! કહો કેવો બહાદુર! કિંતુ એ દાન એ તપ એ ચારિત્રાદિ શા માટે? કાં સ્વર્ગના વૈષયિક સુખ લેવા કાં અહીંજ લક્ષ્મી ને માનપાન મેળવવા કાં સારા ભોજન વગેરેની સગવડ પ્રાપ્ત કરવા માટે!

અનંત અનંત કાળથી ચાલતી ૩ વત —(૧) અનંત અનંત કાળથી જીવને બસ **એકસરખી લગની કેવી?** ખાઉં ભેગું કરું રંગરાગ અને મોજ કરું આરામ કરું! એવી (૨) ત્યારે અનંત અનંત કાળથી જીવના લાગણીઓ **એ સરખી કેવી?** ગુસ્સાભરી અહંકારમય માયાવાળી અને લોભ લાલચની! સ્વાર્થ સાધવા દુન્યવી જાતે રોફભરી ને દુઃખી સગાં પ્રત્યે દીનતાભરી લાગણી! (૩) ત્યારે **એકધારી મન-વચન-કાયાની પ્રવૃત્તિ કેવી?** એકધાર્યા વિચારો શાના ચાલે? મનોરથો શાના? ગોઠ શાની? કહો આરંભ-સમારંભના હિંસાના અસત્યના ઉઠાવગીરીના, વિષય-ભોગના અનેક પાપયોજનાઓના તો અનંત અનંતકાળથી વાણીમાં એક સરખું શું ઉતરે? ત્યાગ તપસ્યા કે પચ્ચક્ખાણ? ના રે ના એજ આરંભ-સમારંભ અસત્ય અની[illegible] [illegible]પટ્ટીઓ, અને દુનિયાની ધંધાધાપા લક્ષ્મી વગેરેની

વાતોજ વાણીમાં ઉતરે છે પડી ગયાથી દોડધામ કોની તરફ હોય! એ આરંભ-સમારંભાદિની તરફ! આમ,

વગની લાગણીઓ, અને હીંચવાય બધીજ મલીન વૃત્તિઓ દુર્ગુણો અને દુષ્ટતાની ચાલી રહી છે અનંત અનંત કાળથી આજ સુધી એમજ બનતુ આવ્યુ છે તેથી જ પામર જીવન સંસારના ચોરાશી લાખના યોનિચક્રમા ભટકતુ પણ છે''

પણ કાનજીમતને આ કાંઈ કરવુ નથી નથી કનજી મતીને એ વાતુ રદ્દ તો લેવા નથી એ તો કહે છે કે 'કુર્વ ધર્મક્રિયાઓ કરી તપ-દાનાદિ પુણ્ય ક્રિયાઓ કરવી, તેથી જીવ સંસારમા રખડ્યા' કેવુ કાનજીનુ કારમુ અજ્ઞાન'! એ કહે છે કે "એક જીવ બીજાનું હિત કરે એમ માનવુ મિથ્યાત્વ છે! જીવથી પુદ્ગલ તાગ જીવ અસત્યભાષણની ક્રિયા કરે છ એમ માનવુ મિથ્યાત્વ છે! આરંભસમારંભાદિના નિમિત્ત જીવ જ કર્મ ઉપાર્જે ને તે કર્મો જીવ ભોગવે છે, એમ નિમિત્ત કારણે અને પરદ્રવ્યની અસર માનવી એ મિથ્યાત્વ છે! આવા આવા મિથ્યાત્વના લીધે જ મોક્ષ થયો નથી અને સંસારમા ભટકવુ પડે છે–' આવુ કાનજીમત કહે છે સંસારમા નરકગતિના ભ્રમણની કાર ભભૂત કયા પેલી આહાર વિષય પરિગ્રહ નિદ્રાની લગનીઓ, ક્રોધાદિની લાગણીઓ, ને હિંસાદિની હીંચવાય! અને ક્યા કાનજીમતે કલ્પેલી વ્રત તપદાનાદિ ધર્મક્રિયા પ્રત્યે અરૂચિની અને કલ્પિત મિથ્યા[illegible] પોકળ વાતો! કેવુ એમનુ જોરદાર મિથ્યાત્વ!

જ ~

આનુ પરિણામ એ આવે છે કે સસાર ભ્રમણના જે વાસ્તવિક કારણો છે એને ટાળવા-રોકવાનુ અને મોક્ષના સાચા ઉપાય સેવવાનુ કાનજીમતીઓને ઉત્તમ માનવભવમાય બાજુએ રહી જાય છે તેથી એમને સસાર ભ્રમણના કારણો સેવાયે જાય છે અને બીજી બાજુ પુણ્ય ક્રિયા નકામી પર-દ્રવ્ય કાંઈ કરતુ નથી નિમિત્ત કારણ નકામુ છે વગેરે વગેરે ભ્રમણાના પોપટ-પાઠમા જીવન વેડફાયે જાય છે! તો એમનુ ભાવી કેવુ થશે!! ખૂબી તો જુઓ કે,

કાનજીમતે આપત્તિ —(૧) કાનજીમતીઓ ખાટા મીઠા કે તીખા તમતમતા રસ ભર ભોજનો કર્યે જાય તો એ ભોજનક્રિયા તો જડની ક્રિયા છે એની કાંઇ અસર એમને આત્મા ઉપર માનવાની નથી તેથી એમા ઓછપ કરવાની શી જરૂર? તેમ ઓછપ કરનારી ક્રિયા જેવી કે તપસ્યા રસ ત્યાગ વગેરેની એમને ત્યાં શી યોજના? (૨) એમ એમના સિદ્ધાન્ત મુજબ લક્ષ્મી ઉપાજવાના નોકરી-વેપાર-વકીલાત ડાકટરી વગેરે ઉપાયોની કારવાહીને આત્મા શુદ્ધાશુદ્ધ ભાવો સાથે કાંઇ લાગતુ-વળગતુ નથી તેથી પરિગ્રહની એ કાર્યવાહી ઓછી કરવાની કે મમતા કાપનારી દાનાદિ ક્રિયાની એમને શી જરૂર? (૩) અરે! આગળ વધીને વિચારીએ તો એમનો નિમિત્તની નપુસકતાનો સિદ્ધાન્ત એમનો-જડક્રિયાની ચેતનાના ગુણદોષ ઉપર કોઇ અસર નહિ-એવો સિદ્ધાન્ત એમને મૈથુનની ક્રિયાય ઓછી કરવાનુ શા માટે કહે? કેમકે કામ-પાત્રના ગમે તેવા અગ-ચૂથણ એ તો જડ શરીરની ક્રિયા છે ... પર એવા આત્મ-દ્રવ્યના રાગ વાસનાદિ

ઉપર એમના મતે કોઇ અસર નથી ! તેથી એમને એવે એકાન્ત કરવાની જરૂર નથી ! ઓછા તો સામાયિક કરવાનું ! — ક્રિયાને નહિ ! વળી એ જડીય ક્રિયાએ તે તે આત્માના પ્રદેશોથી ભિન્ન પ્રદેશે કામ કરે છે . એથી એ કાર્ય આત્માના વાસના-કામચાદિ અશુદ્ધ કરતી અર્થે જ એવું નથી. એ તો કે વાસનાદિ વિના પણ મળી શકે અને એમાં વાધો શો ! આ મત જ મુદ્દ છે, શરીર કામ મુદ્દ છે, તેથી આત્માના શમ ક્રિયાઓની અસર નથી ક્રિયા ઉપર હોય જ નહિ. એટલેજ સામાયિક તો કહે કે ન કે જ. શરીરની એ કામ-ચેષ્ટાઓ જ તો કરવાની શી જરૂર ! આત્માને કાંઇક અસમર્થ અને માત્ર ચાર સુધા પાણીનું એમના મતે કોઇ રૂપ યદિ તો પછી એનું વ પરાન શા માટે ! આમ કાન્જીમતે આહાર-વિષય-પરિગ્રહની ત્યાગ ઓછી કરવાનું કે તપસ્યા-શીલ-દાનની ક્રિયાના આચરણનું આ માને ઉપયોગી નથી તેથી જ એમાં કોઇ ધર્મ નથી એકાન્ત (૬) એના મતે 'અંતરાત્માની શુદ્ધિ કરો સામાદિ ક્રિયાઓ ફેંકો, આત્માના શુદ્ધ વીતરાગી સ્વરૂપને ઓળખી સર્વજ્ઞ ભગવત દેવાધિદેવ પરમ આ કે સદ્‌ગુરુ જીવ પણ શરણાગત ન બનો ' આવા આવા દોષ પ્રવચનમાં કાન્જીમતીનું મહામૃષા આનંદ જીવન વેડફાય છે (૫) નથી એને શત્રુંજયાદિ મહાતીર્થોની, કે શ્રી આદીશ્વરદાદા વગેરેના અદ્‌ભુત જિનોની ભક્તિ ઉપાસના કરવાની કે (૬) નથી એને આચાર્યો ઉપાધ્યાયો અને મુનિમહર્ષિઓની સેવા શુશ્રૂષા કરવાની. ઇત્યાદિ. (૭) એને તો અહો ! આ પાપાણુ અને આ પાપક્રિયાઓ

નરવાનુ અજ્ઞાન ઠીક ચાલી પડયુ છે! એમ મશ્કરી કરી એની ઉપાસના કરતા હોય તો તેને મૂકી દેવાની છે, અને અમપાત્ર રસમય આહાર વિષયો, પરિગ્રહ અને આરભ-સમારભની ઉપાસના કર્યે જવાની છે! (૮) કાનજીમતીને આ બધા આહાર-વિષયાદિથી જરાય ડરવાનુ નથી એ એક મહાન આશ્ચર્ય છે! એને તો ડરવાનુ છે ધમ ક્રિયાઓથી! ત્યાગ તપસ્યાથી! દાનશીલથી! વ્રતપચ્ચક્ખાણોથી! માતેલા વિષયાદિથી ડરવાનુ છે! રખેને એ બધાથી ભવવૃદ્ધિ ન થાય!" વાહ! કેટલુ ભયાનક અજ્ઞાનના ત! કેટલી મ મી ગાઢ મિથ્યા ત્વની રીમામણ! કેવા ભય કર ભવભ્રમણની વૃદ્ધિના કારસ્તાન!

બે પ્રવેશ વ્યવહારરાશિ અને ચરમાવર્ત —હવે આપણે એ જોઈએ કે વસ્તુગત્યા આત્મા કેવી રીતે ઉચે આવે ? જૈન સિદ્ધાન્ત કહે છે ? **સંસારમા બે પ્રવેશ અતિ મુશ્કેલીભર્યા છે**

(૧) એક તો અનાદિ કાળથી ચાલી આવતી એકધારી જે નિગોદપણેજ જ મરા-મરવાની સ્થિતિ નામની અવ્યવહારરાશિ, એમાથી બહાર નીકળી પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય વિકલેન્દ્રિય, ને પચેન્દ્રિયપણાની વ્યવહાર રાશિમાં પ્રવેશ કરવાનુ મળે એ અતિ મુશ્કેલ છે

(૨) બીજો પ્રવેશ અચરમાવર્તકાળમાથી "ચરમાવર્ત"-કાળમા પેસવાનુ મળે તે કઠીન છે

ચરમાવર્તકાળ એટલે? —પહેલો પ્રવેશ હજી અભવ્ય જીવને પણ મળી જાય છે, પણ બીજો પ્રવેશ તો

અભવ્યને મળતો જ નથી કેમકે ચરમાવર્ત કાળ એટલે મોક્ષે જવાના સમય પૂર્વનો એક પુદ્ગલ પરાવર્તનો કાળ ચરમાવર્તનો અર્થ સંસાર-કાળનો છેલ્લો પુદ્ગલપરાવર્ત કાળ અભવ્ય જીવનો તો કદીય મોક્ષ જ થવાનો નથી એટલે અભવ્યનો સંસારકાળ સદા ચાલવાનો હોઇ એનો અંતજ આવવાનો નહિ હોવાથી એના સંસાર કાળનો કોઇ પુદ્ગલ પરાવર્તમાં છેલ્લો છે જ નહિ ભવ્ય જીવને મોક્ષ થાય છે તેથી એ થવા પૂર્વેનો જે સાંસારિક છે તે પુદ્ગલ પરાવર્તકાળ, એને ચરમાવર્તકાળ (ચરમ=છેલ્લો આવર્ત=પુદ્ગલપરાવર્ત) કહે વાય છે એની પૂર્વના એના બધા પુદ્ગલ-પરાવર્તો એ અચરમાવર્તો છે એ વટાવીને અંતિમ પરાવર્તમાં પ્રવેશ કરવાનું પણ મોઘેરૂ છે કેમકે એ પોતાના હાથની અર્થાત્ ઉદ્યમની વસ્તુ નથી. એ તો કાળની વસ્તુ છે પૂર્વનો એટલો અનંત અનંતો કાળ વીતે પછી જ તો આવર્ત આવીને ઉભો રહે છે ચરમાવર્તની પૂર્વ ના અચરમાવર્ત કાળમાં આપણે અનંતા પુદ્ગલપરાવર્તો દુઃખમાં રીબાતા વેઠી આવ્યા છીએ એ ખાસ યાદ રહે

અચરમાવર્તમાં ધર્મક્રિયા! —અચરમાવર્ત કાળમાં જીવની દશા પૂર્વે કહ્યું તેમ આહારાદિ સંજ્ઞાઓમાં એકાકારતાની હોય જીવની દૃષ્ટિ કેવળ સંસારની હોય છે;

કઇ ભૂખના કારણે? નહિ કે કાનજીમત કહે છે તેમ ધર્મ ક્રિયા કરવાની ભૂખના કારણે, નહિ કે પુણ્યના માર્ગે આરાધવાની ભૂખના માર્ગ નહિ કે નિશ્ચયધર્મ વિસરીને વ્યવહાર-ધર્મની રસિકતા-નિમિત્તની પ્રધાનદૃષ્ટિ-પરદ્રવ્યની અસર કારતાની માન્યતા વગેરે ભૂખના કારણે કિન્તુ ભૂલ એ છે કે સ્વપ્ને પણ મોક્ષ જેવી વસ્તુ છે એનો ખ્યાલ નહિ! ભૂખે ચૂકે પણ મોક્ષ પામવાની ઇચ્છા જ નહિ! બલ્કે મોક્ષ પ્રત્યે દ્વેષ છે ધ્યાન માત્ર પૌદ્ગલિક સુખો અને પાદ્ગલિક ઉન્નતિ કમાવાની! એથીજ એના લક્ષ્ય પાછળ ક્રોધ-લોભાદિ કુત્સિત કષાયોના સેવન કરે છે અને કષાયો એટલે જ ભાવ-સસાર કષાયો એટલે સંસારના મુખ્ય કારણો મોક્ષ-દૃષ્ટિના અભાવે, જીવ ધર્મક્રિયાઓ કરતો હોય ત્યાં કે ન કરતો હોય ત્યારે પણ એજ પૌદ્ગલિક દૃષ્ટિ પાછળ વિષયાદિ સંજ્ઞાઓ, કષાયની લાગણીઓ અને હિંસાદિ પાપા-ચરણો તથા ગાઢ મિથ્યાત્વના લીધેજ સંસારમાં ભટકે છે.

મોક્ષદૃષ્ટિ ચરમાવર્તમાં જ—એવો એ અચરમાવર્ત કાળ પૂરો કરીને જીવ જ્યારે ચરમાવર્ત કાળમાં એટલે કે છેલ્લા પુદ્ગલ પરાવર્ત કાળમાં પ્રવેશ કરે છે ત્યારે એનામાં હવે મોક્ષદૃષ્ટિ જાગવાની શક્યતા ઊભી થાય છે લાયકાત આવી શકે છે પરંતુ અહીં પણ એવું નથી કે ચરમાવર્તમાં પ્રવેશે કે તરત બધાને મોક્ષદૃષ્ટિ જાગેજ કોઇને જાગે પણ ખરી અને કોઇને ન પણ જાગે તે ચરમાવર્તનો કેટલોય કાળ પસાર કર્યો પછીય જાગે યાવત્ ચરમાવર્તના છેડે પણ

જાગે! પણ નિયમ એવો છે કે એક પુદ્ગલ પરાવર્તથી અધિક કાળ બાકી હોય ત્યાં સુધી તો મોક્ષદૃષ્ટિ જાગે જ નહિ બીજા શબ્દમાં કહીએ તો **મોક્ષની દૃષ્ટિ જાગ્યા પછી માત્ર એક પુદ્ગલ પરાવર્તની અંદર જરૂર મોક્ષ મળે** એનો અર્થ એવો નથી કે દરેકને એટલો કાળ કરવો પડે એ તો વધારેમા વધારે કાળ થાય તો કેટલો થાય એનું માપ છે બાકી તો મોક્ષદૃષ્ટિ જાગ્યા પછી નહેનોય મોક્ષ થાય છે

ચરમાવર્તમા ઉદ્યમની મુખ્યતા—અચરમાવર્ત કાળમા ધર્મની સામગ્રી મળે ખરી પણ ધર્મનો ઉદ્યમ કરવાની લાયકાત જ જીવમા નથી હોતી ચરમાવર્તમા એ લાયકાત આવે છે તેથી પુણ્યના યોગે ધર્મસામગ્રી મળી જાય અને જીવ જો સત્પુરુષાર્થ આદરે ધર્મઉદ્યમ કરે, તો મોક્ષદૃષ્ટિ જાગે છે તેથી એ મોક્ષમાર્ગની આરાધનામા કે મોક્ષમાર્ગના સાધનની આરાધનામા લાગી જાય છે શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના ધર્મ-શાસનના આલબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી મોક્ષમાર્ગ મળે છે અથવા ઇતર અવીતરાગ અસર્વજ્ઞ ધર્મ સ્થાપકના શાસનને પામીને મોક્ષમાર્ગના સાધનભૂત મોક્ષરુચિ, વિષય-વિરાગ શમ દમ તિતિક્ષાદિ કોઇ ગુણની સાધના મળી શકે છે ગમે તે, પણ ચરમાવર્તમાં સત્ ઉદ્યમ પુરુષાર્થ ઉપર મોટો આધાર છે

સત્પુરુષાર્થનું પહેલું કર્તવ્ય—સદ્ગુરુનો સયોગ કે ધર્મના બીજા કોઇ નિમિત્ત મળ-

વાનો પુણ્યોદય જાગે ત્યારે આત્માએ મોક્ષની રુચિ જગાવી લેવાનો પુરુષાર્થ પહેલા કરવાનો આ મોક્ષની રુચિ મોક્ષની ભક્તિ થવાનું કાર્ય બન્યું પછી તેઓ એ માટે આખા સંસાર ઉપર ઉપર દ્વેષ જગવે જોઈએ હાલતાં ચાલતાં પણ જોઈએ આ સંસાર ઉપરને દ્વેષ નક્કી થયો જોઈએ આખા સંસારમાંનો દેવતાઈ સુખો કે મોટા રાજ-રાજેશ્વરના સુખ પણ આવે એના ઉપરેય ભારે કંટાળો અને અભાવ જાગવો જોઈએ તો મોક્ષ ખરેખર ગમે એ ક્યારે બને? કે, આ શું સુખભર્યો કે શું દુઃખભર્યો, સમસ્ત પ્રકારનો સંસાર નિર્ગુણ-નિસ્સાર લાગે! અપકારક અને વિશ્વાસઘાતી લાગે! તો જ એના પર અભાવ થઈ જાય અને તો જ એની પ્રતિપક્ષી મોક્ષઅવસ્થા ઉપર પ્રીતિ જાગે

સંસાર કેવો ભય કર' —'પૌદ્ગલિક સુખ દુઃખભર્યો સંસાર નિર્ગુણ છે, ગુણરહિત છે, અત્યંત અસાર એવી જડમાયાથી ભરેલો છે એનાથી આત્માને કોઈ લાભ નથી, કોઈ ઉપકાર નથી. એટલું જ નહિ પણ ઉપરથી એ આત્માને નુકસાન કરનારો છે, એની અનંત જ્ઞાનસુખાદિ સમૃદ્ધિ અને સ્વતંત્રતાને

દબાવનારો છે તે પણ, આત્મા એની પાછળ મરી ફીટે છતા એ તો અંતે આત્માને દુર્ગતિના દુઃખની ઘંટીમા ઘાલી પીલનારો-પીસનારો હોઇ, ઉપકાર ઉપર અપકાર કરનારો છે! અરે એટલુ જ નહિ કિંતુ આત્માને વિશ્વાસમાં રાખીને અનેકાનેક પ્રસંગમા એનો એકાએક દ્રોહ કરનારો છે! સંસારના એવા કેટલાય સંયોગો બને છે કે જે જીવને પૂર્ણ વિશ્વાસ આપીને વિશ્વાસનો અકાળે કારમો ઘાત કરે છે! (દા. ત. પુત્ર પચીસ વરસની ઉંમરનો બરાબર તૈયાર થયો, બાપને હવે એની પૂર્ણ આશા છે કે એ સેવા કરશે ત્યા તો સંસારની વિચિત્રતા એ પુત્રને મોત આપીને ઉપાડી લે છે!') '

મોક્ષરુચિની ભાવના આવશ્યકતા.—આવું આવું સંસારની અસારતા નિર્ગુણતા અપકારકતા વિશ્વાસઘાતકતાનું જીવને સચોટ ભાન થઈ જવાથી સંસાર ઉપર તિરસ્કાર છૂટે છે હાડોહાડ અરુચિ પ્રગટે છે જીવ પોતે તેમા મોહ્યો છે, એમા પોતાની મૂર્ખશેખરતા ભાસે છે! એમા ફસાયો છે તે બદલ પોતાની પામરતા લાગે છે! હવે એને એમ થાય છે કે પોતે ક્યારે એમાંથી છૂટે! ક્યારે સંસારની બેડીઓ તૂટી જાય જ્યાં જન્મ-મરણ નહિ, દેહ નહિ દુઃખ નહિ પુદ્ગલ નહિ પરાધીનતા નહિ, એવા મોક્ષનાં સામ્રાજ્ય મળે! એમ મોક્ષના મીઠાં સ્વપ્ન આવે

છે, મોક્ષ ઉપર હાર્દિક રુચિ જાગે છે અથવા આ માટે મોક્ષની પ્રશંસા ખુબજ ઉપયોગી બને છે. **આ મોક્ષદૃષ્ટિ અને મોક્ષરુચિ જો જાગી તો એમાં સાચી નિશ્ચયસાધનાનો અંશ છે.** ત્યારે કાનજીમતીઓ જે કહે છે, એમાં સાધનનું નામ-નિશાન નથી માત્ર વાતો અને અસમંજિત કલ્પનાઓ છે બાજુ બાકી આ મોક્ષદૃષ્ટિ-મોક્ષરુચિની પદ્ધતિ આચરવાના છે. કેમકે એ હોય તો બીજી ધર્મસાધનાઓ આત્માની પ્રગતિકારક બને છે આત્માને મોક્ષ તરફ આગળની નજીક નજીક થતા જાય છે નહિતર તો જેમ પૂર્વે નવ ગ્રૈવેયકમાંય મોક્ષરુચિ-મોક્ષદૃષ્ટિ વિનાની સાધિક આચારસારણી ધર્મ ક્રિયાઓ તો જીવની અનાદિની વિષયાદિ સંજ્ઞાઓ અને કષાય રૂપી દુશ્મનોને પોષે છે તે જીવને ક્યાંથી ઉંચે લાવી શકે! માટે જ મોક્ષદૃષ્ટિ અતિ જરૂરી છે અથવા મોક્ષદૃષ્ટિ જગાવવાના હેતુથી કરેલી મોક્ષપ્રશંસા સફળ બને છે

મોક્ષદૃષ્ટિ જગાડનારી-ટકાવનારી સાધના — ઘર ભારતનું કાળમાં આવેલા એવા ઘણા જીવો છે કે જેને મોક્ષ દૃષ્ટિ જાગી હોતી નથી. પરંતુ એ કોઈ આર્ય દર્શન (ધર્મ-પંથ)ના સંત સાધુ કે શ્રાવક પણ જાણકારના સંસર્ગમાં આવે છે એનો મોક્ષ-ઉપદેશ સાંભળે છે ત્યારે એ સાંભળનારને એની આંખ ઉંચી થઈ જાય છે પોતે આજ સુધી જાણેલો એનું લાગે છે એમના કહેવા મુજબ મોક્ષની પ્રશંસા સાંભળે છે આ ઉપદેશનું આલંબન સાચું છે એ વસ્તુ સહે? પણ જાણે છે અને સકારણ પણ બને છે જીવ પોતે કોઈ દુઃખમાં

આવી પડયો, અને ત્યાં હિતોપદેશ સાંભળવા મળી જાય તો એને એની અસર થઇ જાય છે કદાચ વૈરાગ્યજનક પુસ્તક-વાચનથી કે અનિત્યભાવના અશરણભાવના વગેરે ભાવના વિચારવાથી અથવા પોતાના કે બીજાના જીવનમાં કોઇ આકસ્મિક સાંસારિક વિકરાળ ઘટના જોઇને પણ સસાર ઉપર વૈરાગ્ય અને મોક્ષ ઉપર રુચિ જાગે છે આમ, મોક્ષરુચિ જમાવવા માટે સસારની વિચિત્રતાઓ પર ઉંડા ચિંતન અનિત્યાદિ ભાવના હિતોપદેશશ્રવણ, વૈરાગ્યગ્રંથોનુ વાંચન તથા યોગની પૂર્વસેવા વગેરે સાધન છે મોક્ષરુચિ જાગ્યા પછી પણ એને ટકાવી રાખવા માટેય આમ ઝ કહેવાશે તે સાધનો સેવવાની જરૂર છે નહિતર તો સસારના પ્રલોભક સયોગો મનને ફેરવી નાખતા વાર નથી લગાડતા એ સાધનામા યોગની પૂર્વસેવાની સાધના ઉપરાંત યમ નિયમ, વ્રત પ્રતિજ્ઞાઓ વગેરે આદરવા સારા લાભકારી નીવડે છે ત્યાં પૌદ્ગલિક આશસા અને મિથ્યા અભિનિવેશન જોઇએ શકય પ્રમાણમાં એ આ રવાથી એ લાભ થાય કે જીવ પરાપૂર્વની આહારાદિ સજ્ઞાની લગની, ક્રોધ લોભાદિની અશુભ લાગણી અને હિસાદિની અસત્ પ્રવૃત્તિઓમાં એવો ન ફસાય કે જે મોક્ષદષ્ટિજ ચૂકાવી નાખે અહી કાનજીમતનુ અક્રિય જ્ઞાયકભાવનુ સાવ સ ચાને એવુ નથી

કોઇ પણ આર્યધર્મમા — મોક્ષરુચિની સાધનાની આ વસ્તુ ગમે તે આર્યધર્મના પ્રથમાં આવવાથી શકય બને છે કેમકે આર્યધર્મ અલગ આત્મતત્ત્વના હિમાયતી છે એના પ્રણેતાઓ પોતપોતાના સમજ મુજબ મોક્ષનુ સ્વરૂપ

૩. ઉચિત સઘળું કરે

એટલે કે, અપુનર્બંધક દશામાં ચઢતું હોય એણે આ લક્ષણો જીવનમાં ઉતારવા જોઈએ આ પણ બીજી ઉન્નતિની ચાવી બતાવી ઉન્નતિ કાળના પ્રારંભિક જીવનમાં કાંઈ પાપ કાર્ય સર્વથા છૂટી નહિ જાય પરંતુ અહીં કર્તવ્ય એ છે કે ક્રમમાં ક્રમ પાપકાર્ય કરતી વખતે હું યને તીવ્રભાવ-ઉગ્રતા વાળું ન કરવું, કિન્તુ અરે ! હયા આ કરવું પડયું ! શું થશે મારૂં ?" એમ કોમળ ને ડરતું રાખવું પાપના ડખવાળું, પાપના પશ્ચાત્તાપવાળું રાખવું આનો અર્થ એ કે બને એ-ટલા બહારના મોટા પાપ કાર્ય છોડ, ને ન છૂટે એવા નાના મોટા પાપમાર્ગમાં પોતાના જ આત્માનું બહુ બગડી રહ્યું છે, એનો ભય રાખે આ વસ્તુ પણ કાનજીમતને અનુકૂલ નહિ કેમકે એ મતમાં તો બહારની ક્રિયાને આત્મા સાથે સબંધ નથી પાપભયાદિ લાગણીઓ નકામી છે તેમજ બધું નિયત થયા મુજબ બનાજ કરે છે, ત્યાં પાપનો પશ્ચાત્તાપ કરવો નકામો છે ત્યારે બીજું લક્ષણ જે સંસારને ઘોર ભયાનક માની એના પર બહુમાન ન ધરવું,' તેમાં સંસાર એટલે બાહ્ય પૌદ્‌ગલિક અનુકૂળ સંયોગો મોહાધ સ્નેહી સંબંધીઓ, બાહ્ય આહાર-વિષય-પરિગ્રહ-કીર્તિ વગેરે એના પ્રત્યે હૈયાનો સદ્-ભાવ નહિ કેમકે એ બધું-આત્માને-મોહ કરાવી, કષાયોમાં રમાડી કર્મના બંધનથી બાંધીને દુર્ગતિની કેદમાં પુરી દે છે-એવું આ અપુનબંધક જીવ સમજતો હોય છે પણ કાનજીમતીથી આવું સમજી શકાય એમ નથી કેમકે એમના કોરા નિશ્ચયના અને દ્રવ્ય સ્વતંત્રતાના સિદ્ધાંતથી વિરુદ્ધ થાય!

ત્યારે ત્રીજુ લક્ષણ પણ એમને [illegible]
જે બાહ્ય સવણ ઉચિત કર્તવ્ય [illegible]
રની ક્રિયા હોવાથી એમના [illegible]
પછી શી જરૂર એની?

યોગની પૂર્વ સેવા —

પણ ખરી રીતે અનાદિ [illegible]
ભમી રહેલો જીવ સહજ[illegible]
લક્ષણો જીવનમા (આચરણ) [illegible]
મોક્ષરુચિ જગાડવા માટે [illegible]
પૂર્વસેવા કહેવાય એ પણ [illegible]
વાળા ભોગાદિસુખ નિમિત્ત [illegible]
ઉપદેશે છે પણ તે તો [illegible]
અહીં નથી લેવાની. અહિ [illegible]
આદરવાની છે 'યોગની પૂર્વ [illegible]
ભૂમિકાની સાધના એટલે [illegible]
યોગી બનાવનાર માર્ગ' [illegible]
સમતા અને વૃત્તિ [illegible]
સમ્યગ્દર્શન-જ્ઞાન [illegible]
ભૂમિકામાં જે સાધના [illegible] યોગની [illegible]
કહેવાય છે આ પૂર્વ [illegible]
કામ ભોગાદિસુખની [illegible]
અચરમાવર્ત કાળમાં [illegible] તપ
સમજવાની છે [illegible] પણ [illegible]
સુખ, માનપાનાદિ [illegible] જનમાં

સમૂર્છિમની જેમ પણ આ સમજાવવાની નથી પરંતુ નિરાશસભાવે શુદ્ધ હૃદયથી કરવાની છે તેથી જ આ ચરમાવર્ત કાળમાંજ મળે છે આના ચાર પ્રકાર શાસ્ત્રકારોએ કહ્યા છે-૧ ગુરુ-દેવાદિ-પૂજન, ૨ સદાચાર, ૩. તપ, અને ૪ મુક્તિ પ્રત્યે દ્વેષનો અભાવ

૧. ગુરુદેવાદિપૂજન :—

ગુરુપૂજનમા 'ગુરુ' શબ્દથી માતા પિતા, કલાચાર્ય, એમના સબધી વૃદ્ધો અને ધર્મોપદેશક ગુરુઓ લેવાય છે એમને ત્રિકાળ નમસ્કાર કરવા એમની વિનય-મર્યાદા સાચવવી, અવસરે એમનુ નામ ન લેવુ એમની નિંદા સાંભળવી પણ નહિ સારા સારા વસ્ત્રાદિથી એમની ભક્તિ કરવી ધર્મકાર્યમાં એમને જોડવા ધર્મદેશક ગુરુને ધર્મસામગ્રી દેવી એ ગુરુઓને અનિષ્ટ હોય તે ત્યજવુ ઇષ્ટ આદરવુ એમના આસનાદિ આપણે ન વાપરવા વગેરે ગુરુપૂજનમા આવે છે ત્યારે, દેવપૂજનમા જ્યાં સુધી કોઇમાં ખાસ વિશેષ દેવપણુ નિશ્ચિત ન થાય ત્યાંસુધી આગ્રહ રહિત 'ચારિસંજીવની' ન્યાયથી સર્વદેવોને પૂજવામા આવે છે તે પુષ્પો ધાન્ય બળી વસ્ત્ર વગેરેથી અને સુંદર સ્તોત્રો તથા શ્રદ્ધા અને પવિત્ર મનથી પૂજાય છે મન પવિત્ર બનાવવા ઇન્દ્રિયો અને ક્રોધાદિ કષાયો ઉપર અંકુશ મૂકવો પડે છે જ્યાં સર્વજ્ઞ વીતરાગ અર્હંત દેવની સમજ પડે છે ત્યાં પછી એમનેજ વિશેષ રૂપે પૂજે છે, પણ સાથે બીજા દેવોનો તિરસ્કાર નથી કરતો ગુરુદેવા-[illegible] મા આદિ' શબ્દથી દીનાદિવર્ગને દાન' લેવાનુ છે તે

દાન પણ પોતાને અને પોતાના પોષ્યવર્ગને વાધો ન આવે એ રીતે કરાય છે એમા પોતપોતાના સિદ્ધાન્તાનુસારી વ્રત ધારી ત્યાગી સાધુઓ દીનદુખી અંધ રોગી વગેરેને દાન કરવાનુ હોય છે કેમકે "ધર્મસ્યાદિપદં દાનં"=ધર્મનું પહેલુ પગથીયુ દાન છે

૨. સદાચાર —

યોગપૂર્વસેવાના બીજા પ્રકાર સદાચારમાં આ આ ગણાય છે—લોકનિંદાનો ભય દીનઅનાથનો ઉદ્ધાર કૃતજ્ઞતા સુ-દાક્ષિણ્ય ખીલવવા કોઈની પણ નિંદા ન કરવી સાધુપુરુષોની પ્રશંસા કરવી આપત્તિકાળે દીન-ગરીબડા ન બનતાં ધીર બનવુ સંપત્તિમાં નમ્રતા રાખવી અવસરેજ બોલવુ, તે પણ અવસરને યોગ્ય અને પરિમિત શબ્દોમા બોલવુ બોલેલુ પાળવુ પ્રતિજ્ઞાઓ સાચવવી આર્ય કુળધર્મોનુ અનુસરણ કરવુ ખોટા ખર્ચ ન કરવા યોગ્ય સ્થાને જરૂર ખર્ચવુ, મુખ્ય કાર્ય સાથે મતલબ રાખવી પ્રમાદ ન સેવવો, લોકાચારને ન લઘવા સર્વત્ર ઔચિત્ય જાળવવુ, પ્રાણ જતા પણ નિંદ્ય પ્રવૃત્તિ ન કરવી—ઇત્યાદિ બધા સદાચાર યોગપૂર્વસેવામા ગણાય છે

૩ તપ .—

વળી ત્રીજુ, પાપનો નાશ કરવા માટે યથાશક્તિ તપ આચરવામાં આવે છે તપ અનેક પ્રકારના હોય છે દા ત. ચાન્દ્રાયણ તપ એટલે કે શુક્લપક્ષમાં એકેકો ગાળો ભોજનમાં

વધારતા જાય અને કૃષ્ણપક્ષમાં એકેક ઘટાડતા જાય યાવત્ અમાવાસ્યાને દિવસ તદ્દન ભોજન બંધ હોય એવી રીતે બીજા પણ કૃચ્છ તપ, અતિકૃચ્છ તપ, મૃત્યુંજય-જપ સહિત મૃત્યુઘ્ન તપ, તે તે પાપોના નાશક વિવિધ પાપસૂદન તપો. આ બધા તપ પણ પૂર્વસેવામાં આવશ્યક છે.

૪ મુક્તિ વગેરે પ્રત્યે દ્વેષનો અભાવ —

યોગની પૂર્વસેવામાં ચોથું એ કરવાનું છે કે મોક્ષ એના સાધન અને સાધક પ્રત્યેનો દ્વેષ દૂર કરી દેવો. જોઈએ મોક્ષ પ્રત્યે હજુ અનુરાગ કદાચ ન પ્રગટ્યો હોય એ બને, કિન્તુ અરુચિ તો ન જ જોઈએ. ભવાભિનંદી એટલે કે સંસારને જ બહુમાનનારો જીવ મોક્ષ, મોક્ષના સાધન અને એના સાધકો પ્રત્યે અજ્ઞાનતાવશ દ્વેષ કરનારો હોય છે. મૂઢ જીવોના સંબંધમાં પણ એવા અસત્પ્રલાપ આવે છે કે બીજા [illegible]ની શૂન્ય મુક્તિ કરતાં વૃન્દાવનમાં શિયાળ થવું સારું ઇત્યાદિ. એથી જ ચરમાવર્તમાં આવેલા તે અન્ય જીવોને ધન્ય છે કે જેમણે સંસારના મુખ્ય બીજભૂત સંસારનું બહુમાન ત્યજ્યું છે, અને મોક્ષ, મોક્ષના ઉપાયો અને મોક્ષમાર્ગને આરાધનાર પ્રત્યેનો ખાર અરુચિ છોડ્યો; કલ્યાણભાગી બન્યા છે.

આ ચારે પ્રકારની યોગપૂર્વસેવા મોક્ષપ્રાપ્તિને જગાવી દેનારી છે. પરંતુ કદાગ્રહમતીને તો જ્યાં બધી ક્રિયાને ઉપયોગી માનવામાં મિથ્યાત્વ લાગી જતું હોય ત્યાં મહાધર્મ સર્વવિરતિ, દેશવિરતિ કે સમ્યગ્દર્શન તો [illegible]. પણ યોગપૂર્વસેવાની ભૂમિકામાંય આવવાનું શી બને? બાકી સંસારના ઉંડા કૂવામાંથી

જીવો ઉંચે આવે છે તે પ્રાય આ રીતે પૂર્વસેવા દ્વારા આવે છે

યોગબીજ સગ્રહ—એટલુ જ નહિ પણ આત્માની ઉન્નતિ સાધવા માટે જેને 'યોગના બીજ' કહેવાય એનો સગ્રહ કરવો જરૂરી રહે છે યોગનાં બીજ આ પ્રમાણે છે — (૧) જિન કહેતા રાગદ્વેષ આદિ સર્વદોષરહિત વીતરાગ પરમાત્માને વિષે કુશળ ચિત્ત વારવાર શુભ ચિંતનથી મન પરોવવુ. ચિત્તની કુશળતા માટે દુન્યવી સુખની આશસાનો ત્યાગ અનો આહારાદિ દશ સજ્ઞાઓનો નિરોધ આવશ્યક છે (૨) જિનને નમસ્કાર જિનનુ પૂજન-ભકિત વગેરે, (૩) આચાર્યાદિનો વિનય પૂજન વૈયાવચ્ચ સેવા-શુશ્રૂષા (૪) સ્વાભાવિક એવો સસાર પ્રત્યે ઉદ્વેગ, (૫) અનેક પ્રકારના ઇન્દ્રિય-મનને કબજે કરનારા નિયમો અભિગ્રહો પ્રતિજ્ઞાઓ (૬) ધર્મશાસ્ત્રના લેખન પૂજન, વાચન વાચનામાં સહાય વગેરે આમાંય મોટે ભાગે શુ છે? બાહ્ય શરીરની ક્રિયા પરદ્રવ્યોનુ આલબન, નિમિત્તનુ સેવન વગેરે કે જે કાનજીમતને આત્માની ઉન્નતિમાં જરાય ઉપયોગી નથી કેવુ આશ્ચર્ય જૈન તો શુ પણ આર્ય-કોટિમા ન આવી શકે એવો આ કાનજીમત !!

ભવાભિનદિતાત્યાગ—એટલુ જ નહિ, પણ એની સાથે જુઓ કે આત્મા સજ્ઞા કપાયો, અને પાપાચરણના કારમા વ્યસનમાથી ઉંચે આવવા શુ શુ કરે છે આત્માને મોક્ષદૃષ્ટિ જાગે છે ત્યાં ભવાભિનંદિપણાનો અત આવે છે. ભવાભિનંદિપણુ એટલે સસાર ઉપર બહુમાન સાથે સસારની રસિકતા એની પાછળ જીવ હત્યની ક્ષુદ્રતા, લોભમા લપટતા,

યોગના અંગ યમનિયમાદિ —મોહદૃષ્ટિ ભગાડીને જ્યારે જીવ અનાદિની ઓઘદૃષ્ટિના અંધકારને ટાળી યોગદૃષ્ટિનો પ્રકાશ પ્રાપ્ત કરે છે ત્યારે તે પરમાત્મા બનવા સુધીમાં આઠ આઠ પગથીએ યોગના અંગ તત્ત્વસન્મુખતા અને માનસિક દોષત્યાગ સધાય છે યમ-નિયમ-આસન વગેરે આઠ યોગાંગના પગથીઆ છે, અદ્વેષ-જિજ્ઞાસા-શુશ્રૂષા-શ્રવણાદિના ક્રમે તત્ત્વસન્મુખતાના આઠ પગથીઆ છે ખેદ-ઉદ્વેગ-ક્ષેપ-ઉત્થાન ઇત્યાદિ માનસિક દોષોના નાશના આઠ પગથીઆ છે એમાં જે પહેલા બે યોગાંગ-યમ અને નિયમ છે એની પ્રવૃત્તિ આત્માને સારી રીતે વિકાસના રસ્તે ચગાવી-ટકાવી શકે છે પૂર્વે કહ્યું તેમ યમ પાંચ છે અહિંસા-સત્ય-અસ્તેય (ચોરીનો ત્યાગ)-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પ્રારંભમાં આ સર્વાંગે પાળવાનું ન બને તો પણ અમુક અમુક અંશે પાળવાનું જરૂર બની શકે છે અને બનાવવું જ જોઈએ તો જ અનંતી-અનંતી વાર હિંસા-જૂઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહની પ્રવૃત્તિઓ કરી કરીને જે આહારાદિ સંજ્ઞાઓ અને ક્રોધાદિ કષાયોની પરિણતિને પોષી રાખી છે તેનો હ્રાસ થતો આવે વળી યમની સાથે નિયમનું પાલન પણ જોઈએ નિયમમાં ઇન્દ્રિયજય-મનશુદ્ધિ-તપ-સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન,-એ પાંચ આવે છે આની ધોધમાર પ્રવૃત્તિઓ આત્માની અનાદિ અનંત કાળથી ચાલી આવતી ઇન્દ્રિયપરવશતા, મનની મલિનતા પયેરુ તૃષ્ણાઓ જડ પુદ્ગલની જ રાતદિ' રટણા કાયાદિની ચિંતા-કાળજી વગેરેને કાબુમાં લે છે, એના સતતનો હ્રાસ કરે

છે અને એ બહુ જરૂરી છે નહિતર મોક્ષદ્દષ્ટિના એ પામ વિરોધી છે ત્યારે જો મોક્ષદ્દષ્ટિ ન ટકી તો તો પછી જરાય ઉચે વધવાનો અવકાશ જ નથી યમ નિયમમા આગળ વધતા આસન એટલે કે મન સ્થૈર્ય અને પ્રાણાયામ એટલે કે બાહ્યવૃત્તિ-નિરોધપૂર્વક આંતરવૃત્તિવિકાસને સાધવામા આવે છે એમાં તો આત્મામાં એટલુ બધુ બળ ઉભુ થાય છે કે એ જીવનમાં એક માત્ર ધર્મને જ સર્વસ્વ માને છે ધર્મ ખાતર પ્રાણ ત્યજવાની તૈયારી હોય છે, પણ પ્રાણ બચાવવાના લોભમા ધર્મ દરગીજ છોડવા એ તૈયાર નથી આ સ્થિતિએ પહોચેલો છતા સમ્યકત્વ ન પામ્યો હોય એવુ ય બને છે છતાં ત્યા મિથ્યાત્વનુ જોર ઘણુ ઘણુ મદ પડી ગયુ છે ત્યારે વિચારો કે મિથ્યાત્વની મદતા કરવામાં સમ્યક્ત્વની ગેરહાજરીમાં પણ આત્માએ કેટકેટલી અનેક વિધ શુભ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ દ્વારા કેટલો બધો વિકાસ સાધ્યો હોય છે એ વૃત્તિ-પ્રવૃત્તિઓમા એને મોક્ષદ્દષ્ટિ જાગ્રત છે તેથી સસારવૃદ્ધિ નથી થતી, પણ ઉલટુ સસાર કપાઇ રહ્યો હોય છે મોક્ષની નજીક જઇ રહ્યો હોય છે આ બધી સાધનાની પરવા ન કરે અને નિશ્ચયમાર્ગ-નિશ્ચયમાર્ગના ચકડોળે ચઢી જાય તો સસારમાં રહે જ ને ? કે બીજુ કાંઇ થાય ?

ઉપરની બધી સાધનામા કયાય દુરાગ્રહ નથી હોતો, તેમજ સાસારિક સુખ કીર્તિ વગેરેની આશસા નથી હોતી, એ નિશ્ચય તરફની અનુકૂળતા છે.

સમ્યકત્વ—હવે આવે છે સમ્યકત્વનુ પગથીયુ એમાં જિને કહેલા તત્ત્વ ઉપર અનન્ય રુચિ જમાવવાની છે, તત્ત્વોને

રૂપમાં પરિપૂર્ણ કરવાના છે એ સ્થિતિએ પહોંચવા માટે 'યોગબીજના સમૂહમાં કહેલી સાધના જોરદાર બનવી જોઈએ. જૈન કુળમાં જન્મેલાને સહેજે જિનેશ્વરદેવ એ પરમાત્મા તરીકે, નિર્ગ્રંથ સાધુ એ ગુરુ તરીકે, અને જૈનધર્મનો પંથ મળે છે. એ પામીને એને મહા કિંમતી સમજી એમના ઉપર અનન્ય પ્રીતિ ભક્તિ કેળવવી જોઈએ જિનમૂર્તિની ઉંચી ઉંચી વસ્તુથી ખૂબ ભક્તિ-પૂજા-ઉત્સવ, એમની આજ્ઞા એમના અનંત ગુણ અને ઉપકારના સ્તવન તથા નિજના દોષોના ગર્હણ સદ્ગુરુના આદર-સમાગમ-દાન-ઉપદેશશ્રવણ આત્મધર્મની ભક્તિ દાન-શીલ-તપ-ભાવની શુદ્ધ આરાધના, શુભ ભાવના, તત્ત્વ ચિંતન વૈરાગ્યવૃદ્ધિ, જિનેશ્વર દેવો અને અન્ય મહાત્માઓના જીવન ચરિત્રનો અભ્યાસ, દયા, પરોપકાર, શુદ્ધ વ્રત નિયમો વગેરેમાંથી જેટલું બને તે સઘળું સાધવું જોઈએ

આત્મા જન્મે જૈન ન હોય તો પણ જ્યારે એ યોગ દૃષ્ટિના પ્રભાવે બહિર્મુખ મટીને આત્મમુખ બને છે તેમજ એનામાં દિનપ્રતિદિન મધ્યસ્થના ગુણ ખીલતો આવે છે ત્યારે એથી એને સત્ય તત્ત્વની વધુ ને વધુ જિજ્ઞાસા જાગે છે એમાં ક્યાંક શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અથવા એમના અનુયાયીનો સમાગમ મળી જાય છે ત્યાં એમની પાસેથી સત્ય તત્ત્વ જાણવાની અપૂર્વ તક મળે છે ત્યાં કદાચ પોતાની જ્ઞાનશક્તિ ઓછી હોય ના પોતાની બુદ્ધિ તત્ત્વોના વિસ્તાર અને ઊંડાણમાં અવગાહન નથી પ્રવેશતી, છતાં શ્રી સર્વજ્ઞ અરિહંત પ્રભુની પિછાણ થવાથી સર્વજ્ઞ વચન ઉપર એવી

હાર્દિક શ્રદ્ધા આત્મિક કોમળતા સાથે પ્રગટે છે કે ત્યાં મિથ્યા-ત્વના પડદા ચીરાઇ જાય છે। મિથ્યાત્વના અંધેરા ઉલેચાઇ જાય છે। નય નિક્ષેપાનું નવ તત્ત્વનું, અનુયોગ-અનુગમનું વગેરે સૂક્ષ્મ અને વિસ્તૃત જ્ઞાન હોય તેજ સમ્યક્ત્વ હોય એવું નથી ઉલટું એમ કહો કે એવું એવું જ્ઞાન તો હોય પરંતુ આંતર પરિણતિ સંસારસુખ અને એના સાધનો તરફ ભય અને ઘૃણા-તિરસ્કારવાળી ન હોય સર્વજ્ઞોક્ત તત્ત્વ સિદ્ધાંત અને આચાર માર્ગ ઉપર હાર્દિક શ્રદ્ધા ન હોય, અપેક્ષ ન હોય તો એ વિદ્વાન ગણાતો આત્મા પણ સમ્ય-ક્ત્વને બદલે મિથ્યાત્વમાં અથડાઇ રહ્યો હોય છે। અહીં તો જીવને સમ્યક્ત્વ ગુણ પ્રગટે ત્યારે કે સમ્યક્ત્વ ગુણ પ્રગટાવવાની રુચિ જાગે ત્યારે એ સડસઠ પ્રકારના વ્યવહારને આદરવા માંડે છે તો ક્રમશઃ ઉન્નતિ સધાય છે

૬૭ પ્રકારે સમકિતનો વ્યવહાર—સમ્યક્ત્વનો સડસઠ પ્રકારે વ્યવહાર આદરવાનો હોય છે એમાં પરમાર્થપરિચય કુસંગત્યાગાદિ ચાર સદ્દહણા ત્રણ લિંગ—જોરદાર તત્ત્વ શ્રવણેચ્છા ઉત્કટ કોટિની ચારિત્ર ધર્મની ભૂખ, દેવગુરુનું વૈયાવચ્ચ (સેવા શુશ્રૂષા) ત્રણ પ્રકાર મન-વચન-કાયાની શુદ્ધિ-જિનભક્તિ જે નહિ થયું, તે બીજાથી નહિ થાય એવો અટલ મનોનિર્ણય જિનવચન એજ સત્ય એને જ વળગીને વચન વ્યવહાર દેવતાઈ ઉપસર્ગમાં પણ સમ્યક્ત્વ ટકાવવાની કાયાની સહનશક્તિ હોય. વળી સડસઠ વ્યવહારમાં શમસંવેગાદિ પાંચ લક્ષણ કે જેમાં અનુકંપામાં આત્મ-દ્રવ્ય ભાવદયા ઉભયનો ખપી બને છે એ આવે તેમ ૪

તે આ પ્રમાણે—(૧) અક્ષુદ્રતા (૨) રૂપવત્તા (પંચેન્દ્રિય સંપૂર્ણ) (૩) સૌમ્યપ્રકૃતિ, (૪) લોકપ્રિયતા (૫) દયાળુતા (૬) મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ (૭) અક્રૂરતા (૮) પાપભીરુતા, (૯) અશઠતા (૧૦) સુદાક્ષિણ્ય (૧૧) લજ્જાળુતા (૧૨) ગુણાનુરાગ (૧૩) સત્કથા વર્જક કથારસ (૧૪) સુદીર્ઘદર્શિતા (૧૫) સુપક્ષયુક્તતા (૧૬) વિશેષજ્ઞતા (૧૭) વૃદ્ધાનુગ (૧૮) વિનીતતા (૧૯) કૃતજ્ઞતા (૨૦) પરહિતકારિતા અને (૨૧) લબ્ધલક્ષ્યતા (પ્રવચન ચોરાશી) આ બધા ગુણવાળો જીવ ... ગુણથી આરાધક બનવાને યોગ્ય નથી થાય ?

શ્રાવકના ક્રિયાગત લક્ષણો—આ માર્ગની ઉન્નતિ સાધનારો જીવ હવે શ્રાવક બનીને મુખ્ય છ લક્ષણો અને એના અનેક ભેદોને ક્રિયામાં ઉતારે છે. તેથી એને ક્રિયાગત લક્ષણ કહે છે. ત્યારે એના સતત ઉદય ભાવના ભાવમાં હેતુ છે, જેમ કે ભાવગત લક્ષણ કહેવાય છે ક્રિયાગત લક્ષણોમાં—(૧) વ્રત-કર્મ કરનારો (૨) શીલવાન, (૩) ગુણવાન, (૪) ઋજુવ્યવહારી, (૫) ગુરુની શુશ્રૂષા કરનારો ને (૬) પ્રવચનમાં કુશળ એટલે કે શ્રી સર્વજ્ઞ જિનેશ્વરના પ્રવચનમાં કુશળ આ છેના આવી આવી રીતે પેટાભેદો પણ છે. એમા

પહેલા વ્રતકર્મ એટલે વ્રતો સંબંધી (૧) ઉપદેશશ્રવણ (૨)—બોધ—(૩)—ગ્રહણ—(૪)—દૃઢ પાલન એ ચાર ભેદ છે.

બીજા 'શીલવત્તા'માં ૧ શીલવાનના સ્થાનનું સેવન ૨ પરગૃહપ્રવેશત્યાગ—અનુદ્‌ભટ વેશ—૩ વિકારી વચનનો ત્યાગ

અને ૪ બાહીય ક્રીડાત્યાગ, અને કઠોર વચનને પ્રયોગનો ત્યાગ આવે

ત્રીજા 'ગુણવત્તા'માં આમ તો ગુણો અનેક પ્રકારનાં આવે પણ અહીં ખાસ ક્રિયારૂપી ગુણ લેવાના છે (૧) વૈરાગ્ય દાયી શાસ્ત્રાધ્યયનરટણ વગેરે (૨) તપ–નિયમ–વંદનાદિ (૩) ગુણી જનોનો વિનય, (૪) ગીતાર્થ (ઉત્સર્ગ–અપવાદના જ્ઞાતા) ગુરુના વચનને યથાર્થ માનવારૂપી અનભિનિવેશ અને (૫) શ્રદ્ધા સહિત એને સાભળવા તે એમ પાંચ છે

ચોથા 'ઋજુવ્યવહાર'મા આવે ૧ યથાવ (સાનુ) બોલવુ, ૨ અવંચક (નિ ભ) ક્રિયા ૩ છતા ભુકશાનોનુ પ્રકાશન અને ૪ હૃદયના સદ્‌ભાવ સાથે મૈત્રીભાવ

પાચમા ગુરુશુશ્રૂષા લક્ષણમા આ ચાર પેટાભેદ છે–૧ ગુરુને ધ્યાનાદિમાં બાધ કર્યા વિના સર્વ પ્રકારે સેવવા ૨ ગુરુની પ્રશસા સ ભળાવી બીજાઓને ગુરુસેવક કરવા, ૩ ગુરુને ઔષધાદિ સપાદન, અને ગુરના હાર્દિક ભાવને અનુસરવા–પૂર્વક ગુરુ પર સ । બહુમાન.

છઠ્ઠા પ્રવચન કુશલતા' લક્ષણના ૬ ભેદ –૧ શ્રાવકને યોગ્ય સૂત્રોનુ અધ્યયન, ૨ અર્થજ્ઞાન ૩–૪ ઉત્સર્ગ–અપવા ના વિષય–વિભાગનો બોધ, ૫ સ । વિધિવાળા ધર્માનુષ્ઠાન પર પક્ષપાત, અને ૬ દેશકાળને અનુરૂપ ગીતાર્થવ્યવહારનુ જ્ઞાન.

આ સુંદર વ્યવહારમાર્ગ કેવળ આત્મકલ્યાણના ઉદ્દેશથી આદરતો આત્મા જરૂર સમ્યગ્દર્શન નિર્મળ કરતો જાય છે, સારાસારનો જ્ઞાતા બને છે, ને તત્ત્વપાસિક થાય છે તેથી સુંદર પ્રગતિ સાધે છે પરંતુ આવા આત્મતારક વ્યવહારથી રિસાયેલા કાનજીમતીનું શું ?

ભાવશ્રાવકના ભાવગત ૧૭ લક્ષણ —ભાવગત લક્ષણો પુણ્યવંતે સંસારના વિવિધ ભાવો તરફ ભાવશ્રાવકનું હૈયું કેવું કેવું હોય છે તે સૂચવે છે એના સત્તર ભેદ આ મુજબ છે— (૧) સ્ત્રી એટલે કે કામપાશને એ અનર્થની ખાણ ચંચળ અને નરકની વાટ સમાન સમજે છે (૨) ઇન્દ્રિયો રૂપ ચંચળ ઘોડા ઉપર જ્ઞાનની લગામથી અંકુશ મૂકે છે (૩) ધનને અનર્થ અને કલેશકારી માની એમાં સહેજ પણ લપટાતો નથી (૪) સંસારને દુઃખમય દુઃખફલક, દુઃખપર પરાદાયી અને વિટંબણારૂપ સમજી એના પ્રત્યે ઉદ્વેગ ધરે છે (૫) વિષયો પર વિષની જેમ ભય અને અરુચિ રાખે છે (૬) સાધુના નિરારંભ-નિષ્પાપ જીવનને વખાણતો, તીવ્ર આરંભો ત્યજે અને અશક્ય આરંભોને અનિચ્છાએ કરે (૭) ગૃહવાસને પારધીનો પાશ (ફાંસો) સમજી ચારિત્રમોહ તોડવા મથે (૮) આસ્તિકવાદિભાવ અને પ્રશંસાદિ વડે દેવગુરુની પ્રભાવના કરી સમ્યક્ત્વ નિર્મળ કરે (૯) લોકહેરી ત્યજે (૧૦) પરલોકસાધનામાં જિનાગમનેજ પ્રમાણ માની વર્તે (૧૧) શક્તિ ગોપવ્યા વિના દાનાદિ ચાર ધર્મને સેવે.

(૧૨) મૂઢ જીવોની મશ્કરીને અવગણી ચિંતામણિ સમાન નિરવદ્ય (નિષ્પાપ) આત્મહિતકર ધર્મ સાધે (૧૩) ધન સ્વજન ઘર વગેરેમા ઉદાસીન ભાવે રહે (૧૪) ઉપશમ પ્રધાન વિચારણા રાખનો દુરાગ્રહમા ન ફસાય. (૧૫) લક્ષ્મી વગેરે સર્વ પદાર્થોની ક્ષણભંગુરના સતત ચિંતવી મમત્વ ત્યજે (૧૬) ભોગોથી કદી તૃપ્તિ નથી થવાની એમ માની સેવવા પડે તે માત્ર બીજાના દિલાસે સેવે (૧૭) વેશ્યાની જેમ આજકાલમા છોડુ છુ એવી સાવધાનીમા ઘરવાસને પારકા તરીકે અને ઠ ખતા જ્હેમે સેવે. આ સત્તરમા પણ વાસ્તવિક નિશ્ચયદૃષ્ટિ સહિત વ્યવહારનુ પાલન છે એજ,

શ્રાવકની ૧૧ પડિમા —આત્મવિકાસમાં આગળ વધતા શ્રાવક પહેલી એક માસની, બીજી બે માસની, ત્રીજી ત્રણ માસની એવી અગીયાર પ્રતિમાનુ એટલે કે ભીષ્મ અભિગ્રહનુ કઠોર પાલન કરનારો બને છે એમા પણ નિશ્ચય દૃષ્ટિનો જોરદાર ઝગારા ઝગમગવા સાથે નિશ્ચયની નજીક ને નજીક થઈ જનારા વ્યવહારનુ સચોટ પાલન છે અગીયાર પડિમા આ પ્રમાણે —૧ સમ્યગ્દર્શનદૃતાની ૨ નિરતિચાર અણુવ્રતોની ૩ સામાયિકની, ૪ પર્વ પોષધની, ૫ પર્વરાત્રિ અનિમાની ૬ બ્રહ્મચર્યની ૭ સચિત્તત્યાગની ૮ સાવદ્ય આરંભના ત્યાગની, ૯ બીજાના દ્વારા પણ આરંભનો ત્યાગ રાખવાની ૧૦ સ્વાધ્યાય-ધ્યાન-યોગની મુખ્યના હોવાથી પોતાના નિમિત્તે બનાવેલ આહારના પણ ત્યાગની અને ૧૧મી

શ્રમણની. દેવતાઈ ઉપદ્રવ આવે તો પણ એ પોતાની તે તે પ્રતિજ્ઞાની ચર્યા પાળવામાં અગ્ર રહે છે શુ સમજીને? 'આત્માની પોતાની ચીજ જ્ઞાન-દર્શન-ચારિત્ર છે, તે હાથમા આવેલી શા માટે ગુમાવવી? દેહાદિ સંયોગો આમેય જવાના છે. આત્મા પરની મમતામા ખૂંપો પડી ગયેલો માટ અહીં સમજણો થયો છે ,' વગેરે વગેરે સમજીને આમાં નિશ્ચયદૃષ્ટિનુ ક્યાં સ્થાન નથી?

ક્રમમા ફેરફ—હવે અહીંથી આગળ વિમાસનુ પગથીયુ અગારવાસ (ગૃહસ્થવાસ) છોડીને અણગાર, ત્યાગી સાધુ બનવાનુ આવે છે અહીં એક વસ્તુ ધ્યાન રાખવાની છે કે બધાજ જીવો 'ભાવમલ ક્ષય થી માંડી બરાબર આજ ક્રમે ત્યાગી સાધુતાએ પહોંચે છે એવુ નથી. કર્મલઘુ અને પરાક્રમી હોય તે વચલા કોક પગથીયા કૂદીને પ ઉંચે ચઢે છે છતા એટલુ તો છે જ કે સહજભાવ-મલનો ક્ષય, અપુનર્બંધક દશા, ભવોદ્વેગ, મોક્ષરુચિ, અને સમ્યક્ત્વ,-એટલુ તો અવશ્ય પ્રાપ્ત કરવુ જ પડે છે પછી સમકિતી જીવ બહુ પરાક્રમી બને તો શ્રાવક-પણુ પામ્યા વિના અગર પ્રતિમાવહન વિના સાધુપણુ લેનારો થાય, એવુ બની શકે છે છતાં જ્યારે એ પ્રશ્ન કરવામાં આવે કે

આપણામાં સહજભાનમલક્ષય અને અપુનર્બંધક દશા નક્કી કરવી હોય તો શું કરવું ? તો એનો ઉત્તર એ મળે કે એ બન્નેના ત્રણ ત્રણ લક્ષણો જીવનમાં જીવવા માંડો એથી ખાતરી થશે એવી રીતે એ જીજ્ઞાસા થાય કે

સાચી મોક્ષરુચિ શી રીતે જગાવવી ? તો એના માટે એમ કહેવાય કે યોગની પૂર્વસેવાનું જીવન અને માર્ગાનુસારી જીવન જીવવા માંડો એવી રીતે,

સમ્યક્ત્વ પ્રગટ કરવા કે નક્કી કરવા શું કરવું ? એ પ્રશ્નના ઉત્તરમાં એમ કહેવાય કે એમાં મોક્ષરુચિ સાથે શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતના વચન ઉપર અનન્ય શ્રદ્ધા કામ કરે છે પરંતુ એ કેળવવા માટે અનેક ઉપાયોની સાધના કરવી જોઇએ છે દા. ત. યોગ બીજોનો સંગ્રહ, યમનિયમ વગેરે યોગના અંગો, નિર્ગ્રંથ સાધુગુરુના આલંબને યોગની પૂર્વસેવા, વગેરેની સાધના જરૂરી છે એને શા। શબ્દોમાં એમ કહેવાય કે જિનેન્દ્રદર્શન-વંદન-પૂજન, નિર્ગ્રંથ આચાર્ય-ઉપાધ્યાય-સાધુ મહર્ષિઓની ઉપાસના, સમાગમ-શુશ્રૂષા મૈત્રી આદિ ચાર ભાવના જિનવાણી શ્રવણ, જૈન શાસ્ત્રાધ્યયન, જૈન તત્ત્વજ્ઞાન

સત્યાદિ ગુણો-કષાય નિરોધ-ઇન્દ્રિય નિગ્રહ અને અનિત્યાદિ ભાવના વિષે સબળ પુરુષાર્થ, દયા-દાન-શીલ-ત્યાગ-તપ-પરોપકાર-વ્રત-પચ્ચકખાણ સામાયિક-પૌષધ . યાવત્ જરૂર પડ્યે સાધુ જીવનના અભ્યાસ સુધીની સાધનાએ પહોંચે ત્યાં સાચો સમ્યક્ત્વ દીપક પ્રગટે છે, અથવા એમાંથી અમુક સાધના થાય તોય કેટલાકને સમ્યક્ત્વ પ્રગટે છે આ બધી સાધના વખતે સંસારની અસારતાનું, સંસારમાં જીવની વિડંબણાનું, અને મોક્ષમાં જીવની નિશ્ચિન્ત સ્વસ્થતાનું ભાન જરૂરી હોય છે તેમજ સંસાર ટળી મોક્ષ મળે તો સારું એવી ઉંડે ઉંડે અભિલાષા હોવી આવશ્યક છે એટલે અહીં નિશ્ચયદૃષ્ટિ બરાબર જાગતી રહીને સદ્‌વ્યવહારમાર્ગ આદરાય છે, તેથી સાચું સમ્યગ્દર્શન ઉદય પામે છે એના ઉપર અણુવ્રતોવાળું શ્રાવકપણું પળાવા દ્વારા સાચું જ દેશ-વિરતિ-ગુણસ્થાનક અને મહાવ્રતોવાળું સાધુજીવન જીવાવા દ્વારા ખરેખર સર્વ વિરતિ-ગુણસ્થાનક પ્રગટ થય છે

– એટલું ખાસ ધ્યાન રાખવું ઘટે કે ગુણસ્થાનકની વસ્તુ આત્માની પરિણતિ (વર્તણ-વૃત્તિ) રૂપ છે, માત્ર જ્ઞાન રૂપ નહિ ત્યારે, નય નિક્ષેપાનું, નવ તત્ત્વનું, ૭ દ્રવ્યનું, દ્રવ્ય સ્વાતંત્ર્યનું નિમિત્તની નપુ-

સક્તાનુ વગેરે જ્ઞાન એ તો માત્ર જ્ઞાન સ્વરૂપ છે એનાથી એટલુ અજ્ઞાન ટળે, પણ મિથ્યા પરિણતિ કેમ ટળે? એ ટાળવા તો સમ્યક્ પરિણતિ જોઇએ; અને તે પરિણતિ ઉપરોક્ત વ્યવહારનુ સતત સવિધિ આદર અને દીર્ઘ સેવન કર્યા વિના કેમ જ ઘડાઇ શકે? કાનજીમતીઓ આ સમજતા નથી અહીં,

પ્ર૦-નિશ્ચયની સાધના વિના એકલા વ્યવહારની સાધના થી શુ વળે?

ઉ૦-પાઠા આમા ભૂલ્યા! અહીં તો નિશ્ચયસાધના ઠામઠામ છે શા ત ભાવગત લક્ષણો શ્રાવક જે ધરાવે છે, એની પાછળ શ્રાવકનુ શુ લક્ષ્ય છે? શી તત્ત્વમાન્યતા છે? લક્ષ્ય તો તે છે જે પહેલેથી જોતા આવ્યા છીએ કે અનાદિ અનત કાળથી નિજનો આત્મા નિજ ઘર જે મોક્ષની શુદ્ધ સ્વતત્ર અવસ્થાને ગુમાવી પર ઘર એવા સસારની પરતત્રતાની ને અશુદ્ધ અવસ્થાની બેડીમા જકડાયો છે એને એ બેડીઓમાથી મુક્ત કરી મૂકી શુદ્ધ મોક્ષની અવસ્થામા લીનતા કરી દેવો. કહો જો આ લક્ષ્યમા નિશ્ચયદૃષ્ટિની કયા ગેરહાજરી કે ઓછાશ છે? સાધક દૃઢ યોગની પૂર્વસેવાથી માંડીને અહીં દેશવિરતિ યોગની ઉપાસના કરવા સુધી પહોચ્યો છે, એમાં બધેજ લક્ષ્ય આ છે હૃદયના કોઇ ખૂણામાં એને મોક્ષના

બન્ને સ્વર્ગનાં સુખ તે શુદ્ધના ખપે અશુદ્ધ અવસ્થા નથી જોઈતી ત્યારે તત્ત્વની માન્યતા પણ કેવી છે કે પોતાનો આત્મા અસલી સ્વરૂપે અનંત જ્ઞાન અને અનંતસુખાદિ સ્વરૂપે હોવા છતાં સંજ્ઞાઓ કષાયો, હિંસાદિ પાપકૃત્યો અને મિથ્યાત્વાદિ આસવો સેવી સેવીને કર્મના બંધનમાં પડેલ છે અને તેથી સંસારમાં ભટકી રહ્યો છે જો એને એમાંથી મુક્ત કરવો હોય તો આસવો મૂકી દેવા સાથે સર્વજ્ઞ શ્રીજિનેશ્વરદેવે ફરમાવેલ ધર્મકર્તવ્યો (શુભ આસ્રવ) સંવર અને નિર્જરા-માર્ગનું આરાધન કરવું જોઈએ એ આરાધન ક્રમસર વધતા વધતા મિથ્યાત્વ-સંજ્ઞા-કષાય-પાપ-વૃત્તિઓ નામશેષ થતા આરાધન પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યા આત્મા પરમાત્મા બને છે! વીતરાગ અનંતજ્ઞાની ભગવાન બને છે! કહો જો તત્ત્વદર્શનમાં કયા ખામી છે? કયા એ ક્રિયા માર્ગ જે આરાધે છે તે મૂઢની જેમ આરાધે છે? નિર્મળ તત્ત્વજ્ઞાન, દર્શન શુદ્ધિ અને મહાવિવેકપૂર્વકની એની સમ્યક પ્રવૃત્તિ છે નિજના આત્માને પરમશુદ્ધ આત્મા બના વવાના જ એક લક્ષ્યથી જિનશાસનની અને જિનેશ્વરદેવ તથા સંયમી મહાવ્રતી ગુરુઓના ગુણગાન-સત્કાર-ભક્તિ-બહુમાન અને સતત સ્મરણ-શરણની એટલી એને રટ લાગી હોય છે કે એ સાચો નિશ્ચયયુક્ત વ્યવહારને આરાધે છે તેથી જ તે ઉન્નતિની પરાકાષ્ઠા સુધી ચઢી શકે છે

સાધુ બનવાની યોગ્યતાના ૧૬ ગુણ —

હવે ગૃહવાસ છોડી નિર્ગ્રન્થ સન્યાસ દીક્ષાના માર્ગે ઉન્નતિનો ઇતિહાસ જોઇએ તો પહેલા એનામા દીક્ષાની યોગ્યતાના સોળ ગુણો જોઇએ તે આ —૧ આર્યદેશજન્મ-૨ વિશિષ્ટજાતિકુળ-૩ ક્ષીણપ્રાય અશુભકર્મી-૪ વિમળબુદ્ધિ-૫ સસારની નિર્ગુણતાનો જ્ઞાતા-૬ સસારથી વિરકત-૭ અલ્પકષાયી-૮ અલ્પહાસ્યાદિ-૯ કૃતજ્ઞ-૧૦ વિનીત-૧૧ ગૃહવાસમા રાજાદિને માન્ય-૧૨ દ્રોહકારી નહિ-૧૩ અક્ષત ઇન્દ્રિય અગોપાગવાળો-૧૪ મહાશ્રદ્ધાળુ-૧૫ સ્થિર અને ૧૬ ઉપસપન્ન આ યોગ્યતાના ગુણોની ખીલવણી કરવા માટે આત્માને ખૂબ ખૂબ મથવુ પડે છે અનાદિના ગાઢ કુસસ્કારોથી વાસિત જીવ તો ભારે કર્મી મલિનબુદ્ધિ સસારાસકત, મહાકષાયી, હાસ્યાદિપૂર્ણ અભિમાની વગેરે દોષગ્રસ્ત હોય છે એના એ રીઢ વલણ ફેરવવા માટે કેટકેટલી સમજવાળી તપસ્યાની પ્રક્રિયામાંથી પસાર થવુ પડે. કાનજીમતીની જેમ ખાલી શુદ્ધ આત્મા અને ક્રમબદ્ધ પર્યાયની વાતો કરવાથી કશુ ન વળે.

ખરો નિશ્ચય અહીં શાથી ? —આ ગુણોની કેળવણીમા ખરેખર નિશ્ચયમાર્ગની ય આરાધના આવી જાય છે કેમકે મહા નિશ્ચયમાર્ગ આત્માના પરમશુદ્ધ પરિણામને પ્રગટાવવાનો છે એ માટ અશુદ્ધ પરિણામને સર્વથા ટાળવાનો છે પણ એ તોજ શકય બને કે જો અશુભ સશા-કષાય-હિંસાદિના પરિણામ-વલણ મરે.

પરિણામકારી પ્રભુભક્તિ—ધ્યાન—જપ—તપ સ્વાધ્યાયાદિ શુભ પ્રવૃત્તિઓની ઉત્કૃષ્ટતાએ પહોંચે છે. એની તરફ પ્રયાણ માટે ઉપર કહેલા યોગ્યતાના ગુણો જરૂરી છે. એવી જેમ હવે જે સાધુના વર્ણવાતા એવું જ આ પરિણામ એ મહાનિશ્ચયના માર્ગે પ્રયાણ જ કરી અનંતની આત્મ પરિણામની આરાધના આદરવી. કર્યાં આ કંઈ એવા પધેલા જબરદસ્ત કામ ! પણ તે આવી સાધનાઓથી જ. કરી નય. નિશ્ચયના ને પણ ની વ્યવહારને કહેલી સમજ્યા નહિ ! સાધનામાં યોગ્યતા અને માર્ગ બંનેની સાધના જોઈએ છે. હા, શાસ્ત્ર કહે છે કે જેમ જ બધ તેમ અહિં પણ દીક્ષા યોગ્યતામાં એમ બને છે કે પહેલાં યોગ્યતાના મોટે ભાગે ગુણ કદાચ જોવા ન મળે તો પણ જો જાયન્ત્વથી સંસારની નિર્ગુણતાનું સચોટ ભાન અને તત્પાલનમાં દર્શન—માત્ર આ બે ગુણ હોય તો એટલી યોગ્યતાથી દીક્ષા આદિનું પાલન કરતાં કરતાં બીજા ગુણો અને બીજી યોગ્યતા ખીલી ઉઠે. એથી આગળની મહાવૈરાગ્ય મહાપ્રશમતાના મહાન તત્ત્વ રમણતાદિ સિદ્ધ થવાની ભૂમિકા સર્જાય છે.

નિર્ગ્રંથ સાધુ જીવન — યોગ્ય આત્મા સાધુતા સ્વીકારે છે ત્યાં પાપમય ને પાપપોષક ઘરવાસ ત્યજી બાહ્ય ધનકુટુંબાદિ સર્વ સંબંધના ગ્રંથ (ગાંઠ) છોડી નાખે છે

અને જીવનભર માટે સર્વ સાવદ્ય (પાપવાળો) પ્રવૃત્તિના નવ-કોટિ ત્યાગની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારે છે (નવકોટિ=મન વચન, કાયા એ ત્રેકથી સાવદ્ય ન જાતે આચરવુ, ન બીજા પાસે આચરાવવુ, સાવદ્ય આચરણને અને એ આચરતા બીજાને ન અનુમોદવા) આમાં પણ અંતરના પાપસંબંધોની ગાંઠ છોડી નાખે છે તેથી એ હવે નિર્ગ્રન્થ સાધુ કહેવાય છે વળી એ હિંસા, જૂઠ ચોરી મૈથુન અને પરિગ્રહના સર્વથા ત્યાગના પાંચ મહાવ્રત સ્વીકારે છે પછી એને ગુરુની નિશ્રામા જ્ઞાનાચાર- દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર-એ પંચાચારનુ જીવન જીવવાનુ હોય છે મહાવ્રતો દૃઢપૂર્વક સ્વીકાર્યાથી અને પાળ્યાથી આત્માની કેટલીય મહા-અશુદ્ધિઓ ટળી જાય છે ત્યારે પંચાચારના પાલનમાં આત્મામાં કેટલીય તત્ત્વપરિણમનની અને સ્વરૂપરમણની પ્રવૃત્તિ ચાલે છે. આભ્યન્તર તપાચારમાં પ્રાયશ્ચિત્તથી આત્માના દોષોનુ સંશોધન-વિનયવૈયાવચ્ચથી આત્માનુ મહાન વિનમ્રીકરણ સ્વાધ્યાયથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ધ્યાન અને કાયોત્સર્ગથી આત્મામાં સત્જ્ઞાનનુ પરિણમન અને સ્વરૂપ થાય છે શુ છે એ બધુ ? આત્માને વાસ્તવિક શુદ્ધ બનાવવાના માર્ગે સાચુ પ્રયાણ-કાનજીમતીને આ બધુ ખપતુ નથી એ એક ભયંકર ભૂલ છે મોક્ષમાર્ગની સાચી સાધનાના સાધુ જીવનમાં પંચમહાવ્રત અને પંચાચારના પાલન ઉપરાંત પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ ચાર સંજ્ઞા અને ચાર કષાય અને હાસ્યાદિ કષાયનો

બ્રહ્મચર્ય ગુપ્તિનું પાલન શબ્દ-માદક-કુચેષ્ટાદિનો પરિહાર પરીષહ-ઉપસર્ગોનું સમાધિપૂર્વક સહન વગેરેમાં જોરદાર પુરુષાર્થ ચાલુ હોય છે આમાં નિશ્ચય-વ્યવહાર-ઉભયની, કહેવા માત્રની નહિ પણ ખરેખરી અમલી સાધના છે એથી આ મા ખરેખરી ઉપનિમા આગમ વધે છે આના વિના જ્ઞાનજીમતીના મેદાસ છે![1]

ભાવ સાધુના ૭ લક્ષણ —સાધુજીવનમાં અંતરમાં સાધુતાની સ્પર્શનાના રૂપે આ સાત જરૂરી સાધના છે-(૧) સર્વ માર્ગાનુસારી ક્રિયાનું પાલન —જિનાગમની આજ્ઞાનું અને સંવિગ્નાચાર્યની આચરણાનું અનુસરણ (૨) ધર્મમાં શ્રેષ્ઠ શ્રદ્ધા —વિધિસેવા, જ્ઞાનતપ આદિમાં અતૃપ્તિ, શુદ્ધ ધર્મદેશના સ્ખલનાઓનું પ્રાયશ્ચિત્તીકરણ (૩) સરળ ભાવે પ્રજ્ઞાપનીયતા —ઉત્સર્ગ સૂત્ર-અપવાદ સૂત્ર-વિધિ સૂત્ર-ભય સૂત્ર વગેરે જુદી જુદી જાતના સૂત્રો ગીતાર્થ ગુરુ સમજાવે તેજ પ્રમાણે દુરાગ્રહરહિત સમજવાની અને વિશુદ્ધ દર્શનચારિત્ર આરાધવાની લાયકાત. (૪) ક્રિયાઓમાં અપ્રમાદ —ખિન સાવધાની વિકથા વગેરે ત્યજી ચિંતામણિની જેમ ચારિત્રની નિષ્કલંક સાધના (૫) શક્યનો પુરુષાર્થ —અશક્ય ન આચરીને અસંયમ-અપભ્રાજનાથી બચાવ શક્ય સર્વ આચરીને પ્રભાવના (૬) ઉચ્ચ ગુણાનુરાગ —પરના લેશગુણમાંય મહાન ગુણબુદ્ધિ અને પ્રશંસા, જાતના લેશ દોષમાંય નિર્ગુણીપણાનો ખ્યાલ. (૭) ગુરુની પરમ આરાધના —ગુરુ-

ચરણકમલે ભ્રમરવત્ બની ગુરુની સેવા શુશ્રૂષા કરવી ગુરુની આજ્ઞા આરાધવામાં લિપ્સાસહિત લીનતા ગુરુ પર અતિ બહુમાન વગેરે

સાપેક્ષ યતિધર્મ—આ સાધનાનું આરાધન કરતાં આત્મામાં નિશ્ચય તરફ સુંદર પ્રગતિ થાય છે ઘણી ઘણી પરપરિણતિઓનો વાસ્તવિક ત્યાગ થાય છે આદરસહિત વ્યવસ્થિત વિવિધ સતત સાધનાઓ વિના અંતરાત્માની અશુભ પરિણતિઓ ક્યાંથી ખસે? તે વિના તત્ત્વપરિણમન (પરિણતિ) ક્યાંથી થાય? ઉપર ઉપરનું તત્ત્વજ્ઞાન જુદું, અને અંદરની તત્ત્વપરિણતિ જુદી અહીં સુધી વર્ણવેલ સાધુપણું એ સાપેક્ષ યતિધર્મ કહેવાય છે કેમકે એમાં ગચ્છવાસ, અને એની મર્યાદાઓનું પાલન ગુરુની અતિ નિકટ નિશ્રા સહિત એમના વચનને અનુસારી જીવન અવસરે અપવાદ માર્ગનું સેવન વગેરે આલંબનોની અપેક્ષા સેવીને યતિધર્મ પાળવાનો હોય છે અહીં સુધીમાં પણ ગુરુની આજ્ઞાના પાલનમાં પોતાના આત્માનો મહાન ઉપકાર ચિંતવવાનો હોય છે એમ માનવામાં કાનજીમત કહે છે તેમ મિથ્યાત્વ નહિ પણ મહાસમ્યક્ત્વ છે કેમકે એના દ્વારા નિશ્ચય મોક્ષમાર્ગની નિકટ જવાય છે એમ સાપેક્ષ યતિમાં બીજી પણ કેટલી નિશ્ચયોપયોગી સાધના હોય છે, જેવી કે, મહાવ્રતના આત્મ-પરિણામનું રક્ષણ વિશુદ્ધ સમિતિગુપ્તિ-ઉપયોગ, કષાયનિગ્રહ બ્રહ્મચર્યવાડોનું પાલન.

મિથ્યાત્વ-કષાયો-પાપાચરણો વગેરેને તદ્દન નાબુદ કરવા માટે અનેકાનેક પ્રકારની કાયિક વાચિક માનસિકાદિ સાધનાઓ જરૂરી છે ભગવાન તીર્થંકર દેવના વિરહકાળમા એમની મૂર્તિ, એમનાં આગમ, એમના વચનબદ્ધ આચાર્ય ભગવંતોના શાસ્ત્રો, નિર્ગ્રન્થ ગુરુઓ શાસ્ત્ર અને પરંપરાસિદ્ધ મોક્ષમાર્ગના આચાર-અનુષ્ઠાન-આત્મપરિણતિ વગેરેની ખૂબ ખૂબ ઉપાસના કરી ભવ્ય જીવો આત્મકલ્યાણને સાધો એજ એક શુભેચ્છા

પૂ. પરમોપકારી ગુરુદેવ સિદ્ધાંત મહોદધિ આચાર્ય દેવેશ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી લખેલ આ નિશ્ચય-વ્યવહારના લખાણમાં ક્યાંય પણ પ્રમાદના યોગે શ્રી જિનવચનથી વિરુદ્ધ લખાયુ હોય એનો ત્રિવિધ ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દેવા સાથે નિશ્ચયની ભ્રમણાભરી માન્યતાઓમા ફસેલાઓ સત્યને સમજી એ ત્યાગે અને શુદ્ધ જિનમાર્ગને આરાધે એવુ ઇચ્છીને આ લેખ સમાપ્ત કરવામા આવે છે

ॐ अर्हं नमः ।

[સમાપ્ત]

